નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૯.૫૬ |
| પાઉન્ડ | ૧૧૮.૮૦ |
| યુરો | ૧૦૪.૨૭ |
| સઉદી રિયાલ | ૨૩.૮૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૩૩,૧૩૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૯૬,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૨૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સંસદના સત્રના પ્રથમ દિવસે જ SIR મુદ્દે વિપક્ષના વિરોધ વચ્ચે લોકસભા આવતીકાલ સુધી સ્થગિત; વડાપ્રધાને 'નીતિગત કામગીરી કરવા અને માત્ર સૂત્રોચ્ચાર નહીં'નો આગ્રહ કર્યો

**સંસદનું શિયાળુ સત્ર તીવ્ર ટકરાવ સાથે શરૂ થયું કારણ કે SIR કવાયત પર વિપક્ષના સૂત્રોચ્ચાર બાદ બપોરે ૨ વાગ્યા પછી સમગ્ર દિવસ માટે કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી, PM મોદીએ સાંસદોને 'નાટક' ટાળવા અને નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી છે અને સરકારે મુલતવી રાખતાં પહેલા બે મુખ્ય કર બિલ રજૂ કર્યા**

(એજન્સી) તા.૧

સોમવારે સંસદનું શિયાળુ સત્ર જોરદાર ટકરાવ વચ્ચે શરૂ થયું, જેમાં લોકસભા શરૂઆતમાં પહેલા કલાકમાં બે વાર અને તે પછી આખા દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી કારણ કે વિપક્ષના સાંસદો કથિત ચૂંટણી ગોટાળા અને મતદાર યાદીઓના ચાલુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર તાત્કાલિક ચર્ચાની માંગણી કરતા વેલમાં આવી ગયા હતા. સદનની પહેલી બેઠક સવારે ૧૧ વાગ્યે મળી હતી પરંતુ થોડીવારમાં જ સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે તે બપોરે ફરી શરૂ થયું, ત્યારે વિરોધ વધુ વધ્યો, જેના કારણે બપોરે ૨ વાગ્યા સુધી ફરી સ્થગિત કરવાની ફરજ પડી. જોકે, જ્યારે SIR પર ચર્ચાની માંગણી સાથે વિપક્ષનો વિરોધ બપોરે



૨ વાગ્યા પછી પણ ચાલુ રહ્યો, ત્યારે અધ્યક્ષે નીચલા ગૃહને દિવસભર માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. લોકસભા મંગળવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત થઈ તે પહેલાં, ગૃહમાં મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ-૨૦૨૫ પસાર કરવામાં સફળ રહી હતી. વધુમાં,

(અનુસંધાન બીજા પાને)

## મોદીના 'સંસદમાં નાટક'ની ટિપ્પણી પર કોંગ્રેસનો વળતો પ્રહાર- 'નાટક તો વડાપ્રધાન પોતે કરી રહ્યા છે'

(એજન્સી) તા.૧

કોંગ્રેસે પીએમ મોદીના નિવેદનનો કડક જવાબ આપતા કહ્યું હતું કે નાટક તો ખરેખર મોદી કરી રહ્યા છે. વાયનાડના કોંગ્રેસ સાંસદ પ્રિયંકા વાડ્રાએ કહ્યું હતું કે, 'સંસદમાં મહત્વપૂર્ણ જાહેર મુદ્દાઓ બોલવા અને ઉઠાવવા એ નાટક નથી. નાટક એટલે જાહેર મુદ્દાઓ પર લોકશાહી ચર્ચા અટકાવવી. હું સૂચન કરું છું કે આપણે SIRની સ્થિતિ અને પ્રદૂષણ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરીએ. આ લોકશાહી માટે મહત્વપૂર્ણ છે. સંસદ શેના માટે છે ?' આપણે આ મુદ્દાઓ પર ચર્ચા કેમ નથી કરી રહ્યા ? કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, 'વડાપ્રધાન નાટક કરી રહ્યા છે, અમે નહીં; અમે લોકોના મુદ્દાઓ પર નારા લગાવીએ છીએ, જ્યારે સરકાર 'મોદી, મોદી' ના નારા

**વડાપ્રધાન મોદીએ સોમવારે સંસદની શરૂઆતમાં કહ્યું હતું કે નાટક માટે ઘણી જગ્યાઓ છે, વિપક્ષે સંસદમાં નાટક ન કરવું જોઈએ**

લગાવે છે.' કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું કે, 'વડાપ્રધાન ક્યારેય સંસદમાં જતા નથી અને તેઓ ક્યારેય વિપક્ષ સાથે વાત કરતા નથી. છતાં, દરેક સત્ર પહેલાં, તેઓ સંસદ ભવનની બહાર ઉભા રહીને ગર્વથી રાષ્ટ્રને સંબોધન કરે છે, લોકસભા અને રાજ્યસભાના સુગમ સંચાલન માટે વિપક્ષ પાસેથી રચનાત્મક સહયોગની અપીલ કરે છે. જો સંસદ સુગમ રીતે કાર્ય ન કરે, તો તેનો સંપૂર્ણ દોષ વડાપ્રધાન અને વિપક્ષને મહત્ત્વપૂર્ણ જાહેર મહત્ત્વના મુદ્દાઓ ઉઠાવવા ન દેવાની તેમની જીદને લીધે છે.' રમેશે કહ્યું કે, વડાપ્રધાન હંમેશા વિપક્ષને બોલવાની તક આપ્યા વિના પોતાનો મુદ્દો રજૂ કરવા માંગે છે. સંસદ શરૂ થાય તે પહેલાં વડાપ્રધાનનું નિવેદન એ માત્ર દંભ છે. સૌથી મોટા નાટ્યકાર જ નાટક વિશે વાત કરી રહ્યા છે.'

# સુપ્રીમ કોર્ટે UMEED પોર્ટલ પર વક્ફ વિગતો અપલોડ કરવા માટે સમય વધારવા માટેની અરજી પર સુનાવણી કરવાનો ઇન્કાર કર્યો અને વક્ફને ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા આદેશ આપ્યો

(એજન્સી) તા.૧

સોમવારે ૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે UMEED પોર્ટલ સાથે 'વપરાશકર્તા દ્વારા વક્ફ' સહિત રજિસ્ટર્ડ વક્ફ મિલકતોના ફરજિયાત અપલોડ માટે સમય વધારવાની માંગ કરતી અરજીઓના બેચમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે અરજદારોને સંબંધિત વક્ફ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની સ્વતંત્રતા આપી હતી. વક્ફ બોર્ડે ૬ ડિસેમ્બરની સમયમર્યાદા પહેલાં વક્ફ સંસ્થાઓ માટે દસ્તાવેજો તાત્કાલિક અપલોડ કરવાની વિનંતી કરી હતી.

કેન્દ્રએ ૬ જૂને યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ (UMEED) પોર્ટલ શરૂ કર્યું હતું જેથી તમામ વક્ફ મિલકતોનું જીઓ-ટેગિંગ કરીને ડિજિટલ ઈન્વેન્ટરી બનાવી શકાય. UMEED પોર્ટલના આદેશ મુજબ ભારતભરની તમામ રજિસ્ટર્ડ વક્ફ મિલકતોની વિગતો છ મહિનાની અંદર ફરજિયાતપણે અપલોડ કરવાની રહેશે.

અરજદારોએ દલીલ કરી હતી કે, આ પોર્ટલ ખામીયુક્ત છે અને અપલોડ કરતી વખતે વિગતો રેકોર્ડ કરી રહ્યું નથી. તેમણે કહ્યું કે, ૬ ડિસેમ્બરે સમયમર્યાદા પૂરી થઈ રહી છે અને જો સુપ્રીમ કોર્ટ હસ્તક્ષેપ ન કરે તો મિલકતનું મોટું નુકસાન થશે. બેન્ચે કહ્યું કે, તે વક્ફની વિગતો અપલોડ કરવાનો સમય વધુ છ મહિના લંબાવીને યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ ૧૯૯૫ની કલમ ૩બી(૧) ફરીથી લખી શકે નહીં. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવાની સ્વતંત્રતાની માંગ કરી હતી. જો આ પ્રક્રિયામાં ફરીથી અડચણ આવે તો જસ્ટિસ દત્તાએ ટિપ્પણી કરી હતી કે, જો તેમને કોઈ સમસ્યા આવે તો તેઓ સુપ્રીમ કોર્ટમાં જવા માટે સ્વતંત્ર છે.

સપ્ટેમ્બરમાં કોર્ટે ૨૦૨૫ના વક્ફ (સુધારા) કાયદાને સંપૂર્ણ રીતે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો હતો.

જો કે, સપ્ટેમ્બરના ચુકાદાએ પ્રથમ દૃષ્ટિએ વક્ફની ફરજિયાત નોંધણી સામે અરજદારોની દલીલોની તરફેણ કરી ન હતી. ૧૯૨૩થી અમે ઉલ્લેખ કરેલા તમામ વક્ફ કાયદાઓમાં, વક્ફની નોંધણીની આવશ્યકતા હતી. તેથી અમારો મત છે કે, જો મુતવલ્લીઓ ૧૦૨ વર્ષના સમયગાળા માટે વક્ફની નોંધણી કરાવી શક્યા ન હતા, જેમ કે અગાઉની જોગવાઈઓ હેઠળ જરૂરી હતું, તો તેઓ દાવો કરી શકતા નથી કે જો તેઓ નોંધાયેલા ન હોય તો પણ તેમને વક્ફ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે.

શરૂઆતમાં અરજદારો વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે, 'આ સુધારો ૮ એપ્રિલથી અમલમાં આવ્યો હતો. પોર્ટલ ફક્ત ૬ જૂને બનાવવામાં આવ્યું હતું અને નિયમો ફક્ત ૩ જુલાઈના રોજ ઘડવામાં આવ્યા હતા અને ચુકાદો (વક્ફ સુધારા કાયદા પર સ્ટે મૂકવાની અરજી પર) ૧૫ સપ્ટેમ્બરના રોજ આપવામાં આવ્યો હતો. ૬ મહિનાનો સમય ખૂબ ઓછો છે, કારણ કે, અમને વિગતો ખબર નથી. અમને ખબર નથી કે ૧૦૦, ૧૨૫ વર્ષ જૂના વક્ફ માટે વકીફ કોણ છે. આ વિગતો વિના, પોર્ટલ સ્વીકારશે નહીં.'

વરિષ્ઠ વકીલ ડૉ.અભિષેક મનુ સિંઘવીએ રજૂઆત કરી હતી કે, પોર્ટલમાં વિવિધ ખામીઓ છે. નોંધણીની આવશ્યકતાઓનું પાલન કરવાની બાંયધરી આપતાં સિંઘવીએ કહ્યું કે, તેઓ ફક્ત સમય માંગી રહ્યા છે. ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે, કાયદાની કલમ 3Bની જોગવાઈ મુજબ ટ્રિબ્યુનલ નોંધણી માટેનો સમય લંબાવી શકે છે. એસજીએ રજૂઆત કરી હતી કે, વક્ફ

(અનુસંધાન અગિયારમાં પાને)

## સુપ્રીમ કોર્ટે વક્ફને UMEED પોર્ટલ પર વિગતો અપલોડ કરવા માટે ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા કહ્યું

- **સુપ્રીમ કોર્ટે સોમવારે (૧ ડિસેમ્બર) UMEED પોર્ટલમાં વક્ફ મિલકતની વિગતો અપલોડ કરવા માટેની સમય મર્યાદા લંબાવવાના આદેશો પસાર કરવાનો ઈન્કાર કર્યો હતો અને નોંધ્યું હતું કે, યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટની કલમ 3Bએ વક્ફ ટ્રિબ્યુનલને યોગ્ય કેસોમાં સમય લંબાવવાની સત્તા આપી છે.**
- **સુપ્રીમ કોર્ટે UMEED પોર્ટલની સમયમર્યાદાનું પાલન કરવા પર ભાર મૂક્યો, મિલકત નોંધણીમાં અવરોધ ઊભો કરતી તક્નિકી સમસ્યાઓ અંગે ચિંતા વચ્ચે અરજદારોને વક્ફ ટ્રિબ્યુનલ પાસેથી રાહત મેળવવાની મંજૂરી આપી હતી.**

# વડાપ્રધાન મોદી 'સૌથી મોટા ડ્રામાબાજ' છે, તેઓ સતત દંભ કરે છે : કોંગ્રેસ

**ખડગેએ કહ્યું છે કે ખરેખર સત્ય એ મોદીના દાવાઓથી વિપરીત છે અને છેલ્લા ૧૧ વર્ષથી, સરકારે સંસદીય શિષ્ટાચારનો ભંગ કર્યો છે**

(એજન્સી) તા.૧

કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સંસદમાં 'નો ડ્રામા, ઓન્લી ડિલિવરી'ના તેમના શિયાળુ સત્ર પહેલાના આહ્વાન પર આકરા પ્રહારો કર્યા. ખડગેએ સરકાર પર છેલ્લા ૧૧ વર્ષોમાં સંસદીય શિષ્ટાચારને કચડી નાખવાનો અને સંસદીય પ્રણાલીને ઉથલાવી પાડવાનો આરોપ લગાવ્યો છે. ખડગેએ નોંધ્યું હતું કે ગયા ચોમાસુ સત્ર દરમિયાન, ૧૨ બિલ ઉતાવળમાં પસાર કરવામાં આવ્યા હતા, જેમાંના કેટલાકને ૧૫ મિનિટથી ઓછા સમયમાં અને કોઈપણ ચર્ચા વિના મંજૂર કરવામાં આવ્યા હતા. તેમણે GST, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને વિવાદાસ્પદ 'ખેડૂત વિરોધી કાળા કાયદાઓ' જેવા મુખ્ય કાયદાઓને સરકાર દ્વારા સંસદમાં બિલોને બુલડોઝર કરવાના ઉદાહરણો ટાંક્યા હતા. શિયાળુ સત્રના પહેલા દિવસે, સંસદ સમક્ષ વાસ્તવિક મુદ્દાઓને સંબોધવાને બદલે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર તેમની 'નાટકબાજી ડિલિવરી' કરી છે ! સરકારે છેલ્લા ૧૧ વર્ષોમાં સંસદીય શિષ્ટાચાર અને વ્યવસ્થાને સતત નબળી પાડી છે. તેમણે મણિપુરની પરિસ્થિતિ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અંગે પણ સરકારની ટીકા કરી હતી અને નોંધ્યું હતું કે જ્યાં સુધી વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ ન કર્યો ત્યાં સુધી વહીવટીતંત્ર મૌન રહ્યું. ખડગેએ મતદાર યાદીઓના ખાસ સઘન સુધારણા (SIR) દરમિયાન દબાણ હેઠળ બૂથ લેવલ ઓફિસરો (BLO)ના મૃત્યુ પર ભાર મૂક્યો હતો અને કહ્યું કે આ મુદ્દાઓને ઉકેલવામાં આવ્યા નથી. વિપક્ષ મતની હેરાફેરી સહિત મુખ્ય ચિંતાઓ ઉઠાવવા માટે પ્રતિબદ્ધ છે અને સંસદમાં આ મુદ્દાઓને ઉજાગર કરવાનું ચાલુ રાખશે. ભાજપે હવે ધ્યાન ભંગ કરવાના આ નાટકનો અંત લાવવો જોઈએ અને લોકોને અસર કરતા વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ. સામાન્ય માણસ બેરોજગારી, મોંઘવારી, આર્થિક અસમાનતા અને દેશના સંસાધનોની લૂંટ સામે લડી રહ્યો છે, જ્યારે સત્તામાં રહેલા લોકો ઘમંડ સાથે 'નાટકબાજી'માં વ્યસ્ત છે. કોંગ્રેસ વડાએ રાષ્ટ્રને અગાઉના ઉદાહરણો યાદ અપાવ્યા જ્યારે સરકારે વિવાદાસ્પદ કૃષિ કાયદાઓથી લઈને GST, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાથી લઈને અન્ય ઘણા મોટા સુધારાઓ સુધીના મોટા કાયદાકીય ફેરફારોને રદ કર્યા હતા. પહેલા આ બધા કાયદાઓને સંસદમાં તાકીદ સાથે આગળ ધપાવવામાં આવ્યા હતા અને ચર્ચા કરવામાં આવી ન હતી.

# 'બાબરના નામે ભારતમાં કોઈપણ મસ્જિદ બાંધવામાં આવશે નહીં' : બીજેપીના દિલીપ ઘોષે ટીએમસીના ધારાસભ્ય હુમાયુ કબીરના ઉચ્ચારણોની ભારે ઝાટકણી કાઢી

**કબીરના નિવેદનોનો પ્રત્યાઘાત આપતા દિલીપ ઘોષ જણાવે છે કે કોઈપણ વ્યક્તિ તેની પોતાની જમીન પર મંદિર કે મસ્જિદનું નિર્માણ કરી શકે છે પરંતુ ભારતમાં બાબરના નામે કોઈ મસ્જિદનું નિર્માણ થશે નહીં, હિન્દુ સમાજે સાડા ચારસો વર્ષ સુધી બાબર સામે વિરોધ કર્યો છે અને તેણે બાંધેલી ઈમારતને તોડી પાડવામાં આવી છે જ્યાં બાદમાં રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું : બાબર આક્રમણ કરનાર હતો એટલે તેના નામે અહીં કોઈ ચીજ નહીં થાય**

(એજન્સી) કોલકાતા, તા.૧

ભાજપના એક નેતા દિલીપ ઘોષે મંગળવારે ટીએમસીના ધારાસભ્ય હુમાયુ કબીરના ઉચ્ચારણો અને વિધાનોની ટીકા કરીને એવી પ્રતિક્રિયા આપી હતી કે લોકોને પોતાના ધર્મસ્થાનો પોતાની જમીન પર બાંધવાનો અધિકાર છે અને પૂરી આઝાદી છે પરંતુ મુઘલ બાદશાહ બાબરના નામે તો ભારતમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા દેવાશે નહીં. ટીએમસી ધારાસભ્ય કબીરના વિધાનોની ઝાટકણી કાઢતાં દિલીપ ઘોષ જણાવે છે કે કોઈપણ વ્યક્તિ તેની પોતાની જમીન પર મંદિર કે મસ્જિદનું નિર્માણ કરી શકે છે પરંતુ બાબરના નામે તો ભારતમાં કોઈપણ મસ્જિદ બંધાશે નહીં. હિન્દુ સમાજે સાડા ચારસો વર્ષ સુધી બાબરનો વિરોધ કર્યો છે, તેનું નિર્માણ તોડી પાડવામાં આવ્યું છે અને બાદમાં ત્યાં રામ મંદિર બાંધવામાં આવ્યું છે. બાબર તો આક્રમણખોર હતો એટલે તેના નામે અહીં કશું બનશે નહીં. ટીએમસીના ધારાસભ્યએ વારંવાર એવી જાહેરાત કરી છે કે છઠ્ઠી ડિસેમ્બરે મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગા ગામે બાબરી મસ્જિદનું શિલારોપણ કરવામાં આવશે. એમના વિધાનો પછી પશ્ચિમ બંગાળમાં રાજકીય રીતે ચકમક ઝરવા લાગી છે અને અલગ અલગ પક્ષના આગેવાનો વચ્ચે શાબ્દિક લડાઈ શરૂ થઈ ગઈ છે. કબીર એમના અભિગમમાં અને યોજનામાં મક્કમ છે અને કહે છે કે અમે છઠ્ઠી ડિસેમ્બરે બાબરી મસ્જિદનો પાયો નાંખીશું. આ પહેલા પણ કબીરે એવી જાહેરાત કરીને વિવાદ ઊભો કર્યો હતો કે પ્રોજેક્ટ પૂરો કરવામાં ત્રણ વર્ષ લાગી જશે અને અનેક મુસ્લિમ નેતાઓ પણ ભાગ લેશે.

પશ્ચિમ બંગાળના મંત્રી સિદ્દીકુલ્લાહ



ચૌધરીએ અયોધ્યામાં રામ મંદિર બાંધવા સામે ઉગ્ર વિરોધ કર્યો ત્યારે પણ મોટી તંગદિલી ઊભી થઈ હતી. તેમણે બાબરી મસ્જિદ શહીદ કરવાનું કૃત્ય અને બાદમાં બનેલી ઘટનાઓને અન્યાયી ગણાવતાં કહ્યું હતું કે બળજબરીથી મસ્જિદ શહીદ કરી દેવામાં આવી અને બાદમાં ત્યાં મંદિર બાંધી દેવામાં આવ્યું. અમે તેનાથી બિલકુલ સહમત નથી. ચૌધરીએ પોતાને પક્ષપાતી ગણાવતા ભાજપ સભ્યોના વિધાનોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે ભાજપના સભ્યો એવા વિવાદી વિધાનો કરી રહ્યા છે કે મસ્જિદ બાંધનારને રૂા.૧ કરોડ આપવાના છે પરંતુ આ તો ભાજપની વિચારધારા છે, દેશની નથી. અયોધ્યા ચુકાદાની પણ ટીકા કરતાં તેમણે કહ્યું કે સાડા ચારસો વર્ષથી અહીં મસ્જિદ હતી એટલે અમને કોઈ ન્યાય મળ્યો નથી. અદાલતે આવો ચુકાદો આપીને ન્યાય કર્યો નથી.

**ન્યુઝ GT પોઈન્ટ**

**૯મી નવેમ્બરે આ ધારાસભ્યએ મમતા બેનરજીના પક્ષમાંથી રાજીનામું આપી પોતાનો અલગ પક્ષ બનાવવાની જાહેરાત કરેલી પરંતુ નવો પક્ષ ઊભો થાય તો વળી ઓવૈસી બાદ એક નવો માથાનો દુખાવો મમતા બેનરજી માટે ઊભો થાય અને માટે જ ટી.એમ.સી.માંથી હકાલપટ્ટી કરી નહીં પરંતુ બેજવાબદાર નિવેદનો કરી પક્ષને નુકસાન પહોંચાડે એ પણ ટી.એમ.સી.ને પોસાય નહીં અને વળી જો હાંકી કાઢે તો મુસ્લિમ મત વિસ્તારમાં પ્રચાર કરે કે બાબરનું નામ ટી.એમ.સી.ને ગમ્યું નહીં એટલે પક્ષમાંથી હાંકી કાઢ્યા ! બિનસાંપ્રદાયિક હિન્દુ હોવું અને ટકવું કેટલું મુશ્કેલ છે એ મુસ્લિમ રાજકારણીઓ શીખવાડે છે.**

**ક્યા બાત હૈ ?!**

**કૃપા કરી આ ફોટા પરથી મારા પ્રેમીની જ્ઞાતિ શોધી આપોને !**



- જામી

# પશ્ચિમ બંગાળમાં CAA કાયદા હેઠળ ૧૨ હિન્દુ શરણાર્થી પરિવારોને નાગરિકતા આપવામાં આવી

(એજન્સી) તા.૧

પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશથી આવેલા બાર હિન્દુ શરણાર્થી પરિવારોને CAA હેઠળ ભારતીય નાગરિકતા મળી હોવાનું કહેવાય છે. આ પગલું એ ઘણા લોકો માટે ઓળખપત્રો, નોકરીઓ અથવા સુરક્ષા વિના વર્ષો પછી તેમના જીવન માટે એક પરિવર્તન છે. આ પરિવારો કહે છે કે તેઓ અનેક દાયકાઓ આશા લઈને આવ્યા હતા. રાજ્યવિહીનતામાંથી બચી ગયા હતા અને હવે નાગરિકતા પ્રમાણપત્રો સાથે તેને દાયકાઓના ભયનો અંત છેઃ હવે અમે મતદાન કરી શકીએ છીએ, કામ કરી શકીએ છીએ, શાળાએ જઈ શકીએ છીએ અને ભય વિના જીવી શકીએ છીએ. પરંતુ દરેક વ્યક્તિ માટે આવો સુખદ અંત નથી. મુસ્લિમ જૂથો અને નાગરિક અધિકાર સંગઠનો સહિત ટીકાકારો દલીલ કરે છે કે આ મંજૂરીને CAAના વ્યાપક સંદર્ભમાં જોવી જોઈએ, આ એક એવો કાયદો છે જે મુસ્લિમોને ઝડપી ટ્રેક નાગરિકતામાંથી બાકાત રાખે છે. તેઓ ચેતવણી આપે છે કે ફક્ત બિન-મુસ્લિમ શરણાર્થીઓને વિશેષ લાભ આપીને, કાયદો નાગરિકતાની બે સ્તરીય સિસ્ટમ બનાવે છે, જે બંધારણીય સમાનતા અને ધર્મનિરપેક્ષ સિદ્ધાંતોને નબળા પાડે છે. વિપક્ષી નેતાઓ અને માનવાધિકાર નિરીક્ષકોએ અગાઉ ચિંતા વ્યક્ત કરી હતી કે આ કાયદાના સંકુચિત ધાર્મિક માપદંડોને લીધે બાકાત રહેલા



મુસ્લિમ સમુદાય અને અન્ય લઘુમતીઓ માટે આ કાયદાનો કોઈ અર્થ નથી. સીએએ મુસ્લિમો સામે ભેદભાવ કરે છે, કાયદા સમક્ષ સમાનતાનું ઉલ્લંઘન કરે છે અને પૂર્વગ્રહને સંસ્થાકીય બનાવે છે. આ ૧૨ પરિવારો માટે, આ નાગરિકત્વ એક વ્યક્તિગત જીત છે પરંતુ સમગ્ર ભારતમાં ઘણા લોકો માટે, આ એક અધૂરું સ્વપ્ન છે. આ દર્શાવે છે કે સીએએનો કાયદો એ કેટલાક લોકો માટે જીવન બદલી શકે છે; છતાં તે એ પણ દર્શાવે છે કે વિવેચકો બહુલવાદી સમાજમાં આ કાયદાને ખૂબ જ સમસ્યારૂપ શા માટે ગણે છે.

# સંસદ : ખડગેના નિવેદન પર રાજ્યસભામાં ધમાલ, બંને ગૃહો સમગ્ર દિવસ માટે મુલતવી

**સંસદનું શિયાળુ સત્ર સોમવાર ૧ ડિસેમ્બરથી શરૂ થયું છે, સોમવારે સંસદ સંકુલમાં વિપક્ષી સાંસદોએ મત ચોરી સામે વિરોધ કર્યો હતો, ખડગેએ ધનખડ મુદ્દે સરકાર પર હુમલો કર્યો હતો**

(એજન્સી) તા.૧

રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું. તેમણે ગૃહની કાર્યવાહી નિષ્પક્ષ રીતે ચલાવવાની તેમના સમર્થનની ખાતરી આપી. તેમણે વિપક્ષના હોય કે શાસક પક્ષના, સભ્યોને વ્યાજબી તક આપવા વિનંતી કરી. તેમણે રાજ્યસભાના અધ્યક્ષ પદ પરથી તેમના પુરોગામીના સંપૂર્ણપણે અણધાર્યા અને અચાનક પ્રસ્થાનનો ઉલ્લેખ કર્યો, જે સંસદીય ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. તેમણે કહ્યું કે, રાજ્યસભાના અધ્યક્ષ સમગ્ર ગૃહના રક્ષક છે અને સરકાર તેમજ વિપક્ષનો સમાન રીતે ભાગ છે. ખડગેના નિવેદનથી શાસક પક્ષમાં ભારે હોબાળો મચી ગયો હતો. અધ્યક્ષ રાધાકૃષ્ણને કહ્યું કે, તેઓ આ બાબત પર વિચાર કરશે અને સભ્યોને બેસવા વિનંતી કરી. ખડગેએ કહ્યું કે, તેમને દુઃખ છે કે, ગૃહને જગદીપ ધનખડને વિદાય આપવાની અને તેમને શુભકામનાઓ પાઠવવાની તક મળી નથી છે. તેમણે કહ્યું કે, અમને વિશ્વાસ છે કે, તમે ગૃહના તમામ વર્ગોનું ધ્યાન રાખશો અને નિષ્પક્ષ રહેશો, વિપક્ષ અને શાસક પક્ષ સાથે સમાન વર્તન કરશો. ખડગેના આ નિવેદનથી રિજિજુ ગુસ્સે થયા હતા. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પ્રશ્ન કર્યો કે, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જગદીપ ધનખડનો મુદ્દો કેમ ઊઠાવ્યો છે. રિજિજુએ આગ્રહ કર્યો કે, કોંગ્રેસના સભ્યોએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિનું અપમાન કર્યું છે અને હવે તેના પર બોલવું જોઈએ નહીં. તેમણે વિનંતી કરી કે આવા અસંબંધિત મુદ્દાઓ ઊઠાવવામાં ન આવે. ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડાએ વિનંતી કરી કે, જો આપણે પૂર્વ ઉપરાષ્ટ્રપતિના મુદ્દા પર વાત કરીએ તો તે સુસંગત કે સમયસર નથી, નહીં તો અમે અન્ય મુદ્દાઓ ઊઠાવીશું. તેમણે બિહારમાં વિપક્ષની હારનો પણ ઉલ્લેખ કર્યો, પરંતુ વિપક્ષના સભ્યોને યોગ્ય સમયે આ વિષય પર બોલવા વિનંતી કરી હતી.

● લોકસભા અધ્યક્ષે વિપક્ષને SIR પર ચર્ચા કરવાની મંજૂરી આપી ન હતી. આના કારણે ભારે હોબાળો થયો. શાસક પક્ષ અને વિપક્ષ બંનેના સૂત્રોચ્ચાર વચ્ચે, લોકસભા બપોર સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે ૧૨ વાગ્યે પાછી ફરી, ત્યારે SIR પર ચર્ચાની માગણી સાથે ફરી એક વખત હોબાળો થયો. સ્પીકરે ગૃહને બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. થોડી વાર પછી હોબાળાને કારણે રાજ્યસભા પણ બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે ૨ વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે વિપક્ષે ફરીથી SIR પર ચર્ચાની માંગ કરી, પરંતુ સ્પીકરે પરવાનગી આપી નહીં. ફરી એક વખત હોબાળો અને સૂત્રોચ્ચાર થયા અને અંતે ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું હતું.

● નાણામંત્રી સીતારમણે સેન્ટ્રલ એક્સાઈઝ, હેલ્થ સિક્યુરિટી અને GST પર ત્રણ બિલ રજૂ કર્યા. સેન્ટ્રલ એક્સાઈઝ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫ અને હેલ્થ સિક્યુરિટી બિલ ૨૦૨૫માંથી નેશનલ સિક્યુરિટી સેસ, ખાતરી કરશે કે GST વળતર સેસ નાબૂદ થયા પછી પણ તમાકુ અને પાન મસાલા જેવી હાનિકારક ચીજવસ્તુઓ પર કર દર સમાન રહે. સીતારમણે વટહુકમના સ્થાને મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ ૨૦૨૫ પણ રજૂ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે, ભારતમાં લોકશાહી જીવંત છે અને તેમાં પોતાનો વિશ્વાસ મજબૂત કર્યો છે. બિહાર ચૂંટણીમાં મહિલાઓની ભાગીદારીના ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, મતદાન એ ભારતીય લોકશાહીની શક્તિનું પ્રદર્શન છે. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે તેમને 'નાટક' ન કરવાની સલાહ આપી અને તેમના પ્રદર્શનને સુધારવા માટે 'ઉપાય' પણ આપ્યા.

વડાપ્રધાન મોદીએ વિપક્ષી સભ્યોને અપીલ કરતા કહ્યું કે, 'સંસદમાં નાટક ન કરો, પરંતુ કામ કરો.' તેમણે એમ પણ કહ્યું કે, તેમને આશા છે કે, વિપક્ષી નેતાઓ સમય જતાં બિહારમાં હાર સ્વીકારશે, પરંતુ તેમના નિવેદનો સૂચવે છે કે, હારથી તેઓ હતાશ થઈ ગયા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તેઓ વિપક્ષને તેમની રણનીતિ કેવી રીતે બદલવી અને વધુ સારૂં પ્રદર્શન કેવી રીતે કરવું તે અંગે સૂચનો આપવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે, ચૂંટણીમાં પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા પછી તેઓએ તેમની કાર્યશૈલી બદલવી જોઈએ.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષને કહ્યું કે, વિપક્ષી પક્ષ અને તેના નેતાઓએ 'ડિપ્રેશનમાંથી બહાર આવવું જોઈએ.'

● પ્રધાનમંત્રી મોદીએ રાજ્યસભાના નવા અધ્યક્ષ તરીકે કાર્યકાળ શરૂ કરવા બદલ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનને અભિનંદન આપ્યા હતા.

● ઘણા વિપક્ષી સાંસદોએ એસઆઈઆર પર ચર્ચા માટે નોટિસ આપી છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે લોકસભામાં સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો છે.

● નોટિસમાં લખ્યું છે કે, 'આ પ્રક્રિયાએ બીએલઓ પર અસહ્ય દબાણ કર્યું છે, જેના પરિણામે અનેક મૃત્યુ થયા છે અને નાગરિકોમાં ગભરાટ અને મૂંઝવણ ઊભી થઈ છે. આવા અસંકલિત અને અસંવેદનશીલ અમલીકરણથી જાહેર વિશ્વાસ અને આપણી લોકશાહી પ્રક્રિયાઓની અખંડિતતા બંનેને નુકસાન થાય છે.'

# સંજૌલી મસ્જિદનો વિવાદ વધુ ઉગ્ર બન્યો; આમરણાંત ઉપવાસ આંદોલનનો દસમો દિવસ, ડિમોલિશનના હુકમને અદાલતમાં પડકારતું વક્ફ બોર્ડ

(એજન્સી) શિમલા, તા.૧



શિમલાના સંજૌલી વિસ્તારમાં એક મસ્જિદનો વિવાદ વધુ ઉગ્ર અને ઘેરો બની રહ્યો છે કેમ કે અદાલત દ્વારા આ મસ્જિદના બાંધકામને બિનઅધિકૃત જાહેર કરવામાં આવ્યું હતું. દેવ ભૂમિ સંઘર્ષ સમિતિએ છેલ્લા દસ દિવસથી આ મુદ્દા પર ભૂખ હડતાળ શરૂ કરી છે અને મસ્જિદનું તાત્કાલિક ડિમોલિશન કરવાની માગણી કરી રહ્યા છે. એ પહેલા મસ્જિદને તાત્કાલિક સીલ કરી દેવા અને તેનો પાણી અને વીજ પુરવઠો કાપી નાંખવાની પણ માગણી કરી રહ્યા છે આથી સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ છે. ૩૦મી ઓક્ટોબરના રોજ શિમલા ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા મસ્જિદને તોડી પાડવા અંગેના શિમલા મહાનગરપાલિકાના કમિશનરના આદેશને માન્ય રાખવામાં આવ્યો હતો કેમ કે મ્યુનિસિપલ કમિશનરે મસ્જિદને અને તેના બાંધકામને ગેરકાયદે જાહેર કર્યું હતું. અદાલતે ૩૦મી ડિસેમ્બર સુધીમાં પાંચ માળની આખી બિલ્ડિંગ એટલે એ આખી મસ્જિદનું ડિમોલિશન કરવા માટે આદેશ આપ્યો છે પરંતુ અદાલતના આદેશનો અમલ કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી સમિતિએ ઉગ્ર આંદોલન શરૂ કરી દીધું છે. શુક્રવારે હિમાચલપ્રદેશ વકફ બોર્ડ દ્વારા મ્યુનિસિપલ કમિશનરના ડિમોલિશનના હુકમ અને અદાલતના ચુકાદા બંનેને હિમાચલપ્રદેશની હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યા છે. અરજી સ્વીકારવા અંગે હાઈકોર્ટ હવે નિર્ણય લેશે. શુક્રવાર એટલે જુમ્માની નમાઝ અહીં નહીં પઢવા માટે સંઘર્ષ સમિતિએ મુસ્લિમ સમાજને તાકીદ કરી હતી પરંતુ એ છતાં ઘણા બધા મુસ્લિમોએ જુમ્માની નમાઝ પઢી હતી અને વહીવટીતંત્ર દ્વારા પણ કોઈને રોકવામાં આવ્યા નહોતા. જો કે, મસ્જિદના પેશઈમામે જ્યાં સુધી કાયદેસર રીતે આ મામલાનો હલ ન આવે ત્યાં સુધી અહીં નમાઝ નહીં પઢવા માટે મુસ્લિમ સમાજને અપીલ કરી છે. સંઘર્ષ સમિતિએ નમાઝ ચાલુ રહી હોવાથી નિરાશા અને વિરોધી લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આ એક જાતની ઉશ્કેરણી થઈ રહી છે. જો કે, તેમણે આવા તણાવ વચ્ચે પણ સહયોગ આપવા બદલ અને ટેકો આપવા બદલ બહુમતી મુસ્લિમ સમાજનો આભાર માન્યો હતો.

# લાંબા સમયથી પેન્ડિંગ વાઈસ ચાન્સેલરની નિમણૂકો અંગે જસ્ટિસ ધુલિયાના અહેવાલની હજુ ચકાસણી પણ ન કરી શકેલા કેરાલાના રાજ્યપાલથી સુપ્રીમ કોર્ટ સખત નારાજ

**જસ્ટિસ જે. બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેંચ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું કે સુપ્રીમના નિવૃત્ત જજ દ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજને સામાન્ય કાગળ ગણીને ફગાવી દઈ શકાય નહીં અને ખાસ કરીને જ્યારે રાજ્યપાલ ખુદ એપીજે અબ્દુલ કલામ ટેક્નોલોજિકલ યુનિવર્સિટી એન્ડ યુનિવર્સિટી ઓફ ડિજિટલ સાયન્સ, ઈનોવેશન એન્ડ ટેકનોલોજીના કુલપતિ હોય ત્યારે તો ખાસ એમણે આવા અહેવાલને બાજુએ મૂકી દેવો જોઈએ નહીં**

(એજન્સી) મુંબઈ, તા.૧

કેરાલામાં બે સરકારી યુનિવર્સિટીમાં લાંબા સમયથી પેન્ડિંગ પડેલી વાઈસ ચાન્સેલરની જગ્યા પર નિમણૂક અંગેના સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ સુધાંશુ ધુલિયાના અહેવાલની હજુ સુધી ચકાસણી પણ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટ કેરાલાના રાજ્યપાલ રાજેન્દ્ર આરલેકરથી સખત નારાજ થઈ છે. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચનું નિરીક્ષણ હતું કે સુપ્રીમના પૂર્વ જજ દ્વારા એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોય તો તેને સામાન્ય કાગળ ગણાવવામાં આવે અને જ્યારે ખાસ કરીને રાજ્યપાલ જ બે યુનિવર્સિટીના કુલપતિ ખુદ રાજ્યપાલ હોય ત્યારે તો આવા રિપોર્ટને સામાન્ય પેપર વર્ક ગણાવીને તેને ફગાવી દઈ શકાય નહીં. ગવર્નર ખુદ એપીજે અબ્દુલ કલામ ટેક્નોલોજિકલ યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી ઓફ ડિજિટલ સાયન્સિસ, ઈનોવેશન એન્ડ ટેક્નોલોજીના કુલપતિ છે ત્યારે તેમણે હજુ વાંચ્યું પણ નથી. આ અંગે ગવર્નરથી સખત અને ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને ગવર્નરની ટીકા કરી હતી. સુપ્રીમે સવાલ કર્યો હતો કે મુખ્યમંત્રી પી. વિજયન દ્વારા રિપોર્ટ અપાઈ દેવામાં આવ્યો છે ત્યારે ગવર્નર દ્વારા કેમ હજુ સુધી તેની ચકાસણી કરવામાં આવી નથી ? રાજ્ય સરકાર વતી હાજર થયેલા ધારાશાસ્ત્રીએ અદાલતમાં જણાવ્યું હતું કે રિપોર્ટ અપાયા છતાં અને ભલામણો કમિટીએ કર્યા છતાં રાજ્યપાલ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

# દિલ્હીમાં પાકિસ્તાન સમર્થિત મોટા ગેંગસ્ટર આતંક મોડ્યુલનો પર્દાફાશ

**દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે પાકિસ્તાન સમર્થિત ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટી સાથે જોડાયેલા એક આતંકવાદી મોડ્યુલનો સફળતાપૂર્વક નાશ કર્યો છે, જે ડ્રોન દ્વારા ભારતીય ગેંગસ્ટરોને શસ્ત્રો અને ડ્રગ્સ સપ્લાય કરતો હતો, શહેઝાદ ભટ્ટીએ પંજાબી ગાયક સિદ્ધુ મોસેવાલા અને NCP નેતા બાબા સિદીકીની હાઈ પ્રોફાઈલ ટાર્ગેટ કિલિંગમાં સામેલ ગેંગને હથિયારો પૂરા પાડ્યા હતા**

(એજન્સી) તા.૧

દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે સુરક્ષા એજન્સીઓ માટે એક મોટી સફળતા મેળવી છે અને રવિવારે પાકિસ્તાન સમર્થિત ગેંગસ્ટર સાથે જોડાયેલા એક આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગસ્ટર, શહેઝાદ ભટ્ટી, ડ્રોન દ્વારા ભારતમાં ગેંગસ્ટરોને શસ્ત્રો અને ડ્રગ્સ સપ્લાય કરતો હોવાનું કહેવાય છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે ત્રણથી વધુ આતંકવાદીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓ ઉત્તર ભારતના છે અને પાકિસ્તાનના ISI સાથે સંકળાયેલા આતંકવાદી શહેઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હતા. દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભટ્ટીના લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે ગાઢ સંબંધો હતા. ભટ્ટીએ તાજેતરમાં જ બિશ્નોઈ સાથેની તેમની વીડિયો વાતચીત જ્યારે બાદમાં જેલમાં હતો ત્યારે જાહેર કર્યો હતો. ભાટીએ પંજાબી ગાયક સિદ્ધુ મૂઝ વાલા અને NCP નેતા બાબા સિદીકીની હાઈ-પ્રોફાઈલ ટાર્ગેટેડ હત્યાઓમાં સામેલ ગેંગને હથિયારો પૂરા પાડ્યા હતા. બાબા સિદીકીની હત્યામાં સામેલ જીશાન અખ્તરને મદદ કર્યા બાદ બિશ્નોઈ ગેંગ અને ભટ્ટી વચ્ચેનું જોડાણ તૂટી ગયું હતું અને ભટ્ટીની મદદથી ભારત ભાગી ગયો હતો અને અઝરબૈજાનમાં છુપાઈ ગયો હતો. ત્યાં, તેણે લોરેન્સને નારાજ કરીને ખાલિસ્તાની આતંકવાદીઓ માટે કામ કરવાનું શરૂ કર્યું હતું. દુબઈમાં રહેતા ભટ્ટીએ માર્ચ ૨૦૨૫માં જલંધરમાં યુટ્યુબર નવદીપ સંધુના ઘરે ગ્રેનેડ હુમલાની જવાબદારી પણ સ્વીકારી હતી. જલંધરમાં ભાજપ નેતા મનોરંજન કાલિયાના ઘરે (એપ્રિલ ૨૦૨૫) ગ્રેનેડ હુમલામાં તેની ઓળખ ઝીશાન અખ્તર સાથે મુખ્ય કાવતરાખોર તરીકે પણ થઈ છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે પાકિસ્તાની નાગરિક શહજાદ ભટ્ટી દ્વારા સંચાલિત એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો, જે હાલમાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના ઈશારે કામ કરી રહ્યો છે. ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એક પંજાબનો હરગુનપ્રીત સિંહ છે. સંડોવાયેલો બીજો વ્યક્તિ વિકાસ પ્રજાપતિ છે, જે મધ્યપ્રદેશના દતિયાનો રહેવાસી છે અને ત્રીજો આરિફ છે, જે ઉત્તરપ્રદેશના બિજનોરનો રહેવાસી છે. સ્પેશિયલ સેલના એડિશનલ સીપી પ્રમોદ કુમાર કુશવાહાએ જણાવ્યું હતું કે, શહજાદ ભટ્ટી બહારથી દિશા નિર્દેશો આપતો હતો અને આ જૂથને સીધો તેમજ તેના સહયોગીઓ સાથે સંભાળતો હતો અને સોશિયલ મીડિયા એપ્સ દ્વારા અથવા તેના અન્ય સંપર્કો દ્વારા ભરતી કરાયેલા નાના છોકરાઓનો ઉપયોગ કરીને આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવતો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું. આ જૂથની એક કે બે વધુ કડીઓ છે જે પંજાબ પોલીસ સાથે શેર કરવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને તે લોકોની પણ ધરપકડ કરવામાં આવશે. ભટ્ટી ગેંગે અનમોલને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી છે, જે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ છે અને હાલમાં તેને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવ્યા બાદ NIAની કસ્ટડીમાં છે. અનમોલે ભટ્ટી દ્વારા 'લક્ષ્ય બનાવીને મારી નાખવાની આશંકા' દર્શાવીને પોતાના જીવનની સુરક્ષાની અરજી દાખલ કરી છે. NCP નેતા સિદીકીની હત્યા, એપ્રિલ ૨૦૨૪માં અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન પર ગોળીબાર, પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા અને અન્ય ગુનાઓમાં વોન્ટેડ, અનમોલની ૧૮ નવેમ્બરના રોજ યુએસમાંથી 'હકાલપટ્ટી' કરવામાં આવી હતી. તેને નવેમ્બર ૨૦૨૪માં યુએસમાં અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ૨૦૨૨થી ફરાર, અનમોલ તેના જેલમાં બંધ ભાઈ લોરેન્સ બિશ્નોઈની આગેવાની હેઠળના આતંકવાદી-ગેંગસ્ટર સિન્ડિકેટમાં સંડોવણી બદલ ધરપકડ કરાયેલ ૧૯મો આરોપી છે.

# ઈમરાન ખાનના પુત્રો કહે છે કે ત્રણ સપ્તાહ વીતી ગયા છે પરંતુ તેઓ હયાત હોવા અંગેનો કોઈ પુરાવો મળ્યો નથી

**તેમણે કહ્યું કે પિતા સુરક્ષિત છે કે કેમ, ઈજાગ્રસ્ત છે કે તેઓ હયાત પણ છે કે કેમ એ વિશે કશું જ જણાવવામાં ન આવે એ ખરેખર અમારા પરનો માનસિક અત્યાચાર છે**

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧

પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની તબિયત અંગે અફવાઓ અને અટકળોની આંધીઓ વચ્ચે ઈમરાન ખાનના બંને પુત્રોએ તેઓ સાજા નરવા અને હયાત છે કે કેમ તેના પુરાવા માંગ્યા છે. ઈમરાનના પુત્ર કાસિમ ખાને જણાવ્યું હતું કે મારા પિતા સાથે કંઈક અજુગતું બની ગયું હોવાની અમારા પરિવારને દહેશત છે. એમની તબિયત અંગે અનેક અફવાઓ ઊડી રહી છે છતાં એમનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી અને એણની હાલતની કોઈ જાણકારી મળી નથી. અદાલતે એમને મળવા માટે સાપ્તાહિક બેઠકની મંજૂરી આપી છે છતાં સંપર્ક થઈ શક્યો નથી. કાસિમ ખાન લખે છે કે તમારા પિતા સુરક્ષિત છે કે કેમ, એમને કોઈ ઈજા થઈ છે કે તેઓ હયાત પણ છે કે કેમ એવી ચિંતા અને સંતાપ અમારા માટે માનસિક અત્યાચાર જેવા છે. તેમણે લખ્યું હતું કે અમને કોઈ સાચી માહિતી એમના વિશે મળતી નથી અને સૌથી મોટી બીક એવી છે કે એમની સાથે અજુકતી એવી ઘટના બની ગઈ છે જેને અમે પાછી વાળી શકીએ તેમ નથી. અમારાથી બધુ છુપાવવામાં આવી રહ્યો છે.



કાસિમ અને એમના ભાઈ સુલેમાન ઈશા ખાન એમની માતા જેમિમા સાથે લંડનમાં જ રહે છે. બંને ભાઈઓ પિતાની સ્થિતિ અંગે અત્યંત ચિંતાતુર બન્યા છે. તેમણે કહ્યું હતું કે અણે છેલ્લે નવેમ્બર ૨૦૨૨માં પિતાને જોયા હતા. આ તો માનવઅધિકાર કટોકટી કહેવાય. દરેક દિશામાંથી સરકાર પર દબાણ થવું જોઈએ. પરંતુ અમારે પહેલા એ જાણવાનું જરૂરી છે કે તેઓ સુરક્ષિત છે. ૭૨ વર્ષના ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે.

# દિલ્હી બોમ્બ વિસ્ફોટની ઘટનાની તપાસ માટે કાશ્મીરમાં ૧૦ સ્થળે NIAના દરોડા

**આ રીતે NIA દ્વારા જોરદાર રીતે તપાસ આગળ વધી રહી છે ત્યારે શિક્ષિત વર્ગ અને આતંક વચ્ચેની ખૂબ જ આપત્તિજનક અને ચિંતા કરાવી દેનારી અપવિત્ર ધરીમાં હવે નવું કયું પ્રકરણ બહાર આવે છે તેની કાશ્મીર ખીણમાં આતુરતાથી ઈન્તેજારી છે**

(એજન્સી) શ્રીનગર, તા.૧

દિલ્હીના આતંકવાદી બોમ્બ વિસ્ફોટની તપાસ વધુને વધુ વેગ પકડી રહી છે અને સોમવારે જમ્મુ અને કાશ્મીર પોલીસ તથા CRPFની ટુકડીઓની સાથે અને અધિકારીઓને સાથે રાખીને NIAની ટીમ દ્વારા ૧૦ જેટલા સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ શરૂ કરવામાં આવી હતી ત્યારે કાશ્મીર ખીણનું આકાશ વાહનોના મોટા કાફલાના અવાજ અને ધણધણાટીથી ગુંજી ઊઠ્યું હતું. અનેક વિસ્તારોમાં એક સાથે તપાસની એજન્સીની ટુકડીઓ ઊતરી પડી હતી અને તપાસનો પ્રારંભ કર્યો હતો. દિલ્હી વિસ્ફોટ મારામાં થયેલી આ કાર્યવાહી દરમિયાન મૌલવી ઈરફાન અહેમદ વાગે, ડૉ.આદિલ રાથર, ડૉ.મુઝમ્મિલ ગનઈ, આમિર રાશિદ અને જસીર બિલાલ વાણીના મકાનોમાં તપાસ કરવામાં આવી હતી. છેક શોપિયાંના નદી ગામ તથા કોઈલ, ચંદગામ, મલંગપોરા અને પુલવામાના સંબૂરા જેવા ગામોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. 'વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલ' જે બહાર આવ્યું છે તેના પૂરેપૂરા કાવતરા અને વ્યાપને પકડી પાડવા માટે અધિકારીઓ પ્રયત્નો કરી રહ્યા છે કેમ કે ધડાકાની આ ઘટના સાથે સંકળાયેલા તમામ આતંકવાદીઓ શિક્ષિત છે એટલે તેને 'વ્હાઈટ કોલર આતંક મોડ્યુલ' નામ આપવામાં આવ્યું છે.

# બિહારના ચૂંટણી ધબડકા અંગે સમીક્ષા કરવા ખડગે સાથે બેઠક કરતા રાહુલ ગાંધી, રાજ્યમાં પક્ષમાં આંતરિક વિખવાદ તથા મતભેદો તેમજ NDA યોજનાઓ પરાજય માટે જવાબદાર હોવાનું કહેતા કોંગ્રેસના નેતાઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા અને બિહારમાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષના પરાજય અંગે તથા ધબડકા વિશે તેમજ બિહારની રાજકીય પરિસ્થિતિ વિશે ખડગે સાથે ચર્ચા વિચારણા કરી હતી તેમ જાણવા મળ્યું છે. સૂત્રો જણાવે છે કે રાહુલ ગાંધી બિહારના કોંગ્રેસના નેતાઓને મળ્યા પછી સીધા ખડગેના નિવાસસ્થાને જ હંકારી ગયા



**કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા અને બિહારની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે, બિહારમાં તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને જબરદસ્ત પછડાટ સહન કરવી પડી છે, બિહારના કોંગ્રેસના નેતાઓને મળ્યા પછી રાહુલ ગાંધી સીધા ખડગેના નિવાસસ્થાન પહોંચ્યા હતા**

હતા. કોંગ્રેસ પ્રમુખ સાથેની બેઠક દરમિયાન બિહારમાં પક્ષના ઈન્ચાર્જ કૃષ્ણ અલાવારૂ અને બિહાર કોંગ્રેસના પ્રમુખ રાજેશ રામ પણ ઉપસ્થિત હતા. આ પહેલા પણ રાહુલ અને ખડગે ઈન્દિરા ભવન ખાતે બિહારના નેતાઓ તથા ચૂંટણી લડેલા તમામ ઉમેદવારો સાથે બેઠક કરી હતી અને પક્ષના સજ્જડ પરાજય અને ધબડકા અંગેના કારણો વિશે વિચાર વિમર્શ કર્યો હતો. જાણવા મળ્યા મુજબ ઉમેદવારોએ મહિલાઓ માટે એનડીએની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માસિક રૂપિયા ૧૦,૦૦૦ની સહાય યોજના તેમજ બિહાર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ તથા સંઘર્ષ અને પક્ષની ટિકિટોના મોડા વિતરણ જેવા કારણો પરાજય માટે આગળ કર્યા હતા.

# અમેરિકી ધમકીઓ સામે હિંમતપૂર્વક સમર્થન આપનાર ઈરાનનો આભાર માની પ્રશંસા કરતું વેનેઝુએલા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

અમેરિકાની લશ્કરી આક્રમણની ધમકીઓ અને દબાણના વાતાવરણમાં લેટિન અમેરિકી દેશને સાહસિક રીતે સમર્થન આપવા બદલ વેનેઝુએલા દેશ દ્વારા ઈરાનનો આભાર માનવામાં આવ્યો છે અને ઈરાનની પ્રશંસા પણ કરવામાં આવી છે. લેટીન અમેરિકી દેશના વિદેશ મંત્રી પીન્ટોએ એક ખાસ પોસ્ટ લખી હતી કે અમારી સરકાર અને અમારા વેનેઝુએલા દેશના પ્રમુખ નિકોલસ મદુરો તરફથી અમે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને ખરેખર ઈસ્લામી પ્રજાસત્તાક ઈરાન દેશનો આભાર માનીએ છીએ જેમકે અમેરિકાના લશ્કરી આક્રમણના હુમલા અને સતત ધમકીઓ સામે ઈરાન દ્વારા અમને ખૂબ જ હિંમતપૂર્વક સમર્થન પૂરૂં પાડવામાં આવ્યું છે. ઈરાનનું અભિગમ ખૂબ જ સાહસિક અને હિંમત ભર્યું રહ્યું છે. તેમણે કહ્યું હતું કે તહેરાન અને કારાકસ એ બંને દેશો સમગ્ર વિશ્વને ન્યાયથી ભરી દેવાના લક્ષ્યાંક તરફ આગળ જવા માટે સહમત છે અને સંયુક્ત રીતે એ દિશામાં બંને દેશો ચિંતા વ્યક્ત કરીને આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ઈરાનના સાહસિક અને અડગ નકર સમર્થન તથા અમારા દેશની રાષ્ટ્રીય અખંડિતતા તેમજ સાર્વભૌમત્વના રક્ષણ માટે ઈરાનના સમર્થનની અમારા દેશની પ્રજાએ ખૂબ જ ઊંડી લાગણી સાથે નોંધ લીધી છે. આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો અને નિયમોના સીધા ઉલ્લંઘન તથા દેશની સુરક્ષા સામે દેશની સુરક્ષા સામે સતત ખતરો અને



આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહારની સુરક્ષા સામે ખતરા અંગે બંને દેશોએ સામૂહિક રીતે ચિંતા વ્યક્ત કરી છે જેનાથી ન્યાય તથા ગરિમા અને શાંતિથી ભરપૂર વિશ્વના નિર્માણ માટેના સંઘર્ષમાં બંને દેશો એક સાથે આવ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેટીન અમેરિકી દેશની સમગ્ર હવાઈ સીમાને બંધ જાહેર કરતો આદેશ બહાર પાડવામાં આવ્યા પછી ઈરાન દ્વારા તેની સખત ટીકા કરવામાં આવી હતી અને જાહેર કરવામાં આવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કાયદાના પાયાના નિયમોનું ઉઘાડે છોગ આવી રીતે ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. વિશ્વના વિમાન વ્યવહાર માટેના ચોક્કસ નીતિ-નિયમો છે અને આંતરરાષ્ટ્રીય કાયદા છે અને અમેરિકા તેનું ઉલ્લંઘન કરી રહ્યું છે અને એ દેશની એકતા તેમજ સાર્વભૌમત્વનો ભંગ થાય એ રીતે તેને ધમકીઓ આપી રહ્યું છે અને લશ્કરી આક્રમણની ચેતવણીઓ આપી રહ્યું છે.

# ઈન્ડોનેશિયામાં વિનાશક પૂરથી ૧૧૪૦થી વધુ લોકોનાં મોત; હજારો લોકો ગુમ; લાખો લોકો અસરગ્રસ્ત

**ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડમાં મલાક્કા સ્ટ્રેટમાં એક દુર્લભ ઉષ્ણકટિબંધીય વાવાઝોડા પછી મોટા પાયે વિનાશ થયો છે, જેના કારણે એક અઠવાડિયા સુધી મુશળધાર વરસાદ પડ્યો અને પવન ફૂંકાયો હતો**

(એજન્સી) તા.૧

ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને મલેશિયામાં એક દુર્લભ ઉષ્ણકટિબંધીય વાવાઝોડાને કારણે વ્યાપક ભૂસ્ખલન અને પૂર આવ્યું છે, જેમાં લગભગ ૧૧૪૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈન્ડોનેશિયામાં ૬૦૪ લોકોનાં મોત અને ૫૦૮ ગુમ થયાની જાણ થઈ છે, લાખો લોકો પ્રભાવિત થયા છે અને હજારો ઘરોને નુકસાન થયું છે. બચાવ ટીમો વિનાશક પ્રદેશમાં રસ્તાઓ સાફ કરવા, સેવાઓ પુનઃસ્થાપિત કરવા અને ગુમ થયેલા લોકોને શોધવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. પશ્ચિમ ઈન્ડોનેશિયામાં બચાવ ટીમો સોમવારે ચક્રવાતથી થતાં ભૂસ્ખલન અને પૂરથી અસરગ્રસ્ત રસ્તાઓ સાફ કરી રહી હતી. હવામાનમાં સુધારો થયો છે અને દક્ષિણપૂર્વ એશિયામાં લગભગ ૭૦૦ લોકો માર્યા ગયા છે. મલક્કા સ્ટ્રેટમાં એક દુર્લભ ઉષ્ણકટિબંધીય વાવાઝોડા પછી ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડમાં મોટા પાયે વિનાશ થયો છે, જેના કારણે એક અઠવાડિયા સુધી મુશળધાર વરસાદ અને પવન ફૂંકાયો હતો જેના કારણે કાદવ ભૂસ્ખલન અને પૂરના પાણીમાં ફસાયેલા લોકો સુધી પહોંચવાના પ્રયાસોમાં અવરોધ ઊભો થયો હતો.

સત્તાવાર આંકડાઓ અનુસાર, થાઈલેન્ડમાં ઓછામાં ઓછા ૧૭૬ અને મલેશિયામાં ત્રણ લોકો માર્યા ગયા છે, જ્યારે સોમવારે ઈન્ડોનેશિયામાં મૃત્યુઆંક ૬૦૪ પર પહોંચી ગયો છે અને ૫૦૮ ગુમ થયા છે. ઈન્ડોનેશિયાના પશ્ચિમ સુમાત્રાના પાલેમ્બાયન શહેરમાં સૂર્યપ્રકાશ અને સ્વચ્છ વાદળી આકાશ હેઠળ, સેંકડો લોકો રસ્તાઓ પરથી કાદવ, વૃક્ષો અને કાટમાળ સાફ કરી રહ્યા હતા જ્યારે કેટલાક રહેવાસીઓ તેમના ક્ષતિગ્રસ્ત ઘરોમાંથી દસ્તાવેજો અને મોટરસાયકલ જેવી કિંમતી વસ્તુઓ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ માણસો ક્ષતિગ્રસ્ત થાંભલાઓ, કોંક્રિટ અને શીટ મેટલ છતના ઢગલામા રહ્યા હતા અને લોકોથી ભરેલા પિકઅપ ટ્રકો ગુમ થયેલા પરિવારના સભ્યોને શોધવા અને લોકોને પાણી પહોંચાડવા માટે ફરતા હતા, કેટલાક ઘૂંટણ સુધીના કાદવમાંથી પસાર થઈ રહ્યા હતા.

સરકાર રસ્તાઓ, પુલો અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. આપત્તિ એજન્સી અનુસાર, ઈન્ડોનેશિયામાં ૨૮,૦૦૦થી વધુ ઘરોને નુકસાન થયું છે અને ૧૪ લાખ લોકો પ્રભાવિત થયા છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ સોમવારે ત્રણ અસરગ્રસ્ત પ્રાંતોની મુલાકાત લીધી હતી અને તેમણે આ આપત્તિ ગણાવી હતી તેનો સામનો કરવા માટે



રહેવાસીઓની ભાવનાની પ્રશંસા કરી હતી. તેમણે ઉત્તર સુમાત્રામાં કહ્યું કે, આપણે સ્થિતિસ્થાપકતા અને એકતા સાથે આ આપત્તિનો સામનો કરીએ છીએ. આપણું રાષ્ટ્ર મજબૂત છે અને તેનો સામનો કરવામાં સક્ષમ છે. આ ત્રણેય દેશોમાં વિનાશ દક્ષિણપૂર્વ એશિયામાં મહિનાઓથી ચાલી રહેલા પ્રતિકૂળ અને ઘાતક હવામાનને પગલે થયો છે, જેમાં ફિલિપાઈન્સ અને વિયેતનામમાં વારંવાર પૂર આવ્યું છે અને વાવાઝોડાનો પણ સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે, ગ્લોબલ વોર્મિંગના પરિણામે ભારે હવામાન ઘટનાઓ વારંવાર બનશે.

**થાઈલેન્ડમાં પુનઃસ્થાપન પ્રયાસો ચાલુ :**

થાઈલેન્ડમાં સોમવારે આઠ દક્ષિણ પ્રાંતોમાં આવેલા પૂરથી મૃત્યુઆંક થોડો વધીને ૧૭૬ થયો, જેના કારણે લગભગ ૩૦ લાખ લોકો પ્રભાવિત થયા અને ગંભીર દર્દીઓને હોસ્પિટલોમાંથી બહાર કાઢવા અને પૂરના પાણીમાં દિવસો સુધી ફસાયેલા લોકો સુધી પહોંચવા માટે તેની સૈન્યની મોટી ગતિવિધિ કરવામાં આવી છે. સૌથી વધુ અસરગ્રસ્ત સોંગખલા પ્રાંતમાં ૧૩૮ લોકો માર્યા ગયા હતા. સરકારે જણાવ્યું હતું કે, ૮૫% પાણી સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે અને બુધવાર સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. થાઈલેન્ડના દક્ષિણ વેપાર કેન્દ્ર, જ્યાં ૨૧ નવેમ્બરના રોજ ૩૩૫ મીમી (૧૩ ઈંચ) વરસાદ પડ્યો હતો, જે ૩૦૦ વર્ષમાં તેનો સૌથી વધુ એક દિવસનો આંકડો હતો, ત્યારબાદ અવિરત વરસાદ આવ્યો હતો. સોમવારે સરકારી પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન અનુતિન ચર્નવિરાકુલે રહેવાસીઓને તેમના ઘરે પાછા ફરવા માટે સાત દિવસનો સમયમર્યાદા નક્કી કરી છે. દેશની આપત્તિ એજન્સી અનુસાર પાડોશી મલેશિયામાં ૧૧,૬૦૦ લોકો હજુ પણ સ્થળાંતર કેન્દ્રોમાં છે અને કહ્યું હતું કે, અહીં પૂરના બીજા અને ત્રીજા મોજા માટે હજુ પણ ચેતવણી આપવામાં આવી છે.

## સંસદના (અનુસંધાન બીજા પાને)

કરોડના ચોખ્ખા વધારાના ખર્ચ માટે લોકસભાની મંજૂરી માંગી હતી. વિપક્ષી સાંસદોએ વારંવાર 'વોટ ચોર, ગદ્દી છોડ !'ના નારા લગાવ્યા, પ્લેકાર્ડ સાથે સરકાર પર 'સાચા મતદારોને દૂર કરવા માટે SIRનો ઉપયોગ કરવાનો' આરોપ લગાવ્યો હતો. ઉપપ્રમુખ સંધ્યા રાયે, અધ્યક્ષ સ્થાનથી સભ્યોને વ્યવસ્થા જાળવવા વિનંતી કરી અને કહ્યું કે વિરોધ પક્ષો દ્વારા રજૂ કરાયેલ કોઈપણ સ્થગિત દરખાસ્તને નકારી કાઢવામાં આવી નથી.

આ હંગામો થયો તે પહેલાં : બિલ રજૂ કરવામાં આવ્યા અને અહેવાલો પણ રજૂ કરવામાં આવ્યા હતા. વિરોધ વધુ તીવ્ર બને તે પહેલાં લોકસભાએ કાયદાકીય કામગીરી હાથ ધરી હતી.

● નાણામંત્રી નિર્મલા સીતારમણે આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલ, ૨૦૨૫ અને કેન્દ્રીય આબકારી (સુધારા) બિલ, ૨૦૨૫ રજૂ કર્યા.

● તેમણે ૨૦૨૫-૨૬ માટે ગ્રાન્ટ્સ માટેની પૂરક માંગણીઓ (પ્રથમ બેચ) પણ રજૂ કરી હતી.

● બે મુખ્ય સ્થાયી સમિતિના અહેવાલો રજૂ કરવામાં આવ્યા; એક દવાના ભાવમાં વધારા પર અને બીજો ભારતના ખાતર સ્વ-નિર્ભરતા રોડમેપ પર હતો.

● બેંગ્લુરૂ સ્થિત ભારતીય વિજ્ઞાન સંસ્થા (IISc) કાઉન્સિલમાં બે લોકસભા સાંસદોને ચૂંટવા માટે એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. નાદારી અને નાદારી સંહિતા સુધારા બિલ અને જન વિશ્વાસ સુધારા જોગવાઈ બિલની તપાસ કરતી સમિતિઓને સમયમર્યાદા લંબાવવામાં આવી હતી.

## લગ્નની ભયાનક ઘટના : લુધિયાણામાં ગોળીબાર બાદ વરરાજા પર કેસ, અથડામણમાં બેનાં મોત; છની ધરપકડ

નવી દિલ્હી : શનિવારે મોડી રાત્રે લુધિયાણામાં બે જૂથો વચ્ચેના લગ્નમાં થયેલી અથડામણ અને ત્યારબાદ થયેલા ગોળીબારમાં બે લોકોના મોત થયા હતા અને એક ઘાયલ થયો હતો. પોલીસે આ કેસમાં છ લોકોની ધરપકડ કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, લગ્ન કોન્ટ્રાક્ટર વરિન્દર કપૂરના હતા અને બંને જૂથોઅંકુર અને શુભમ મોટાને તેમણે આમંત્રણ આપ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, અંકુરનું જૂથ પહેલેથી જ સ્થળ પખોવાલ રોડ પર બાથ કેસલ પેલેસ પર પહોંચી ગયું હતું. જ્યારે શુભમ મોટાનું જૂથ પહોંચ્યું અને બંને એકબીજા સાથે સામસામે આવી ગયાનજીવા મુદ્દા પર દલીલ થઈ, જે થોડીવારમાં જ ઝઘડામાં પરિણમી. અંકુરના જૂથના હોઝિયરી ઉદ્યોગપતિ જેકે દાવર ઝઘડામાં ઘાયલ થયા. ગોળીબાર પછી, બે વ્યક્તિઓ માર્યા ગયા અને સ્થળ પર નાસભાગ મચી ગઈ. મૃતકોની ઓળખ વરરાજાના મિત્ર વાસુ ચોપરા અને તેના સંબંધી નીતુ છાબરા તરીકે થઈ છે. માહિતી મળતાં, પોલીસ લગ્ન સ્થળે દોડી ગઈ, પરંતુ ત્યાં સુધીમાં ગોળીબાર કરનારાઓ ભાગી ગયા હતા. દાવરને ડીએમસી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# ઝોહરાન સ્પેશિયલ : ન્યૂયોર્કના મધ્યમ અને નાના ધંધાર્થીઓને ઊંચા ભાડાથી અને ધંધા બંધ થઈ જવાથી બચાવી લેવા માટે મામદાનીએ પગલાં લેવાનું શરૂ કર્યું

**ચૂંટણી પહેલાથી અનેક મહિનાઓથી ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાની એવી દલીલ કરતા આવ્યા છે કે આ મહાનગરના નાના અને અન્ય દેશમાંથી આવેલા વસાહતીઓના ધંધા વેપાર ન્યૂયોર્કનું અવિભાજ્ય અંગ છે**

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૧

ન્યૂયોર્ક શહેરના નાના ધંધાર્થીઓ આકાશની ઊંચાઈને આંબતા ભાડા અને અન્ય સમસ્યાઓથી ભારે પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે મહાનગરના નવા ચૂંટાયેલા મેયર ઝોહરાન મામદાનીએ એમના ચૂંટણી પહેલાના વચન મુજબ નાના અને વસાહતીઓના ધંધાઓનું રક્ષણ કરવા માટેના એમના વચનનું પાલન કરવાની દિશામાં આગળ વધવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશામાં તેમણે નાના ધંધાર્થીઓને ઊંચા ભાડા અને ધંધા બંધ થઈ જવાથી રક્ષણ આપવા માટેની પોતાની યોજનાનો મુસદો જાહેર કર્યો હતો. તેમણે એક ખાસ વીડિયો સંદેશામાં જણાવ્યું હતું કે નાના ધંધાર્થીઓએ હવે એમના ધંધા અંગે મેયરનું ધ્યાન દોરવા માટે શનિવાર સુધીની રાહ જોવાની જરૂર નહીં રહે. જે થોડા ઘણા ફેરફારો થઈ રહ્યા છે એ લોકો જોઈ શકે છે કે પછી તેમણે તેમના ચૂંટણી અભિયાનમાં વચન આપ્યું હતું એ મુજબના સુધારાઓની વિગતો આપી હતી.

# નવેમ્બરમાં ટેરિફ અને ઓછી નિકાસ વચ્ચે ઉત્પાદન વૃદ્ધિ ૯ મહિનાના નિમ્ન સ્તરે

## HSBC PMI ઘટીને ૫૬.૬ થયો છે; કંપનીઓએ માંગમાં ઘટાડો દર્શાવ્યો, GSTમાં વધારો અને ટેરિફ અવરોધો અંગે ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) તા.૧

સોમવારે જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ ભારતના ઉત્પાદન ક્ષેત્રે નવેમ્બરમાં તેની ગતિ ગુમાવી દીધી છે, નવ મહિનામાં વિસ્તરણની તેની સૌથી ધીમી ગતિ છે. માંગમાં ઘટાડો, નિકાસ ઓર્ડરમાં ઘટાડો અને સતત ટેરિફ દબાણને કારણે વ્યવસાયિક પ્રવૃત્તિમાં ઘટાડો થયો છે. HSBC ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ PMI (પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ) ઝડપથી ઘટીને ૫૬.૬ થયો, જે ઓક્ટોબરમાં ૫૯.૨ હતો, જે ફેબ્રુઆરી પછીની ઓપરેટિંગ પરિસ્થિતિઓમાં સૌથી નબળો સુધારો દર્શાવે છે. ૫૦થી ઉપરનું વાંચન વિસ્તરણ સૂચવે છે.



**ટેરિફ વૃદ્ધિની અસર :**

ભારતના PMIમાં યુએસ ટેરિફને કારણે ઉત્પાદન વિસ્તરણ ધીમું થયું હતું. HSBC ખાતે ચીફ ઇન્ડિયા ઇકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, આફ્રિકા, એશિયા, યુરોપ અને મધ્ય-પૂર્વમાં ઉત્પાદક કંપનીઓએ આંતરરાષ્ટ્રીય માંગનો વધારો નોંધાવ્યો છે પરંતુ એકંદર ગતિ નબળી પડી છે.

**આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે :**

- નવા નિકાસ ઓર્ડર એક વર્ષમાં સૌથી ધીમી ગતિએ વધ્યા, જે ૧૩ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયા છે.
- કંપનીઓએ ભારતીય માલ, ખાસ કરીને શ્રમ-સઘન ક્ષેત્રો પર યુએસ ટેરિફની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ભારત અને અમેરિકા પારસ્પરિક ટેરિફ અવરોધોને હળવા કરવાના હેતુથી એક ફ્રેમવર્ક વેપાર સોદા પર વાટાઘાટો કરી રહ્યા છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ગયા અઠવાડિયે કહ્યું હતું કે, ભારત આ વર્ષે એક રૂપરેખા કરાર પર પહોંચવાની આશા રાખે છે, જ્યારે વ્યાપક BTA (દ્વિપક્ષીય વેપાર કરાર) અંગે ચર્ચા ચાલુ છે.

કંપનીઓએ વેચાણ અને ઉત્પાદન બંનેમાં હળવો વધારો નોંધાવ્યો હતો, જેમાં બજારની સ્થિતિને પડકારજનક અને સ્થાનિક માંગ ઓછી છે. ભંડારીએ નોંધ્યું હતું કે, GST કાપથી અગાઉનો વધારો થયો હતો અને અનૌપચારિક ક્ષેત્રની સ્પર્ધામાં ઘટાડો કર્યો હતો તે ધીમો પડી રહ્યો હોઈ શકે છે અને માંગ સામે ટેરિફ અવરોધને સરભર કરવા માટે તે અપૂરતો હોઈ શકે છે.

**આ અહેવાલમાં મુખ્ય સૂચકાંકોમાં આ જણાવવામાં આવ્યું છે :**

- ઇનપુટ ખર્ચ ફુગાવો નવ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો.
- આઉટપુટ ભાવ ફુગાવો આઠ મહિનામાં તેના સૌથી ઓછા દરે ઘટી ગયો છે, જે મર્યાદિત ભાવ નિર્ધારણ શક્તિ દર્શાવે છે.
- રોજગાર વૃદ્ધિ ચાલુ ૨૧ મહિનાના અવિરત રોજગાર વિસ્તરણમાં સૌથી ઓછી ગતિએ પહોંચી ગઈ છે.

ઉત્પાદકોએ તેમની ખરીદી પ્રવૃત્તિ પણ ઘટાડી છે. વ્યાપાર વિશ્વાસ ૩.૫ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો છે. આગામી ૧૨ મહિનામાં ઉત્પાદન વધવાની અપેક્ષા હોવા છતાં ઉત્પાદકો લગભગ સાડા ત્રણ વર્ષમાં સૌથી ઓછા આશાવાદી છે. સર્વેક્ષણ કરાયેલી કંપનીઓ દ્વારા ટાંકવામાં આવેલી ચિંતાઓમાં આ સામેલ છે :

- વિદેશી ઉત્પાદકો તરફથી સ્પર્ધા તીવ્ર છે
- ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા
- નિકાસ સ્પર્ધાત્મકતા નબળી પડવી
- ભારતના સૌથી મોટા વેપાર ભાગીદાર, યુએસ બજારમાં ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતા

HSBC ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ PMI S&P ગ્લોબલ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે, જે ક્ષેત્રો અને ભૌગોલિક ક્ષેત્રોમાં લગભગ ૪૦૦ ઉત્પાદન કંપનીઓના પ્રતિભાવોનો ઉપયોગ કરે છે.

# દિલ્હી પ્રદૂષણ સંકટ : પ્રિયંકા ગાંધીએ પરિસ્થિતિને 'શરમજનક' ગણાવી, તેમણે કહ્યું કે, ૨૨ લાખ બાળકો પીડિત છે

(એજન્સી) તા.૧

આજે સોમવારે સવારે દિલ્હીની હવાની ગુણવત્તા વધુ ખરાબ થઈ ગઈ હતી અને અન્ય ઘણા વિસ્તારોમાં 'ખૂબ જ ખરાબ' સ્તર પર હતું. રાષ્ટ્રીય રાજધાનીના પ્રદૂષણ સંકટ પર રાજકીય વિવાદ શરૂ થયો છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ પરિસ્થિતિને 'શરમજનક' ગણાવી અને કેન્દ્ર અને દિલ્હી સરકાર બંનેને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે. પત્રકારો સાથે વાત કરતા પ્રિયંકાએ કહ્યું કે, આ મુદ્દાને રાજકીય કરતાં સહયોગની વધુ જરૂર છે.

'મને લાગે છે કે, આ એક શરમજનક પરિસ્થિતિ છે. આ આપણા દેશની રાજધાની છે. ચાલો આપણે આપણા રાજકીય મતભેદોને બાજુ પર રાખીએ અને કેટલાક મજબૂત પગલાં લઈએ. આપણે આપણા બાળકો સાથે આવું કેવી રીતે કરી શકીએ? આ પરિસ્થિતિને 'શરમજનક' ગણાવતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર અને દિલ્હી સરકાર બંનેને તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે અને એક અભ્યાસને ટાંકીને કહ્યું છે કે, ૨૨ લાખ બાળકોને કાયમી ધોરણે ફેફસાંમાં નુકસાન થાય તેવી શકયતા છે. વૃદ્ધ લોકો, અસ્થમા અને અન્ય શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકો પીડાઈ રહ્યા છે. હોસ્પિટલો શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકોથી ભરેલી છે. આપણે કેવી રીતે બેસીને તેના વિશે કંઈ ન કરી શકીએ? જો સરકાર આવું કરે તો અમે તેમને ટેકો આપવા માટે અહીં છીએ. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) અનુસાર દિલ્હીનો એકંદર હવા ગુણવત્તા સૂચકાંક (AQI) સવારે ૭ વાગ્યે ૨૯૯ પર પહોંચ્યો, જે રવિવારે સાંજે ૨૭૯ હતો. રાષ્ટ્રીય રાજધાનીમાં હવે સતત બે દિવસ માટે 'ખરાબ' હવા ગુણવત્તા નોંધાઈ છે, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાંથી થોડા સમય માટે સુધર્યો છે.



**સોમવાર સવાર સુધીમાં :**

- નહેરૂ નગરમાં ૩૫૪ (ખૂબ જ ખરાબ) નોંધાયું છે
- રોહિણી, બાવાના, આર.કે. પુરમ, મુંડકા અને પંજાબી બાગ પણ 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં હતા
- NSIT દ્વારકા (૧૯૫) એ શહેરમાં શ્રેષ્ઠ હવા ગુણવત્તા રહી છે. પરંતુ તે હજુ પણ 'મધ્યમ' શ્રેણીમાં છે.
- આનંદ વિહાર, જહાંગીરપુરી, વિવેક વિહાર અને પુસા જેવા અન્ય સ્ટેશનો 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહ્યા

CPCB અનુસાર જાન્યુઆરી અને નવેમ્બર ૨૦૨૫ વચ્ચે દિલ્હીનો AQI સરેરાશ ૧૮૭ હતો, જે આઠ વર્ષમાં સૌથી શ્રેષ્ઠ છે.

CAQM કહે છે કે, રસ્તાની ધૂળ હજુ પણ મુખ્ય પ્રદૂષક છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ રવિવારે જણાવ્યું હતું કે, દિલ્હીમાં રજકણોના પ્રદૂષણમાં રસ્તાની ધૂળ મુખ્ય છે. તેના 'ઓપરેશન ક્લીન એર' સ્ક્વોડને જાણવા મળ્યું હતું કે :

- ઉચ્ચ દૃશ્યમાન ધૂળવાળા ૩૫ ભાગો (બધા MCD હેઠળ)
- મધ્યમ ધૂળવાળા ૬૧ ભાગો
- ઓછી ધૂળવાળા ૯૪ ભાગો
- દૃશ્યમાન ધૂળ વગર ૧૩૧ ભાગો

કમિશને કહ્યું કે, એજન્સીઓ, ખાસ કરીને MCDએ યાંત્રિક સફાઈને મજબૂત બનાવવી જોઈએ, ધૂળ-નિયંત્રણના ધોરણો લાગુ કરવા જોઈએ અને રસ્તાની જાળવણીમાં સુધારો કરવો જોઈએ.

# રૂપિયો તેના રેકોર્ડબ્રેક નીચા સ્તરે : વિદેશી ચલણનો પ્રવાહ ઘટી રહ્યો છે; ડૉલર સામે રૂપિયો ૮૯.૭૬ની સપાટીએ પહોંચી ગયો છે

## ૨૦૨૫માં રૂપિયાનું પ્રદર્શન વિશ્વના સૌથી નબળા પ્રદર્શન કરનારા દેશો પૈકી એક છે, જે ફક્ત તુર્કી લીરા અને આર્જેન્ટિના પેસો કરતાં સારો દેખાવ કરી રહ્યો છે

(એજન્સી) તા.૧

જુલાઈ-સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં અર્થતંત્રે વાર્ષિક ધોરણે ૮.૨ ટકાનો પ્રભાવશાળી વિસ્તરણ હોવા છતાં ૧ ડિસેમ્બરના રોજ ભારતીય રૂપિયો યુએસ ડૉલર સામે ૮૯.૭૬ પર નબળો પડીને નવા નીચલા સ્તરે પહોંચી ગયો હતો. આ ચલણ પખવાડિયા પહેલા ૮૯.૪૯ના તેના અગાઉના રેકોર્ડને તોડ્યો હતો. ૨૦૨૫માં રૂપિયાનું પ્રદર્શન વિશ્વના સૌથી નબળા પ્રદર્શન કરનારા દેશો પૈકી એક છે, જે ફક્ત તુર્કી લીરા અને આર્જેન્ટિના પેસો કરતાં સારો દેખાવ કરી રહ્યો છે.

જો કે, તેજીમય મેક્રો ડેટાએ આ ચલણને થોડો ટેકો આપ્યો છે પણ રૂપિયો સતત વિદેશી આઉટફ્લો અને બાહ્ય અવરોધોનો સામનો કરી રહ્યું છે. વિદેશી રોકાણકારોએ શુક્રવારે લગભગ ૪૦ કરોડ અમેરિકી ડૉલર મૂલ્યના ભારતીય શેર વેચ્યા, જેના કારણે વર્ષ માટે ચોખ્ખો ઇક્વિટી આઉટફ્લો ૧૬ અબજ અમેરિકી ડૉલરથી વધુ થયો છે. તાજેતરના ડેટા દર્શાવે છે કે, ઓક્ટોબરમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ફોરવર્ડ બુક ૬૩ અબજ અમેરિકી ડૉલરથી વધુ થઈ ગઈ છે. ટેરિફના કારણે વેપાર પ્રવાહ ધીમો પડી ગયો છે અને પોર્ટફોલિયો રોકાણો પર અંકુશ આવ્યો છે, જેના કારણે રૂપિયો કેન્દ્રીય બેંકના ટેકા પર નિર્ભર રહ્યો છે. ઓક્ટોબરમાં ભારતની વેપાર ખાધ પણ રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે બાહ્ય ક્ષેત્ર પર દબાણ વધ્યું છે.

# મત ચોરીમાં RSSની પણ સંડોવણી હોવાનો આક્ષેપ કરતા દિગ્વિજયસિંહ

(એજન્સી) ભોપાલ, તા.૧

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા રાજ્યસભાના સભ્ય દિગ્વિજયસિંહે રાજધાની ભોપાલમાં એક સ્થળે રીતસર દરોડો પાડ્યો હતો અને મત ચોરીનું કૌભાંડ પકડી પાડ્યું હતું તેમ જાહેર થયું છે. રાજ્યની મોહન યાદવ સરકારના મંત્રી વિશ્વાસ સારંગના મતવિસ્તાર નરેલા વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસના નેતાના દરોડા દરમિયાન મત ચોરી બહાર આવી હતી અને એમણે આર.એસ.એસ. પણ સંડોવાયેલ હોવાનો સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો. નરેલા વિધાનસભા મતવિસ્તારના બુથ નંબર ૧૮૯ પર કોંગ્રેસના નેતા પહોંચી ગયા હતા ત્યારે મતદાર યાદીમાં મકાન નંબર ૭૦માં જે નામો છે એ



## મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ મધ્યપ્રદેશમાં બનાવટી મતદારોને શોધી કાઢ્યા છે અને એમણે એવો આરોપ મૂક્યો છે કે મત ચોરીની આ પ્રક્રિયામાં RSS પણ સંડોવાયેલ છે

બનાવટી મતદાર હોવાનું જાહેર થયું હતું. જે મકાન નંબર બતાવવામાં આવ્યું છે ત્યાં હકીકતે મધ્યપ્રદેશ શિક્ષક સંઘનું કાર્યાલય છે અને આરએસએસના પથ સંચાલનનું બોર્ડ પણ લાગેલું હતું અને મકાનના ઉપરના માળે કોઈ એકેડેમી ચાલી રહેલ હતી. એવું જાણવા મળ્યું હતું કે દિગ્વિજયસિંહ મકાનની અંદર પણ ગયા હતા અને પૂછપરછ કરી હતી તો ત્યાં ગૌતમ આર્ય નામનો એક વ્યક્તિ રહેતો હતો. કોંગ્રેસે જાહેર કર્યા મુજબ ગૌતમ આર્ય હકીકતે ગ્વાલિયરનો રહેવાસી છે એવું તેણે ખુદ કહ્યું હતું અને તેણે કબૂલ કર્યું હતું કે, આરએસએસના શાખા પ્રશિક્ષક તરીકે એ અહીં કામ કરી રહ્યો છે. આ એ જ મકાન છે જ્યાં અવારનવાર આરએસએસની બેઠકો થતી હોય છે. દિગ્વિજયસિંહે એ નામોની ચકાસણી શરૂ કરી તો એવી હકીકત બહાર આવી હતી કે ૧૨૫૦ ચોરસ ફૂટના એ મકાનમાં ૩૦ લોકોના નામ મતદાર તરીકે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલા હતા. આ અંગે તેમણે પણ પૂછપરછ કરી હતી તો તેમણે પણ સ્વીકાર કર્યો હતો કે આ મકાનમાં રહેનારા જે મતદારોના નામો યાદીમાં છે એમની અમને કોઈ મુલાકાત થઈ નથી. બાદમાં મીડિયા સાથે વાતચીત કરતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, મારી ચકાસણી દરમિયાન સ્પષ્ટ રીતે બહાર આવી ગયું છે કે અહીં જ્યાં આરએસએસની બેઠકો વારંવાર થાય છે ત્યાં જ મોટી મત ચોરીનો અડ્ડો ચાલી રહ્યો છે. હકીકતે આખી એસઆઈઆર પ્રક્રિયા જ ખામી ભરેલ છે એવું તેમણે કહ્યું હતું. તેમણે અન્ય મુદ્દાઓ ઉપર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે, આ મકાનમાં હકીકતે ખરેખર આ મતદારો માત્ર ચાર લોકો છે જે અહીં રહે છે પરંતુ મતદાન યાદીમાં આ મકાનના સરનામાં ઉપર ૧૦૮ જેટલા મતદારોના નામો નોંધી લેવામાં આવ્યા છે. ૨૦૨૩ અને ૨૦૨૫માં જે કોઈ વ્યક્તિ બીએલઓ તરીકે હોય અથવા તો ચૂંટણી અધિકારી રહ્યા હોય એમના સમયમાં જે કામગીરી થઈ તેની તપાસ થવી જોઈએ અને આવી મોટી ભૂલ અને ખામીઓ બદલ તેમની સામે પગલાં લેવા જોઈએ એવું તેમણે જણાવ્યું હતું. જેમના મતવિસ્તારમાં આ ગોટાળો બહાર આવ્યો છે એ મંત્રી વિશ્વાસ સારંગનો સંપર્ક મીડિયાએ કર્યો ત્યારે એમણે આ મુદ્દા પર કોઈ ટિપ્પણી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો અને એવું કહ્યું હતું કે, આવા તમામ મુદ્દાઓના જવાબ તો ચૂંટણી પંચ જ આપી શકે છે. હકીકતે મધ્યપ્રદેશ કોંગ્રેસ દ્વારા છેલ્લા ત્રણ સપ્તાહમાં જ એસઆઈઆરને લગતી લગભગ બે ડઝન જેટલી ગંભીર ફરિયાદો રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી સમક્ષ કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસના ચૂંટણી પંચને લગતી કામગીરીના પ્રભારી જેપી ધનોપિયાએ આ માહિતી આપી હતી અને કહ્યું હતું કે, અમે જે કોઈ ફરિયાદો કરી છે તે મોટાભાગે મતદાર યાદીમાં સાચા નામો નહીં મળવા અંગેની છે અને સર્વેના ફોર્મ મળી રહ્યા નથી એ અંગેની પણ અમે ફરિયાદો નોંધાવી છે. ઘણા કિસ્સામાં ફોર્મ ભરીને દીધા પછી બીએલઓ દ્વારા રસીદ આપવામાં આવી નથી અને આ તમામ ફરિયાદો જે કરવામાં આવી છે તે બે ડઝનથી વધારે છે અને તેમાંથી એકનો જ જવાબ મળ્યો છે. એક જ વાક્યમાં મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય તરફથી જવાબ મળ્યો છે કે એસઆઈઆરની કામગીરી નિયમ અનુસાર કરવામાં આવી રહી છે એવું કોંગ્રેસના અગ્રણીએ જણાવ્યું હતું. દિગ્વિજય સિંઘે નરેલા વિસ્તારના એસડીએમ સાથે પણ વાતચીત કરી હતી અને તેમણે એક અધિકારીને મોકલવાની પણ ખાતરી આપી હતી ત્યારે કોંગ્રેસે કહ્યું હતું કે, અમારે અધિકારીનું કોઈ કામ નથી. અમારે બીએલઓ તથા સુપરવાઇઝર અને એઆરઓને મળવું છે.

# સંસદમાં કેવી રીતે કામગીરી કરવી તે અંગે વિપક્ષને ટિપ્સ આપવા તૈયાર છું : શિયાળુ સત્ર પહેલા મોદીએ વિપક્ષની મજાક ઉડાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષને નકારાત્મકતાને બદલે રાષ્ટ્રનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. ભૂતકાળમાં ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ તેમણે તેમની મજાક ઉડાવી, અને કહ્યું કે તેઓ તેમની સત્તાવાર ફરજો કેવી રીતે નિભાવવી તે અંગે ટિપ્સ આપી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વિપક્ષી નેતાઓને સંસદના શિયાળુ સત્રને નાટકોના મંચમાં ન ફેરવવા વિનંતી કરી, સાથે જ તેમને એમ કહીને પણ કટાક્ષ કર્યો કે તેઓ તેમની સત્તાવાર



જવાબદારીઓ કેવી રીતે નિભાવવી તે અંગે ટિપ્સ આપી શકે છે. ભૂતકાળમાં ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડવાની તેમની યુક્તિઓ બદલ વિપક્ષ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે સાંસદોએ "હવે તેમની રણનીતિ બદલવી જોઈએ. છેલ્લા ૧૦ વર્ષથી વિપક્ષ જે રમત રમી રહ્યું છે તે હવે લોકોને સ્વીકાર્ય નથી. તેમણે તેમની રણનીતિ બદલવી જોઈએ. હું તેમને કેટલીક ટિપ્સ આપવા તૈયાર છું. નાટક અને સૂત્રોચ્ચાર કરવા માટે ઘણી જગ્યાઓ છે. તમે એવી જગ્યાએ કામ કર્યું છે જ્યાં તમારો પરાજય થયો છે અને જ્યાં તમારો પરાજય થવાનો છે ત્યાં ફરીથી આવું કરશો. નકારાત્મકતા ક્યારેક રાજકારણમાં મદદ કરી શકે છે, પરંતુ હું અપેક્ષા રાખું છું કે તેઓ રાષ્ટ્રનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ૨૦૧૫માં એન્જિનિયર હતી, ૨૦૨૬માં ડોક્ટર બનશે, આકૃતિ ગોયલે આ અદ્દ્ભુત પરાક્રમ કેવી રીતે કર્યું, જાણો...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતમાં, કારકિર્દીના માર્ગોને સીધી રેખા માનવામાં આવે છેઃ એન્જિનિયર અથવા ડૉક્ટર બનો. કારકિર્દીના અન્ય વિકલ્પો પછીથી ધ્યાનમાં લેવામાં આવે છે. પરંતુ આકૃતિ ગોયલની વાર્તા આ પરંપરાને પડકારે છે. તેણીએ BITS પિલાનીમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી, ઉચ્ચ દબાણવાળા સ્ટાર્ટઅપમાં નેતૃત્વની ભૂમિકાઓ નિભાવી અને જ્યારે કામના તણાવને કારણે તેણીનું સ્વાસ્થ્ય બગડ્યું, ત્યારે તેણીએ ૩૦ વર્ષની ઉંમરે કોર્પોરેટ જગત છોડી દીધું અને ડૉક્ટર બની. આકૃતિ ગોયલે માત્ર NEET પરીક્ષા પાસ કરી નહીં પરંતુ ૧૧૧૮નો રેંક પણ મેળવ્યો અને હિન્દુ રાવ મેડિકલ કોલેજમાં MBBS કોર્સમાં પ્રવેશ મેળવ્યો. હાલમાં, તે MBBSના અંતિમ વર્ષની વિદ્યાર્થીની છે અને ૧,૦૦,૦૦૦થી વધુ અનુયાયીઓ સાથે સફળ ડિજિટલ કન્ટેન્ટ સર્જક છે. તેણીની સફર એવા યુવાનો માટે પ્રેરણા બની છે જેઓ તેમની કારકિર્દીથી નિરાશ છે અને વિચારે છે કે હવે ખૂબ મોડું થઈ ગયું છે. આકૃતિની વાર્તા સાબિત કરે છે કે જીવનમાં કોઈ સ્ક્રિપ્ટનું પાલન કરવાની જરૂર નથી. તમે કોઈપણ ઉંમરે કારકિર્દી બદલી શકો છો. આકૃતિ ગોયલ હંમેશા ડૉક્ટર બનવા માંગતી હતી અને તેને જીવવિજ્ઞાનમાં ઊંડો રસ હતો. પરંતુ ૧૦મા ધોરણ પછી, સામાજિક દબાણ અને મહિલા એન્જિનિયર બનવાની ઈચ્છાને કારણે, તેણીએ એન્જિનિયરિંગ પસંદ કર્યું. IIT અને NITમાં નાપાસ થયા પછી, તેણીએ BITS પિલાનીમાંથી MSc અર્થશાસ્ત્ર અને BTech



ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સમાં બેવડી ડિગ્રી મેળવી. તેણીએ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ સાથે સંઘર્ષ કર્યો પરંતુ અર્થશાસ્ત્રમાં ૧૦/૧૦ GPA મેળવ્યો. એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાથી તેણીને અપાર આત્મવિશ્વાસ મળ્યો. BITSમાંથી સ્નાતક થયા પછી, આકૃતિ ગોયલે કેમ્પસ પ્લેસમેન્ટ કરતાં ઝડપથી વિકસતી સ્ટાર્ટઅપ દુનિયા પસંદ કરી. તેણીએ Healofy જેવી કંપનીમાં નેતૃત્વની ભૂમિકા નિભાવી. તેણીનું કામ મુશ્કેલ હતું- CEO સાથે કામ કરવું, નવી પહેલોનું સંચાલન કરવું અને કંપનીના PRનું નિરીક્ષણ કરવું. તેણીને ગતિ ખૂબ ગમતી હતી, પરંતુ મોડી રાત, વધુ પડતો તણાવ અને અનિયમિત જીવનશૈલીએ તેના સ્વાસ્થ્ય પર અસર કરી. જાન્યુઆરી ૨૦૨૦માં, તણાવને કારણે તેણીને હોર્મોનલ અસંતુલન થયું અને તેણીનું શરીર હાર માની ગયું. માર્ચ ૨૦૨૦માં લોકડાઉન પહેલા, આકૃતિ ગોયલે તેની નોકરી છોડી દીધી અને મહિનાઓ માટે વિરામ લીધો. આ સમય દરમિયાન, તેણીએ યોગ શિક્ષક, HR સલાહકાર અથવા કાયદા જેવા ઘણા અન્ય કારકિર્દી વિકલ્પો પર વિચાર કર્યો. જુલાઈ ૨૦૨૦માં, કારકિર્દી કોચ સાથે ઈકીગાઈ (જાપાનીઝ ખ્યાલ જે જીવનમાં હેતુ શોધવામાં મદદ કરે છે) પ્રેક્ટિસથી એક વિચાર આવ્યોઃ MBBS. જોકે તેણીએ તેને મજાક માન્યું, પણ વિચાર્યું કે તે ખૂબ મોડું થઈ ગયું છે, તેણીની જિજ્ઞાસાએ તેના પર કાબુ મેળવ્યો. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ, આકૃતિ ગોયલ NEET UG માટે ઓનલાઈન કોચિંગમાં જોડાઈ અને એન્જિનિયર જેવી સંરચિત અભ્યાસ પ્રણાલી અપનાવી. NEET UGની તૈયારી કરવા માટે, તેણીએ ૧૦૦થી વધુ મોક ટેસ્ટ લીધા અને દરરોજ ૧૦ કલાકથી વધુ અભ્યાસ કર્યો. પરિવાર અને મિત્રોની ચિંતાઓ છતાં, તેણીનો દૃઢ નિશ્ચય રંગ લાવ્યો. તેણીએ ૨૦૨૧માં NEET UG પરીક્ષા આપી અને નો અખિલ ભારતીય ક્રમાંક રેંક મેળવ્યો. આકૃતિ હિન્દુ રાવ મેડિકલ કોલેજમાં MBBSના અંતિમ વર્ષની વિદ્યાર્થિની છે. આકૃતિ ગોયલ તેના એન્જિનિયરિંગ અને નેતૃત્વના અનુભવનો ઉપયોગ કરીને પાર્ટ-ટાઇમ કન્સલ્ટન્ટ તરીકે પણ કામ કરે છે. તે engineer_to_doctor' એકાઉન્ટ પર સામગ્રી બનાવે છે. તેણીની વાર્તા યુવાનોને શીખવે છે કે કારકિર્દી એ સીડી નથી, પરંતુ રમતનું મેદાન છે. અહીં, તમે ૨૫ વર્ષની ઉંમર પછી પણ તમારા પોતાના નિયમો બદલી શકો છો અને કારકિર્દી પણ બદલી શકો છો.

# કોચિંગ વિના સર્જના યાદવ કેવી રીતે IAS બન્યા, જાણો તેમની સફળતાનું સૂત્ર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષા પાસ કરવા માટેની વ્યૂહરચના શીખવાનો શ્રેષ્ઠ સ્ત્રોત એ છે કે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય પદ્ધતિઓ વિશે શીખવું. UPSC પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારને સફળ IAS અથવા IPS અધિકારી કરતાં વધુ સારું કોણ માર્ગદર્શન આપી શકે, તેથી આપણે એક IAS અધિકારીની સફળતાની વાર્તા વિશે વાત કરીએ જેણે કોઈપણ કોચિંગ વિના સ્વ-અભ્યાસ દ્વારા પરીક્ષા પાસ કરી. આ IAS અધિકારી સર્જના યાદવની વાર્તા છે, જેણે કોઈપણ કોચિંગ વિના અને કામ કરતી વખતે UPSC પરીક્ષાની તૈયારી કરી હતી. સર્જના યાદવ ૨૦૧૯માં સમગ્ર ભારતમાં સિવિલ સર્વિસ પરીક્ષામાં ૧૨૬મો ક્રમ મેળવીને IAS અધિકારી બન્યા. તેણીએ તેના ત્રીજા પ્રયાસમાં સફળતા મેળવી. જ્યારે મોટાભાગના UPSC ઉમેદવારો આજે કોચિંગ ક્લાસ પર આધાર રાખે છે, સર્જના યાદવનો પરીક્ષા પ્રત્યેનો દૃષ્ટિકોણ અલગ હતો. એક મુલાકાતમાં, સર્જનાએ કહ્યું કે કોચિંગ લેવું કે નહીં તે ઉમેદવારની પસંદગી પર આધાર રાખે છે. જો તમને લાગે કે તમારી પાસે પૂરતી અભ્યાસ સામગ્રી



અને UPSC માટે સારી વ્યૂહરચના છે, તો તમે સ્વ-અભ્યાસ પર આધાર રાખીને પણ સફળ થઈ શકો છો. સર્જના યાદવના મતે, જો તમે શિસ્તબદ્ધ અને તમારા અભ્યાસ પ્રત્યે સમર્પિત હોવ તો સ્વ-અભ્યાસ વધુ સારો છે. સર્જના યાદવે દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગમાં સ્નાતક પૂર્ણ કર્યું. સ્નાતક થયા પછી, તેણીએ TRAIમાં સંશોધન અધિકારી તરીકે કામ કરવાનું શરૂ કર્યું. પૂર્ણ-સમયની નોકરીની સાથે, સર્જનાએ UPSC પરીક્ષાની તૈયારી ચાલુ રાખી. પહેલા બે પ્રયાસમાં નિષ્ફળ જવા છતાં, તેણીએ હાર ન માની પરંતુ ફરીથી પ્રયાસ કરવાનું નક્કી કર્યું અને આ વખતે તેણી સફળ રહી. સર્જના યાદવે UPSC પરીક્ષાની સારી તૈયારી કરવા માટે ૨૦૧૮માં નોકરી છોડી દીધી. સ્વ-અભ્યાસ દ્વારા, સર્જના યાદવે ૨૦૧૯માં UPSC માટે ક્વોલિફાય કર્યું, અખિલ ભારતીય ક્રમાંક ૧૨૬ મેળવ્યું. સર્જના કહે છે કે ઉમેદવારોએ તેમની ક્ષમતાઓના આધારે આ પરીક્ષા માટે તેમની તૈયારીની વ્યૂહરચના બનાવવી જોઈએ. તૈયારી શરૂ કરતા પહેલા, તેઓએ તેમના અભ્યાસનો સમય પણ સુનિશ્ચિત કરવો જોઈએ. સર્જના યાદવ ઉમેદવારોને મૂંઝવણ ટાળવા માટે વિષયોનો સંપૂર્ણ અભ્યાસ અને સમજણ કરવાની સલાહ આપે છે. એકવાર અભ્યાસક્રમ પૂર્ણ થઈ જાય, પછી શક્ય તેટલું સુધારો કરો અને શક્ય તેટલું ઉત્તર લેખનનો અભ્યાસ કરો. નિષ્ફળતાથી ડરવાની જરૂર નથી; સખત મહેનત કરતા રહો, સફળતા ચોક્કસ મળશે,સર્જના યાદવ કહે છે. સર્જના યાદવ ઉમેદવારોને દરેક વિષય માટે એક સારું પુસ્તક પસંદ કરવાની અને તેને કાળજીપૂર્વક વાંચવાની સલાહ આપે છે. તેણી એ પણ સૂચન કરે છે કે UPSC ઉમેદવારોએ જરૂરી માહિતી માટે ગૂગલની મદદ લેવી જોઈએ.

# ગુજસીટોકનો આરોપી નામચીન ધીરેન કારિયાને પોલીસે ફરાર જાહેર કર્યો

## ૩૦ દિવસમાં કોર્ટમાં હાજર નહીં થાય તો તેની મિલકત જપ્ત કરવા કાર્યવાહી થશે

જૂનાગઢ, તા.૧

જૂનાગઢનાં લીસ્ટેડ બુટલેગર તેમજ ગુજસીટોકનાં આરોપી એવા ધીરેન કારિયા સતત લાંબા સમયથી નાસતો ફરતો હોય તેને લઈને પોલીસે તેને વોન્ટેડ જારી કરી અને તેની મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્દેશ આપેલ છે. જૂનાગઢ શહેરમાં આર્થિક ગુનાઓ અને મારામારી સહિતની અસામાજિક પ્રવૃતિઓ આચરતી કુખ્યાત ટોળકીના મુખ્ય સુત્રધાર ધીરેન કારિયા સામે પોલીસે કાયદાકીય સકંજો મજબુત કર્યો છે.ગુજસીટોક (ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ) હેઠળ નોંધાયેલા ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા ધીરેન કારીયાને કોર્ટે ભાગેડું જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે અને જો તે ૩૦ દિવસમાં હાજર નહી થાય તો તેની તમામ મિલકતો જપ્ત કરવામાં આવશે.સમગ્ર મામલે




ડીવાયએસપી હિતેશ ધાંધલીયાના જણાવ્યા અનુસાર, ધીરેન કારિયા અને તેની સંગઠીત ગુનાહીત ટોળકી વિરૂદ્ધ એપ્રિલ ૨૦૨૫માં જૂનાગઢનાં સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આ કેસમાં અગાઉ ધીરેન કારિયાના અન્ય સાગરીતોની ધરપકડ કરી લીધી છે અને તેમની સામે ચાર્જશીટ પણ દાખલ કરી દેવામાં આવી છે. જો કે, મુખ્ય આરોપી ધીરેન કારિયા સતત પોલીસ પકડથી દૂર ભાગતો ફરી રહ્યો છે. આરોપી પકડાતો ન હોવાથી પોલીસ દ્વારા ગુજસીટોક સ્પેશિયલ કોર્ટ રાજકોટમાં રીપોર્ટ કરવામાં આવ્યો હતો. જેના પગલે કોર્ટે પહેલા ભારતીય નાગરીક સુરક્ષા સંહિત (બીએનએસએસ)ની કલમ ૭૨ મુજબ ધરપકડ વોરંટ કાઢયું હતું. તેમ છતાં આરોપી હાજર ન થતાં હવે કોર્ટે બીએનએસએસની કલમ ૮૨ મુજબ ફરાર જાહેરનામું (વોરંટ) ઈસ્યુ કર્યુ છે.

આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે હવે જાહેર માધ્યમોનો સહારો લીધો છે. કોર્ટનાં આદેશ મુજબ આરોપીના ફોટા સાથેના વોરંટના પોસ્ટરો શહેરનાં અલગ-અલગ વિસ્તારોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

પોલીસે જાહેર જનતાને પણ અપીલ કરી છે કે આ આરોપી વિશે કોઈપણ માહિતી હોય તો પોલીસને જાણ કરવી. માહિતી આપનારનું નામ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

# દુકાન ધરાશાયી થતાં વૈકલ્પિક જગ્યા માંગતા ભાડૂઆતની અરજી પર હાઈકોર્ટે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને નોટિસ ફટકારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટે સોમવારે (૧ ડિસેમ્બર) જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન (JMC)ને એક ભાડૂઆતની અરજી પર નોટિસ પાઠવી છે, જેણે તેની પાનની દુકાન તોડી પાડ્યા બાદ વૈકલ્પિક જગ્યા ફાળવવા માટે કોર્પોરેશન સમક્ષ કરેલા રજૂઆત પર નિર્ણય લેવાની માંગ કરી છે. અરજદારે કોર્પોરેશન દ્વારા જારી કરાયેલી ૧૧ એપ્રિલની અંતિમ શો-કોઝ નોટિસને પડકારતી અરજી દાખલ કરી હતી, જેમાં તેને બે દિવસમાં વિવાદિત બાંધકામ દૂર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નોટિસ ગુજરાત પ્રાંતિય મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૪૭૮ હેઠળ જારી કરવામાં આવી હતી. જસ્ટિસ મૌના એમ. ભટ્ટ સમક્ષ અરજદારના વકીલે દલીલ કરી હતી કે મિલકત દૂર કરવા માટેની નોટિસને પડકારતી અરજી પેન્ડિંગ હતી તે દરમિયાન જ મિલકત તોડી પાડવામાં આવી હતી. તેમણે રજૂઆત કરી હતી કે કોર્પોરેશનને અરજદારે કરેલી રજૂઆત મુજબ વૈકલ્પિક જગ્યા આપવા અંગે વિચારણા કરવા માટે નિર્દેશ આપવામાં આવે. વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મિલકત ટ્રસ્ટની માલિકીની હતી અને અરજદાર ભાડુઆત છે, જે નિયમિતપણે ભાડું ચૂકવે છે. વકીલે વધુમાં જણાવ્યું હતું કે બાંધકામ પણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું, જેણે દુકાન માટે પરવાનગી માંગી હતી. કોર્ટે સવાલ કર્યો કે વૈકલ્પિક જગ્યા કેવી રીતે આપી શકાય, ત્યારે વકીલે કહ્યું કે તેમની દુકાનની બરાબર સામે નગરપાલિકાનું શોપિંગ સેન્ટર છે અને જો કોર્પોરેશન કોઈ પણ શરતે તેમને ત્યાં જગ્યા આપી શકે. જોકે, કોર્પોરેશનના વકીલે દલીલ કરી હતી કે ભાડૂઆતનો કોઈ કાયદાકીય અધિકાર નથી. અરજદારના વકીલે જણાવ્યું હતું કે તેઓ ૧૯૯૬થી દુકાન ચલાવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોર્પોરેશને ટ્રસ્ટને બદલે ભાડૂઆતને નોટિસ આપી હતી અને એવી રીતે રજૂઆત કરી હતી કે જાણે તે કોર્પોરેશનની મિલકત હોય અને અરજદારે તેના પર અતિક્રમણ કર્યું હોય. કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ આદેશમાં જણાવ્યું હતું કે, અરજદાર 'હીરા પાન સેન્ટર' નામની મિલકતનો કબજો ધરાવે છે, જે તેને એક ટ્રસ્ટ દ્વારા ભાડે આપવામાં આવી હતી. અરજદાર નિયમિતપણે ભાડું ચૂકવે છે અને તે બાંધકામ તેમનું પોતાનું નથી જેના માટે નોટિસ જારી કરવામાં આવી હતી. 'અરજી પેન્ડિંગ હતી તે દરમિયાન મિલકત તોડી પાડવામાં આવી છે, તેથી અરજદારે કોર્પોરેશન સમક્ષ રજૂઆત કરી છે. કોર્પોરેશનના વકીલે રજૂઆત કરી કે મિલકત તોડી પાડવામાં આવી હોવાથી અરજીનો હેતુ પૂર્ણ થતો નથી અને માત્ર રજૂઆત પર નિર્ણય લેવાનો બાકી છે. આ રજૂઆતને ધ્યાનમાં લઈને, નોટિસ ઈશ્યુ કરવામાં આવે છે." એમ કોર્ટે આદેશમાં જણાવ્યું હતું.

# ભાવનગરના એક શખ્સના એકાઉન્ટમાં દોઢ કરોડ જમા થયા, ઓડિશા પોલીસ ઉપાડી ગઈ

ભાવનગર, તા.૧

હજુ બે દિવસ પહેલાજ ભાવનગર એનએસયુઆઈના જિલ્લા પ્રમુખની સાયબર ફ્રોડના ગુનામાં અટકાયત બાદ ભાવનાગરના જ એક શખ્સને ઓડિશાની પોલીસ સાયબર ફ્રોડના ગુનામાં ઉઠાવી જતા ચકચાર મચી જવા પામી છે. ઓડિસા ખાતે નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં તપાસ કરી રહેલા ત્યાંના અધિકારીને તે ગુનાના તાર ભાવનગરમાં મળ્યા અને તપાસ કરતા ભાવનગરના મહેન્દ્ર નંદલાલ મકવાણા નામના શખ્સના એકાઉન્ટમાં રૂપિયા દોઢ કરોડ જમા થયેલા હોય આ અંગેની તપાસ માટે ઓડિસાના ડીવાયએસપી સહિત પોલીસ અધિકારીઓ ભાવનગર આવ્યા હતા અને સ્થાનિક એલસીબી તેમજ નિલમબાગ પોલીસ અધિકારીઓને સાથે રાખી મહેન્દ્ર નંદલાલ મકવાણા નામના શખ્સને ઝડપી લીધો હતો. ઓડિસા પોલીસે ભાવનગરથી ઝડપાયેલા મહેન્દ્ર મકવાણા નામના શખ્સના ભાવનગર પોલીસને સાથે રાખી મેડિકલ ચેક અપ કરાવવા ઉપરાંત વહીવટી પ્રક્રિયાઓ કરીને ઓડિસા લઈ જવાયો હતો. આમ સાયબર ગુનામાં ભાવનગરના શખ્સને ઉઠાવી લેવાના બનાવથી ચકચાર મચી જવા પામી છે.

# સ્પોર્ટ્સ બાઈક ડિવાઈડર સાથે અથડાતા યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું

(સંવાતદાતા દ્વારા)

સુરત, તા.૧

શહેરના ખટોદરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બ્રેડલાઈનર સર્કલથી આગળ આવેલ ફલાયઓવર બ્રિજ નીચે આજે સવારે હચમચાવી દેનારા અકસ્માતના દ્રશ્યો જોઈને સ્થળ પર હાજર લોકોના કાળજા કંપી ઉઠ્યા હતા. ઓવર સ્પીડમાં હોવાને કારણે યુવકે પોતાનુંબેલેન્સ ગુમાવતા તેની બાઈક ધડાકભેર ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું હતું અને સ્થળ ઉપર જ તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બીજી બાજુ આ ભયંકર અકસ્માતમાં એકના એક પુત્રનામોતને પગલે પરિવારમાં ભારેશોક ફેલાઈ ગયો હતો અનેપરિવારના સભ્યો હૈયાફાટ રુદનકરતા જોવા મળ્યાં હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ ખાતે આવેલ સુમન મલ્હાર આવાસ-૧માં રહેતો ૧૮ વર્ષીય પ્રિન્સ ધર્મેશ પટેલ આજે સવારે સ્પોટ્ર્સ બાઈક લઈને બ્રેડલાઈનર સર્કલ આગળ ફલાયઓવર બ્રિજથી નીચે ઉતરી રહ્યો હતો. જો કે, તે ઓવર સ્પીડમાં બાઈક હંકારી રહ્યો હતો. ઓવરસ્પિડિંગને કારણે તેણે સંતુલન ગુમાવી દીધુ હતુ જેને કારણે તેની બાઈક ધડાકાભેર રોડ ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે તેની બાઈકના આગળના ભાગનો ફૂરચફૂર્ચા ઉડી ગયા હતા. જ્યારે યુવકનું માથું પણ ધડથી અલગ થઈ ગયું હતું અને ઘટના સ્થળે તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એટલું જ નહીં અકસ્માતના દશ્યો જોઈને સ્થળ પર કેટલાક ત્યાં ભેગા થઈ ગયા હતા. લોકેઓ જણાવ્યું હતું કે અકસ્માતના દશ્યો એટલી હદે હચમચાવી દેનારા હતા કે તેઓ પોતે પણ ચોકી ગયા હતા અને કાળજા કંપી ઉઠ્યા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા ખટોદરા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ત્યાર બાદ મૃતદહે પોસ્ટ માર્ટમ માટ ખસેડવામાં આવ્યો હતો. આ સિવાય વધુ માહિતી મળી હતી કે પ્રિન્સને એક બહેન છે, પોતે લાઈટિન્ગની ડિલિવરી અને સાથો સાથ સવાર દૂધ વિતરણનું કામ કરી પરિવારની આર્થિક રીતે મદદરૂપ થતો હતો. વધુમાં જાણવા મળ્યું હતું કે વહેલી સવારે તે બાહર ચા પીવા માટે ગયો હતો અને ત્યાર બાદ બાઈક લઈને બહાર નીકળ્યો હતો અને આ જીવલેણ અકસ્માતનો ભોગ બન્યો હતો. આ બનાવ અંગે પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# આઈ.એમ.એ. જામનગરના નવા હોદ્દેદારોની નિમણૂક

જામનગર, તા.૧

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અર્થાત આઈ.એમ.એ. એ દેશભરનાં ડોક્ટરોનું સૌથી પ્રતિષ્ઠિત સંગઠન છે. આઈ. એમ. એ. જામનગરનાં નવા હોદ્દેદારોની વરણીનો કાર્યક્રમ જામનગરમાં યોજાયો હતો.

નગરનાં વરિષ્ઠ અને ખ્યાતનામ ડોક્ટરો સર્વ ડો. વિજય પોપટ, ડો. એ.ડી. રૂપારેલિયા, ડો. કે.એસ. મહેશ્વરી, ડો. અતુલ વેકરિયા, ડો. આર.એસ. વિરાણી તથા ડો. દેવાશું શુક્લની ઉપસ્થિતિમાં નવા હોદ્દેદારોની ઘોષણા કરી તેઓને જવાબદારી સોંપવામાં આવી હતી.પ્રેસિડેન્ટ પદે ડો. કૃણાલ ડી. મહેતાએ પદભાર ગ્રહણ કર્યો હતો. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ડો. દિનકર સાવરિયા, ડો. હિતાર્થ રાજા તથા ડો. કેવિન વિરાણીએ જવાબદારી સંભાળી હતી. સેક્રેટરી પદે ડો. શિવમ બદિયાણી તથા જોઈન્ટ સેક્રેટરી પદે ડો. કુલદિપ જોશી અને ડો. પલક ગણાત્રાએ ચાર્જ સંભાળ્યો હતો.

ટ્રેઝરર તરીકે ડો. કેતન ગોસાઈ તથા જોઈન્ટ ટ્રેઝરર તરીકે ડો. અભિષેક ગોધાણીએ પદભાર ધારણ કર્યો હતો.

નવનિયુક્ત હોદ્દેદારોએ ઉપસ્થિત વરિષ્ઠ તબીબોને પ્રેરણારૂપ ગણાવી દર્દીઓનાં કલ્યાણને સર્વોપરી રાખી તબીબી જગતની સમસ્યાઓને ઉકેલવાનાં સંકલ્પ સાથે જવાબદારીઓ સ્વીકારી હતી.

## પાંચ મહિલા સહિત ૨૦ જુગારીઓ પકડાયા

# જામનગર શહેર જિલ્લામાં જુગાર અંગે છ સ્થળે દરોડા

જામનગર, તા.૧

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે જુગાર અંગે કુલ છ સ્થળે દરોડા પાડ્યા છે અને પાંચ મહિલા સહિત ૨૦ આરોપીઓની અટકાયત કરી છે. જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં પ્રથમ દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલી પ્રતિમાંબેન હિંમતસિંહ ચૌહાણ, મધુબેન બીપીનભાઈ રાવલ, નીતાબા ભરતસિંહ પિંગળ, સુનિતાબેન હિતેન્દ્રભાઈ નાગપાલ, મીનાબેન વલીદાસભાઈ સોલંકી, તેમજ અંકિત વલીદાસ સોલંકી સહિત છ પત્તા પ્રેમીઓની રૂપિયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫,૦૭૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. આ ઉપરાંત જુગાર અંગેનો બીજો દરોડો જામનગર નજીક હાપા વિસ્તારમાં ક્રિષ્ના ટાઉનશિપમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા રાજેશ રાણાભાઈ ગઢવી, નરેન્દ્રસિંહ છત્રસિંહ ઝાલા સહિત છ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧,૮૧,૫૦૦ની માલમતા કબજે કરી છે. આ ઉપરાંત જામનગર શહેર અને અન્ય ગ્રામ્ય વિસ્તારમાં પોલીસે જુગાર અંગેના જુદા જુદા વધુ ચાર દરોડાઓ પાડવામાં આવ્યા હતા અને અન્ય આઠ આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે.

## જામનગર સાયબર ક્રાઈમની ટીમ દ્વારા

# જામનગરમાં નાગરિકોને સાયબર ફ્રોડથી બચાવવા ૪૫,૦૦૦ પત્રિકાઓનું વિતરણ

જામનગર, તા.૧

જામનગર શહેર જિલ્લા સહિત સમગ્ર દેશભરમાં સાયબર ક્રાઈમના ગુનાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવા સેમિનારો સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે હાલમાં ૪૫,૦૦૦થી વધુ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું છે.શહેર જિલ્લાના લોકોને સોશિયલ મીડિયા પર થઈ રહેલા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ડિજિટ અરેસ્ટ સ્કેમ સહિતથી સાવધાન રહેવા જાગૃત કરવામાં આવ્યા છે. જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ક્રાઈમથી બચવા જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં જન-ભાગીદારીથી કુલ ૪૫,૦૦૦ સાયબર જાગૃતતા પત્રિકાઓની સ્થાનિક સમાચાર પત્રો મારફત શહેરના વિવિધ વિસ્તારોમાં વહેંચણી કરવામાં આવી છે. આ પત્રિકાઓમાં સામાન્ય નાગરિકોને વિવિધ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી, ફેક લિન્ક-કોલ, બેંકિંગ ફ્રોડ તથા સોશિયલ મીડિયા સિક્યુરિટીના ૧૫ જેટલા મુદાઓ અંગે સરળ ભાષામાં માગદર્શન આપવામાં આવ્યું છે.આ કાર્યનો હેતુ નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધે અને ઓનલાઈન છેતરપિંડીના બનાવો ઘટાડવાનો છે.

# સુરત : સહકર્મીએ કિશોરી પર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા. ૧

શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ મિલમાં કામ કરતા યુવકે પોતાની સાથે કામ કરતી સગીરાને હવસનો શિકાર બનાવી હતી અને બળજબરીથી તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી દીધી હતી. ત્યારબાદ યુવકે તેમને જાનથી મારી નાખવાની તથા કામ પરથી કઢાવી મૂકવાની ધમકી આપી હેરાન પરેશાન કરતો હતો. જેથી આખરે ભોગ બનનાર કિશોરીએ આ મામલે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, પાંડેસરા વિસ્તારમાં રહેતી કિશોરી પાંડેસરા વિસ્તારમાં જ આવેલ એક મિલમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવવામાં આર્થિક મદદ કરતી હતી. આ દરમિયાન તેમની સાથે મિલમાં ઓપરેટર તરીકે કામ કરતો ગગન મોર્યા નામના યુવકે તેમના પર દાનત બગાડી હતી. મેં ૨૦૨૫ થી તારીખ ૧૮/૬/૨૦૨૫ના સમયગાળાની અંદર ગગન મોર્યાએ કિશોરીને ધમકાવી તેમની મરજી વિરૂદ્ધ અવારનવાર બળજબરીથી શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને કિશોરીને ગર્ભવતી બનાવી દીધી હતી. એટલું જ નહીં પરંતુ બાદમાં કિશોરીને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને જો આ વાતની જાણ કોઈને કરશો તો કામ પરથી કઢાવી મૂકવાની પણ ધમકી આપતો હતો. જેથી આખરે શરૂઆતમાં કિશોરીએ કોઈને આ વાતની જાણ કરી ન હતી. જો કે બાદમાં સમગ્ર મામલે કિશોરીએ ગતરોજ પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જિલ્લામાં કુલ ૪૦૪૬ એચઆઈવી દર્દી

# ભાવનગર જિલ્લામાં દરરોજ સરેરાશ એચઆઈવીના ૨૫ નવા દર્દીઓ નોંધાયા

ભાવનગર, તા.૧

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે ૧લી ડિસેમ્બરના રોજ વર્લ્ડ એઈડ્ઝ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એઈડ્ઝના પ્રતિભાવમાં પરિવર્તન લાવવા, વિક્ષેપને દૂર કરીએની થીમ પર વર્ષ ૨૦૨૫માં વિશ્વ એઈડ્ઝ દિવસની ઉજવણી થઈ રહી છે. ભાવનગર જિલ્લામાં એચઆઈવી એઈડ્ઝના દર મહિને સરેરાશ ૨૫ નવા દર્દીઓ નોંધાય છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૪,૦૪૬ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ છે. જેઓની સારવાર ચાલી રહી છે. ચાલુ વર્ષે ઓક્ટોબર-૨૦૨૫ની સ્થિતિએ જિલ્લામાં ૭ સગર્ભા મહિલા સહિત કુલ ૧૭૭ એચઆઈવી એઈડ્ઝના નવા દર્દીઓ નોંધાયા છે. ૧૦ તાલુકાના સીએચસી સેન્ટરો, પાલિતાણા અને મહુવાની સરકારી હોસ્પિટલ તથા સર ટી. હોસ્પિટલમાં મળી જિલ્લામાં કુલ ૧૩ આઈસીટીસી સેન્ટરો કાર્યરત છે કે જ્યાં એચઆઈવી કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ થાય છે. બ્લડ ઈન્વેસ્ટીગેશન, કાઉન્સેલિંગ અને એઈડ્ઝના દર્દીઓને દવાઓ પૂરી પાડવા માટે સર ટી. હોસ્પિટલ અને મહુવા જનરલ હોસ્પિટલમાં એઆરટી સેન્ટર કાર્યરત છે. જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા એચઆઈવી એઈડ્ઝ અંગે યુવાનોમાં અવેરનેસ આવે તે માટે ૧૮ કોલેજોમાં રેડ રિબિન ક્લબ કાર્યરત છે. ઉપરાંત આવતીકાલે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગંગાજળિયા તળાવ ખાતે એચઆઈવી એઈડ્ઝ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એચઆઈવી એઈડ્ઝ ફેલાતા હાઈરિશ બિહેવિયરવાળા વિસ્તારો માટે શહેરમાં ૨, અલંગમાં ૨ અને પાલિતાણા-મહુવામાં ૧-૧ ટાર્ગેટેડઈન્ટરવેશન પ્રોજેક્ટ કાર્યરત છે. જે હાઈરિશન બિહેવિયર ધરાવતા લોકોનું સાથે કામ કરી તેમનું કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ કરવામાં આવે છે. ઉપરાંત જિલ્લાના ૭૫ હાઈરિશ બિહેવિયર ધરાવતા ગામોમાં લિંક વર્કર સ્કિમ અંતર્ગત અવેરનેસની કામગીરી કરવામાં આવે છે.

# ધ્રોળના નથુવડલા ગામે યુવાને પત્નીના વિયોગમાં ગળેફાંસો ખાધો

## આઠ મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા બાદ પત્ની રિસાઈને પિયર ચાલી ગઈ હતી

જામનગર, તા.૧

મૂળ દાહોદ જિલ્લાના ધાનપુરના વતની અને હાલ ધ્રોલ તાલુકાના ઈટાળા ગામમાં વલ્લભભાઈ પટેલની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા ગુલાબભાઈ વરસંગભાઈ પરમાર નામના ૨૬ વર્ષના શ્રમિક યુવાને ગઈકાલે નથુવડલા ગામમાં લખમણભાઈ બાંભવાની વાડીના શેઢે એક ઝાડની ડાળીમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે.આ બનાવ અંગે મૃતકના પિતા વરસંગભાઈ માનસંગભાઈ પરમારે પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. કે. દલસાણિયા બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક યુવાને આજથી આઠ મહિના પહેલાં નથુવડલા ગામની સીમમાં મજૂરી કામ કરતા ઉદેસિંગ સુનકાભાઈ બામણિયાની પુત્રી કાજલબેન સાથે ભાગીને લગ્ન કરી લીધા હતા. પરંતુ છેલ્લા ચાર મહિનાથી તેની પત્ની કાજલ રિસાઈને પોતાના પિતાને ઘેર નથુવડલા ગામે ચાલી ગઈ હતી અને પરત આવતી ન હતી.

જેના વિયોગમાં ગુલાબભાઈ પરમાર તેની વાડી પાસે ગયો હતો, ત્યારબાદ મોડી રાત્રે ઝાડની ડાળીમાં લટકી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

# સુરત : સરથાણામાં ગાંજા સાથે એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

શહેરના સરથાણા વિસ્તારમાં કેનાલ રોડ પર પોલીસે બાતમીના આધારે એક યુવકને ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુરત શહેરમાં પોલીસના સઘન પેટ્રોલિંગ અને ચેક પોસ્ટ ઉપર કરવામાં આવતા ચેકિંગ વચ્ચે સુરત શહેરમાં એનકેન પ્રકારે ગાંજો, ડ્રગ્સ જેવા નશાકારક પદાર્થો મળી રહે છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસ દ્વારા ગાંજો અને ડ્રગ્સ મુદ્દે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને અલગ-અલગ વિસ્તારમાંથી ગાંજો વેચનાર તથા ખરીદનાર યુવકોને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સરથાણા પોલીસને ગતરોજ બાતમી મળી હતી કે સરથાણા કેનાલ રોડ પર મેલડી માતાના મંદિરવાળા ચાર રસ્તા પાસેથી એક યુવક ગાંજો લઈને પસાર થવાનો છે. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બાતમીના વર્ણનવાળા યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અંગ જડતી લેતા તેમની પાસેથી રૂપિયા ૧,૨૦૦ની કિંમતનો ગાંજો મળી આવ્યો હતો. જેથી પોલીસે અરૂણકુમાર લાલારામ પાલ (રહે. શુભમ ઈન્ડસ્ટ્રી સણિયા ગામ પાસે સારોલી, મૂળ રહે. ભાવનિયા ગામ થાના સમીરપુર જિલ્લો હમીરપુર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી તેમને પૂછપરછ કરતા તેમણે અન્ય એક યુવક પાસેથી ગાંજો લીધો હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરા વડિયા રાજકોટ બસસેવા નિયમિત શરૂ કરવા માંગ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧

અમરેલી જિલ્લાના બગસરાથી શરુ થઈને છેવાડાના તાલુકા મથક એવા વડિયાને રાજકોટ સાથે જોડતા બસ રૂટ બગસરા વડિયા રાજકોટ રૂટની બસસેવા સવારે ૬:૩૦ કલાકે ભૂતકાળમાં શરૂ થતી હતી. તે હાલ અનિયમિત બની છે તો ક્યારેક બંધ કરી દેવામાં આવે છે. આ બસસેવા બગસરાથી વડિયા વચ્ચે આવતા ગામડાના વિદ્યાર્થીઓ, વડિયાથી ગોંડલ, શાપર અને રાજકોટ જતા વિદ્યાર્થીઓ, કારખાનામાં કામ કરતા લોકો, દર્દીઓ, ઓફિસ કામે જતા લોકો સહિત મુસાફરો માટે ખૂબ જ મહત્ત્વના સમયનો રૂટ હતો જે રૂટમાં પૂરતો ટ્રાફિક પણ મળતો હોવાથી આ બસસેવા ફરી ચાલુ કરવા વડિયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદ ડોડીયા દ્વારા વડિયા વિકાસ સમિતિના લેટર પેડ પર એસટી વિભાગના ડી.ટી.ઓ.ને પત્ર લખીને લેખિતમાં રજૂઆત સાથે માંગણી કરવામાં આવી છે. જેમાં સાથે આ બસસેવા નો લાભ લેતા લોકોની સહી સાથે તેના મોબાઈલ નંબર પણ જોડવામાં આવ્યા છે.આ માંગણી સાથે એવુ પણ જણાવવામાં આવ્યુ છે. આવનાર સમયમાં આ બસસેવા શરુ નહિ કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# માંગરોળમાં ટ્રેકટરની અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

જૂનાગઢ, તા.૧

માંગરોળમાં ટ્રેક્ટર ચાલકે બાઈકચાલકને હડફેટે લઈ મોત નિપજાવ્યાની ફરિયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે મોહમદહુશેન યુસુફભાઈ કાપાએ ટ્રેકટર નં.જીજે-૩૨-એએ-૦૧૩૮ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીનો દિકરો મુહમદતાહીર મોટર સાયકલ નં.જીજે-૧૧-બી-૭૬૭૧ લઈને માંગરોળ-વેરાવળ હાઈવે રોડ ઉપર વળાંક નજીકથી પસાર થતો હોય દરમ્યાન આરોપીએ પોતાના હવાલાવાળુ ટ્રેક્ટર-ટ્રોલી મોટર સાયકલ સાથે ભટકાવી અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગર : પાર્કિન્સન્સ કંપવાથી પીડાતા વડીલો માટે વિનામૂલ્યે કેમ્પ

ભાવનગર, તા.૧

બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ, મુંબઈ સ્થિત પાર્કિન્સન્સ સોસાયટી દ્વારા વિકસાવેલ વિવિધ પદ્ધતિઓથી, પાર્કિન્સન્સ જેવી અસાધ્ય બીમારીમાં રાહત આપી, જીવન હકારાત્મક અભિગમથી જીવી શકાય એ હેતુસર, કસરત, આહાર-વિહાર અને માર્ગદર્શન વિનામુલ્યે આપવામાં આવે છે. દર રવિવાર પી.એન.આર. હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ, વિદ્યાનગર, ભાવનગર ખાતે સમય ૧૦:૩૦થી ૧૨:૩૦ સુધી.

# સુરતમાં હોસ્ટેલના બીજા માળેથી પડતું મૂકી વિદ્યાર્થીનો આપઘાત

(સંવાતદાતા દ્વારા)

સુરત, તા.૧

શહેરના ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એસવીએનઆઈટી કોલેજના કેમ્પસમાં બનેલી આપઘાતની એક ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. જ્યાં મોડી રાત્રે એક વિદ્યાર્થી એહોસ્ટેલના બીજા માળેથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. તેની નીચે પટકાવવાની અવાજ સાંભળી વોચમેન તેમજ આજુબાજુના અન્ય વિધાર્થીઓ પણ ત્યાં દોડી આવ્યા હતા અને તેને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામા આવ્યો હતો જ્યા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ એસવીએનઆઈટી ખાતે આવેલ ભાભા ભવન હોસ્ટેલમાં રહેતો ૨૦ વર્ષીય અદ્યવેત અરૂણકુમાર નાયરએ ગત રાત્રે હોસ્ટેલના બીજા માળેથી પડતું મૂકી આપઘાત કર્યો હતો. સ્થળ પરથી ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ હાલમમાં તેને ૧૦૮ એમ્બ્યુલેન્સ દ્વારા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યું હતું. વધુમાં જાણવા મળ્યુ હતું કે વિધાર્થી મૂળ તમિલનાડુનો વતની હતો અને હાલમાં એસવીએનઆઈટી કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સનો આભ્યાસ કરતો હતો. જોકે તેણે આપઘાતનું આ પગલું કયા કારણસર ભર્યું છે તે હાલમાં જાણવા મળ્યું નથી. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત

# સાબરકાંઠા જિલ્લાકક્ષા કરાટે સ્પર્ધા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ હિંમતનગર ખાતે યોજાઈ




(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ની કચેરી અરવલ્લી,ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાકક્ષા કરાટે સ્પર્ધાનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, હિંમતનગર ખાતે કરવામાં આવ્યું હતું. ઉપરોકત સ્પર્ધાનું સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કરાટે એસોસિએશન જે કરાટે ડો ફેડરેશન ગુજરાત (કે.ડી.એફ) અને કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝર (કીઓ)નું સભ્ય છે તેના દ્વારા સફળ ટેક્નિકલ સંચાલન કરવામાં આવ્યુ હતું. આ સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાની અલગ અલગ શાળાના ૪૦૦થી ૫૦૦ ખેલાડીઓ ભાઈઓ/બહેનોએ અલગ અલગ વયજૂથ અને વજનગૃપમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં રમત ગમત અધિકારી સાબરકાંઠા ત્રિવેણીબેન સરવૈયા, કન્વીનર જુજારસિંહ વાઘેલા, કીર્તિસિંહ વાઘેલા પ્રમુખ વ્યાયામ મંડળ સાબરકાંઠા, નટુભાઈ સડાત મહામંત્રી વ્યાયામ મંડળ સાબરકાંઠા નિકુજભાઈ પટેલ, અલ્પેશ રામાણી, તખતસિંહ રાઠોડ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં પસંદગી પામેલ ખેલાડીઓ રાજયકક્ષા ખેલમહાકુંભ કરાટે સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાનું પ્રતિધિત્વ કરશે.

# ડીસાની કૃષિ વિજ્ઞાન પોલિટેક્નિક કોલેજમાં વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી




સમગ્ર વિશ્વમા પહેલી ડીસેમ્બરે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે આજરોજ સિવિલ હોસ્પિટલ ડીસા, સહયોગ પ્રગતિ મંડળ ડીસા ટી.આઈ. અને લિંકવર્કર સ્કીમ બનાસકાંઠાના સંયુક્ત સહયોગથી કૃષિ વિજ્ઞાન પોલીટકનિક કોલેજ ડીસામા વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે કાર્યકમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યકમ અંતર્ગત એચ.આઈ.વી. એઈડ્સ અંગે સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ડીસાના જલારામ મંદિર ચોક, બગીચા સર્કલ ચોક અને નવા બસ સ્ટેશન ખાતે લોકોમા એચ.આઈ.વી. અંગે લોક જાગૃતિ ફેલાય એ હેતુથી શેરી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. **(તસવીર : જમીલ મેમણ, ડીસા)**

# ભરૂચ જિલ્લા પંચાયતની બેઠકો જાહેર થતાં રાજકીય સમીકરણો ગરમાયા

### બેઠક ફેરબદલીથી પ્રમુખ-કારોબારી ચેરમેન બીજીવાર તેમની હાલની બેઠકથી લડી નહીં શકે

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧
રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતોના સિમાંકનની જાહેરાત કરવામાં આવતાં રાજકીય માહોલ ગરમાયો છે. નવી જાહેર થયેલી બેઠકમાં ભરૂચ જિલ્લા પંચાયતમાં હાલના પ્રમુખ અને કારોબારી ચેરમેન તેમનું સભ્યપદ પણ ગુમાવે તેવું હાલના સમયે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવામાં આવી છે. જેમાં જિલ્લા પંચાયતના મતદાર મંડળોનું સિમાંકન કરી બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પૈકી ૧ અનુસુચિત જાતી, ૧૩ અનુસુચિત જનજાતી, ૩ સા. સે. પછાત વર્ગ તેમજ ૧૭ બીન અનામત બેઠકો રાખવામાં આવી છે. ત્યારે અત્યારથી જ જિલ્લા પંચાયતના પ્રમુખ અને કારોબારી ચેરમેનની મહત્વની સીટને લઈને તર્કવિતર્ક શરૂ થઈ ગયા છે. ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારના વતની થોડા સમયથી ભાળાવ ગામમાં આવેલા સોસાયટી વિસ્તારમાં રહેવા જતાં રહ્યા છે અને જિલ્લા પંચાયતની સા.રી. પછાત વર્ગની સીટ પરંતથી જીતી તેઓ જિલ્લા પંચાયતના સભ્ય બન્યા હતા. સાથે પહેલાં અડી વર્ષ બાંધકામ ચેરમેન અને બીજા અઢી વર્ષ કારોબારી અધ્યક્ષ તરીકે બેઠાં છે. જો કે, હવે ભોલાવની બેઠક બદલાઈને અનુસુચિત આદિજાતી રબી થઈ ગઈ છે. જેના કારણે તેઓ હવે ભોલાવમાંથી ઉભા રહી શકશે નથી.

તેજ પ્રમાણે પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદિયા જે બેઠક પરથી જીત્યા હતા તે વાથપુરાદ બેઠક બીન અનામત સામાન્ય બેઠકને સામાન્ય સ્ત્રી બેઠક જાહેર કરતાં તેઓ પણ રિપોર્ટ થાય તેવા કોઈ અણસાર હાલના તબક્કે નથી. ભરૂચ જિલ્લા પંચાયતની ઝાડેશ્વર બેઠક પર પણ લોકોની મીટ મંડાયેલી હોય છે. ત્યારે ત્યાં પણ બેઠક બદલાઈ છે. ઝાડેશ્વરમાં એકવાર સામાન્ય સ્ત્રી અને બીજીવાર બીન અનામત સામાન્ય બેઠક જાહેર કરાતાં ત્યાંથી શૈલાબેન પટેલ બે ટર્મથી વિજેતા રહ્યા હતા. જો કે, આ વખતે ઝાડેશ્વરની બેઠક પણ બદલાઈને અનુસુચિત આદિજાતીને ફળવાતાં હવે તેઓને પુનઃ જિલ્લા પંચાયતની ટીકિટ માટે ફરીથી રોસ્ટર બદલાય તેની રાહ જોવી પડશે.

### નવી બેઠક ફાળવણીમાં આદિવાસી બાહુલ વિસ્તારમાં સામાન્ય સીટો ફાળવાઈ

ભરૂચ ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયતની બેઠકોનું રોસ્ટર જાહેર કર્યું છે. ત્યારે જ્યાં ઉજડિયાત વિસ્તાર છે ત્યાં આદિવાસી બેઠકો અને જ્યાં આદિવાસી બાહુલ વિસ્તાર છે. ત્યાં સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં ભાજપ અને કોંગ્રેસ આ બેઠકો પર કેવા ઉમેદવારો ઉતારે છે તેના પર લોકોની મીટ મંડાઈ છે. જો કે, બેઠકો પર જીત મેળવવા માટે પહેલેથી જ માઈકો પ્લાનિંગમાં કામ કરનારી ભાજપને વધારે તકલીફ પડે તેમ નથી. ત્યારે કોંગ્રેસે પણ આ બેઠકો પર પોતાની પકડ પુનઃ લાવી શકે તે માટે આત્મમંથન કરવા સાથે વ્યક્તિ વિશેષને નહીં પક્ષને પહેલાં રાખી કામ કરવું જરૂરી બન્યું છે.

# ભાજપ સરકાર વિરૂદ્ધ કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું સિદ્ધપુર ખાતે આગમન



ભાજપના રાજમાં દારૂ અને નશીલા પદાર્થોના વેપાર ઉપર કોઈ નિયંત્રણ નહીં હોવાથી યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યું છે તેના વિરૂદ્ધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા શરૂ કરેલ જન આક્રોશ યાત્રા આજે સિદ્ધપુર ખાતે આવી પહોંચતા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ તેમજ કાર્યકરોએ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને આગેવાનોનું સ્વાગત કર્યું હતું. જયાબેન શાહ, હુસેનભાઈ કવ્વાલ, રશિદભાઈ કુરેશી, ભુરાભાઈ પઠાણ, કનુભાઈ પટેલ સહિતના કોંગ્રેસના આગેવાનોએ સિદ્ધપુરમાં યાત્રાને સફળ સમર્થન મળે તે માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# નડિયાદ બાર એસો. ચૂંટણી : પાંચ હોદ્દા અને કારોબારી સભ્યો માટે ચૂંટણી યોજાશે



(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૧
નડિયાદ બાર એસોસિયેશનની ૨૦૨૫ માટેની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, લાઈબ્રેરી સેક્રેટરી અને કારોબારી સભ્યો સહિત વિવિધ હોદ્દેદારો માટે ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પત્રને પગલે આ વખતે 'લેડી રિપ્રેઝન્ટેટિવ'ની બેઠક માટે પણ ચૂંટણી યોજાશે. આજે સોમવારે (૦૧/૧૨/૨૦૨૫) ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાના પ્રથમ દિવસે જ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન અને નડિયાદ બાર એસોસિયેશનમાં આઠ વખત પ્રમુખ રહી ચૂકેલા કિરીટ બારોટે પોતાના ટેકેદારો સાથે ઉમેદવારી પત્ર ભર્યું હતું. નડિયાદ બાર એસોસિયેશનની ૨૦૨૫ માટેની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ચૂંટણી અધિકારી બી. એ. પટેલ છે નડિયાદ બાર એસોસિયેશનના કુલ ૯૩૦ મતદારો જુદા-જુદા હોદ્દેદારો એટલે કે પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જો. સેક્રેટરી, ખજાનચી (મહિલા અનામત), લાઈબ્રેરી સેક્રેટરી તથા કારોબારી સભ્યો (બે મહિલા અનામત) માટે મતદાન કરશે. આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના તા.૧૯/૧૨/૨૦૨૫ના પત્ર નં- ૮૫૮૪/૨૦૨૫ના અનુસંધાને 'લેડી રિપ્રેઝન્ટેટિવ'ની પણ ચૂંટણી યોજાવાની છે. ઉમેદવારી કરવા માટેનું આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા તા.૦૧/૧૨/૨૦૨૫થી શરૂ થઈ છે અને તે તા.૦૫/૧૨/૨૦૨૫ સુધી ચાલશે. તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ ચૂંટણી યોજાશે. કિરીટ બારોટની ઉમેદવારીથી નડિયાદ બાર એસોસિયેશનની ચૂંટણીમાં ગરમાવો આવ્યો છે.

# અંકલેશ્વર કોંગ્રેસ સમિતિ દ્વારા SIRની મતદારયાદી સુધારણા અંગે મુખ્ય ચૂંટણી અધિકારીને આવેદન પાઠવાયું


**(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧
ગુજરાત રાજયમાં SIRની મતદાર યાદી સુધારણા તેમજ તેને લાગતાં અન્ય કેટલીક કામગીરી પ્રશ્નો બાબતે ચૂંટણી અધિકારીને અંકલેશ્વર શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યુ હતું કે, ગુજરાત રાજયમાં તેમજ રાષ્ટ્રના કેટલાક રાજ્યમાં SIRની મતદાર યાદી સુધારણાના તેમજ તેને લાગત અન્ય કામગીરી સમગ્ર ગુજરાતમા હાથ ધરવામાં આવેલ છે જેમાં ૧૫૪, અંકલેશ્વર-હાંસોટ વિધાનસભામાં આવતા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વર્ષ ૨૦૦૨ તેમજ વર્ષ ૨૦૨૫ની મતદાર યાદીઓમાં શહેરી વિસ્તારમાં કેટલીક સોસાયટી વિસ્તારોમાં શહેરમાં સ્થાયી થયેલા મતદારોના નામ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં બંને જગ્યાએ નોંધાયેલ હોય, તેવું ધ્યાને આવેલ છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અંકલેશ્વર હાંસોટ તાલુકાના ભડકોદરા, અંદાડા, તેમજ ગડખોલ તથા અન્ય ગામોમાં ખેત મજૂરો તથા ઉદ્યોગ નગરીમાં કામ કરતાં ગુજરાતના તેમજ ગુજરાત બહારના કર્મચારીઓ તથા મજુરવર્ગ હાલ જેતે વિસ્તારમાંથી ટ્રાન્સફર થયેલા હોય, તેમજ નોકરી છોડી અન્ય શહેરોમાં તથા તેઓના રાજયમાં સ્થાળાંતર કરી ગયેલા હોય, તેવા વ્યક્તિઓના નામ મતદાર યાદીમાંથી સુધારો કરી કમી કરવા તેમજ બે જગ્યાએ મતદાર યાદીમાં ચાલતા હોય તેવા મતદારો માટે કાયદેસરની પ્રક્રિયા કરી મતદારની મતદાન પ્રકિયાને હાની ન થાય તેવી કાળજી રાખી તેમજ કેટલાક મતદારોના અવસાન થયા હોય (તેવા નામો કમી કરવાં) તેવું વર્ષ ૨૦૦૨ તથા વર્ષ ૨૦૨૫ની મતદાર યાદીઓનો અભ્યાસ કરતાં માલુમ પડેલ છે. આ તમામ ઉપરોક્ત જણાવેલ મુદ્દાઓની જરૂરી ચકાસણી કરી મતદાર યાદી સુધારામાં તેમજ SIRની પ્રક્રિયામાં પારદર્શકતા દાખવવા ૧૫૪ અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા વિસ્તારના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ અનુરોધ કરવામાં આવે. આ પ્રસંગે અંકલેશ્વર તાલુકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ ભુપેન્દ્ર જાની, ઈકબાલભાઈ ગોરી, અંકલેશ્વર નગરપાલિકા તથા વિરોધ પક્ષના નેતા જહાંગીરખાન પઠાણ, અસલમ હાટીયા, નુરૂભાઈ કુરેશી, પાંડેજી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# હિંમતનગરના કપિલ ત્રિવેદી ગુજરાતના શ્રેષ્ઠ આચાર્યના એવોર્ડથી સન્માનિત



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ગ્લોબસ પ્રાયમરી (CBSE) સ્કૂલના આચાર્ય કપિલભાઈ ત્રિવેદીને ગુજરાતના શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ પ્રાપ્ત થયો. તા.૨૯/૧૧/૨૦૨૫ના રોજ ગાર્દી વિદ્યાપીઠ રાજકોટ મુકામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, ગુજરાત રાજ્ય તથા ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસોશિયેશન (AISPA) દ્વારા ગુજરાત રાજ્યના કુલ ૧૪૩ શ્રેષ્ઠ આચાયોને એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમાં ગ્લોબસ સ્કૂલના આચાર્યને શ્રેષ્ઠ આચાર્ય તરીકે બિરદાવામાં આવ્યા હતા. આ એવૉર્ડ તેમને ગુજરાત રાજ્યના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે અપાયો હતો. ઍવોર્ડ પ્રાપ્ત થતા જ શાળાના ટ્રસ્ટી અશોકભાઈ એન. પટેલ, સ્ટાફ- ગણ, સાબરકાંઠા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ એ આચાર્ય કપિલ ત્રિવેદીને અંત : હ્રદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. **(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)**

# હિંમતનગર ખાતે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી



**(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)**

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧
સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજ સુતરીયા તેમજ જિલ્લા ક્ષય અધિકારી ડો. ફાલ્ગુનીના માર્ગદર્શન હેઠળ જિલ્લા નર્સિંગ સ્કૂલના સહકારથી વિશ્વ એઈડ્સ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરાઈ હતી. 'એઈડ્સ પ્રતિભાવમાં પરિવર્તન લાવવા વિક્ષેપને દૂર કરીએ' થીમ પર જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારી, NACP સ્ટાફ, નર્સિંગ સ્કૂલના પ્રિન્સીપાલ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ દ્વારા હિંમતનગરના મુખ્ય માર્ગ પર જન જાગૃતિ માટે રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા હિંમતનગરના મુખ્ય માર્ગો પર જાગૃતિલક્ષી સૂત્રોચ્ચાર કરીને નગરવાસીઓને એઈડ્સ અંગેની મહત્વપૂર્ણ માહિતી અને સાચી સમજ આપવામાં આવી હતી. રેલી બાદ નર્સિંગ સ્કૂલ હિંમતનગર ખાતે રંગોળી તેમજ પોસ્ટર પ્રદર્શન રાખવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની કલા દ્વારા જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ પ્રદર્શનમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો. ફાલ્ગુની, રાજેશ જાદવ અને જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી જયેશભાઈ દ્વારા ઉપસ્થિતોને એઈડ્સની રોકથામ અને સારવાર અંગેની પ્રસંગોચિત માહિતી આપી હતી.

# વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ મહોત્સવનું ભવ્ય આયોજન



(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧
વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં નવા વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ મહોત્સવનું વિશેષ કાર્યક્રમ સોમવારના રોજ મેડિકલ કોલેજ હોલમાં યોજાયો હતો. જેમાં આ વર્ષે પ્રવેશ પામેલા ૬૦ જેટલાં વિદ્યાર્થીઓને પરંપરાગત રીતે આશિર્વાદ આપવામાં આવ્યા હતાં. આ મહોત્સવ દ્વારા કોલેજના નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ હતી. જેમાં હોમિયોપેથીક ઉપચાર પદ્ધતિના મહત્ત્વ પર ભાર મૂકાયો અને યુવા વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના યોગદાન તરીકે તૈયાર કરવાનું લક્ષ્ય રખાયું હતું. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ, ટ્રસ્ટીઓ તેમજ સ્થાનિક આગેવાનો અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં, જેથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ ડૉ.અલ્પના કશ્યપએ સૌનું સ્વાગત કરીને જણાવ્યું કે, 'વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ ગ્રામીણ વિસ્તારોમાં એક મોટુ આગવું સ્થળ અને મોટુ નામ સાથે અસરકારક ઉપચાર પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ થશે આ પ્રવેશઉત્સવ દ્વારા આપણા નવા વિદ્યાર્થીઓને હોમિયોપેથીકના મૂળભૂત સિદ્ધાંતો—'સમાન દ્વારા ઉપચાર'—શીખવા અને ગ્રામીણ સ્વાસ્થ્ય વ્યવસ્થાને મજબૂત કરવા પ્રેરિત કરાશે. આ વર્ષે કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરંપરાગત લામઝડ, અને આધુનિક નવી નિર્માણ કોલેજ અને ૨૦૦૦ પુસ્તકોની આધુનિક લાઈબ્રેરી તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આયોજકો વિશેનું જ્ઞાન આપવામાં આવ્યું. કોલેજે આ વર્ષે ૬૦ સીટો સાથે વિદ્યાર્થીઓને વધુ તકો આપી છે, જેમાં ઈન્ટર્નશિપ અને ગ્રામીણ હોસ્પિટલ વ્યવહાર પર ખાસ ધ્યાન છે. આ કાર્યક્રમમાં આચાર્ય ડો. અલ્પનાબેન કશ્યપ, પ્રમુખ અબ્દુલ વલી મટક, ટ્રસ્ટી મંડળ બસીર ભાઈ દાણા, સિરાજ અફીણવાલા, ઈકબાલ ભાઈ ઈખરીયા, ડો.પ્રોફેસર ગુડગુડે સામાજિક કાર્યકર શકીલભાઈ પટેલ, માતર ગામના સરપંચ ઈરફાન ભાઈ તેમજ વલણ હોસ્પિટલનો અને મેડિકલ કોલેજનો સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો.

# ભરૂચ જિલ્લાની સિલીકા સેન્ડની ૪ ખદાનની પરવાનગી રદ કરવાની દરખાસ્ત

### ૭૩ એએની તેમજ ગૌચરની જમીન પર ગેરકાયદે લીઝો ચાલી રહી હતી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧
ભરૂચ જિલ્લામાં આદિવાસી બાહુલ વિસ્તારમાં ચાલતી સિલીકા સેન્ડની લીઝો પૈકીની ઝઘડિયા પંથકની ૪ લીઝને રદ કરવાની દરખાસ્ત કલેક્ટરે કરી છે. આ લીઝો ૭૩ એએની તેમજ ગૌચર જમીનો પર આવેલી હોવા સાથે તેના માટે ગ્રામ સભા ઠરાવ, પર્યાવરણ મંજૂરી મેળવ્યા વિના જ ચાલતી હોવાનું પ્રાથમિક તબક્કે ધ્યાનમાં આવતાં તેના પર કાર્યવાહી કરવામાં આવી છે.ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકા વિસ્તારમાં કેટલીક સિલીકા સેન્ડની લીઝો આવેલી છે. ત્યારે તે પૈકીની કેટલીક લીઝ ગેરકાયદે હોવાની રાવ સાથે સ્થાનિક જાગૃત સામાજિક કાર્યકર્તા ડો. ભાવીન વસાવા તેમજ અન્ય લોકો દ્વારા લાંબા સમયથી આ લીઝોને લઈને સરકારમાં પત્રો લખી યોગ્ય કાર્યવાહીની માંગ કરી રહ્યા હતા. ચાલતી લીઝો પૈકીની પડાલ ગામની એક ૪૮ હેક્ટરની અને બીજી ૨૫ હેક્ટરની એમ બે લીઝ તેમજ ભીમપોર ગામની ૧૮૧ હેક્ટરની એક અને બીજી ૭ હેક્ટરની એમ બે લીઝોને લઈને તેમણે દસ્તાવેજી પુરાવા સાથે સરકારના વિવિધ વિભાગોમાં, તત્કાલિન કલેક્ટરોને તેમજ સંબંધિત અધિકારીઓને અનેક રજૂઆતો કરી છે. તેમજ ઓનલાઈન ફરિયાદ પણ કરી છે. ત્યારે તાજેતરમાં યોજાયેલાં જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણાએ પડાલ ગામની બે અને ભીમપોર ગામની બે લીઝ એમ કુલ ૪ લીઝોને રદ કરવાની દરખાસ્ત કરી હોવાની જાહેરાત કરી છે.

ઝઘડિયા તાલુકો આદિવાસી બાહુલ વસ્તી ધરાવતો તાલુકો છે ત્યારે આ લીઝોમાં એક તરફ આદિવાસી સમાજના લોકોની જમીનો ગઈ છે. ઉપરાંત મોટા ભાગની લીઝો ૭૩-એએની જમીન તેમજ ગૌચરની જમીનો પર બનાવવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું છે. બીજી તરફ મોટાભાગની લીઝોમાં ગ્રામ સભાનો મંજૂરીનો ઠરાવ થયો નથી તેમજ પર્યાવરણ મંજૂરી પણ મેળવાઈ નથી. જેના કારણે આ લીઝોને રદ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

# અંકલેશ્વર GIDCની શ્રી રામ મેટલ કંપનીમાં યુવાને ગળેફાંસો લગાવી કર્યો આપઘાત



અંકલેશ્વર, તા.૧
અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ઉદ્યોગ મંડળની ઓફિસ નજીક આવેલ શ્રીરામ મેટલ કંપનીમાં યુવાને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. દીલસાદ અલી નામના યુવાને કંપનીમાં છતની એંગલ સાથે ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણ અન્ય કામદારોને થતા તેઓએ કંપની સત્તાધીશોને જાણ કરી હતી. તો બીજી તરફ બનાવની જાણ થતા જ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતકના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. યુવાને અંતિમવાદી પગલું શા માટે ભર્યું તે હજુ સુધી બહાર આવી શક્યું નથી ત્યારે યુવાનના આપઘાત પાછળનું કારણ શોધવા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ કરવામાં આવ્યો છે.

# નડિયાદના બે યુવાનોએ આર્મ રેસલિંગમાં જિલ્લા કક્ષાએ અવ્વલ રહી મેડલ મેળવ્યા



(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૧
નડિયાદ શહેરના બે યુવાનોએ હાથના પંજા લડાવવાની આર્મ રેસલિંગની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બની શહેરનું નામ ગુંજતું કર્યુંછે. આ યુવાનોએ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પણ સ્થાન નિશ્ચિત કર્યું છે.

નડિયાદ શહેરના વહોરા અમાન કાદીરભાઈ અને વોરા સેહબાજ સમીરભાઈએ તા.૩૦/૧૧/૨૦૨૫, રવિવારના રોજ વડોદરા જિલ્લાના પાદરા ખાતે યોજાયેલી આર્મ રેસલિંગ (હાથના પંજા લડાવવાની સ્પર્ધા)ની જિલ્લા લેવલની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બંને યુવાનોએ પોતાની શારીરિક ક્ષમતા અને મજબૂત પકડનો પરિચય આપીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે બંને યુવાનોએ પોતપોતાની કેટેગરીમાં વિજય મેળવીને નડિયાદ શહેરનું નામ રોશન કર્યુ છે. જેને કારણે હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પણ સિલેક્ટ થયા છે. જિલ્લા કક્ષાએ વિજય મેળવીને રાજ્ય કક્ષાએ સિલેકશન થવાથી તેમના પરિવારજનો અને મિત્રવર્તુળમાં ખુશીનો માહોલ છવાયો છે. આ બંને ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગુજરાતનું નામ દેશભરમાં ગૌરવવંતુ બનાવે તેવી આશા સૌ કોઈ સેવી રહ્યું છે.

# જૂનાડીસામાં બંધ મકાનમાં ઘરફોડ ચોરી

ડીસા, તા.૧
જૂનાડીસા ગામના ખળવાડ વિસ્તારમાં રહેતા નરસિંહભાઈ વાસીભાઈ પ્રજાપતિ પરિવાર સાથે લગ્ન પ્રસંગ અર્થે મકાન બંધ કરી બહાર ગયા હતા.તે દરમિયાન રાતના સમયે અજાણ્યા તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનમાં પ્રવેશી રોકડા રૂા.૫૦,૦૦૦ અને સોનાના દાગીના મળી કુલ રૂા.૧,૦૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે ચોરીની જાણ થતાં મકાન માલિક દોડી આવ્યા હતા અને મકાનમાં તપાસ કરતા ચોરીની જાણ થઈ હતી. આ બાબતે તેમણે રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવના પગલે ગામલોકોમાં ભયનો માહોલ છવાયો છે અને ગામલોકોએ પોલીસ દ્વારા ચુસ્ત રાત્રિ પેટ્રોલિંગની માંગ કરી હતી.

# અંકલેશ્વર GIDC પોલીસે જાહેર માર્ગ ઉપર જોખમી સ્ટંટ કરનાર બાઈકચાલકની ધરપકડ કરી

અંકલેશ્વર, તા.૧
અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવસર્જન બેંક સર્કલથી માનવ મંદિર તરફ જતા જાહેર રસ્તા પર સ્ટંટ કરી રાહદારી તેમજ બીજા અન્ય વાહન ચાલક ઈસમોની જીંદગી જોખમમાં મૂકી બેદરકારી પુર્વક ડ્રાઈવિંગ એક ઈસમે કરેલ હોવાનું સોસીયલ મીડિયા મારફતે અંકલેશ્વર GIDC પોલીસના ધ્યાને આવતા અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તાત્કાલિક તપાસ કરી આવા જોખમી સ્ટંટ કરનાર ઈસમ સુરજ S/o સાગરભાઈ સુનાર, રહે.પ્લોટ નં.૨૬૧, જી.આઈ.ડી.સી. ઓફિસ રોડ, અંકલેશ્વર, જી.ભરૂચ નાઓને શોધી કાઢી તેની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે અને જે બાઈક ઉપર જોખમી સ્ટંટ કરવામા આવેલ તે બાઈક કબજે કરવામાં આવેલ છે.

# ઈતિહાસ બદલવા નીકળેલા ભાજપના લોકોએ ઐતિહાસિક માધુપાવડિયા ઘાટનું નામ બદલીને હિન્દુ સંસ્કૃતિનું અપમાન કર્યું : અમિત ચાવડા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામેથી કરવામાં આવી જે બાદ યાત્રા લાલપુર, સિદ્ધપુર, ગોગલાસણ, ઉમરૂં, કાકોશી, મેત્રાણા, કુંવારા, લવારા, કલ્યાણા, દશાવાડા, નિદ્રોડા, વડુ, ચારૂપ, નાયતા, કાંસા માર્ગે પાટણ તરફ આગળ વધી યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે સરસ્વતી નદીના કિનારે આવેલો ઐતિહાસિક માધુપાવડિયા ઘાટ સદીઓની આસ્થા અને ઈતિહાસનું પ્રતિક છે. પરંતુ સત્તામાં બેઠેલ લોકોએ આ ઘાટનું નામ બદલી હીરાબા સરોવર રાખીને નવી તકતી લગાવીને સમગ્ર ઈતિહાસને ભૂંસવાનો પ્રયત્ન કર્યો તે હિન્દુ સંસ્કૃતિનું અપમાન છે. જો સરકાર આ રીતે જ લોકોની આસ્થાનું અપમાન કરતી રહેશે તો આગામી સમયમાં નાગરિકોને આ રાજકીય તકતીઓ ઉખાડતાં સમય નહીં લાગે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના રાજમાં ગૌચરની જમીનો તેમના મળતીયાઓ દ્વારા પડાવી લેવામાં આવી છે ભાજપના નેતાઓ જિલ્લામાં શિક્ષણનું વેપારિકરણ કરી રહ્યા છે પ્રાઈવેટ કોલેજો અને સ્કૂલો ચલાવી રહ્યા છે જ્યાં મસમોટી ફી વસુલવામાં આવી રહી છે રોડ રસ્તાઓની ખરાબ હાલત છે જિલ્લામાં રોજગારી ન મળતા યુવાઓને પોતાના ઘર છોડીને મોટા શહેરોમાં જવા મજબુર થવું

## ગુજરાતમાં જનતા નહીં પરંતુ અધિકારીઓનું રાજ ચાલે છે : ડૉ. તુષાર ચૌધરી



પડી રહ્યું છે ૩ દશકથી સત્તામાં હોવા છતાં હજુ સુધી જિલ્લામાં લોકોને પીવાના પાણીની સમસ્યા છે સિંચાઈ માટે પાણીની સમસ્યા છે કુદરતી આફતોમાં ખેડૂતોને સરકાર દ્વારા યોગ્ય વળતર નથી આપવામાં આવતું. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, જ્યારે દેશમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોંગ્રેસે ખેડૂતોને ક્યારેય દેવાદાર નથી થવા દીધા કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા કોંગ્રેસમાં રાજમાં ખેડૂતો, ખેતમજૂરો, મધ્યમવર્ગના લોકો સુખી હતા જ્યારે હાલની સરકારના નાનાથી લઈને મોટા એક પણ વર્ગના લોકો સુખી નથી કારણ કે હાલમાં જનતાનું નહિ પણ અધિકારીઓનું રાજ છે એટલા માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી સુભાષિની યાદવ, AICC મીડિયા&પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેરા, પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. તેમ અખબારી યાદીમાં કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે.

# કોર્ટમાં તથ્ય પટેલ સામેની ટ્રાયલ શરૂ થતાં જ સાક્ષીની તબિયત લથડી

### નાદુરસ્ત તબિયતનું કારણ આપી જુબાની ન આપી શકતા સાક્ષીને કોર્ટે સવાલ કર્યો કે, શું તમે ગભરાયેલા છો ? કોઈ તમને ધમકી આપી રહ્યું છે ?

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

વર્ષ ૨૦૨૩માં ૨૦ જુલાઈની રાત્રે અમદાવાદમાં બેફામ સ્પીડે કાર દોડાવી ઈસ્કોનબ્રિજ પર અકસ્માત સર્જી ૯ લોકોનાં મોત નિપજાવનારા તથ્ય પટેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે ૩ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા અને સાક્ષીઓનાં નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો હતો. જેને પગલે ૧૮ નવેમ્બરે તથ્ય અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ચાર્જ ફ્રેમ થયો હતો. ત્યાર બાદ આજે(૧ ડિસેમ્બર, ૨૦૨૫) ટ્રાયલ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આ કેસની ટ્રાયલ શરૂ થતાની સાથે જ એક સાક્ષીની તબિયત લથડી હતી. સાક્ષી નાદુરસ્ત તબિયતનું કારણ આપી જુબાની ન આપી શકતા સાક્ષીને કોર્ટે સવાલ કર્યો હતો કે શું તમે ગભરાયેલા છો ? કોઈ તમને ધમકી આપી રહ્યું છે ?

સમગ્ર ઘટના નજરે જોનાર સાક્ષી હાલ જુબાની ન આપી શકતા તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા કોર્ટે આદેશ કર્યો હતો. અકસ્માત કેસના તપાસ અધિકારી DYSP એસ.જે.મોદીને કોર્ટે સાક્ષીને હકીકતમાં તકલીફ છે કે અન્ય કારણો છે તેની તપાસ કરવા આદેશ કર્યો છે. આ કેસની પ્રક્રિયા દરમિયાન આરોપી અને જામીન પર મુક્ત તથ્યના પિતા પ્રગ્નેશ પટેલ પણ કોર્ટ રૂમમાં હાજર હતા. આજે કેસની ટ્રાયલમાં આગળ વધુ કાર્યવાહી થઈ શકે છે.

# મેઘાણીનગરમાં ચાલીને જઈ રહેલા યુવકની હત્યા કરી અજાણ્યો શખ્સ ફરાર

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર મોડીરાતે એક યુવકને પીઠ પર છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. પ્રેમ સંબંધમાં યુવકની હત્યા થઈ હોવાની શંકાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર ચાલતા ચાલતા મિત્ર સાથે જઈ રહેલા ચંદ્રશેખર તોમરની ગઈકાલે મોડીરાતે હત્યા કરવામાં આવી છે. ચંદ્રશેખર તોમર સંયુક્ત પરિવારમાં રહે છે અને નોકરી કરીને ગુજરાન ચલાવતો હતો. ચંદ્રશેખર તોમર ચાલતો હતો ત્યારે કોઈ અજાણ્યો શખ્સ આવ્યો હતો અને પીઠ પર છરીના આડેધડ છરીના ઘા ઝીંકીને ફરાર થઈ ગયો હતો. ચંદ્રશેખર લોહીથી લથબથ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો જ્યા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

ચંદ્રશેખરના પરિવારજનોને સમગ્ર હકીકતની જાણ થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ટુંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ ચંદ્રશેખરને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા મેઘાણીનગર પોલીસ સ્થળ પર પહોંચી હતી.ચંદ્રશેખરની હત્યા કોણે કરી તે રહસ્ય હજુ સુધી અકબંધ છે પરંતુ પ્રેમ પ્રકરણમાં હત્યા થઈ હોવાની શક્યતા છે જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, મેઘાણીનગર વિસ્તારમાં એક જ અઠવાડીયામાં બે હત્યાની ઘટના સામે આવી છે.

### રાજકોટની ભાજપના આગેવાનની કોલેજ અંગેનો વીડિયો વાયરલ !

# આયુર્વેદિક કોલેજના પ્રિન્સીપાલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને આપી ખુલ્લી ધમકી

### વિદ્યાર્થીઓને ચામડી ઉતારી દેવાની અને મંત્રી રિવાબાને બોલાવવા હોય તો બોલાવી લેવાનો કર્યો પડકાર

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

રાજકોટની ગાર્ડી વિદ્યાપીઠ આયુર્વેદિક કોલેજમાં વિદ્યાર્થીઓ પાસેથી પ્રપોઝ્ડ ફીના નામે ૬૦-૬૦ હજાર રૂપિયા ઉઘરાવવામાં આવતા વિરોધનો સુર ઉઠ્યો હતો. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલે ધમકાવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. વાઈરલ વીડિયોમાં પ્રિન્સિપાલ વિદ્યાર્થીને ચામડી ઉતારી નાખવાની અને રીવાબાને બોલાવવા હોય તો બોલાવી લેવાની ધમકી આપતા જોવા મળી રહ્યા છે.

સમગ્ર વિવાદ બાદ કોલેજ સંચાલક દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી જે પ્રપોઝ્ડ ફી વસૂલવામાં આવી છે તે પરત કરી દેવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસના સૌરાષ્ટ્ર પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટના કાલાવડ રોડ પર ગાર્ડી વિદ્યાપીઠની અંદર આવેલી વી. એમ. મેહતા આયુર્વેદિક ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફરિયાદ આવી હતી કે અમે બીજા વર્ષના વિદ્યાર્થીઓ છીએ અને આયુર્વેદિક કાઉન્સિલ દ્વારા જ્યારે અમને આ કોલેજમાં પ્રવેશ મળ્યો ત્યારે પરીક્ષા ફી રૂા.૩૦૦૦ લેવામાં આવી હતી. જોકે આ કોલેજના સંચાલક ડી.વી. મહેતા છે. જે શાળા સંચાલક મંડળના પૂર્વ પ્રમુખ અને ભાજપના આગેવાન છે. જેઓ સરકારના નિયમોનું ઉલ્લંઘન કરીને વધારાની રૂા.૬૦૦૦૦ ફી લે છે. જે બાદ જામનગર આયુર્વેદિક યુનિવર્સિટીના અધિકારીઓની ટીમ ઈન્સ્પેક્શન માટે આવી હતી તે પહેલા કોલેજ સંચાલક મહેતા અને તેના માણસો દ્વારા વિદ્યાર્થીઓને એવું દબાણ કરવામાં આવ્યું હતું કે, જ્યારે આ ટીમ આવે ત્યારે તેમની સમક્ષ એવું કહેવાનું કે અમારી પાસેથી કોઈપણ પ્રકારની વધારાની ફી લેવામાં આવતી નથી. આ ઉપરાંત રૂા.૩૦,૦૦૦ ફી રિફંડ કરી દીધી છે તેવું બળજબરીથી લખાવી લીધુ. આ પ્રકારના એકથી ચાર વર્ષના વિદ્યાર્થીઓ પાસેથી ખોટી રીતે ફી ઉઘરાવવામાં આવી છે.

જેને લઈને આજે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આયુર્વેદ કોલેજના કેમ્પસ ખાતે એકત્ર થયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જેમાં દેખાઈ રહ્યું છે કે કોલેજના પ્રિન્સિપાલ રવિકાંત ગોયલ દ્વારા વિદ્યાર્થીઓને ધમકી આપવામાં આવે છે કે તમારી ચામડી ઉતારી નાખવામાં આવશે અને આ બાબતે તમારે કોને ફરિયાદ કરવી છે રીવાબા જાડેજાને કરવી હોય તો પણ ભલે અને પૂનમબેન માડમને ફરિયાદ કરવી હોય તો પણ કરી દો.

આ બાબતે કોલેજના સંચાલક ડી.વી. મેહતાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતુ કે, અહીં દર વર્ષે આયુર્વેદના ૪ વર્ષના ૨૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અમે છેલ્લા ૭ વર્ષથી કોલેજની ફીમાં એક પણ રૂપિયાનો વધારો કર્યો નથી. જેથી અમે આયુર્વેદ કાઉન્સિલ સમક્ષ પ્રપોઝ્ડ ફી મૂકી હતી જે રૂપિયા ૬૦૦૦૦ વધારે હતી. સાત વર્ષ પછી ફી વધારો કરવામાં આવ્યો જેથી વિદ્યાર્થીઓને એવું લાગ્યું કે ખોટી રીતે ફી ઉઘરાવવામાં આવે છે પરંતુ એ હકીકત નથી અમે પ્રપોઝ્ડ ફી જ ઉઘરાવી છે અને એ ફી પણ હાલ વિદ્યાર્થીઓને રિફંડ આપી દઈએ છીએ. જ્યારે આ કોલેજના પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવ્યા અને પૂનમબેનને કે રીવાબાને ફરિયાદ કરવી હોય તો કરી દો તેવું જાહેરમાં કહેવામાં આવ્યું તે બાબતે પૂછવામાં આવતા કોલેજ સંચાલકે જણાવ્યું હતું કે, પ્રિન્સિપાલને હું કહી દઉં છું આવું જો બોલ્યા હોય તો તે યોગ્ય નથી.

# સુરત CA એસોસિએશને ઈન્કમટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલની ખામીઓ પર વળતર અને સમિતિ રચવા માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧

ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિયેશન ઓફ સુરત (CAAS) દ્વારા ઇક્મ ટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલ પર સતત ટેકનિકલ ખામીઓ અને તેના બિન-કાર્યકારી હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં જણાવાયું છે કે સપ્ટેમ્બરથી વપરાશકર્તાઓ પોર્ટલ પર વારંવાર આવતા આઉટેજ, લોગિન નિષ્ફળતા, એરર કોડ્સ અને પ્રોસેસિંગ અટકી જવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જે મહત્વની ફાઈલિંગ તારીખો દરમિયાન પણ ચાલુ રહી હતી. ખાસ કરીને, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના લંબાવવામાં આવેલા ડ્યુડેટ પર સિસ્ટમે 'ડિનાયલ ઓફ સર્વિસ'નો અનુભવ કર્યો હોવાનું નોંધાયું છે. એસોસિયેશનનો દાવો છે કે આ નિષ્ફળતાઓએ કરદાતાઓને તેમની કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવાથી અસરકારક રીતે અટકાવ્યા છે. જવાબદાર સત્તાવાળાઓ સમક્ષ સમયની ભરપાઈ માટે વિગતવાર રજૂઆત કરવા છતાં, અરજદારોનું કહેવું છે કે કોઈ જવાબ કે કાર્યવાહી કરવામાં આવી નથી. દાખલ કરવામાં આવેલી આ અરજી વ્યાપક પ્રણાલીગત સુધારાની માંગ કરે છે. મુખ્ય માંગણીઓમાં જોઈએ તો સત્તાવાળાઓને દર વર્ષે ૧ એપ્રિલ સુધીમાં ITR ફોર્મ અને યુટિલિટીઝ બહાર પાડવાનો નિર્દેશ આપવો, સાથે વિલંબ માટે સ્પષ્ટ જવાબદારી માળખું બનાવવું. પ્રી-ફાઈલિંગ વેલિડેશનને માત્ર મૂળભૂત ઓળખ અને માળખાકીય તપાસ (સ્ટ્રક્ચરલ ચેક્સ) પૂરતું જ મર્યાદિત કરવું. એકવાર રિટર્ન સફળતાપૂર્વક અપલોડ થઈ જાય, પછી તેને ફાઈલ કરેલું ગણવું, અને કલમ ૧૩૯(૯) હેઠળની ખામીની નોટિસ માટે સુધારા માટે પૂરતો સમય આપવો. પોર્ટલના ડાઉનટાઇમ, યુટિલિટીઝના વિલંબિત પ્રકાશન અથવા અન્ય સિસ્ટમ નિષ્ફળતાઓને કારણે થયેલા તમામ પરિણામી વ્યાજ (કલમ ૨૩૪A અને ૨૩૪C), લેટ ફી (કલમ ૨૩૪F), અને દંડ (કલમ ૨૭૧B)ની આપોઆપ માફી (વેવર) અથવા મુક્તિ (કન્ડોનેશન) આપવી તેવી માંગણી છે. લાંબા ગાળાની દેખરેખ માટે, એસોસિયેશન સ્વતંત્ર ટેકનિકલ મોનિટરિંગ કમિટીની રચના માટે દબાણ કરી રહ્યું છે, જેમાં ICAI, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર અને ઉદ્યોગના નિષ્ણાતોનો સમાવેશ થાય. આ સમિતિ ત્રિમાસિક ઓડિટ કરશે, જાહેર ડેશબોર્ડ પર ડેટા પ્રકાશિત કરશે અને હાઈકોર્ટમાં નિયમિત સ્થિતિ અહેવાલો ફાઇલ કરશે. અંતે, આ અરજીમાં તાત્કાલિક વચગાળાની રાહત તરીકે ૧૦ થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ની વચ્ચે થયેલા વ્યાજ અને દંડની જવાબદારીઓને સ્થગિત કરવા અને આપોઆપ માફ કરવા વિનંતી કરવામાં આવી છે, જે સમયગાળા દરમિયાન પોર્ટલ આંશિક અથવા સંપૂર્ણપણે બિન-કાર્યરત હતું. પીટીશનની સુનાવણી આગામી દિવસોમાં થશે.

# રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

રાજ્યમાં સોમવારે ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ સાથે કંડલા સૌથી વધુ ઠંડુ રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં નલિયાના લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો છે. અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે, તો કેટલાંક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયમાં ગરમી અનુભવાઈ રહી છે. સતત ઠંડુ રહેતું શહેર નલિયામાં ગઈકાલે ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં છેલ્લા બે દિવસથી સતત એકથી બે ડિગ્રીનો વધારો નોંધાયો છે, જેથી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

### રેરાએ રિયલ એસ્ટેટમાં લાગુ કર્યો નવો નિયમ

# કન્સ્ટ્રક્શન સાઈટ પર બિલ્ડરોએ મૂકવું પડશે 'ખાસ' બોર્ડ

### QR કોડ સ્કેન કરીને પ્રોજેક્ટની સંપૂર્ણ વિગતો જાણી શકાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

બાંધકામ સાઈટને લગતી કોઈ પણ માહિતી મેળવવી હોય તો બિલ્ડર તેની ઓફિસ કે પછી રેરાની સાઈટ પર જઈને ખાંખાખોળા કરવા પડે છે. પરંતુ ૧ ડિસેમ્બરથી નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. બાંધકામ સાઈટને લગતી તમામ માહિતીનું બોર્ડ QR કોડ સ્કેન સાથે ફરજિયાતપણે સ્થળ પર લગાવવામાં આવશે. પ્રોજેક્ટના સ્થળે તમામ માહિતીના બોર્ડ, બેનર લગાવવા RERAએ હુકમ કર્યો છે.

અત્યાર સુધી એવું હતું કે, કોઈ પ્રોજેક્ટ, બાંધકામ સાઈટની માહિતી ગ્રાહકને જોઈતી હોય તો તેમને બિલ્ડરની ઓફિસનો સંપર્ક સાધવો પડતો હતો અથવા તો પ્રોજેક્ટ સંબંધી માહિતી માટે રેરાની વેબસાઈટ ફેંદવી પડી હતી. તેમ છતાં અનેક લોકોને પ્રોજેક્ટ અંગેની પૂરતી માહિતી મળી રહેતી નથી. આ કારણે નાગરિકો હેરાન થતા હોય છે. તેથી રેરાએ નાગરિકોના હિતમાં નવો હુકમ બહાર પાડ્યો છે.

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA)એ હુકમ કર્યો કે, દરેક બાંધકામ સાઈટ પર ડેવલપર- બિલ્ડર દ્વારા પ્રોજેક્ટને લગતી તમામ માહિતીનું બેનર બોર્ડ QR કોડ સાથે લગાવવાનું રહેશે. જો કોઈપણ બિલ્ડર કે ડેવલોપર આ નિયમનું પાલન નહીં કરે તો તેને દંડ કરવામાં આવશે. આ નવો નિયમ ૧ ડિસેમ્બરથી લાગુ પડશે.

રેરાના આ નિયમથી ગ્રાહકોને ફાયદો થશે. તેમના ધરમધક્કા ઘટી જશે. નાગરિકોને સહેલાઈથી બાંધકામ સાઈટને લગતી માહિતી મળી રહેશે. આ ઉપરાંત ક્યુઆર કોડથી એક જ પ્લેટફોર્મ પર સાઈટને લગતી માહિતી ઉપલબ્ધ રહેશે.

# GST ઘટવા છતાં ગુજરાતની આવકમાં વધારો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

એપ્રિલથી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં ગુજરાતને જીએસટી હેઠળ ૫૨,૩૯૦ કરોડની આવક થયેલી છે. તેની સામે ગત વર્ષના આ જ સમયગાળામાં રાજ્ય જીએસટીને ૪૮,૦૮૫ કરોડની આવક થઈ હતી. ગત વર્ષના આ સમયગાળાની સરખામણીમાં રાજ્ય જીએસટીને ૨૦૨૫ના સાત મહિનામાં ૪,૩૦૫ કરોડ એટલે કે ૯% આવક વધુ થઈ છે.

જીએસટીમાં સુધારા થયા પછી નવેમ્બર- ૨૦૨૫ માં એટલે કે એક જ મહિનામાં ગુજરાત રાજ્યને જીએસટી

### ગત વર્ષની સરખામણીમાં આવક ૯ ટકા વધી

હેઠળ ૬,૭૨૩ કરોડની આવક થઈ છે, જ્યારે ગત નવેમ્બર-૨૦૨૪માં ૬,૬૫૫ કરોડ થઈ હતી. જે ગત વર્ષના સાત મહિનાની સરખામણીમાં ૬૮ કરોડ વધુ થઈ છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ગત ૨૦૨૪ના સાત મહિનાની સરખામણીમાં ૨૦૨૫ના સાત મહિનામાં ૧% વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બર- ૨૦૨૫ માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૦.૭ % રહેલો છે.

રાજ્યને નવેમ્બર-૨૦૨૫ના એક જ મહિનામાં વેટ હેઠળ રૂા.૨,૭૦૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ ૧૦૨૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ ૧૪ કરોડની આવક થઈ છે. આમ, રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ ૧૦,૪૬૯ કરોડની આવક થઈ છે. જ્યારે મોબાઈલ સ્ક્વૉડ દ્વારા થતી તપાસ કામગીરી દરમિયાન નવેમ્બર- ૨૦૨૫માં રૂા.૩૨.૪૦ કરોડની આવક થયેલી જે ગત વર્ષના સમાન માસ દરમ્યાન થયેલી ૨૦.૦૩ કરોડ સામે ૬૧.૭ % વધારે છે.

### અકસ્માત સ્થળે પરિવારજનોનું હૈયાફાટ રૂદન

# એસજી હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલક યુવાનનું કરૂણ મોત

### ફરાર વાહનચાલકને પકડવા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

શહેરના એસજી હાઈવે પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ બને છે. ત્યારે આજે વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. સોમવારે વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. આ અંગે એસજી ૧ ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કથન ખરચર નામનો ૨૧ વર્ષીય યુવક ગાંધીનગર ખાતે પોતાના મામાના ઘરે રહે છે. કથન YMCA પાસે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કથન રોજની જેમ આજે(૧ ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી બાઈક પર ઓફિસ જવા નીકળ્યો હતો. નિરમા યુનિવર્સિટી પાસે પહોંચતાં સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ કથનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. એને લીધે કથન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક-પોલીસ અને મૃતક યુવકનાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યાં હતા. યુવાન દીકરાનું મોત થતાં પરિવારજનો હૈયાફાટ રૂદન કરી રહ્યાં હતાં. ટ્રાફિક-પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકને શોધી કાઢવા CCTV ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે. એસજી ૧ ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PI આર.વી વીછીએ જણાવ્યું હતું કે અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક નાસી ગયો છે. પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

### ધો. ૯ અને ૧૨માં ખાલી જગ્યા ભરવા કરી માંગ

# ગાંધીનગરમાં ફરી એકવાર ટાટ પાસ ઉમેદવારોએ યોજ્યાં ધરણાં

### ભારે સૂત્રોચ્ચાર સાથે સરકાર પાસે શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માંગ કરી હતી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧

ગાંધીનગરમાં આજે ટાટ પાસ ઉમેદવારો ભેગા થયા હતાં. તેમણે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ધરણાં યોજી શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માંગ કરી હતી. ધરણાં કરી રહેલા ઉમેદવારોએ સૂત્રોચ્ચાર કર્યા હતાં. ગુજરાતમા ફરીવાર શિક્ષકોની ભરતી મુદ્દે આંદોલન શરૂ થયું છે.

પાટનગર ગાંધીનગરમાં આજે ટાટ પાસ ઉમેદવારો દેખાવો કરવા માટે ભેગા થયા હતાં. તેમણે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ધરણાં યોજી શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માગ કરી હતી. ધરણાં કરી રહેલા ઉમેદવારોએ સૂત્રોચ્ચાર કર્યા હતાં. કચ્છની જેમ ધો.૯ અને ૧૨માં શિક્ષકોની ભરતી કરવા માગ કરાઈ હતી.

ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ટેટ પાસ ઉમેદવારોઓ એકઠા થઈને શિક્ષક ભરતીની માગ સાથે ધરણાં કર્યા હતાં. ભારે સુત્રોચ્ચાર સાથે સરકાર પાસે શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માગ કરી હતી. ધો. ૯ અને ૧૨માં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે ઉમેદવારોએ માગ કરી હતી. આ ઉપરાંત ચાલુ ભરતીમાં પણ બીજો રાઉન્ડ બહાર પાડવાની માંગ કરી હતી.

### ગટરમાં પડવાથી વૃદ્ધના મોત અંગે કાર્યવાહી

# AMCની ઉત્તર ઝોનના આસિ. ઈજનેર અને ટેક્નિકલ સુપરવાઈઝર સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં આવેલા A વોર્ડના રોડ પરના રાત્રિ દરમિયાન નંદલાલભાઈ તેમનું વાહન લઈને પસાર થતાં હતા. ત્યારે ખાડામાં પડતા વાહન સ્લીપ થઈ ગયા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી જેથી તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બીજા દિવસે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. સ્થાનિક નાગરિકો દ્વારા આ ખાડાને રીપેરીંગ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણ વખત ફરિયાદ કરી હોવા છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ ધ્યાન આપવામાં ન આવ્યું અને ખાડાના કારણે એક વ્યક્તિએ જીવ ગુમાવતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તર ઝોનના સૈજપુર વોર્ડના આસિસ્ટન્ટ ઈજનેર અને ટેક્નિકલ સુપરવાઈઝર બંનેને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બંને વિરૂદ્ધ ખાતાકીય તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કુબેરનગર A વોર્ડ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૦ :૨૦:૧૦ સ્કીમ અંતર્ગત રોડ બનાવવામાં આવ્યો હતો આ રોડ ટીપી રોડ અથવા તો સોસાયટીનો આંતરિક રોડ હોવાની માહિતી છે જોકે આ રોડ ઉપર ગટરનું ઢાંકણું તૂટી ગયું હોવા અંગેની મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્થાનિક નાગરિકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હોવા છતાં પણ ઉત્તર ઝોનના સૈજપુર વોર્ડના આસિસ્ટન્ટ ઈજનેર અને ટેક્નિકલ સુપરવાઈઝર દ્વારા ત્યાં સ્થળ ઉપર કામગીરી કરવામાં આવી નહોતી જેના પગલે તપાસ બાદ બંનેને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# ઈઝરાયેલ-પેલેસ્ટીની સંઘર્ષનો બે-રાજ્ય ઉકેલ 'એકમાત્ર રસ્તો' : પોપ લીઓ

(એજન્સી) તા.૧

પોપ લીઓ XIVએ રવિવારે ઈઝરાયેલ-પેલેસ્ટીની સંઘર્ષના ઉકેલ માટે બે-રાજ્ય ઉકેલ પર હોલી સીના ભારને પુનરાવર્તિત કર્યો, તેમની પ્રથમ હવાઈ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે તે 'એકમાત્ર ઉકેલ' છે જે બંને પક્ષો માટે ન્યાયની ખાતરી આપી શકે છે. પોપ તરીકેની તેમની પ્રથમ મુલાકાતના બીજા અને અંતિમ તબક્કા માટે ઈસ્તંબુલથી બેરૂત જતી વખતે લીઓએ આ ટિપ્પણી કરી. જોકે લીઓએ અગાઉ તેમના દેશના ઘરે અનૌપચારિક મેળાવડામાં પત્રકારોના પ્રશ્નોના જવાબ આપ્યા છે, આ ટૂંકી મુલાકાત પોપ તરીકેની તેમની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ હતી, અને તેમણે મીડિયા સાથે જોડાવા માટે તેમની મુલાકાતોનો ઉપયોગ કરવામાં તેમના પુરોગામીની પરંપરાનું પાલન કર્યું. પરંતુ આ ફક્ત તુર્કી પત્રકારોના બે પ્રશ્નો પૂરતું મર્યાદિત હતું. એક તુર્કી પત્રકારે અમેરિકન પોપને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથેની તેમની ખાનગી વાતચીત અને શું તેઓએ ગાઝા અને



યુક્રેનના યુદ્ધો પર ચર્ચા કરી હતી તે વિશે પૂછ્યું. લીઓએ ખાતરી આપી કે તેમણે આ વાત કરી હતી અને જણાવ્યું કે તુર્કીએ બંને સંઘર્ષોમાં 'મુખ્ય ભૂમિકા' ભજવી હતી અને ઉમેર્યું કે એર્દોગનની સરકારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધોનો અંત લાવવા માટે નીચા સ્તરની મંત્રણાને સરળ બનાવવામાં મદદ કરી છે.

# ભ્રષ્ટાચારના કેસોમાં નેતાન્યાહુએ ઈઝરાયેલી રાષ્ટ્રપતિને માફી અરજી સુપરત કરી

(એજન્સી) તા.૧

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગને લાંબા સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચારના કેસ દરમિયાન માફી આપવા વિનંતી કરી છે, જેણે દેશને કડવાશથી વિભાજીત કર્યો છે. રવિવાર, ૩૦ નવેમ્બરના રોજ એક નિવેદનમાં, વડા પ્રધાન કાર્યાલયે જણાવ્યું કે નેતાન્યાહૂએ રાષ્ટ્રપતિ કાર્યાલયના કાનૂની વિભાગને માફી માટે ઔપચારિક વિનંતી સુપરત કરી છે. અરજીમાં તેમના વકીલ અમિત હદાદની ૧૧૧ પાનાની અરજી અને નેતાન્યાહૂનો વ્યક્તિગત પત્ર સામેલ હતો. રાષ્ટ્રપતિ કાર્યાલયે માફીની વિનંતીને 'નોંધપાત્ર પરિણામો' સાથે 'અસાધારણ' પગલું ગણાવ્યું. ૨૦૨૦માં શરૂ થયેલી નેતાન્યાહૂની ટ્રાયલ હજુ સુધી ઉકેલાઈ નથી. શ્રીમંત રાજકીય સમર્થકોને પક્ષપાત કરવાના આરોપો સાથે સંકળાયેલા



ત્રણ અલગ-અલગ ભ્રષ્ટાચારના કેસોમાં તેમના પર લાંચ લેવાનો એક આરોપ અને છેતરપિંડી અને વિશ્વાસ ભંગના ત્રણ ગુનાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઈઝરાયેલી ઈતિહાસમાં તેઓ એકમાત્ર એવા વડાપ્રધાન છે જેમના પર કેસ ચલાવવામાં આવ્યો છે અને તેમને કોઈ ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા નથી. ગયા મહિને નેતાન્યાહૂની ટિપ્પણી છતાં આ વિનંતી કરવામાં આવી છે. ૧૩ નવેમ્બરના રોજ, તેમણે જાહેરમાં જણાવ્યું હતું કે જો આમ કરવાનો અર્થ ગુનો સ્વીકારવાનો હોય તો તેઓ માફી માંગશે નહીં. આ પગલું અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧૨ નવેમ્બરના રોજ રાષ્ટ્રપતિ હર્ઝોગને મોકલવામાં આવેલા પત્ર બાદ લેવામાં આવ્યું હતું, જેમાં ઈઝરાયેલને નેતાન્યાહૂને માફ કરવા વિનંતી કરવામાં આવી હતી. ટ્રમ્પે ઈઝરાયેલને કેસ પાછો ખેંચી લેવા માંગ કરી અને આરોપોને 'રાજકીય' અને 'અન્યાયી' ગણાવ્યા હતા. વિપક્ષી નેતા યાયર લેપિડે રાષ્ટ્રપતિ હર્ઝોગને વિનંતી કરી કે તેઓ આ વિનંતીને તેના વર્તમાન સ્વરૂપમાં નકારી કાઢે. 'તમે નેતાન્યાહુને તેમના અપરાધ સ્વીકાર્યા વિના, પસ્તાવો વ્યક્ત કર્યા વિના અને રાજકીય જીવનમાંથી તાત્કાલિક ખસી ગયા વિના માફી આપી શકતા નથી,' લેપિડે એક વિડિઓ નિવેદનમાં જણાવ્યું હતું.

# ભ્રષ્ટાચારના કેસમાં રાષ્ટ્રપતિની માફી માટે નેતાન્યાહુની અરજીનો ઈઝરાયેલીઓએ વિરોધ કર્યો

(એજન્સી) તા.૧

ઈઝરાયેલીઓના ગુસ્સે ભરાયેલા ટોળાએ તેલ અવીવમાં રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગના ઘરની બહાર રેલી કાઢી હતી, જેમાં વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ ભ્રષ્ટાચારના આરોપોમાંથી સંપૂર્ણ માફી માંગી હતી. રવિવાર રાત્રે આ વિરોધ પ્રદર્શન ૭૬ વર્ષીય નેતાન્યાહૂએ તેમની સામે લાંબા સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચારના કેસમાં રાષ્ટ્રપતિ પાસેથી માફી માંગ્યાના થોડા કલાકો પછી જ કરવામાં આવ્યું હતું, પરંતુ તેમણે ન તો ગુનો સ્વીકાર્યો કે ન તો કોઈ પસ્તાવો વ્યક્ત કર્યો હતો. નામા લાઝીમી સહિત વિપક્ષના સાંસદો ડઝનબંધ કાર્યકરો સાથે હર્ઝોગના ખાનગી ઘરની બહાર 'માફી = બનાના રિપબ્લિક'ના નારા હેઠળ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને માંગ કરી કે તેઓ વિનંતીને નકારી કાઢે. એક પ્રદર્શનકારી નેતાન્યાહૂ જેવો પોશાક પહેરીને નારંગી જેલ-શૈલીનો જમ્પસૂટ પહેર્યો હતો, જ્યારે અન્ય લોકો કેળાના મોટા ઢગલા અને 'માફી' લખેલા પ્લેકાર્ડ પાછળ ઉભા હતા. સરકાર વિરોધી કાર્યકર્તા શિકમા બ્રેસ્લરે જણાવ્યું કે, 'તેઓ કોઈપણ જવાબદારી લીધા વિના, આ દેશને તોડવાની કિંમત ચૂકવ્યા વિના, તેમના ટ્રાયલને સંપૂર્ણપણે બરતરફ કરવાની માંગ કરી રહ્યા છે.' તેમણે જણાવ્યું કે,'ઈઝરાયેલના લોકો સમજે છે કે શું દાવ પર છે અને આ ખરેખર આપણા દેશનું ભવિષ્ય છે. દેશના સૌથી લાંબા




સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન નેતાન્યાહૂ, છેલ્લા પાંચ વર્ષથી ભ્રષ્ટાચારના ત્રણ અલગ-અલગ કેસોમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, જેમાં લાંચ, છેતરપિંડી અને વિશ્વાસ ભંગનો સમાવેશ થાય છે. એક કેસમાં, નેતાન્યાહૂ અને તેમની પત્ની સારા પર રાજકીય તરફેણના બદલામાં અબજોપતિઓ પાસેથી સિગાર, ઘરેણાં અને શેમ્પેન જેવી ૨,૬૦,૦૦૦ ડોલરથી વધુ કિંમતની લક્ઝરી વસ્તુઓ સ્વીકારવાનો આરોપ છે. તેમના પર બે અન્ય કેસોમાં પણ આરોપ છે કે તેમણે બે ઈઝરાયેલી મીડિયા આઉટલેટ્સ પાસેથી વધુ અનુકૂળ કવરેજ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. નેતાન્યાહૂએ આરોપોને નકારી કાઢ્યા છે અને તેમના વકીલોએ રાષ્ટ્રપતિ કાર્યાલયને લખેલા ૧૧૧ પાનાના પત્રમાં જણાવ્યું છે કે વડાપ્રધાન હજુ પણ માને છે કે કાનૂની કાર્યવાહી તેમને સંપૂર્ણ રીતે નિર્દોષ જાહેર કરશે. એક ટૂંકા વીડિયો નિવેદનમાં, નેતાન્યાહૂએ જણાવ્યું કે તેઓ પ્રક્રિયા પૂર્ણ થતી જોવા માંગે છે, 'પરંતુ સુરક્ષા અને રાજકીય વાસ્તવિકતાઓ-રાષ્ટ્રીય હિતો - અન્યથા નિર્દેશ કરે છે.' તેમણે જણાવ્યું કે, 'ટ્રાયલ ચાલુ રાખવાથી આપણને અંદરથી તોડી નાખવામાં આવી રહ્યા છે, ભયંકર વિભાજન થઈ રહ્યું છે અને વિભાજન વધુ પહોળું થઈ રહ્યું છે.'

# યુદ્ધવિરામ પછી ગાઝામાં ઈઝરાયેલી હુમલાઓમાં ૩૫૦થી વધુ પેલેસ્ટીનીઓના મોત

(એજન્સી) તા.૧

સ્થાનિક અધિકારીઓએ રવિવારે અહેવાલ આપ્યો કે ૧૦ ઓક્ટોબરથી યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યો ત્યારથી ઈઝરાયેલી હુમલાઓમાં ૩૫૭ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને ૯૦૩ અન્ય ઘાયલ થયા છે. ગાઝાના રાજ્ય મીડિયા કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે મોટાભાગના પીડિતો મહિલાઓ અને બાળકો હતા. કાર્યાલયે જણાવ્યું કે ઈઝરાયેલી સેના દ્વારા ૩૮ લોકોને મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને યુદ્ધવિરામના ૫૯૧ ઈઝરાયેલી ઉલ્લંઘનો દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા હતા, જેમાં નાગરિકો અને તેમના ઘરો અને તંબુઓ પર સીધો ગોળીબાર, બોમ્બમારો અને ઘરોનો તોડી પાડવાનો સમાવેશ થાય છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ ઉલ્લંઘનોએ વાતનો પુરાવો છે કે (ઈઝરાયેલી) કબજો કરારને નબળી પાડવા અને જમીન પર એક લોહિયાળ વાસ્તવિકતા બનાવવા માટે કટિબદ્ધ છે, જે ગાઝા પટ્ટીમાં સુરક્ષા અને સ્થિરતાને જોખમમાં મૂકે છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે યુદ્ધવિરામ છતાં વારંવાર ઈઝરાયેલી હુમલાઓ 'વિનાશ વધારવા



અને વસ્તીને સામૂહિક રીતે સજા આપવાના હેતુથી વ્યવસ્થિત ગુનાઓ છે, જે જીનીવા સંમેલનોનું ગંભીર ઉલ્લંઘન છે.' કાર્યાલયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, યુદ્ધવિરામ મધ્યસ્થી અને ગેરંટર્સ અને યુએન સુરક્ષા પરિષદને ઈઝરાયેલી હુમલાઓ રોકવા માટે ગંભીર અને અસરકારક પગલાં લેવા અને તેલ અવીવને કરારનું સંપૂર્ણ પાલન કરવા દબાણ કરવા માંગ કરી. તુર્કી, ઈજિપ્ત અને કતાર દ્વારા મધ્યસ્થી કરાયેલ અને યુએસ દ્વારા સમર્થિત યુદ્ધવિરામ કરાર ૧૦ ઓક્ટોબરના રોજ અમલમાં આવ્યો, જેનાથી બે વર્ષથી ચાલતા ઈઝરાયેલી હુમલાઓ બંધ થયા. આ હુમલાઓમાં ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ૭૦,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે અને ૧,૭૦,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. યુદ્ધવિરામ કરારના પ્રથમ તબક્કામાં પેલેસ્ટીની કેદીઓના બદલામાં ઈઝરાયેલી બંધકોની મુક્તિનો સમાવેશ થાય છે. આ યોજનામાં ગાઝાના પુનર્નિર્માણ અને હમાસ વિના નવી શાસન વ્યવસ્થાની સ્થાપનાનો પણ સમાવેશ થાય છે.

# અલી ફઝલ ઈજિપ્તમાં ગાઝા શરણાર્થીઓને મળ્યા, તેઓને વૈશ્વિક NGO માટે ગુડવિલ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા

**અલી ફઝલને ગુડવિલ કારવાં માટે આંતરરાષ્ટ્રીય ગુડવિલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે ઉત્તરી આફ્રિકા, મધ્ય-પૂર્વ અને યુરોપમાં શરણાર્થીઓને સહાય આપે છે**

(એજન્સી) તા.૧

ભારતીય અભિનેતા અલી ફઝલને ગુડવિલ કારવાં માટે નવા આંતરરાષ્ટ્રીય ગુડવિલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે ઉત્તરી આફ્રિકા, મધ્ય-પૂર્વ અને યુરોપમાં શરણાર્થીઓ અને વિસ્થાપિત લોકોને ટેકો આપતી વૈશ્વિક બિન-લાભકારી સંસ્થા છે. આ જાહેરાત માનવતાવાદી કાર્યોમાં ફઝલની વધતી જતી પ્રવૃતિઓ દર્શાવે છે. ગુડવિલ કારવાં સંઘર્ષ અને સતાવણીથી ભાગી રહેલા વ્યક્તિઓ અને પરિવારોને મહત્ત્વપૂર્ણ સહાય પૂરી પાડે છે, આશ્રય, ખોરાક, આરોગ્યસંભાળ, શિક્ષણ અને કાનૂની સહાય જેવા સંસાધનો પ્રદાન કરે છે. આ સંસ્થા શરણાર્થીઓને ગૌરવ અને સલામતી સાથે તેમના જીવનનું પુનર્નિર્માણ કરવામાં મદદ કરવા, તેઓ જે દેશમાં પહોંચે છે ત્યાં એકીકરણને ટેકો આપવા અને શોષણ પ્રત્યેની તેમની સંવેદનશીલતાને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ફઝલે તાજેતરમાં ઈજિપ્તની મુલાકાત લીધી હતી જ્યાં તેઓ શરણાર્થીઓ સાથે સીધા સંપર્કમાં આવ્યા હતા, ગાઝામાં સંઘર્ષમાંથી બચી ગયેલી મહિલાઓ અને બાળકોને મળ્યા હતા. પોતાના અનુભવ અંગે તેમણે કહ્યું કે, ગુડવિલ કારવાંનું કાર્ય મારા મનમાં છે. યુદ્ધોને કારણે સામાન્ય લોકો હંમેશા આજીવિકા ગુમાવે છે અને અહીં એક એવી ઈકો સિસ્ટમ છે જે લોકોને પુનઃનિર્માણ, સંબંધ અને ગૌરવ સાથે જીવવાની બીજી તક આપે છે. આ હેતુ માટે અને ગુડવિલ કારવાંની અદ્‌ભુત ટીમ દ્વારા અકલ્પનીય મુશ્કેલીઓ સહન કરનારા શરણાર્થીઓને ટેકો આપવા માટે કરવામાં આવી રહેલા અથાક પ્રયાસો માટે મારો સમય આપવા માટે હું સન્માનિત અનુભવું છું. હવે મારૂં પોતાનું એક બાળક છે અને કોઈ પણ પરિવાર, કોઈ પણ



વ્યક્તિ, ખાસ કરીને બાળકો યુદ્ધની ક્રૂરતાનો સામનો કરવા ન જોઈએ અને બીજા દેશમાં શરણાર્થી માટે ભાગી જવું જોઈએ નહીં. દરેક વ્યક્તિ ગૌરવને પાત્ર છે અને એક માણસ, એક પતિ, એક પુત્ર, એક પિતા આ બધાએ મને એવી દુનિયામાં સહાનુભૂતિ અને લાગણીની જરૂરિયાત વિશે વધુ જાગૃત કર્યો છે જે આપણને આ જ વૃત્તિઓથી દૂર કરી રહી છે. સોશિયલ મીડિયા પર આ સમાચાર શેર કરતા ફઝલે કહ્યું કે, 'મને લાગે છે કે, આ અત્યાર સુધીનો સૌથી મુશ્કેલ સિટ ડાઉન કેમેરા ઈન્ટરેક્શન હતો અને હજુ પણ જેની હું સૌથી વધુ રાહ જોતો હતો. અમને બધાને તમારી જરૂર છે. જાગૃત રહેવું અને કરૂણા રાખવી એ મારા જેવા કલાકારો માટે પવિત્ર છે અને મને લાગે છે કે, વિશ્વના ઘણા વિસ્તારોમાં યુદ્ધો અને દુષ્કાળ ચાલી રહ્યા છે. આ ફક્ત કેટલાક સારા કાર્યોનો એક ભાગ છે જેમાં આપણે વિસ્થાપિત પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોના જીવનમાં નવી આશા લાવવાની આશા રાખી શકીએ છીએ. અહીં, મને ગાઝામાં થયેલા નરસંહારમાંથી બહાર નીકળવામાં સફળ થયેલી થોડી સ્ત્રીઓ અને બાળકો સાથે વાતચીત કરવાનો અને સમય વિતાવવાનો મોકો મળ્યો. તેમની સાથે અમે ભાગી રહેલા સીરિયન શરણાર્થીઓને એકીકૃત કરવામાં મદદ કરી. ગુડવિલ સૌથી સંવેદનશીલ લોકો માટે કટોકટી સહાય વિતરણ અને આશ્રય અને શરણાર્થીઓ અને વિસ્થાપિત વસ્તી માટે કાનૂની સહાય સહિત આવશ્યક સુરક્ષા સેવાઓ પૂરી પાડે છે. ગુડવિલ કારવાંના આંતરરાષ્ટ્રીય રાજદૂત તરીકે, ફઝલ જાગૃતિ ફેલાવવા, NGOના પ્રોજેક્ટ્સ માટે સમર્થન એકત્રિત કરવા અને માનવ તસ્કરી અને સંવેદનશીલ લોકોના દુર્વ્યવહાર સામે અવાજ ઊઠાવવાનું કામ કરશે. તેમની ભૂમિકા બતાવે છે કે, કેવી રીતે સેલિબ્રિટીઓ તેમના પ્રભાવનો ઉપયોગ કરૂણા અને સારી કાર્યવાહીમાં જોડવા માટે કરી શકે છે, જેનાથી વૈશ્વિક માનવતાવાદી મુદ્દાઓ પર સૌનું ધ્યાન આકર્ષિત કરી શકાય.

# વેસ્ટ બેંકમાં નિઃશસ્ત્ર પેલેસ્ટીનીઓની હત્યા કરનારા અધિકારીને ઉગ્રવાદી ઈઝરાયેલી મંત્રીએ બઢતી આપી

(એજન્સી) તા.૧

રવિવારે, સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો કે દક્ષિણપંથી ઈઝરાયેલી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામાર બેન-ગ્વિરે તે અધિકારીને બઢતી આપી છે જેમના ગુપ્ત બોર્ડર પોલીસ યુનિટે કબજવાળા વેસ્ટ બેંકના શહેર જેનિનમાં બે નિઃશસ્ત્ર પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી. હારેટ્ઝ દૈનિકના અહેવાલ મુજબ, બેન-ગ્વિરે યુનિટના કમાન્ડરને જાણ કરી કે તેઓ તેમને ડેપ્યુટી કમિશનર તરીકે બઢતી આપશે. આ નિર્ણય એક દિવસ પછી આવ્યો જ્યારે યુનિટના સભ્યોએ બે પેલેસ્ટીનીઓને ગોળી મારી હતી જેમણે હાથ ઊંચા કર્યા હતા. અખબારે અહેવાલ આપ્યો કે દક્ષિણપંથી યહૂદી પાવર પાર્ટીનું નેતૃત્વ કરતા મંત્રીએ યુનિટના બેઝની મુલાકાત લીધી હતી અને કમાન્ડર, જેને ફક્ત 'કે' તરીકે ઓળખવામાં આવે છે, તેને બઢતીની વ્યક્તિગત રીતે જાણ કરી હતી. અહેવાલમાં આ પગલાને 'અસામાન્ય' ગણાવવામાં આવ્યું છે, કારણ કે પોલીસમાં યુનિટ કમાન્ડર સામાન્ય રીતે નીચા હોદ્દા



પર હોય છે. હારેટ્ઝે જણાવ્યું કે ગુરુવારે જેનિનમાં એક ઓપરેશનલ પ્રવૃત્તિ દરમિયાન બે પેલેસ્ટીનીઓની હત્યા અને ગેરકાયદેસર ગોળીબારની શંકાના આધારે યુનિટના ત્રણ અધિકારીઓ તપાસ હેઠળ છે.'પૂછપરછ દરમિયાન, તપાસકર્તાઓએ અધિકારીઓને ફૂટેજ બતાવ્યા જેમાં બે પેલેસ્ટીનીઓ જેનિનમાં એક ઘરમાંથી હાથ ઉંચા કરીને બહાર નીકળતા દર્શાવવામાં આવ્યા હતા,' અખબારે જણાવ્યું હતું. પેલેસ્ટીનીઓને કબજે કર્યા પછી, અધિકારીઓએ તેમને ઈમારતના પ્રવેશદ્વાર પર જમીન પર મોઢું રાખીને સૂવાનો આદેશ આપ્યો, અને પછી એક અધિકારીએ તેમને નજીકથી ગોળી મારી. અધિકારીઓએ દાવો કર્યો કે તેમની કથિત 'શંકાસ્પદ પ્રવૃત્તિઓ' બાદ બંને માણસો તેમના જીવ માટે ડરતા હતા. બેન-ગ્વિરે શુક્રવારે યુનિટ કમાન્ડરને ગળે લગાવીને અને ગુનાહિત તપાસ ચાલુ રહે ત્યાં સુધી યુનિટને ટેકો વ્યક્ત કરતો એક વીડિયો પોસ્ટ કર્યો. ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા યુદ્ધ શરૂ થયું ત્યારથી, ઈઝરાયેલી સૈન્યએ વેસ્ટ બેંકમા તેના હુમલાઓ વધાર્યા છે. ત્યારથી, કબજાવાળા પ્રદેશોમાં સૈન્ય અને ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં ૧,૦૮૫થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧૦,૭૦૦ અન્ય ઘાયલ થયા છે. ૨૦,૫૦૦થી વધુ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. ગયા જુલાઈમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે ઈઝરાયેલના પેલેસ્ટીની પ્રદેશ પરના કબજાને ગેરકાયદેસર જાહેર કર્યો અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરુસલેમમાં તમામ વસાહતોને ખાલી કરવાનો આદેશ આપ્યો.

# પોર્ટુગીઝ નાગરિકતા માટે અરજી કરવા માંગતા હજારો ઈઝરાયેલીઓ

(એજન્સી) તા.૧

શનિવારે તેલ અવીવમાં પોર્ટુગીઝ દૂતાવાસની સામે હજારો ઈઝરાયેલીઓ પોર્ટુગીઝ નાગરિકતા માટે અરજી કરવા માટે લાઈનમાં ઉભા હતા. ઈઝરાયેલીઓ વહેલી સવારથી જ અરજી કરવા માટે દૂતાવાસની સામે લાઈનમાં ઉભા રહેવા લાગ્યા હતા. ઓનલાઈન બુકિંગ સિસ્ટમ પર ભારે ભીડને ઓછી કરવા માટે આયોજિત દૂતાવાસના ખાસ 'જૂના દિવસોમાં પાછા ફરો' વ્યક્તિગત મુલાકાત દિવસે નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું. અહેવાલો સૂચવે છે કે દૂતાવાસના પ્રવેશદ્વારથી ભૂગર્ભ પાર્કિંગ વિસ્તાર સુધી લાઈન લાંબી હતી, જ્યાં લોકો નાગરિકતા માટે અરજી કરવા અથવા તેમના



પોર્ટુગીઝ પાસપોર્ટ રિન્યુ કરવા માટે રાહ જોઈ રહ્યા હતા. પોર્ટુગલે ૧૬મી સદીમાં ઈક્વિઝિશન દરમિયાન સતાવણીનો ભોગ બનેલા સેફાર્ડિક યહૂદીઓને ૨૦૧૫માં પસાર થયેલા કાયદા દ્વારા નાગરિકતા માટે અરજી કરવાનો અધિકાર આપ્યો હતો. જોકે, અરજીઓની સંખ્યા વધુ હોવાથી, પોર્ટુગીઝ સરકારે ૨૦૨૩માં જાહેરાત કરી હતી કે કાયદાએ તેનો હેતુ પ્રાપ્ત કર્યો છે અને વધુ પ્રતિબંધિત આવશ્યકતાઓ રજૂ કરી છે. એ નોંધનીય છે કે ઈઝરાયેલીઓ EU દેશોમાં મુક્ત હિલચાલ, ઓછો જીવન ખર્ચ, યુરોપિયન યુનિવર્સિટીઓમાં સરળ પ્રવેશ અને ઓછી ટ્યુશન ફી જેવા લાભો માટે પોર્ટુગીઝ નાગરિકતા માંગે છે. ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર આક્રમણ શરૂ કર્યું ત્યારથી, બીજા પાસપોર્ટ મેળવવા માંગતા ઈઝરાયેલીઓની સંખ્યામાં વધારો થયો છે. હજારો ઈઝરાયેલીઓ દેશ છોડી ગયા છે અને પોર્ટુગીઝ નાગરિકતામાં રસ વધી રહ્યો છે.

# શાળાઓ છે, પણ પુસ્તકો નથી : ગાઝાના બાળકો કામચલાઉ વર્ગખંડોમાં પાછા ફર્યા

(એજન્સી) તા.૧

બે વર્ષ સુધી યુદ્ધના કારણે તેનું શિક્ષણ ખોરવાઈ ગયા પછી, ૧૧ વર્ષની લાયન હાજી ગાઝા શહેરના ખંડેરમાંથી પસાર થાય છે અને એક કામચલાઉ વર્ગખંડમાં જાય છે. પરંતુ શાળા હવે તે જે ટેવાયેલી હતી તે રહી નથી. રંગબેરંગી ભીંતચિત્રો અને વિદ્યાર્થીઓની કલાકૃતિ હવે દિવાલો અને કોરિડોરને શણગારતી નથી - તેના બદલે, એક જર્જરિત ઈમારતમાં બાંધવામાં આવેલા તંબુઓ તેના કામચલાઉ વર્ગખંડ તરીકે સેવા આપે છે. ફાટેલા શર્ટ અને પેચ કરેલા ટ્રાઉઝર પહેરેલા હાજીએ જણાવ્યું કે 'હું અડધો કલાક ચાલીને જાઉં છું. રસ્તાઓ ઉજ્જડ છે, ખંડેરોથી ભરેલા છે. તે મુશ્કેલ અને ઉદાસી છે. પરંતુ 'હું મારા અભ્યાસમાં પાછા ફરીને ખુશ છું,' યુવતીએ કહ્યું, જે પહેલાથી જ ડૉક્ટર બનવાનું સ્વપ્ન ધરાવે છે. હાજી અલ-લૌલાઉઆ અલ-કાતામી સ્કૂલમાં ભણતા ૯૦૦ વિદ્યાર્થીઓમાંની એક છે. તે એવી સંસ્થાઓમાંની એક છે જેણે ઈઝરાયેલ-હમાસ યુદ્ધ શરૂ થયા પછી પહેલીવાર બાળકોને શાળામાં પ્રવેશ આપવા માટે પોતાના દરવાજા ખોલ્યા છે. ગાઝા શહેરના તાલ અલ-હાવા વિસ્તારમાં વિસ્થાપન શિબિરમાં રહેતા હાજીએ કહ્યું, 'અમારી પાસે પુસ્તકો કે નોટબુક નથી. પુસ્તકાલયો બોમ્બમારા દ્વારા નાશ પામ્યા



છે.' 'હવે કંઈ બચ્યું નથી,' તેમણે કહ્યું. નાજુક યુદ્ધવિરામ લાગુ થયાના એક મહિના પછી, પેલેસ્ટીની શરણાર્થીઓ માટેની સંયુક્ત રાષ્ટ્ર એજન્સી (UNRWA) અને ગાઝાના શિક્ષણ મંત્રાલયે જાહેરાત કરી કે ઈઝરાયેલી લશ્કરી નિયંત્રણની બહારના વિસ્તારોમાં બાળકો ધીમે ધીમે શાળાએ પાછા ફરી રહ્યા છે. સોળ વર્ષના સઈદ શેલ્ડને જણાવ્યું કે યુદ્ધ પૂરું થયા પછી હવે તે શાળાએ જઈ શકશે તેનો આનંદ છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# 'સર'ની કામગીરી જરૂરી પણ બિનજરૂરી ઉતાવળ શા માટે ??

બિહારમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા બાદ, હવે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ આ પ્રક્રિયા અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. પરંતુ બૂથ-લેવલ અધિકારીઓ (BLO)ના કાર્યભાર અને મર્યાદાઓના મુદ્દાને કારણે આ ચિંતાઓ વધી ગઈ છે. ચૂંટણી પંચ પર આ અધિકારીઓ પર વધુ પડતો બોજ નાખવાના આરોપો લાગી રહ્યા છે. ઘણા રાજ્યોમાં બીએલઓ સામે કેસ દાખલ થઈ રહ્યા છે, જેના કારણે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. વિરોધ પક્ષોનો આરોપ છે કે ચૂંટણી પંચ દ્વારા આ કવાયત મતદાર યાદીઓ સુધારવાને બદલે દમનનું સાધન બની ગઈ છે. કામના દબાણને કારણે આ કામગીરીમાં સંકળાયેલા અધિકારીઓનું આરોગ્ય બગડી રહ્યું છે. કેટલાક મૃત્યુ પામ્યા છે અને કેટલાકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, પંચની દલીલ છે કે કેટલાક અધિકારીઓ આ પ્રક્રિયામાં જાણી જોઈને બેદરકારી દાખવી રહ્યા છે. એ સાચું છે કે નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણીઓ યોજવા માટે મતદાર યાદી સુધારણા જરૂરી છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું આ કાર્યમાં સામેલ અધિકારીઓ-કર્મચારીઓ વધારાના બોજનો સામનો કરી રહ્યા છે? જો એમ હોય, તો ચૂંટણી પંચ આ સમસ્યાને કેમ અવગણી રહ્યું છે? બિહાર પછી, બાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ૪ નવેમ્બરથી ખાસ સઘન સુધારણા કરવાનું શરૂ કર્યું અને ૧૧ ડિસેમ્બર સુધીને ચાલુ રહેશે. આમાં છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. બૂથ-સ્તરના અધિકારીઓ આ પ્રક્રિયા માટે મુખ્યત્વે કામગીરી સંભાળે છે. ઘણા રાજ્યોમાં, આ અધિકારીઓ કામના ભારણમાં વધારો અને વધુ પડતા દબાણની ફરિયાદ કરે છે. બીજી તરફ સામાન્ય લોકો પણ તેમની સમસ્યાઓના જવાબો શોધી રહ્યા છે.

પશ્ચિમ બંગાળમાં, BLO અધિકાર સંરક્ષણ સમિતિના સભ્યોએ ગત સોમવારે મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે કામના દબાણથી રાહત આપવા માટે સુધારણાની સમયમર્યાદા લંબાવવાની માંગ કરી. નોંધનીય છે કે તાજેતરના દિવસોમાં, બૂથ-સ્તરના અધિકારીઓની તબિયત બગડવી અને હોસ્પિટલમાં દાખલ થવાના અહેવાલો આવ્યા છે. તેથી, આ અધિકારીઓને વેઠવી પડતી સમસ્યાઓનો ઉકેલ શોધવાની જવાબદારી ચૂંટણી પંચની છે. બૂથ-સ્તરના અધિકારીઓના સંગઠનો અને વિરોધ પક્ષો પણ પ્રશ્ન કરી રહ્યા છે કે ચૂંટણી પંચ ખાસ સઘન સુધારણામાં કેમ ઉતાવળ કરી રહ્યું છે ?? બેથી ત્રણ મહિનાની જરૂર હોય તેવા કાર્યને પૂર્ણ કરવા માટે માત્ર એક મહિનાની સમયમર્યાદા કેમ નક્કી કરવામાં આવી છે? જો કોઈ અધિકારી આ દબાણને વેઠી શકતો નથી, તો શું ચૂંટણી સંબંધિત ફરજોમાં બેદરકારી બદલ તેમની સામે કેસ દાખલ કરવો વાજબી છે?

છેલ્લા ત્રણ અઠવાડિયામાં, ઘણા રાજ્યોમાં પંદરથી વધુ BLO હૃદયરોગના હુમલા, તણાવ અને આત્મહત્યાને કારણે મૃત્યુ પામ્યા છે. જો આ સાચું હોય, તો આ મામલો ખરેખર ગંભીર અને સંવેદનશીલ છે. ચૂંટણી પંચે આ મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ. પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે યોગ્ય સમય નિયત કરવો અને ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે સુધારણા પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓ પર બિનજરૂરી કામનું દબાણ લાવવાથી અનિયમિતતા -ગેરરીતિ-ભૂલો થવાની સંભાવના વધે છે. જેનાથી મતદાર યાદીઓની શુદ્ધતા સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ્ય પણ સફળ થશે નહીં.

# પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ના હોય એવા વકફ ટ્રસ્ટોના હિસાબો ઓડિટ કરાવવા જરૂરી નથી

# કબ્રસ્તાન તરીકે જમીન ગ્રાન્ટ કરેલ છે કે જમીન નીમ કરેલ છે તેનુ રજિસ્ટ્રેશન કેવી રીતે કરવું ?

ગુજરાત સહિત દેશભરમાં તમામ વકફ મિલકતોની નોંધણી UMEED પોર્ટલ પર કરાવવી ફરજિયાત છે. ઉમીદ સેન્ટ્રલ પોર્ટલ નીચેની વિગતો/ડોક્યુમેન્ટ, અપલોડ કરવા ફરજિયાત છે. (૧) વકફ ટ્રસ્ટની વિગતો / ડોક્યુમેન્ટ, (૨) વકફ મિલ્કતોની વિગતો/ ડોક્યુમેન્ટ, (૩) વકફ કરનાર વાકીફની વિગતો/ડોક્યુમેન્ટ,(૪) વકફ મિલ્કતોના કેસની વિગતો/ડોક્યુમેન્ટ, (૫) ભાડુઆતોની વિગતો/ ડોક્યુમેન્ટ, (૬) વકફ ટ્રસ્ટના હિસાબોની વિગતો/ડોક્યુમેન્ટ, (૭) યુઝર મુતવલીની વિગતો/ડોક્યુમેન્ટ, નોંધણી પ્રક્રિયાની સરળતા માટે સેવાભાવી સંસ્થાઓએ પ્રચાર-પ્રસાર કરી કાર્યક્રમ યોજીને જાણકારી આપેલ છે. આમ છતાં આજે આપણે કેટલાક મુદ્દાઓ એવા છે કે ત્યાં ટ્રસ્ટીઓ /મુતવલ્લીઓને નિયમોની જાણકારીના અભાવે ખોટા ખર્ચ સમય અને મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. જેવી રીતે કોરોના સમયે કેટલાક ડોકટરશ્રીઓની દર્દીઓને દવાઓ કે બીલના નાણાં રોગ બાબતની ફરિયાદ આપણે સૌ જાણીએ છીએ.. તેમ વકફ મિલકતોની નોંધણી પોર્ટલ પર કરતી મૂંઝવણો ઊભી થયેલ છે. મોટા ભાગના વકફ ટ્રસ્ટ દરગાહ/ કબ્રસ્તાનના છે. એક એક દરગાહ માટે એક એક ટ્રસ્ટ છે. ટ્રસ્ટ એક્ટિવ પણ નથી. નોંધણી કોઈએ કરાવી આપી હશે. પછી ભૂલી ગયા છે. સંચાલકોને દરગાહનું નોંધાયેલ ટ્રસ્ટ છે એવી ખબર પણ નથી. આવા નિષ્ક્રિય વકફ ટ્રસ્ટો બંધ કરી દેવા જોઈએ પરંતુ દરગાહ વકફ મિલ્કત છે તેથી ટ્રસ્ટ બંધ કરી શકાશે નહીં. મોટા ભાગના દરગાહ/ કબ્રસ્તાનના ટ્રસ્ટમાં આવક શૂન્ય છે. વકફ મિલકતોની નોંધણી વખતે ઓડિટ રિપોર્ટ રજૂ કરવાના થાય છે. જેથી આવક જ નથી તો નિયમ શું કહે છે? ઓડિટ માટે ચોપડા તૈયાર કરવા નિયત સી.એ. પાસે પ્રમાણિત કરાવવા દોડવું પડે છે. નિયમ એ છે કે મર્યાદિત આવકને ઓડિટ જ કરાવવાના નથી. આવા કેટલાક મહત્ત્વના મુદ્દાઓની મૂંઝવણ અને સમસ્યા છે. જેથી વકીલો/ ચાર્ટર એકાઉન્ટ/વિષય નિષ્ણાતો/નિવૃત્ત અધિકારી/ કર્મચારી/તજજ્ઞોએ પાસેથી માહિતીના સ્ત્રોત તેમજ વોટ્સઅપ અને અન્ય માધ્યમથી આધારભૂત ઉકેલ મેળવીને આવા મુદ્દાઓની મૂંઝવણનો ઉકેલ રજૂ કરવામાં આવેલ છે. આશા છે જે ટ્રસ્ટીઓ/ મુતવલ્લીઓ તેમજ અન્ય સામાજિક કાર્યકર્તાઓ માટે મદદરૂપ થશે.

**વકફ ટ્રસ્ટના હિસાબોની વિગતો/ડોક્યુમેન્ટ- શું કરવું?**

## મૂંઝવણ અને ઉકેલ

વકફ એક્ટની કલમ- ૪૬ મુજબ વકફના હિસાબો રાખવાનાં છે અને આવક ખર્ચના વાર્ષિક પત્રક (સરવૈયા) વકફ બૉર્ડને મોકલવાના છે. કલમ- ૪૭ મુજબ હિસાબો ઓડિટ કરાવવાના છે પરંતુ કલમ- ૪૭ મુજબ કોઈ આવક ના હોય અથવા પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ના હોય એવા વકફના વાર્ષિક હિસાબોના પત્રક (સરવૈયા) વકફ બોર્ડને મોકલવાના છે એવા વકફ ટ્રસ્ટોના હિસાબો ઓડિટ કરાવવા જરૂરી નથી. હવે જેની સને- ૨૦૨૫/૨૬ના નાણાંકીય વર્ષથી વાર્ષિક ચોખ્ખી આવક રૂપિયા એક લાખથી વધુ ના હોય એવા ટ્રસ્ટોએ ઓડિટ કરાવવું જરૂરી નથી. વાર્ષિક આવક ખર્ચના હિસાબોનું પત્રક (સરવૈયું) ઉમ્મીદ પોર્ટલ ઉપર સબમીટ કરી શકાય. ઓડિટ રિપોર્ટ સબમીટ કરવો જરૂરી નથી.

**રજિસ્ટર વગરની વકફ મિલકતો માટે શું કરવું?**

"New Waqf Registration" વિકલ્પ દ્વારા કાનૂની સુરક્ષા મેળવી શકાય. રજિસ્ટર વગરની મિલકતોને પણ UMEED પોર્ટલ ઉપર નોંધણી કરાવવી આપણા સૌની જવાબદારી છે. ઘણી જગ્યાએ આ જ પ્રશ્ન ઊભો થયો છે કે, ઘણા કબ્રસ્તાન, દરગાહ અને મસ્જિદો એવી છે જે વર્ષોથી અસ્તિત્વમાં છે, પરંતુ તેમનો રેવન્યુ રેકોર્ડમાં કોઈ પુરાવો નથી અને તે બાબતે કોઈ વકફ ટ્રસ્ટ પણ અસ્તિત્વમાં નથી. આ પેચીદા અને ગંભીર પ્રશ્નનો સ્પષ્ટ ઉકેલ UMEED પોર્ટલમાં પણ શક્ય છે, જેમાં "New Waqf Registration" વિકલ્પ હેઠળ આવું નોંધણી શક્ય છે.

## UMEED પોર્ટલ પર વકફ મિલકતોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયાના મહત્ત્વના મુદ્દાઓ જાણો

**ટ્રસ્ટ પાસે જો દસ્તાવેજ નથી - તો શું કરવું ?**

જો તમારી પાસે કોઈ રેવન્યુ રેકોર્ડ કે ટ્રસ્ટ દસ્તાવેજ નથી, તો પણ તમે નીચેના પુરાવા આપી શકો છો:

૧. જમીનનો સર્વે નંબર અને સ્થાનની વિગત.

૨. ગામ પંચાયત વિગેરેનું પ્રમાણપત્ર, જેમાં લખેલું હોય કે મિલકત મસ્જિદ, દરગાહ કે કબરસ્તાન તરીકે ઉપયોગમાં છે.

૩. ફોટોગ્રાફ કે જૂના બિલ જેવા જે પુરાવા હોય તે રજૂ કરવા.

૪. Affidavit રજૂ કરવું.

આ મિલકત ૮-૪-૨૦૨૫ પહેલાંથી, જ્યારથી વકફ તરીકે ઉપયોગમાં હોય તે બાબત જાહેર કરવી.

**કબ્રસ્તાન તરીકે રેવેન્યુ રેકર્ડમાં વર્ગીકૃત થયેલ નથી તો શું કરવું ?**

સરકાર અથવા સરકાર વતી ક્લેક્ટર અથવા પ્રાંત અધિકારી સરકારી જમીન મુસ્લિમ કબ્રસ્તાન તરીકે ગ્રાન્ટ કરે એટલે કે જમીન કબ્રસ્તાન હેડે તબદીલ કરે ત્યારે તે સરકારી કબ્રસ્તાનના માલિક તરીકે સરકાર ચાલુ રહે છે અને મુસ્લિમ કબ્રસ્તાન તરીકે ઉપયોગ કરવા આ મિલકત મુસ્લિમ સમાજના હવાલામાં આવે છે. તેથી આ કબ્રસ્તાન તરીકે ગ્રાન્ટ કરેલી મિલકત વકફ મિલ્કત છે. જે સરકારના હુકમથી વકફ છે અને વકફ બાય યુઝરની વ્યાખ્યામાં આવે છે. વાપરનારા દ્વારા વકફ (વકફ બાય યુઝર) મુજબ વકફ તરીકે ઉપયોગ થાય છે, કોઈ દાવો કે વિવાદ ચાલુ નથી, કબજો વકફ ટ્રસ્ટનો છે એવા સોગંદનામા સાથે વકફના PTRમાં નોંધવા માટે વકફ બૉર્ડને અરજી કરી શકાય.

**કબ્રસ્તાન માટે જમીન ગ્રાન્ટ કરેલ છે કે જમીન નીમ કરેલ છે એટલે શું ?** જમીન ગ્રાન્ટ કરવી અને જમીન નીમ કરવી એ બંને અલગ પ્રક્રિયા છે. જમીન ગ્રાન્ટ કરવી એટલે માંગણી રજૂ થયે જે તે હેતુ માટે જરૂરી ક્ષેત્રફળની સરકારી જમીન આપવી, ગ્રાન્ટ કરવી. જમીન ક્લેક્ટર કબ્રસ્તાન તરીકે બે એકર ફાળવે એને કબ્રસ્તાન ગ્રાન્ટ કર્યું કહેવાય. પરંતુ જે જમીન રાજાશાહી વખતથી કબ્રસ્તાન તરીકે વપરાય છે એટલે કે હૈયાત કબ્રસ્તાન છે પરંતુ રેવેન્યુ રેકર્ડમાં કબ્રસ્તાન તરીકે વર્ગીકૃત થયેલ નથી એવા હૈયાત કબ્રસ્તાનને કબ્રસ્તાન તરીકે નીમ કરવા હુકમ કરવામાં આવે એને કબ્રસ્તાન નીમ કર્યું કહેવાય. આવા કબ્રસ્તાન રાજાશાહી વખતથી કબ્રસ્તાન છે, હૈયાત કબ્રસ્તાન તરીકે નીમ કરવામાં આવ્યા છે, એના ૭/૧૨માં માલિક તરીકે સરકાર છે અને ૭/૧૨ના બીજા હક્કના કોલમમાં મુસ્લિમ કબ્રસ્તાન દર્શાવેલ છે અથવા દર્શાવેલ નથી તો પણ એ હુકમથી કબ્રસ્તાન છે, વકફ મિલ્કત છે. વકફ બાય યુઝરની જોગવાઈ મુજબ PTRમાં નોંધણી થઈ શકે.

- મોહંમદહફીઝ યુ. મલેક
(એમ.યુ. મલેક)
mumalek58@gmail.com

# શા માટે પઠાન ઈમરાન ખાન પંજાબી જનરલ અસીમ મુનીરને ડરાવે છે

**અસીમ મુનીરના હાથમાં ભલે પાકિસ્તાનની સંપૂર્ણ સેના હોય પરંતુ તેમને ઈમરાન ખાન જેટલો ભય કોઈનો નથી. મુનીરે સત્તાપલટા ઘડાવી ઈમરાન ખાનને જેલમાં મોકલ્યા છતાં ક્રિકેટરથી રાજકારણી બનેલા ઈમરાનનો પ્રભાવ વધુ જ મજબૂત બન્યો છે. આ જ કારણ છે કે પઠાન સમુદાયનો એક વ્યક્તિ પાકિસ્તાનના પંજાબી-પ્રભુત્વ ધરાવતા હાઈબ્રિડ શાસનને એટલો ભયભીત કરે છે.**

પૂર્વ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન અને સેના પ્રમુખ અસીમ મુનીર વચ્ચેનો મતભેદ ખૂબ જ વ્યક્તિગત છે-આ વાત સર્વવિદિત છે. ખાનની આધ્યાત્મિક પત્ની બુશરા બીબી સંબંધિત વિવાદે મુનીર-જે હકીકતમાં દેશના ડી ફેક્ટો શાસક છે-સાથે કડવાશ ઊભી કરી છે, પરંતુ આ સિવાય પણ ઈર્ષ્યા અને વૈમનસ્ય વધુ જ વિસ્ફોટક કારણોમાં વેરાયેલું છે.

ખાસ કરીને એ સમયે, જ્યારે પઠાનો-જે વર્ષોથી ઉપેક્ષિત, નારાજ અને પંજાબી પ્રભુત્વને સ્વીકારવા અસમર્થ-ખુલ્લેઆમ પાકિસ્તાનના પ્રબળ જાતિગત શક્તિ કેન્દ્ર, એટલે કે પંજાબીઓ સામે અવાજ ઊંચો કરી રહ્યા છે. દેશની સંપત્તિ, સત્તા અને સંસ્થાઓ પર પકડી રાખવામાં પારંગત પંજાબી વર્ગ સામે પઠાનોની આ ઉગ્ર સ્થિતિ મુનીર માટે આ નિર્ણાયક ઘડીએ પરિસ્થિતિ વધુ કઠિન બનાવી શકે છે.

ભલે સેના પ્રમુખ આસીમ મુનીરે પોતાની જાતને શાંતિથી પાકિસ્તાનનો ડી ફેક્ટો સર્વોચ્ચ સત્તાધારી બનાવી દીધો હોય, તેમ છતાં તેમના કબજામાં ચાલતું શાસન બંધાયેલી હાલતમાં પૂર્વ વડાપ્રધાનની હાલત વિશે એક દિવસથી વધુ મૌન રહી શકે એટલું નિર્ભય નહોતું. ઈમરાન ખાન વિશે ચાર અઠવાડિયા સુધી કોઈ માહિતી બહાર આવી નહોતી અને જ્યારે એક અફઘાન મીડિયાએ દાવો કર્યો કે તેઓ કદાચ મૃત્યુ પામ્યા હશે, તો ગુરૂવારે હજારો લોકો રાવલપિંડીની અડિયાલા જેલની બહાર એકત્ર થયા.

પરંતુ જેલ તંત્ર હોય કે પંજાબના ઉચ્ચ પોલીસ અધિકારીઓ - સવાલ પૂછનારાઓને લાંબા સમય સુધી તેઓ પાસે કોઈ જવાબ નહોતો કે અદાલતના સાપ્તાહિક મુલાકાતના આદેશનું ઉલ્લંઘન કેમ થયું. ઈમરાન ખાન સુધી પહોંચ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી, જેના કારણે તેમના પરિવારજનો, પાર્ટી નેતાઓ અને વકીલો તેમના વિશે કોઈ માહિતી વિના અંધારામાં રાખવામાં આવ્યા હતા.

છેલ્લા વખત જ્યારે ઈમરાન ખાનના મૃત્યુની અફવાઓ ફેલાઈ હતી, ત્યારે સરકારે તાત્કાલિક સ્પષ્ટીકરણ જારી કર્યું હતું. તો આ વખતે ઈસ્લામાબાદ આટલો લાંબો સમય મૌન કેમ રહ્યું?

"આસીમ મુનીરનો ઈમરાન ખાન પ્રત્યેનો ભય એટલો ઊંડો છે કે તેઓ ઈમરાન ખાનની બાજુએ ઊભા થનારા કોઈને પણ અપહરણ, ટોર્ચર અને જેલમાં નાખવા સુધી ઉતરી આવ્યા છે. સત્તાવિહોણો અને અસુરક્ષાથી ઘેરાયેલો એક તાનાશાહ, જે પોતાને જનરલ તરીકે રજૂ કરે છે, સત્યથી જાગેલા રાષ્ટ્રને ચૂપ નથી કરી શકતો," એવી ટીકા ઈમરાન ખાની પાર્ટી પાકિસ્તાન તહરીકે ઈન્સાફ (પીટીઆઈ)એ ૨૦ નવેમ્બરે તેના પ્રમાણિત હેન્ડલમાંથી કરી હતી - એ દિવસે ઈમરાન ખાનને ઓળખાણમાંના કોઈને મળવાની પરવાનગી આપ્યા વિના અટકાયતના ૧૭ દિવસ પૂરા થઈ રહ્યા હતા.

શું પઠાન રાજકારણી પંજાબી ફીલ્ડ માર્શલને ખરેખર ડરાવે છે? શું ખાનની નૈતિક સત્તા, તેમનું પીડિતપણું, તેમનાં સમર્થકો, તેમનો વિરોધ અને તેમનું સમુદાય, તે બળજબરી પર આધારિત રાજ્ય પર મુનીર જાળવવા માગતા વૈધતા પર ખતરો ઊભો કરે છે?

**હા, મુનીર અને ખાન વચ્ચેનો મતભેદ વ્યક્તિગત છે**

૨૦૧૯માં બુશરા બીબી સંબંધિત ભ્રષ્ટાચાર તપાસોના આરોપોને લઈને ઈમરાન ખાને મુનીરને ISI પ્રમુખના પદેથી હટાવી દીધા હતા.



૨૦૧૯માં જ્યારે ઈમરાન ખાન વડાપ્રધાન હતા ત્યારે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના પ્રમુખ પદેથી અસીમ મુનીરને (જમણે) હટાવવામાં આવ્યા હતા. (ફાઇલ)

ISI પ્રમુખનું પદ પાકિસ્તાનમાં સેના પ્રમુખ પછીનું બીજું સૌથી શક્તિશાળી સૈન્ય પદ ગણાય છે. વિવાદ સંસ્થાગત પણ છે-કારણ કે સેના, ઈમરાન ખાન અને તેમની પાર્ટીની લોકપ્રિયતાને પોતાની પકડ માટે પડકારરૂપ માને છે. પરંતુ મુનીર કદાચ એક વધુ ઊંડા ભયથી ઘેરાયેલા છે-પંજાબી પ્રભુત્વ સામે ઉફણતો પઠાનોનો અસંતોષ.

પઠાન, અથવા પશ્તૂન, વર્ષોથી પાકિસ્તાનની સત્તાકીય રચનાથી પોતાને ઉપેક્ષિત માનતા આવ્યા છે, જ્યાં સૈનિક તંત્ર, બ્યુરોક્રસી અને અર્થતંત્ર-ત્રણેમાં પંજાબીઓનું પ્રભુત્વ છે. ૧૯૭૦ના દાયકામાં પશ્તૂન સ્વાયત્તતા આંદોલનો દરમિયાન ઊભેલા ઐતિહાસિક મતભેદોથી લઈ, ૧૯૮૦ના દાયકામાં ખૈબર પખ્તૂનખ્વા (કે.પી.)માં સંપત્તિના વહેંચાણને લઈને થયેલા હિંસક અથડામણો સુધી, અને બલોચિસ્તાનમાં પઠાનો-પંજાબી શોષણ સામે બલોચ સાથે મળીને લડતા હોય તેવી ચાલુ ફરિયાદો સુધી-તણાવ અને અથડામણોની ઘટનાઓ અનેક છે. ફેડરલ નાણાં પર પંજાબના કાબૂએ પઠાન-પ્રભુત્વ ધરાવતા કેપીને (KP) વિકાસથી વંચિત રાખ્યું છે. આથી જાતિગત પક્ષપાતના આરોપો વધુ મજબૂત બન્યા છે. આ અસંતોષ સરહદો પાર પણ છલકાય છે-કારણ કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના પશ્તૂનો વચ્ચેની એકતા અવિભાજ્ય છે.

૧૯૮૦ના દાયકામાં સોવિયત હુમલા બાદ લાખો અફઘાન શરણાર્થી-મોટાભાગે પશ્તૂન-પાકિસ્તાનમાં આશરો લઈ શક્યાં છે. તાજેતરમાં, કાબુલ અને પૂર્વી અફઘાનિસ્તાન પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓ બાદ તણાવ ઉછળ્યો છે. આ હુમલાઓમાં નાગરિકો માર્યા ગયા હતા-માત્ર થોડા દિવસ પહેલાં ખોસ્ટ અને પાકતિકામાં ૧૦ લોકોનાં મોત થયા હતા.

તે સાથે જ, તીખી ઠંડી વચ્ચે લાખો અફઘાનોને પાછા અફઘાનિસ્તાન ધકેલવાના પગલે સમુદાયમાં વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. કાબુલએ ઈસ્લામાબાદ પર આક્રમણના આક્ષેપ લગાવે છે, જ્યારે બંને દેશોના પશ્તૂનોએ તેને પંજાબી-પ્રભુત્વ ધરાવતાં શોષણ તરીકે ગણાવ્યું છે. આ સમગ્ર પરિસ્થિતિએ પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં એન્ટી-એસ્ટેબ્લિશમેન્ટ ભાવનાને વધુ બળ આપ્યું છે.

"સૈનિક સ્થાપત્ય તરફથી મળતી તાજેતરની સત્તાવાર ભાષા પશ્તૂન, અફઘાન અને ખૈબર પખ્તૂનખ્વા (કે.પી.)ના લોકોનો જ સમસ્યા તરીકે ચિત્ર ખડું કરે છે, અને તેમને સરળતાથી તાલિબાનાઈઝેશન તથા આંતરિક અસુરક્ષાથી જોડે છે," પાકિસ્તાની રાજકારણી અને વકીલ બેરિસ્ટર શહજાદ અકબરે ઑક્ટોબરમાં પોતાની ગ્લોબલ વિલેજ સ્પેસ-એક ડાયસ્પોરા ન્યૂઝ પોર્ટલ-માં પ્રસિદ્ધ કૉલમમાં લખ્યું હતું.

"દેશનો સૌથી શક્તિશાળી વ્યક્તિ એક આંતરિક રાજકીય સંકટને જાતિગત અને સુરક્ષાને લગતા સંકટ તરીકે રજૂ કરી રહ્યો છે-રાષ્ટ્રીય જીવનમાં વધુ સૈનિકરણને ન્યાયસંગત બનાવવા માટે પાકિસ્તાનોને પરસ્પર વહેંચી રહ્યો છે," તેમ તેમણે વધુમાં કહ્યું.

**શા માટે મુનીર ઈમરાન ખાનને જેલમાં રાખવા ઈચ્છે છે**

જ્યારે ઈમરાન ખાનના હજારો સમર્થકો તેમને મળવા માટે અડિયાલા જેલની બહાર કેમ્પ લગાવતા હતા, ત્યારે તીવ્ર અને ગુંજેલી રાજ્ય કાર્યવાહી જોવા મળી. સ્પષ્ટ હતું કે પાછળ કોણ છે. આ તંત્ર ક્રિયાઓ આસીમ મુનીર માટે એક મહત્વપૂર્ણ ક્ષણે આવી-જે નવેંબરના ૨૭મા બંધારણ સુધારણા બાદ લગભગ અછૂત સ્તરે પહોંચ્યા હતા. કલમ ૨૪૩માં સુધાર કરીને, તેમને જીવનભર માટેની રક્ષા સાથે ડિફેન્સ ફોર્સીસના પ્રમુખ તરીકે તાજપૂર્વક સન્માન આપવામાં આવ્યું, સેનાની, નૌકાદળ અને વાયુસેનાના કમાન્ડના અધિકાર સાથે અને સુપ્રીમ કોર્ટ પર નવા નિયંત્રણો પણ લાદવામાં આવ્યા.

આ પગલાએ અર્થતંત્રના સંકટો અને TTP પાસેથી આવેલા ખતરાઓ વચ્ચે મુનીરનું સૈન્ય પ્રભુત્વ મજબૂત કર્યું છે-TPનો કૈક પઠાનો સમુદાયમાં આધાર મળતો માનવામાં આવે છે. એ જ કારણ છે કે મુનીર સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે.

ઈમરાન ખાન, ઓગસ્ટ ૨૦૨૩ પછીથી ભ્રષ્ટાચારના આરોપોમાં ૮૪૦ દિવસથી વધુ સમય માટે જેલમાં છે, ઘણા માટે પઠાનો વિપ્લવની પ્રતીકરૂપ છે. તેમને મુક્ત કરવાથી વિશેષ કરીને કે.પી.માં મોટા ભાગના અવિરત વિરોધભરી ઘટનાઓનું જોખમ રહે છે-જે એકમાત્ર પ્રાંત છે જ્યાં પીટીઆઈ હજુ પણ સત્તામાં છે, ભય અને સતત દબાણ વચ્ચે.

"ઈમરાન ખાનની હત્યાની અફવાઓ સામે આવી છે. જો આ સાચું થાય, તો પશ્તૂન વિસ્તારમાં પ્રવાહી પ્રતિક્રિયા થઈ શકે છે. લોહીની શત્રુતા ઊભી થઈ શકે છે. તેમનું શહીદ બનવું ખૈબરથી કંદહાર સુધી રોષની આગ ઊભી કરી દેશે. પાકિસ્તાન સેનાના આસીમ મુનીર તેને રોકી શકતા નથી. અને જો ઈમરાન જીવંત છે, તો તેમની સલામતી માટે દબાણ વધે છે," દિલ્હી-આધારિત પત્રકાર નિનાદ શેઠએ X પર લખ્યું.

"શીખરા કેમ? કારણ કે આસીમ મુનીર અને શેહબાઝ શરીફ દ્વારા ચલાવાતું શાસન પણ ઈમરાન ખાનની માત્ર ૩૦ સેકન્ડની ક્લિપથી પણ સડકો પર આગ ભભકાવી શકે તેમાંથી ડરે છે. તેમનો સમર્થક આધાર વિશાળ છે, અને શાસનને જાણે છે. જ્યારે તમે કોઈ માણસના ચહેરાને બતાવવા માટે ડરી રહ્યા છો, ત્યારે સમજવું જોઈએ કે વાત ગંભીર છે," ભારતીય ફિલ્મમેકર અભિલાષ બડલીએ કહ્યું.

"અસીમ મુનીર માને છે કે ઈમરાન ખાન, બુશરા બીબી, અનેક નેતાઓ અને હજારો કાર્યકરોને જેલમાં નાખવાથી તેમનો સિંહાસન સુરક્ષિત રહેશે. સત્તા માટે લોભી અને ડરીલા, છતાં લોકોની ઈચ્છા તોડવામાં અસમર્થ. જેટલો વધુ તે ચળકે છે, એટલો નાનું દેખાય છે," PTI યુ.કે.એ સપ્ટેમ્બરમાં પોસ્ટ કર્યું.

ખાનના પશ્તૂન મૂળ તેમને તેના સમુદાયમાં ખાસ આકર્ષક બનાવે છે, જે લાંબા સમયથી ઉપેક્ષિત અને અન્યાય અનુભવી રહ્યા છે. મુનીર માટે, ખાન ગળામાં ફસેલું હાડકુંસમાન બની ગયો છે. તેમની સમુદાયમાંથી પણ તેમના પાછળ મજબૂત સમર્થન છે. હવે એક પણ ખોટું પગલું, અને મુનીરનું લોખંડી કાબૂ ખલેલ ખાઈ શકે છે.

- સુષીમ મુકુલ
(સૌ. ઈન્ડિયા ટુડે.ઈન)

**હદીસ બોધ**

કિંમતના પ્રમાણે વજન કરો અને વજન નમતું કરો.
(હદીસ બોધ)

**બોધ વચન**

આળસ એ આરામ નથી, કંજૂસાઈ કરકસર નથી અને ઉડાઉપણું ઉદારતા નથી.
- કાકા કાલેલકર

**આજની આરસી**

૨ ડિસેમ્બર મંગળવાર ૨૦૨૫
૧૦જમાદિલઆખર હિજરી ૧૪૪૭
માગશર સુદ બારસ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૪૦
ખત્મે ઝવાલ ૧૨-૨૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૭-૦૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૩

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# ‘ભારતીયોને લીધે અમેરિકાને ઘણો લાભ થયો છે’: નિખિલ કામથ પોડકાસ્ટ પર એલોન મસ્કનું નિવેદન

**એલોન મસ્કે આ પોડકાસ્ટ દરમિયાન ભારતીય પ્રતિભાના અમેરિકાના અર્થતંત્ર પર પ્રભાવ વિશે ચર્ચા કરી અને ઈમિગ્રેશન વિરોધી નીતિઓ અંગે ચિંતાઓ વચ્ચે તેના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો**

(એજન્સી) તા.૧

અબજપતિ એલોન મસ્કે આજે તેમના ‘WTF’ પોડકાસ્ટ પર ઝેરોડાના સહ-સ્થાપક નિખિલ કામથને યુએસમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન વિરોધી નીતિઓ અંગે ચિંતાઓ વચ્ચે જણાવ્યું કે, અમેરિકાને પ્રતિભાશાળી ભારતીયોથી ખૂબ ફાયદો થયો છે. જોકે, મસ્કે કહ્યું હતું કે કેટલીક ઈમિગ્રેશન વિરોધી નીતિઓ H-1B વિઝા કાર્યક્રમના ‘દુરૂપયોગ’ અને અગાઉના શાસનના ‘સર્વ માટે મફત’ અભિગમને કારણે ખરાબ થઈ હતી. નવી ઈમિગ્રેશન નીતિઓ હજારો ભારતીયો માટે ખરાબ બની ગઈ છે જેઓ વિશ્વસ્તરીય શિક્ષણ, નફાકારક કારકિર્દી, જીવનની સારી ગુણવત્તા અને સામાજિક ગતિશીલતાના અમેરિકન સ્વપ્નની રાહ જોઈ રહ્યા હતા. સરહદ નિયંત્રણ શા માટે મહત્ત્વપૂર્ણ છે તે સમજાવતા, મસ્કે કહ્યું કેઃ ‘બાઈડન વહીવટ હેઠળ, તે મૂળભૂત રીતે સંપૂર્ણપણે મફત હતું જેમાં કોઈ સરહદ નિયંત્રણો ન હતા, જે તમે જાણો છો, જ્યાં સુધી સરહદ નિયંત્રણો ન હોય, ત્યાં સુધી તમે એક દેશ નથી. તેથી, બાઈડન શાસન હેઠળ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર ઈમિગ્રેશન થયું હતું. તેની ખરેખર કંઈક અંશે નકારાત્મક પસંદગી અસર હતી. તેથી જો ગેરકાયદેસર રીતે યુ.એસ. આવવા અને આ બધા સરકારી લાભો મેળવવા માટે કોઈ મોટા નાણાકીય પ્રોત્સાહન હતું. તે એક પ્રોત્સાહન માળખું છે. તમારી પાસે સરહદ નિયંત્રણો હોવા જોઈએ. તે ન કરવું તે હાસ્યાસ્પદ છે. મસ્કે અન્ય દેશોના લોકો દ્વારા નોકરીઓ છીનવી લેવા અંગેની ધારણાને પણ સંબોધિત કરતા કહ્યું કે ‘મને ખબર નથી કે આ કેટલું સાચું છે. મારું સીધું અવલોકન એ છે કે પ્રતિભાશાળી લોકોની હંમેશા અછત રહે છે. મારા દૃષ્ટિકોણથી, મને લાગે છે કે આ મુશ્કેલ કાર્યો પૂર્ણ કરવા માટે પૂરતા પ્રતિભાશાળી લોકો શોધવામાં ઘણી મુશ્કેલી પડે છે અને તેથી વધુ પ્રતિભાશાળી લોકો યોગ્ય રહેશે.’ આ પોડકાસ્ટ દરમિયાન, ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓએ કહ્યું કે તેમના જીવનસાથી શિવોન ઝિલિસ અર્ધ-ભારતીય છે. અબજોપતિએ એ પણ ખુલાસો કર્યો કે ઝિલિસ સાથેના તેમના એક પુત્રનું મધ્ય નામ શેખર છે, જે ભારતીય-અમેરિકન ભૌતિકશાસ્ત્રી અને નોબેલ પુરસ્કાર વિજેતા સુબ્રમણ્યમ ચંદ્રશેખરના નામ પરથી રાખવામાં આવ્યું છે. મને ખાતરી નથી કે તમે આ જાણો છો કે નહીં, પરંતુ મારા જીવનસાથી શિવોન અર્ધ ભારતીય છે, તેણી દ્વારા મારા એક પુત્રનું મધ્ય નામ ચંદ્રશેખરના નામ પરથી શેખર રાખ્યું છે. મસ્કે ખુલાસો કર્યો કે ઝિલિસ કેનેડામાં ઉછરી હતી. તેણીને બાળકી હતી. મને લાગે છે કે તેના પિતા યુનિવર્સિટીમાં એક્સચેન્જ વિદ્યાર્થી જેવા હતા.

# વિરાટ કોહલી VS સચિન તેંડુલકર : તૂટી ગયેલા અને કદાચ ક્યારેય ન તૂટે તેવા ક્રિકેટના મહાન રેકોર્ડ્સ

તા.૧

રાંચીમાં દક્ષિણ આફ્રિકા સામે વિરાટ કોહલીએ ફટકારેલા ૧૩૫ રન માત્ર ભારતને મુશ્કેલીમાંથી બહાર કાઢવા પૂરતા નહોતા, પરંતુ આ ઈનિંગ્સે ક્રિકેટની સૌથી મોટી આંકડાકીય હરીફાઈનું સંતુલન પણ તેના પક્ષમાં થોડું વધુ ઝુકાવ્યું છે. આ શાનદાર ઈનિંગ્સ સાથે, કોહલીએ ૫૨ ODI સદીઓ અને કુલ ૮૩ આંતરરાષ્ટ્રીય સદીઓ સાથે, સચિન તેંડુલકરના નામે કાયમી ધોરણે અંકિત થયેલા ઘણા રેકોર્ડ્સ પર પોતાની પકડ મજબૂત કરી છે. જો કે, રાંચીની આ સિદ્ધિ છતાં, તેંડુલકર હજુ પણ આંકડાઓના એક વિશાળ પર્વત પર બિરાજમાન છે, જેને કોહલી સહિત કોઈ પણ સંપૂર્ણપણે જીતવાની નજીક નથી. હવે ચર્ચા ‘કોહલી વિ. સચિન’ કરતાં એ વાત પર કેન્દ્રિત છે કે તેંડુલકરના કયા રેકોર્ડ જોખમમાં છે અને કયા હંમેશા માટે અકબંધ રહી શકે છે.



**કોહલીનો રેકોર્ડ તોડવાનો ઝોન (ODIsમાં પ્રભુત્વ)**

કોહલીએ સચિન તેંડુલકરના ઘણા માપદંડો, ખાસ કરીને ODI ક્રિકેટમાં, તોડી નાખ્યા છે. આમાં સૌથી મોટો રેકોર્ડ સૌથી વધુ ODI સદીઓનો છે. સચિનની ૪૯ સદીઓ એક સમયે સર્વોચ્ચ મર્યાદા ગણાતી હતી; પરંતુ કોહલી હવે ૫૨ સદીઓ સાથે આ રેકોર્ડ પર બેઠો છે. આ સાથે, તેંડુલકરની ૫૧ ટેસ્ટ સદીઓ કરતાં વધુ એક જ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સૌથી વધુ સદીઓ બનાવવાનો રેકોર્ડ પણ હવે કોહલીના નામે છે. કોહલીએ દબાણ હેઠળની પરિસ્થિતિઓમાં પણ તેંડુલકરને પાછળ છોડી દીધો છે. સફળ ચેઝમાં સૌથી વધુ ODI સદીઓ, સફળ ODI ચેઝમાં સૌથી વધુ રન અને સૌથી વધુ 50+ સ્કોરનો રેકોર્ડ કોહલી પાસે છે. વધુમાં, ODIમાં પોતાના દેશમાં સૌથી વધુ 50+ સ્કોરનો રેકોર્ડ પણ તેણે પોતાના નામે કરી લીધો છે.

ઝડપના રેકોર્ડ્સની વાત કરીએ તો, ૮,૦૦૦થી લઈને ૧૪,૦૦૦ ODI રન સુધીના દરેક સીમાચિહ્ન પર કોહલી હંમેશા સૌથી ઝડપી બેટ્સમેન રહ્યો છે, જેણે તેંડુલકરની પેઢીએ સ્થાપિત કરેલી ગતિને પાર કરી છે. ૨૦૨૩ વર્લ્ડ કપમાં ૭૬૫ રન બનાવીને તેંડુલકરના ૨૦૦૩ના ૬૭૩ રનના આંકડાને વટાવી દેવાની સિદ્ધિ પણ તેની પાસે છે. આમ, ‘સચિનના રેકોર્ડ્સ જે કોહલીએ તોડ્યા છે’ તે દર્શાવતો એક સંપૂર્ણ અધ્યાય છે, જેને ભવિષ્યના કોઈ પ્રદર્શનની જરૂર નથી.

**સચિનના એ પર્વતો જે અકબંધ છે**

જો આપણે બીજું પાનું ફેરવીએ તો, ચિત્ર બદલાય છે. કારકિર્દીના મોટા આંકડાઓ પર સચિન તેંડુલકર હજી પણ દૂરથી શાસન કરે છે. તેઓ ૩૪,૩૫૭ આંતરરાષ્ટ્રીય રન સાથે ક્રિકેટના સર્વશ્રેષ્ઠ રન-સ્કોરર છે, જે કોહલીના ૨૭,૦૦૦ રનના આંકડા કરતાં ઘણો આગળ છે. સચિનના ૧૫,૯૨૧ ટેસ્ટ રન અને ૧૮,૪૨૬ ODI રન હાલમાં સુરક્ષિત છે; ટેસ્ટમાં જો રૂટ સૌથી નજીક છે અને ODIમાં કોહલી. જો કે, જો રૂટ કદાચ ટેસ્ટ રેકોર્ડ તોડી શકે છે, પરંતુ ODIનો રેકોર્ડ લાંબા સમય સુધી અકબંધ રહેવાની સંભાવના છે.

આ સિવાય, સહનશક્તિ અને અસરના આંકડાઓ પણ સચિનના નામે છે : ૪૬૩ ODI, ૬૬૪ આંતરરાષ્ટ્રીય મેચો, ૨,૨૭૮ વર્લ્ડ કપ રન, ૬૨ ODI મેન-ઓફ-ધ-મેચ પુરસ્કારો, અને તમામ ફોર્મેટમાં ૭૬ મેન-ઓફ-ધ-મેચ પુરસ્કારો. આ તમામ રેકોર્ડ્સ પર સચિનનું પ્રભુત્વ છે. વિરાટ કોહલી સક્રિય ચેલેન્જર તરીકે એવોર્ડની રેસમાં છે અને જો તે રાંચી જેવું પ્રદર્શન ચાલુ રાખે તો તે ઓલ-ફોર્મેટ મેન-ઓફ-ધ-મેચ અને પ્લેયર-ઓફ-ધ-સિરીઝના આંકડાઓને વટાવી શકે છે. રાંચી પછીની વાસ્તવિકતા એ છે કે કોહલીએ ODI, ચેઝ અને માઈલસ્ટોન્સમાં સચિનના ઘણા રેકોર્ડ્સ પર કબજો કરી લીધો છે અને સંભવત : થોડા વધુ રેકોર્ડ્સ તોડશે. પરંતુ કુલ રન, કુલ સદીઓ, ટેસ્ટનું વિશાળ કદ, વર્લ્ડ કપની કુલ કારકિર્દીના આંકડા અને સાતત્ય જેવા ખરા અર્થમાં વિશાળ સ્મારકો પર તેંડુલકરનું નામ પથ્થર પર કોતરેલું છે, જેની નજીક માત્ર કોહલી અને જો રૂટ જેવા ખેલાડીઓ જ પહોંચી શક્યા છે.

# બાંગ્લાદેશ કોર્ટે શેખ હસીનાને જમીન કૌભાંડ કેસમાં ૫ વર્ષની જેલની સજા ફટકારી

(એજન્સી) તા.૧

ઢાકાની સ્પેશિયલ જજ કોર્ટ-૪ના જજ મોહમ્મદ રબિઉલ આલમે સોમવારે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને એક જમીન કૌભાંડ કેસમાં પાંચ વર્ષની કેદની સજા સંભળાવી છે. ‘ધ ડેઈલી સ્ટાર’ અખબારના અહેવાલ મુજબ, આ જ કેસમાં હસીનાની બહેન શેખ રેહાનાને સાત વર્ષની અને તેમની ભત્રીજી, બ્રિટિશ સંસદસભ્ય તુલિપ સિદ્દીકને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. એન્ટી-કરપ્શન કમિશન (ACC) દ્વારા દાખલ કરાયેલા ભ્રષ્ટાચારના કેસોમાં શેખ હસીના સામેનો આ ચોથો ચુકાદો છે. ACCએ ૧૨થી ૧૪ જાન્યુઆરીની વચ્ચે પૂર્બચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટ હેઠળ પ્લોટની ફાળવણીમાં કથિત ગેરરીતિઓ બદલ ઢાકા ઈન્ટિગ્રેટેડ ડિસ્ટ્રિક્ટ ઓફિસ-૧માં છ અલગ-અલગ કેસ દાખલ કર્યા હતા. ‘ધ ઢાકા ટ્રિબ્યૂન’ અખબારના અહેવાલ મુજબ, ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાએ જણાવ્યું હતું કે હસીનાએ વરિષ્ઠ રાજધાની ઉન્નયન કર્તૃપક્ષ (Rajuk) અધિકારીઓ સાથે મળીને, પોતાના અને તેમના પુત્ર સાજીબ વાઝેદ જોય અને પુત્રી સાયમા વાઝેદ પૂતુલ સહિતના સંબંધીઓ માટે પૂર્બચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટના સેક્ટર ૨૭ના ડિપ્લોમેટિક ઝોનમાં ગેરકાયદેસર રીતે છ પ્લોટ મેળવ્યા હતા, જેમાંથી દરેક ૧૦ક્થ્થ (૭,૨૦૦ચોરસ ફૂટ) માપના હતા, જોકે તેઓ હાલના નિયમો હેઠળ અયોગ્ય હતા. આ કેસોમાં હસીના, રેહાના, જોય, પૂતુલ અને તુલિપ સહિત ૨૯ લોકો સામે ૩૧ જુલાઈના રોજ આરોપો ઘડવામાં આવ્યા હતા. અગાઉ, ૨૭ નવેમ્બરના રોજ, હસીનાને પૂર્બચલ પ્લોટ કૌભાંડ સંબંધિત ત્રણ કેસોમાંથી દરેકમાં સાત વર્ષની સજા સાથે કુલ ૨૧ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. જોય અને પૂતુલ અલગ-અલગ કેસોમાં સહ-આરોપી હતા અને તેમને પાંચ વર્ષની કેદની સજા મળી હતી.

# વિરાટ કોહલીએ ધમાકેદાર સદી ફટકારી ટીકાકારોને ચૂપ કરાવી દેતા રવિ શાસ્ત્રી ખુશખુશ; કહ્યું - બહુ રાહ જોવડાવી

તા.૧

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રી એ રવિવારે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ODI મેચમાં વિરાટ કોહલીની ૫૨મી સદી પર સૌથી ઉત્તમ પ્રતિક્રિયા આપી હતી. રાંચીના JSCA ઈન્ટરનેશનલ સ્ટેડિયમ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી ત્રણ મેચની શ્રેણીની આ પ્રથમ મેચમાં, કોહલીએ વિવેચકોને જડબાતોડ જવાબ આપતાં ૧૨૦ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૭ છગ્ગાની મદદથી ૧૩૫ રન બનાવ્યા હતા, જેના કારણે યજમાન ટીમ ૫૦ ઓવરમાં ૩૪૯/૮નો વિશાળ સ્કોર બનાવી શકી.

**કોહલીના ભાવિ પરની અટકળો અને શાસ્ત્રીની પ્રતિક્રિયા**

ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા સામેની ODI શ્રેણી સમાપ્ત થયા બાદથી, વિરાટ કોહલી અને રોહિત શર્માના ભવિષ્ય અંગે સતત અટકળો ચાલી રહી છે, ખાસ કરીને ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી બંને રમી શકશે કે કેમ તે અંગે. એવા અહેવાલો પણ છે કે BCCI અધિકારીઓ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર સાથે અમદાવાદમાં બેસીને રોહિત અને કોહલીના ભવિષ્ય અંગે નિર્ણય લેવાના છે. જો કે, કોહલીની આ વિસ્ફોટક સદી પછી શાસ્ત્રીએ પોતાના વિચારો સ્પષ્ટ શબ્દોમાં મૂક્યા હતા.

**કોમેન્ટ્રી બૉક્સમાં રહેલા ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા શાસ્ત્રીએ કહ્યું :**

‘આ ૫૨મી સદી છે. બાઉન્ડ્રી સાથે મેળવી. આનંદથી હવામાં મુક્કો માર્યો. આ એક લાંબી રાહ રહી છે. આ તે ફોર્મેટ છે જે તે હવે રમે છે અને તેણે ઘણા બધા લોકોને ચૂપ કરાવી દીધા હશે. આ મેદાન પર તેની આ ત્રીજી સદી છે.’ શાસ્ત્રીએ ઉમેર્યું કે, ‘આ એક શાનદાર ઈનિંગ્સ હતી, ખાસ કરીને જે રીતે તેણે રન બનાવ્યા. તે શોટ પર ટાઈમિંગ જબરદસ્ત હતું.’

**રોહિત સાથેની ભાગીદારી અને મેચનો સારાંશ**

આ પ્રથમ વનડેમાં કોહલીએ રોહિત શર્મા સાથે બીજી વિકેટ માટે ૧૩૬ રનની મજબૂત ભાગીદારી પણ કરી હતી, જેમાં રોહિતે ૫૭ રનનું યોગદાન આપ્યું હતું. અંતે, સ્ટેન્ડ-ઈન કેપ્ટન કેએલ રાહુલે પણ ૬૦ રનનો મહત્ત્વનો ફાળો આપ્યો અને ભારતે બોર્ડ પર ૩૪૯ રનનો સ્કોર મૂક્યો. અગાઉ, દક્ષિણ આફ્રિકાના એઈડન માર્કરામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. નાન્દ્રે બર્ગરે ત્રીજી ઓવરમાં યશસ્વી જયસ્વાલને આઉટ કરીને પ્રોટીઝને સારી શરૂઆત અપાવી હતી, પરંતુ ત્યારબાદ રોહિત અને કોહલીએ મેચની કમાન સંભાળી લીધી હતી.

# દિલ્હી દલિત ઓબીસી લઘુમતી સંસ્થાના સભ્યોએ આંબેડકર માસ્ક પહેરીને બંધારણ બચાવવાની પ્રતિજ્ઞા લીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દલિત, ઓબીસી, લઘુમતી અને આદિવાસી સંગઠનોના સંઘ (ડોમા પરિષદ)ના મોટી સંખ્યામાં સભ્યોએ અહીં આંબેડકર ભવન ખાતે એકઠા થઈને આંબેડકરની પ્રતિમા સામે તેમના ચહેરા પર માસ્ક પહેરીને ભારતના બંધારણને બચાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. અગાઉ, ડીઓએમએસ પરિષદ રામલીલા મેદાનમાં રેલી યોજવાનું હતું, પરંતુ ભાજપના નેતાની ફરિયાદ બાદ, પોલીસે એનઓસી આપવાનો ઈન્કાર કર્યો હતો. ડીઓએમએસ પરિષદના અધ્યક્ષ અને કોંગ્રેસના નેતા ઉદિત રાજે જણાવ્યું હતું કે, શિસ્તબદ્ધ અને કાયદાનું પાલન કરનારા નાગરિકો હોવાથી, તેઓએ મૂળ કાર્યક્રમ રામલીલા મેદાનથી બદલીને આંબેડકર ભવન કર્યો હતો, કારણ કે હજારો લોકો હાજર હતા. ઉદિત રાજે આરોપ લગાવ્યો હતો કે, જુલાઈથી ઝુંબેશ અને ટીમના સભ્યોને એકત્ર કરવા માટે ઝુંબેશ ચાલી રહી હતી અને રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, છતાં કેટલાક લોકો હજુ પણ રામલીલા મેદાન પહોંચ્યા હતા અને પોલીસ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે લોકો શાંતિપૂર્ણ રીતે શપથ લેવા માટે આંબેડકર ભવનમાં પહોંચ્યા હતા, જેના કારણે તેઓ કૂચ કરી શક્યા નહીં. ઉદિત રાજે સભાને સંબોધતા કહ્યું કે બંધારણ અને લોકશાહીને બચાવવાનું હવે ફક્ત રાજકીય પક્ષોના હાથમાં નથી, કારણ કે બધી બંધારણીય સંસ્થાઓ નબળી પડી ગઈ છે અને મુઠ્ઠીભર વ્યક્તિઓ સંઘર્ષ દ્વારા તેમનું રક્ષણ કરી શકે નહીં આથી બંધારણને બચાવવા માટે જન આંદોલન એકમાત્ર વિકલ્પ હોવાનું તેમણે કહ્યું હતું.

# ભારતીય ડ્રેસિંગ રૂમમાં ‘કોલ્ડ વોર’ ? ગંભીર સામે કોહલી-રોહિતનો મોરચો, BCCI નારાજ : રિપોર્ટમાં દાવો

નવી દિલ્હી, તા.૧

દક્ષિણ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં ભારતે ૧-૦ની લીડ મેળવીને ભલે જીતનું ખાતું ખોલાવ્યું હોય, પરંતુ ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં બધું બરાબર નથી. એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે હેડ કોચ ગૌતમ ગંભીર અને ટીમના સિનિયર ખેલાડીઓ વિરાટ કોહલી તથા રોહિત શર્મા વચ્ચેના સંબંધોમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે, જેણે વન-ડે ટીમના વાતાવરણને બગાડ્યું છે.



દૈનિક જાગરણના એક રિપોર્ટ અનુસાર, ભારતની T20 અને ટેસ્ટ ટીમોમાં માહોલ એકદમ બરાબર છે, પરંતુ વન-ડે ટીમમાં કોહલી અને રોહિતની વાપસીથી સમીકરણો બદલાઈ ગયા છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોચ ગૌતમ ગંભીર અને આ બંને દિગ્ગજ બેટ્સમેનો વચ્ચેના સંબંધો હવે પહેલા જેવા નથી રહ્યા અને તે અત્યંત ઠંડા પડી ગયા છે.

**ખેલાડીઓના ભવિષ્ય પર થઈ શકે છે બેઠક**

રિપોર્ટમાં BCCIના એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, ‘ગૌતમ ગંભીર અને સિનિયર ખેલાડીઓ વિરાટ કોહલી, રોહિત શર્મા વચ્ચેના સંબંધો જેવા હોવા જોઈએ તેવા સારા નથી અને આ બંને ખેલાડીઓના ભવિષ્ય અંગે એક બેઠક થઈ શકે છે. આ બેઠક રાયપુર અથવા વિશાખાપટ્ટનમમાં (બીજી અને ત્રીજી વન-ડેના સ્થળો) યોજાઈ શકે છે.’

રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ તણાવ માત્ર ગંભીર સુધી સીમિત નથી. ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણી દરમિયાન રોહિત શર્મા અને BCCIના મુખ્ય પસંદગીકાર અજીત અગરકર વચ્ચે પણ સારા સંબંધો ન હતા. તે જ સમયે, હાલની દક્ષિણ આફ્રિકા શ્રેણી દરમિયાન કોહલી અને ગંભીર વચ્ચે બહુ ઓછી વાતચીત જોવા મળી છે.

**સોશિયલ મીડિયા પરના હુમલાઓથી BCCI નારાજ**

BCCIઆ સમગ્ર મામલે નારાજ હોવાનું પણ જાણવા મળ્યું છે. રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે, ‘જે રીતે કોહલી અને રોહિતના ચાહકો સોશિયલ મીડિયા પર ગૌતમ ગંભીર પર હુમલો કરી રહ્યા છે, તેનાથી BCCI નારાજ છે.’

ઉલ્લેખનીય છે કે, ગંભીર અને કોહલી વચ્ચેના સંબંધોનો ઈતિહાસ લાંબો અને ઉતાર-ચઢાવવાળો રહ્યો છે. IPLમાં ૨૦૧૩ અને ૨૦૨૩માં બંને વચ્ચે મેદાન પર જ ઉગ્ર બોલાચાલી થઈ હતી. જો કે, ગંભીરના કોચ બન્યા બાદ એવું લાગી રહ્યું હતું કે બંને વચ્ચે સુમેળ થઈ ગયો છે, પરંતુ હવે ફરીથી આ સંબંધોમાં તિરાડ પડી હોવાના અહેવાલોએ ભારતીય ક્રિકેટમાં ચિંતા વધારી દીધી છે.

# બેંગ્લુરૂમાં પોલીસ કસ્ટડી બાદ દલિત વ્યક્તિનું મોત; પરિવારે ભારે રોષ ઠાલવ્યો

**દર્શન પર એટલી હદે ક્રૂરતાથી હુમલો કરવામાં આવ્યો કે તે ચાલી પણ શકતો ન હોવાનું તેની માતાએ જણાવ્યું હતું**

(એજન્સી) તા.૧

બેંગ્લુરૂમાં પોલીસ કસ્ટડી દરમિયાન કથિત રીતે માર મારવામાં આવ્યા બાદ ૨૪ વર્ષીય દલિત વ્યક્તિનું પુનર્વસન કેન્દ્રમાં મોત થયું હતું. ૨૬ નવેમ્બરના રોજ મૃત્યુ પામેલા દર્શન દારૂ પીતો હતો અને ઘણીવાર ઝઘડા પણ કરતો હતો. તેની માતા, આદિલક્ષ્મીના જણાવ્યા અનુસાર, ૧૨ નવેમ્બરના રોજ વિવેકનગર સ્ટેશનના પોલીસ અધિકારીઓએ તેના પાડોશી સાથેના ઝઘડા બાદ તેને કસ્ટડીમાં લીધો હતો. માતાએ આરોપ લગાવ્યો હતો કે તેને તેના પુત્રને જોવા કે મળવા દેવામાં આવી ન હતી. તેની પોલીસ ફરિયાદમાં, તેણે સહાયક સબ-ઈન્સ્પેક્ટર પવન અને બે અન્ય પોલીસકર્મીઓનો નામ તેમના પુત્ર પર એટલી હદે ક્રૂરતાથી હુમલો કરવા બદલ આપ્યા છે કે તે ચાલી શકતો ન હતો. તેની બગડતી હાલત છતાં કોઈ તબીબી સારવાર આપવામાં આવી ન હતી. ત્રણ દિવસ પછી, ૧૫ નવેમ્બરના રોજ, પોલીસે દલિત પરિવારને જાણ કરી કે દર્શનને મદનાયકાનાહલ્લી નજીક યુનિટી ફાઉન્ડેશન રિહેબ સેન્ટરમાં ખસેડવામાં આવી રહ્યો છે. તેણે પોતાની ફરિયાદમાં જણાવ્યું કે, ‘પોલીસે મારા દીકરાને ત્યાં દાખલ કરવા માટે દબાણ કર્યું અને પ્રવેશ ફી તરીકે ૨,૫૦૦ રૂપિયાની માગણી કરી. દાખલ કર્યા પછી, હાજર સ્ટાફ દ્વારા અમને કહેવામાં આવ્યું કે દર્શનની તબિયત સુધરી રહી છે, પરંતુ અમે તેને ક્યારેય જોયો નહીં’. પછી, ૨૬ નવેમ્બરના રોજ, આદિલક્ષ્મીને તેના દીકરાના ‘શ્વાસ લેવામાં તકલીફ’ના કારણે મૃત્યુના સમાચાર મળ્યા પછી તેની દુનિયા વેરવિખેર થઈ ગઈ. જ્યારે પરિવાર પુનર્વસન કેન્દ્ર પર પહોંચ્યો, ત્યારે તેમને ખબર પડી કે તેનો મૃતદેહ ગાયબ હતો. બાદમાં તેમને નેલમંગલા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને જાણ કરી કે દર્શનને મૃત હાલતમાં લાવવામાં આવ્યો છે. પરિવારે તેની છાતી, પીઠ, હાથ અને પગ પર ઈજાના નિશાન જોયા, જેનાથી શંકા વ્યક્ત થઈ કે તેના પર હુમલો થયો છે. ત્યારબાદ તેના શરીરને પોસ્ટમોર્ટમ માટે વિક્ટોરિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું, જ્યાં ડોક્ટરોને ઘણી જૂની ઈજાઓ પણ મળી આવી. મદનાયકનહલ્લી પોલીસે SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ અને હુમલો, ખોટી રીતે કેદ, કસ્ટડીમાં ત્રાસ અને બેદરકારી સંબંધિત IPC કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. આદિલક્ષ્મીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે તેમના પુત્રને નિશાન બનાવવામાં આવ્યો હતો કારણ કે તે અનુસૂચિત જાતિનો હતો અને ઉચ્ચ જાતિના પોલીસ કર્મચારીઓએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. દલિત સંગઠનોએ નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ કરી છે અને કહ્યું છે કે ઘટનાક્રમ મજબૂત રીતે સૂચવે છે કે પુનર્વસનના બહાને કસ્ટોડિયલ ત્રાસ આપવામાં આવ્યો છે.

# ખેવાલીમાં દલિત યુવક પર હુમલો : મજાક કરવા બદલ ગુંડાઓ દ્વારા ક્રૂર હુમલો

**બારાબંકી જિલ્લાના દેવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ખેવાલીમાં એક દલિત યુવક પર હુમલો કરવામાં આવ્યો અને જાતિવાદી દુર્વ્યવહાર કરવામાં આવ્યો. પીડિત પ્રવેશ રાવતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી**

(એજન્સી) તા.૧

પ્રવેશ રાવતે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે જ્યારે તે તેના ખેતર (નરસિંહ મંદિર પાછળ) પર પહોંચ્યો ત્યારે કેટલાક ગામલોકો પહેલાથી જ ત્યાં હાજર હતા. પીડિતના જણાવ્યા મુજબ, તેણે મજાકમાં એક યુવકને ટિપ્પણી કરી, ‘તું તારા ફોનમાં ખૂબ વ્યસ્ત છે.’ આનાથી વિરોધીઓ ગુસ્સે થયા, જેમણે પ્રવેશ પર હુમલો કર્યો. હુમલા દરમિયાન, યુવકનો ભાઈ, જે નજીકના બટાકાના ખેતરમાં સિંચાઈ કરી રહ્યો હતો, તે ઘટનાસ્થળે પહોંચ્યો અને તેના પર પણ ગંભીર હુમલો કર્યો. પીડિતે આરોપ લગાવ્યો કે બધા આરોપીઓએ તેના પર જાતિવાદી દુર્વ્યવહાર કર્યો. તેઓએ કહ્યું, ‘તું પાસી છે, અમને ફરીથી અમારા ફોન પર શું કરી રહ્યો છે તે પૂછતો નહીં.’ આરોપીઓએ તેને મારી નાખવાની ધમકી પણ આપી હતી. કોઈક રીતે ભાગી છૂટવામાં અને ઘરે પહોંચવામાં સફળ રહેલા પ્રવેશ રાવતે જણાવ્યું હતું કે આરોપીઓ માથાભારે વ્યક્તિઓ છે. તેમના અને તેમના પરિવારને સતત તેમના જીવન અને સંપત્તિ માટે જોખમ રહેલું છે. પીડિતે પોલીસ પાસેથી નિષ્પક્ષ તપાસ અને આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી છે. ચોકીના ઈન્ચાર્જ અશ્વિની સિંહે જણાવ્યું હતું કે તેમને ફરિયાદ મળી છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને જરૂરી કાર્યવાહી કરશે.

# પંજાબના મોગા ગામમાં મોબાઈલ વ્યસન સામે લડવા માટે 'ડુ નથિંગ' સ્પર્ધા યોજાઈ

## ખોરાક અને પાણી પૂરૂં પાડવામાં આવે છે, પરંતુ સ્પર્ધકોએ તેમની જગ્યાએ ચોંટી રહેવું પડે છે

(એજન્સી) તા.૧

એવી દુનિયામાં જ્યાં લોકો પાંચ મિનિટ પણ પોતાનો ફોન ચેક કર્યા વિના બેસી શકતા નથી, ત્યાં મોગા જિલ્લાના એક નાના ગામમાં એક હિંમતવાન ચળવળ શરૂ થઈ છે : એક સ્પર્ધા જેમાં સ્પર્ધકોએ બિલકુલ કંઈ કરવાનું નથી-ન સ્ક્રોલ કરવું, ન કોલ કરવો નહીં, ન ઊભા થવું. ઘોલિયા ખુર્દના રહેવાસીઓએ વધતા મોબાઈલ વ્યસન વિશે જાગૃતિ ફેલાવવા માટે આ અસામાન્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. નિયમો સરળ છે, પરંતુ કોઈપણ રિયાલિટી શો ચેલેન્જ કરતાં વધુ કડક છે : સહભાગીઓએ મોબાઈલ ફોન વિના, સૂયા વિના અને ઉઠ્યા વિના એક જગ્યાએ બેસવું પડશે-વોશરૂમ માટે પણ નહીં. ખોરાક અને પાણી પૂરૂં પાડવામાં આવે છે, પરંતુ સ્પર્ધકોએ તેમની જગ્યાએ ચોંટી રહેવું પડશે પણ ફ્લોર(જમીન)પર, તેમની સ્ક્રીન પર નહીં. 'ગ્રેટ સિટિંગ ચેલેન્જ'એ પંજાબભરમાંથી ૫૫ સહભાગીઓને આકર્ષ્યા, જેમાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વૃદ્ધોનો સમાવેશ થાય છે-બધા સ્પર્ધાની જાહેરાત કરતી વાયરલ સોશિયલ મીડિયા પોસ્ટથી પ્રેરિત હતા. વિડંબના એ છે કે, તે જ સોશિયલ મીડિયા તેઓ હવે ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. આયોજકોએ કહ્યું કે કોઈ સમય મર્યાદા નથી. જે સૌથી વધુ સમય બેસશે તે જીતશે. ઈનામો કોઈપણની ધીરજની કસોટી કરવા માટે પૂરતા પ્રેરણાદાયક છે :




પહેલું ઈનામ : સાયકલ + રૂા.૪,૫૦૦
બીજું ઈનામ : રૂા.૨,૫૦૦
ત્રીજું ઈનામ : રૂા.૧,૫૦૦

પરંતુ આયોજકોનો આગ્રહ છે કે,હેતુ ઈનામની રકમ કરતાં ઘણો મોટો છે. એક આયોજકે જણાવ્યું હતું કે, 'અમે ઈચ્છીએ છીએ કે લોકોને ખ્યાલ આવે કે જો તમે તમારા મોબાઈલથી દૂર રહેશો તો જીવન કાંઈ તૂટી પડતું નથી. જ્યારે તમે તમારા ફોન પરથી ઉપર જુઓ છો અને તમારા પરિવાર સાથે સમય વિતાવો છો ત્યારે શાંતિ, નવરાશનો સમય અને વાસ્તવિક ખુશી હોય છે' સહભાગીઓ પંજાબના ઘણા જિલ્લાઓમાંથી આવ્યા હતા.

૫૫ લોકો હજુ પણ મજબૂત રીતે બેઠા છે, ગામ હવે આતુરતાથી રાહ જોઈ રહ્યું છે કે કોને કંઈ ન કરવાના અંતિમ ચેમ્પિયનનો તાજ પહેરાવવામાં આવશે-એક ખિતાબ જે, એક વખત માટે, ખરેખર જીતવા યોગ્ય છે.

# 'નામ નહીં, માનસિકતામાં પરિવર્તન જરૂરી' : એમ.કે. સ્ટાલિને રાજભવનનું નામ બદલવાના પગલાને વખોડી કાઢ્યું

## સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે રાજ્ય વિધાનસભાને લોકોનો મંચ ગણાવ્યો અને કહ્યું : 'જે લોકોએ લોકોના મંચનો આદર ન કર્યો તેમણે નામ બદલીને લોક ભવન રાખ્યું એ શું આંખમાં ધૂળ નાખવા સમાન નથી ?'

(એજન્સી) તા.૧

રાજ્યપાલના સત્તાવાર નિવાસસ્થાન-રાજ રાજભવનનું નામ બદલીને 'લોક ભવન' કરવાના પ્રસ્તાવની ટીકા કરતા, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કહ્યું કે આ વિરોધ નામો વિશે નહીં પરંતુ લોકશાહી સંસ્થાઓના આદર વિશે છે અને આ પગલાને 'બિનજરૂરી' ગણાવ્યું.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશભરમાં રાજભવન અને રાજ નિવાસના નામ અનુક્રમે લોક ભવન અને લોક નિવાસ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હોવાના મીડિયા અહેવાલો પર પ્રતિક્રિયા આપતા, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કહ્યું કે નામોમાં ફેરફાર કરતાં માનસિકતામાં પરિવર્તનની વધુ જરૂર છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે રાજ્ય વિધાનસભાને લોકોનો મંચ ગણાવ્યો અને કહ્યું : "શું એ આંખમાં ધૂળ નાખવા સમાન નથી કે જે લોકો લોકોના મંચનો આદર કરતા નથી, તેમણે નામ બદલીને લોક ભવન રાખ્યું છે ?"



તેમણે X પર તમિલમાં લખેલી પોસ્ટમાં પ્રશ્ન કર્યો કે, 'નામ બદલવું એ માનસિકતા બદલવા કરતાં ઓછું મહત્વનું છે ! વિધાનસભા = લોકોની સભા ! જેઓ વિધાનસભાનો આદર કરતા નથી તેમના માટે 'લોક ભવન' નામ બદલીને માત્ર એક છીછરી હરકત કરવામાં આવી છે. શું તે લોકશાહીના સિદ્ધાંતોની નજરમાં ધૂળ નાખવા જેવું નથી ?'.

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે કોલકાતામાં રાજભવન, ફ્લેગસ્ટાફ હાઉસ અને દાર્જિલિંગ નિવાસસ્થાનનું નામ બદલીને લોક ભવન કરવાના કેન્દ્રના નિર્દેશનો અમલ કર્યો. સૂચનામાં, તેમણે રાજ્યપાલની સ્થાપનાને જનતા માટે વધુ સુલભ બનાવવાના અગાઉના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો, ભૂતકાળના પગલાંને તેમણે લોકો-કેન્દ્રિત અભિગમ તરફના પરિવર્તનનું પ્રતીક ગણાવ્યું.

# લાંબો ઘટાડો કે ટ્રમ્પ વેપાર-યુદ્ધનો વળાંક ! આ વર્ષે ભારતનો રૂપિયો એશિયાનું સૌથી ખરાબ ચલણ કેવી રીતે બન્યો; ચાલો જાણીએ

## ભારતનું ચલણ ૨૦૨૫માં તીવ્ર ઘટાડાનો સામનો કરી રહ્યું છે. પાછળના મુખ્ય કારણો શું છે ? શું તે યુએસ સાથેના વેપાર વિવાદો છે કે વિદેશી રોકાણમાં ઘટાડો છે કે ભારતીય રિઝર્વ બેંક દ્વારા સંયમિત અભિગમ સાથે પરિસ્થિતિનું સંચાલન. આ વર્ષે રૂપિયાના મૂલ્યમાં નોંધપાત્ર ઘટાડો શા માટે થઈ રહ્યો છે ?

(એજન્સી) તા.૧

જો ભારતનું ચલણ બોલી શકે, તો ૨૦૨૫ કદાચ એવું વર્ષ હશે જ્યાં તેણે વેકેશન માંગ્યું હશે. એક ડોલર જે એક સમયે સ્વતંત્રતા સમયે ચાર રૂપિયાથી ઓછો હતો તે હવે ૮૯થી વધુ છે અને ભયાનક ૯૦ના સ્તર સાથે ફ્લર્ટ કરી રહ્યો છે. 'જ્યારે રૂપિયો ઘટે છે ત્યારે તે વ્યાપક અર્થતંત્રને અસર કરે છે, 'JNUના નિવૃત્ત પ્રોફેસર, અર્થશાસ્ત્રી અરૂણ કુમારે કહ્યું કે આ વર્ષે રૂપિયાનો ઘટાડો વેપાર તણાવ, ઘટતા વિદેશી રોકાણ અને વધતી અનિશ્ચિતતાના સંયોજન સાથે જોડાયેલો છે. આ રૂપિયો કેવી રીતે ઘટ્યો, તેને વધુ નીચે કોણે ધકેલ્યો અને અર્થશાસ્ત્રીઓ માને છે કે આગળ શું આવી શકે છે તે જાણીએ.

USD-INR સંબંધ ભારતની આર્થિક યાત્રામાં એક બારી રહ્યો છે. સ્વતંત્રતા પહેલા, રૂપિયાનું મૂલ્ય મોટાભાગે બ્રિટિશ આર્થિક પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરતું હતું, કારણ કે ભારત વસાહતી શાસન હેઠળ હતું. પાઉન્ડ સોના સાથે, ડોલર સોના સાથે અને રૂપિયા પાઉન્ડ સાથે જોડાયેલો હતો, જેના કારણે ભારત પરોક્ષ રીતે બ્રેટન વુડ્સ ચેઈન પર આવી ગયું. જ્યારે ૧૯૪૭માં એક યુએસ ડોલર આશરે રૂા.૪.૧૬ની બરાબર હતો કે કેમ તે અંગે ચર્ચાઓ ચાલુ છે, ત્યારે એક વાત સ્પષ્ટ છે : તે સમયે રૂપિયો આજ કરતાં ઘણી વધારે ખરીદ શક્તિ ધરાવતો હતો. દાયકાઓ પછી, ચિત્ર વધુ અલગ ન હોઈ શકે.

૨૦૨૫માં, ભારતનો રૂપિયો અત્યાર સુધીમાં ૪.૩% ઘટ્યો છે, જે તેને આ વર્ષે એશિયાનું સૌથી ખરાબ પ્રદર્શન કરતું ચલણ બનાવે છે.

જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક તેલના ભાવ $૧૦૦ પ્રતિ બેરલથી વધુ વધી ગયા હતા અને ભારત માટે મોટો આંચકો, જે તેના લગભગ ૯૦% ક્રૂડ તેલની આયાત કરે છે. પરંતુ આ વર્ષે ઘટાડો કંઈક વધુ રાજકીય કારણે થયો છે : યુએસ ટેરિફ, રશિયા સાથે જોડાયેલા દંડ અને મોટા પાયે વિદેશી રોકાણકારોનું સ્થળાંતર. મીડિયાના અર્થશાસ્ત્રી અરુણ કુમાર સાથે વાત કરતા, તેમણે દલીલ કરી હતી કે ઘટતા ચલણ માટે બાહ્ય નીતિ અને સ્થાનિક પરિબળો બંને સમાન રીતે જવાબદાર છે. કુમારના મતે, 'આંતરરાષ્ટ્રીય ચલણ સાથે ચલણનું મૂલ્ય ઘણા પરિબળો પર આધાર રાખે છે, તે વેપાર, અપેક્ષાઓ અને ભવિષ્યમાં લોકો શું વિચારે છે તે હોઈ શકે છે. બાહ્ય અને આંતરિક બધા પરિબળો સામેલ છે.' તેમણે કહ્યું કે વૈશ્વિક સ્તરે જે થઈ રહ્યું છે તે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે કુમારે કહ્યું કે, 'આપણું ચલણ ફક્ત ડોલર પર જ નહીં પરંતુ અન્ય ચલણોના સંદર્ભમાં પણ સ્થિર છે અને જો અન્ય ચલણો બદલાઈ રહી છે તો તે આપણા વેપાર અને પરિસ્થિતિને પણ અસર કરી શકે છે.' તેમણે ઉમેર્યું કે સ્થાનિક અનિશ્ચિતતા રૂપિયાની મુશ્કેલીઓમાં વધારો કરી રહી છે. મજબૂત GDP આંકડા હોવા છતાં, બેરોજગારી, નબળા ખાનગી રોકાણ અને ઓછી માંગ અંગે ચિંતાઓએ વ્યાપક આર્થિક દૃષ્ટિકોણ વિશે ચિંતા પેદા કરી છે. કુમારે સમજાવ્યું કે રૂપિયાનો વર્તમાન ઘટાડો આ સમયગાળા માટે ખૂબ જ ચોક્કસ છે, જ્યાં યુએસ સાથે વેપાર સમસ્યા છે અને તે આપણા ચાલુ ખાતાની ખાધ અને આપણી મૂડીની હિલચાલને અસર કરી રહ્યો છે કારણ કે ચોખ્ખુ વિદેશી પ્રત્યક્ષ રોકાણ હવે નકારાત્મક થઈ ગયુ છે.

વર્ષની શરૂઆત હળવી રહી. જાન્યુઆરીમાં રૂપિયો ઘટ્યો, પછી માર્ચ અને એપ્રિલમાં થોડી મજબૂતાઈ પાછી મેળવી. મે મહિનાની શરૂઆતમાં, તે ડોલર દીઠ ૮૩.૭૫૩૮ને સ્પર્શ્યો, જે આ વર્ષનો સૌથી મજબૂત છે. તે સમયે આશાવાદ ખૂબ જ ઊંચો હતો, જે એવી અપેક્ષાઓથી પ્રેરિત હતો કે ભારત અમેરિકા સાથે વહેલા વેપાર કરાર કરશે. ભારતીય માલ પર ઓછા ટેરિફથી વિદેશી રોકાણ વધશે અને ચલણને ટેકો મળશે તેવી અપેક્ષા હતી. પરંતુ જુલાઈમાં બધું બદલાઈ ગયું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બજારોની અપેક્ષા કરતાં ઘણી કડક ટેરિફ યોજનાઓ રજૂ કરી. તેમણે મોસ્કો ક્રૂડ ખરીદવા બદલ ભારતને દંડ કરવાની ચેતવણી પણ આપી, નવી દિલ્હી પર યુક્રેન પર રશિયાના આક્રમણને 'નાણાં' આપવાનો આરોપ લગાવ્યો. આ પગલાંથી નવી દિલ્હીની પસંદગીની આશાઓ તૂટી ગઈ. એશિયન સાથીદારોમાં ભાવવધારો થયો અને રૂપિયામાં ૨૦૨૨ પછીનો સૌથી ખરાબ માસિક ઘટાડો થયો. પછી ઓગસ્ટ આવ્યો. વોશિંગ્ટને મોટાભાગની ભારતીય નિકાસ પર ૫૦% ટેરિફ લાદ્યો, જે એશિયામાં સૌથી વધુ હતો, સાથે સાથે રશિયા સાથેના ભારતના વેપાર સંબંધોને લક્ષ્ય બનાવતા વધારાના 'ગૌણ' ૨૫% પેનલ્ટી ટેરિફ પણ લાદ્યા. રૂપિયો ૮૮ રૂપિયાથી વધુ ઘટીને નવા નીચા સ્તરે પહોંચી ગયો. સપ્ટેમ્બરમાં કોઈ રાહત મળી નહીં. અહેવાલો સૂચવે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુરોપિયન દેશોને ભારત પર સમાન રશિયા સંબંધિત પેનલ્ટી ટેરિફ લાદવા વિનંતી કરી હતી. બીજો આંચકો ત્યારે આવ્યો જ્યારે યુએસએ તેની H-1B વિઝા ફી, જે મોટે ભાગે ભારતીય ટેક કામદારો દ્વારા ઉપયોગમાં લેવાય છે, તેને થોડાક સો ડોલરથી વધારીને $૧૦૦,૦૦૦ કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને રૂપિયો વધુ ડૂબી ગયો. પરંતુ સૌથી મોટો ફટકો નીતિથી નહીં, પરંતુ બજારોમાંથી આવ્યો. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, નવેમ્બરના અંત સુધીમાં, વિદેશી રોકાણકારોએ લગભગ $૧૬.૩ બિલિયન પાછા ખેંચી લીધા હતા, જે ૨૦૨૨ના રેકોર્ડ વેચાણ-ઓફની નજીક પહોંચી ગયો હતો. ઉચ્ચ યુએસ ટેરિફ, પાતળું સ્ટોક મૂલ્યાંકન, કમાણી અંગેની ચિંતાઓ અને સ્થાનિક વૃદ્ધિ અંગેના પ્રશ્નોએ રોકાણકારોને ભારત વેચવા માટે પ્રેરિત કર્યા. આ વેચવાલીથી ડોલરની માંગમાં તીવ્ર વધારો થયો અને રૂપિયાની માંગમાં ઘટાડો થયો, જેના કારણે ચલણમાં ઘટાડો થયો.

વેપારીઓ માને છે કે RBIએ ૨૦૨૫ દરમિયાન ઘણી વખત દખલ કરી હતી, ખાસ કરીને ફેબ્રુઆરી અને ઓક્ટોબરમાં. પરંતુ ૨૧ નવેમ્બરના રોજ, જ્યારે રૂપિયો અચાનક ૮૯ની સપાટીને વટાવી ગયો, ત્યારે તે સ્પષ્ટ હતું કે કેન્દ્રીય બેંકે હસ્તક્ષેપ કર્યો ન હતો. RBI લાંબા સમયથી ૮૮.૮૦ના સ્તરનો બચાવ કરી રહ્યું હતું. જ્યારે તે સ્તર તૂટી ગયું, ત્યારે શોર્ટ-કવરિંગને કારણે ભારે ઘટાડો થયો, જેના કારણે ચલણ થોડા કલાકોમાં ૮૯ની સપાટીએ પહોંચી ગયું. ભારતીય રિઝર્વ બેંકે જાળવી રાખ્યું છે કે તે અતિશય અસ્થિરતાને રોકવા માટે જ ચલણ બજારમાં હસ્તક્ષેપ કરે છે. બ્લૂમબર્ગના અંદાજ મુજબ, જુલાઈ મહિનાથી જ, કેન્દ્રીય બેંકે રૂપિયાને નવા રેકોર્ડ નીચા સ્તરે જતા અટકાવવા માટે $૩૦ બિલિયનથી વધુનું ભંડોળ બહાર કાઢ્યું છે. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર, જે હાલમાં $૬૯૩ બિલિયનની આસપાસ છે, તે વિશ્વના સૌથી મોટા વિદેશી હૂંડિયામણ ભંડારોમાંનો એક છે અને લગભગ ૧૧ મહિનાની આયાતને આવરી શકે છે. છતાં વિશ્લેષકો કહે છે કે ડિસેમ્બર ૨૦૨૪માં નિયુક્ત થયેલા તેના નવા ગવર્નર હેઠળ RBI વધુ સંયમિત અભિગમ અપનાવી રહી છે, જ્યારે ખૂબ જ જરૂરી હોય ત્યારે જ દખલ કરી રહી છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ દલીલ કરે છે કે નબળા પોર્ટફોલિયો પ્રવાહ, વધતા જતા વેપાર ખાધ અને ચાલુ અનામત ઘટાડા વચ્ચે રૂપિયાને ૮૮.૮ની નજીક રાખવાનું ટકાઉ ન હોઈ શકે.

**શું RBIએ વધુ આક્રમક રીતે હસ્તક્ષેપ કરવો જોઈએ ?**

અરૂણ કુમાર માને છે કે RBI હંમેશા ચલણ પર નજર રાખે છે અને હસ્તક્ષેપ કરી રહી છે. તેમણે કહ્યું કે, 'આરબીઆઈ હંમેશા ચલણ પર નજર રાખી રહી છે અને દરમિયાનગીરી કરી રહી છે. અને જો ચલણ ઘટવાનું હોય તો તે અચાનક ન હોવું જોઈએ, તે ધીમે ધીમે થવું જોઈએ... ઝડપી ગતિવિધિઓ વધુ અનુમાનિત પ્રવૃત્તિઓ તરફ દોરી જાય છે,'. તેમણે વધુમાં સૂચવ્યું કે વર્તમાન વેપાર વાતાવરણમાં, આરબીઆઈ થોડો નબળો રૂપિયા પણ પસંદ કરી શકે છે, એમ કહીને કે, 'આરબીઆઈ હંમેશા દરમિયાનગીરી કરી રહી છે અને ખાસ કરીને હવે જ્યારે અમેરિકા સાથેની અમારી સંધિ ખૂબ ઊંચા ટેરિફથી પ્રભાવિત થવાની છે. તેથી




ભારતથી વેપાર અને ભારતમાંથી નિકાસ વધારવા માટે, નિકાસકારોને મદદ કરવા માટે, તે રૂપિયો નીચે જવા માંગી શકે છે અને જો રૂપિયો નીચે જાય છે તો નિકાસ સારી થવાના સંદર્ભમાં વેપાર પર સકારાત્મક અસર પડે છે. તેના પરિણામે આયાત પણ ઘટી શકે છે અને ફુગાવો વધી શકે છે કારણ કે આયાતી માલ વધુ મોંઘો થાય છે પરંતુ આ સમયે આરબીઆઈ કદાચ નિકાસકારોને મદદ કરવા અને રૂપિયાને વધુ નીચે જવા દેવાનો પ્રયાસ કરી રહી છે.' ૨૦૧૮થી દર વર્ષે રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું છે અને આ વર્ષ પણ તેનો અપવાદ નથી. પરંતુ ૨૦૨૫માં જે વાત સ્પષ્ટ થાય છે તે એ છે કે તાઈવાન ડોલર, થાઈ બાહત અને મલેશિયન રિંગિટ સહિત ઘણી અન્ય એશિયન ચલણો મજબૂત થયું છે, ભલે યુએસ ડોલર નરમ પડ્યો હોય, પરંતુ ભારત તેનાથી વિશિસ્ટ છે. થાઈલેન્ડ, મલેશિયા અને તાઈવાન જેવા દેશો હાલમાં ભારત જે પ્રકારના કઠોર યુએસ ટેરિફનો સામનો કરી રહ્યું છે તેના પર અસર કરી રહ્યા નથી. ભારતના નિકાસ-આધારિત ક્ષેત્રોને વધુ સખત ફટકો પડ્યો છે. યુએસ ડોલર ઘટવાના ભયથી એશિયાના અન્ય દેશોમાં નિકાસકારો તેમની ડોલરની કમાણીનો વધુ ભાગ સ્થાનિક ચલણમાં રૂપાંતરિત કરવા પ્રેરાયા છે, જેનાથી તેઓ મજબૂત થયા છે. ભારતને આ વલણનો ફાયદો થયો નથી કારણ કે તેના નિકાસકારો ટેરિફ દબાણ હેઠળ રહે છે.

**નબળો રૂપિયો વ્યાપક અર્થતંત્રને કેવી રીતે અસર કરશે ?**

નબળો રૂપિયો ભારતીય માલને બાકીના વિશ્વ માટે સસ્તો બનાવે છે, જે નિકાસકારોને સ્પર્ધાત્મક રહેવામાં મદદ કરે છે, ખાસ કરીને હવે મહત્વપૂર્ણ છે, કારણ કે ભારત નવા ટેરિફ દબાણનો સામનો કરે છે અને યુકે સાથેના વેપાર સોદાને સુરક્ષિત કરવા માટે કામ કરે છે. તે ભારતના પરિવારોને પણ ફાયદો પહોંચાડે છે જેઓ વિદેશમાં કામ કરતા સંબંધીઓ પાસેથી પૈસા મેળવે છે, કારણ કે ઘરે મોકલવામાં આવતો દરેક ડોલર વધુ રૂપિયામાં રૂપાંતરિત થાય છે. પરંતુ નુકસાન નોંધપાત્ર છે. નબળો રૂપિયો આયાતને મોંઘી બનાવે છે, જેમાં ક્રૂડ તેલ, ખાતરો અને ઈલેક્ટ્રોનિક્સ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે, જેના કારણે એકંદર ભાવમાં વધારો થાય છે. અરુણ કુમારે ઘટતા ભારતીય ચલણની મિશ્ર અસર પણ સમજાવી. તેમણે કહ્યું, 'જ્યારે રૂપિયો ઘટે છે ત્યારે તેની અસર વ્યાપક અર્થતંત્ર પર પડે છે. કારણ કે એક તરફ નિકાસ અટકી જાય છે જ્યારે આયાત ઓછી થાય છે... તેથી, ઘટતો રૂપિયો અર્થતંત્રના વિકાસ દરમાં કંઈક અંશે હકારાત્મક રીતે મદદ કરશે પરંતુ ફુગાવો વધશે.' કુમારે કહ્યું, 'વધુમાં, એવું પણ થાય છે કે અર્થતંત્રમાં ઉત્પાદન વગેરેની માંગ બદલાશે. જો નિકાસ વધુ હોય, તો અર્થતંત્રમાં માંગ વધે છે. જ્યારે આયાત ઓછી થાય છે તેના કરતાં અર્થતંત્રમાં માંગ વધે છે. તેથી, ઘટતો રૂપિયો અર્થતંત્રના વિકાસ દરમાં કંઈક અંશે હકારાત્મક રીતે મદદ કરશે પરંતુ ફુગાવો વધશે, જે અર્થતંત્ર માટે નકારાત્મક રહેશે'. જો કે, તેમણે વધુમાં નોંધ્યું છે કે રૂપિયામાં ધીમે ધીમે ઘટાડો વધુ મેનેજેબલ છે, કારણ કે તે ફુગાવાને ખૂબ ઝડપથી વધતા અટકાવે છે જ્યારે નિકાસ માંગને ટેકો આપે છે.

# 'જો નિયમિત મુકદ્દમા ઓટોમેશન તરફ શિફ્ટ થાય તો AI ૬૦%થી વધુ પેન્ડિંગ કેસોનો ઉકેલ લાવી શકે છે' : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ મનમોહન

## જો આવા કેસોને AI-સહાયિત પ્લેટફોર્મ પર ખસેડવામાં આવે તો તેમણે ઉમેર્યું, 'આપણા ૬૦ ટકાથી વધુ મુકદ્દમાનો ઉકેલ આવી જશે અને બાકીનું માળખું ૪૦ ટકા મુકદ્દમા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.' તેમણે એમ પણ કહ્યું કે AI જમીન સંપાદન વિવાદો જેવા હજારો સમાન કેસોને ક્લસ્ટર કરવામાં મદદ કરી શકે છે, જેનાથી અદાલતો એક જ ચુકાદા દ્વારા સમાન બાબતોના સંપૂર્ણ જૂથોનો નિકાલ કરી શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ મનમોહને જણાવ્યું હતું કે જો નિયમિત નાના-ટિકિટ કેસોને ઓટોમેટેડ સિસ્ટમમાં શિફ્ટ કરવામાં આવે તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ભારતના ૬૦ ટકાથી વધુ પેન્ડિંગ મુકદ્દમાનો ઉકેલ લાવી શકે છે. ઓક બ્રિજ દ્વારા આયોજિત દિલ્હીમાં ઈન્ડિયા લો AI અને ટેક સમિટ ૨૦૨૫માં બોલતા, ન્યાયાધીશ મનમોહને કહ્યું કે ટેકનોલોજીએ ન્યાયાધીશોને કારકુનીના બોજમાંથી મુક્ત કરવા જોઈએ અને અદાલતોને જટિલ કાનૂની પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપવી જોઈએ. તેમણે નોંધ્યું કે ભારતના કેસ લોડનો મોટો હિસ્સો નાના, પુનરાવર્તિત વિવાદોનો સમાવેશ કરે છે જેને વિગતવાર ન્યાયિક તર્કની જરૂર નથી,. તેમણે કહ્યું કે, 'નાના સાધારણ ગુનાઓ, ટ્રાફિક ચલણ, ચેક-બાઉન્સિંગ કેસો. તેમનો નિર્ણય AI દ્વારા લઈ શકાય છે કારણ કે આ નિયમિત બાબતો છે અને સરળતાથી તેનો ઉકેલ લાવી શકાય છે'.

જો આવા કેસોને AI-સહાયિત પ્લેટફોર્મ પર ખસેડવામાં આવે, તો તેમણે ઉમેર્યું, 'આપણા ૬૦ ટકાથી વધુ મુકદ્દમાનો ઉકેલ આવી જશે, અને બાકીનું માળખું ૪૦ ટકા મુકદ્દમા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.' તેમણે એમ પણ કહ્યું કે AI જમીન સંપાદન વિવાદો જેવા હજારો સમાન કેસોને ક્લસ્ટર કરવામાં મદદ કરી શકે છે, જેનાથી અદાલતો એક જ ચુકાદા દ્વારા સમાન બાબતોના સંપૂર્ણ જૂથોનો નિકાલ



કરી શકે છે. જસ્ટિસ મનમોહને ખુલાસો કર્યો કે સુપ્રીમ કોર્ટે SU-PACE નામના AI-સંચાલિત સાધનનું પાયલોટ ટેસ્ટ કરવાનું શરૂ કર્યું છે, જે કેસ ફાઈલો વાંચવા, મુદ્દાઓ કાઢવા અને ન્યાયાધીશો માટે સંબંધિત દાખલાઓને ચિહ્નિત કરવા માટે રચાયેલ છે. તેને 'ડિજિટલ સંશોધન સહાયક' તરીકે વર્ણવતા, તેમણે કહ્યું કે આ સાધન 'વાંચન, મુદ્દાઓનો સારાંશ તૈયાર કરે છે અને કાયદો કહી બતાવે છે. તે ચુકાદો આપશે નહીં, પરંતુ તે ન્યાયાધીશ માટે શું ધ્યાનમાં લેવા યોગ્ય છે તે પ્રકાશિત કરે છે.' જો કે, તેમણે ચેતવણી આપી હતી કે મોટા પાયે ઉપયોગ કરતા પહેલા AIના જોખમો, જેમાં ભ્રમિત કેસ કાયદાઓ, અલ્ગોરિધમિક પૂર્વગ્રહ અને ગોપનીયતાની ચિંતાઓનો સમાવેશ થાય છે, તેને સંબોધિત કરવા જોઈએ. ટેકનોલોજી નિયમિત કાર્યો સંભાળે છે તેવા હાઈબ્રિડ ન્યાયિક મોડેલની આગાહી કરતી વખતે, તેમણે ભાર મૂક્યો, 'ન્યાયનું અંતિમ પાત્ર અલ્ગોરિધમ નથી, પરંતુ માનવ ન્યાયાધીશની પ્રામાણિકતા, સ્વતંત્રતા અને બુદ્ધિ છે.'

અન્ય વક્તાઓએ પણ ચિંતા વ્યક્ત કરી. વરિષ્ઠ વકીલ અને સોસાયટી ઓફ ઈન્ડિયન લો ફર્મ્સ (SILF)ના પ્રમુખ ડો. લલિત ભસીને ટેકનોલોજી પર વધુ પડતા નિર્ભરતા સામે ચેતવણી આપી હતી. યુવા વકીલો સાથેના ઈન્ટરવ્યુના અનુભવને શેર કરતા તેમણે કહ્યું, 'બધા ડ્રાફ્ટ્સ સમાન હતા... આ શું સૂચવે છે ? તે સૂચવે છે કે આપણે ટેકનોલોજી, AIના વર્ચ્યુઅલ રીતે ગુલામ બની ગયા છીએ. મગજનો ખૂબ જ ઓછો ઉપયોગ છે અને આ વ્યવસાયની વાત કરીએ તો તે ખૂબ જ ખતરનાક કાર્યવાહી છે.' તેમણે નિર્દેશ કર્યો કે ટેકનોલોજીકલ સુધારાઓ છતાં, પેન્ડન્સી વધી રહી છે. 'પણ કેસોના નિકાલનું શું ? ૨૦૨૩-૨૪માં, ૫ કરોડ કેસ પેન્ડિંગ હતા. આ સુવિધા પ્રક્રિયાને કારણે, તમે જુઓ છો કે આ સંખ્યા હવે ૫ કરોડથી ઘણી વધી ગઈ છે.' ભસીને ઉમેર્યું કે વિલંબ ચાલુ રહે છે કારણ કે 'આપણી પાસે ઘણા બધા કાયદા છે. આપણી પાસે જૂના કાયદા છે. આપણી પાસે ઓવરલેપિંગ કાયદા છે. આપણી પાસે ખોટી રીતે તૈયાર કરાયેલા કાયદા છે. તે કાનૂની વ્યવસાય માટે સારૂં છે પણ દેશ માટે ખરાબ છે, અર્થતંત્ર માટે ખરાબ છે.' ટેકનોલોજીની મર્યાદાઓ વિશે ચેતવણી આપતા તેમણે નિષ્કર્ષ કાઢ્યો, 'તેનો ઉપયોગ સાધન તરીકે કરો, પરંતુ તેના ગુલામ ન બનો. હા, ટેકનોલોજી પર નિર્ભરતા અમુક હદ સુધી ઠીક છે, પરંતુ તે ક્યારેય માનવ મગજનો વિકલ્પ બની શકે નહીં.

# ડ્રાઈવિંગ લાઈસન્સ સમાપ્ત થયા પછી ૩૦ દિવસ માટે માન્ય, ગ્રેસ પીરિયડના છેલ્લા દિવસે પણ થયેલ અકસ્માત આવરી લેવામાં આવે છે : હાઈકોર્ટ

## જસ્ટિસ વિરિન્દર અગ્રવાલે વીમા કંપની દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ અકસ્માતના એક મહિના પહેલા સમાપ્ત થઈ ગયા હોવાના આધારે પુનઃવસૂલાત અધિકારો માંગતી અપીલ ફગાવી દીધી હતી

(એજન્સી) તા.૧

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે ડ્રાઈવિંગ લાઈસન્સ તેની સમાપ્તિ પછી ૩૦ દિવસ સુધી માન્ય રહે છે, જ્યારે ગ્રેસ પીરિયડના ૩૦મા અને અંતિમ દિવસે પણ અકસ્માત વીમા હેતુઓ માટે સંપૂર્ણપણે આવરી લેવામાં આવે છે.

જસ્ટિસ વિરિન્દર અગ્રવાલે વીમા કંપની દ્વારા પુનઃવસૂલાત અધિકારો માંગતી અપીલ ફગાવી દીધી હતી કારણ કે ડ્રાઈવિંગ લાઈસન્સ અકસ્માતના એક મહિના પહેલા સમાપ્ત થઈ ગયું હતું. કોર્ટે નોંધ્યું હતું કે મોટર વાહન અધિનિયમ સ્પષ્ટપણે ૩૦ દિવસનો વધારો આપે છે, જે દરમિયાન અન્યથા સમાપ્ત થયેલ લાઈસન્સ માન્ય રહે છે.



કાયદેસર આદેશનો ઉલ્લેખ કરીને, કોર્ટે મોટર વાહન અધિનિયમની કલમ ૧૪ની જોગવાઈને ફરીથી રજૂ કરી : 'જો કે દરેક ડ્રાઈવિંગ લાઈસન્સ, આ પેટા-કલમ હેઠળ તેની સમાપ્તિ હોવા છતાં, આવી સમાપ્તિથી ૩૦ દિવસના સમયગાળા માટે અસરકારક રહેશે.' કાર્યવાહી દરમિયાન, ન્યાયાધીશ અગ્રવાલે વીમા કંપનીની દલીલની નોંધ લીધી કે લાઈસન્સ ૪ જૂન, ૨૦૦૧ના રોજ સમાપ્ત થઈ ગયું હતું, જ્યારે અકસ્માત ૪ જુલાઈ, ૨૦૦૧ના રોજ થયો હતો અને નવીકરણ ફક્ત ૬ ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ કરવામાં આવ્યું હતું. આ આધારે, તેમણે દલીલ કરી હતી કે ડ્રાઈવર અકસ્માતની તારીખે 'યોગ્ય રીતે લાઈસન્સ પ્રાપ્ત નહોતો' અને વસૂલાત અધિકારો માંગ્યા હતા.

કાયદેસર ગ્રેસ પીરિયડની ગણતરી કર્યા પછી કોર્ટે દલીલને ફગાવી દીધી હતી. ન્યાયાધીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, 'જોગવાઈનું સ્પષ્ટ વાંચન એ સ્પષ્ટ કરે છે કે વિધાનસભાએ સમાપ્ત થયેલા ડ્રાઈવિંગ લાયસન્સની અસરકારકતાને તેની સમાપ્તિની તારીખથી ત્રીસ દિવસના કાનૂની સમયગાળા માટે સ્પષ્ટપણે લંબાવી છે'.

કાયદાકીય વિસ્તરણ લાગુ કરતાં, કોર્ટે નિષ્કર્ષ કાઢ્યો : 'હાલના કેસમાં, લાઈસન્સ ૪ જૂન, ૨૦૦૧ના રોજ સમાપ્ત થયું હતું, અને ત્રીસ દિવસનો કાનૂની ગ્રેસ પિરિયડ ૫ જૂન, ૨૦૦૧ના રોજ શરૂ થયો હતો. તે મુજબ ગણતરી કરવામાં આવે તો, ૩૦મો દિવસ ૪ જુલાઈ, ૨૦૦૧ના રોજ આવ્યો હતો અને તે દિવસની મધ્યરાત્રિ સુધી માન્ય રહ્યો હતો. અકસ્માત ૪ જુલાઈ, ૨૦૦૧ના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યે થયો હતો, જે કાનૂની માન્યતાની અંદર હતો. તેથી, કાયદાના અમલ દ્વારા, લાઈસન્સ અકસ્માત સમયે અસરકારક રહ્યું.'

જસ્ટિસ અગ્રવાલે અગાઉના દાખલાઓનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં હરિયાણા રાજ્ય વિરૂદ્ધ કારકોર અને અન્યમાં ૨૦૧૮ના નિર્ણયનો સમાવેશ થાય છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગ્રેસ પિરિયડ દરમિયાન લાઈસન્સ માન્ય રહે છે અને વીમા કંપનીઓ પોલિસી શરતોના ભંગનો દાવો કરી શકે નહીં. અલ્હાબાદ હાઈકોર્ટે ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ વિરૂદ્ધ શ્રીમતી સંતોષ કુમારીમાં આવી જ અભિપ્રાય લીધો હતો. દુર્ઘટનાની તારીખે લાયસન્સની અસ્તિત્વ અંગે 'શંકા માટે કોઈ જગ્યા' ન મળતાં, ન્યાયાધીશ અગ્રવાલે તારણ કાઢ્યું કે વીમા કંપનીની અરજીમાં 'યોગ્યતાનો અભાવ' છે, જ્યારે ટ્રિબ્યુનલના ૨૦૦૩ના એવોર્ડને સમર્થન આપ્યું કે વસૂલાતના અધિકારો આપ્યા વિના કંપની પર જવાબદારી નક્કી કરવામાં આવે.

ભાવનગર ગારિયાધારની નવાગામ પ્રાથમિક શાળાના

# આચાર્યની શાળામાં અનિયમિતતા અંગેની ફરિયાદો બાદ ફરજ મોકૂફ કરાયા

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧

ગારિયાધારની નવાગામ પ્રાથમિક શાળાના આચાર્ય ધનશ્યામભાઈ મહાશંકરભાઈ જોષીની શાળામાં અનિયમિતતા અંગેની ફરિયાદો બાદ ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આ અંગેની ફરિયાદ ભાવનગર જિલ્લા કલેકટર ડો. મનીષ કુમાર બંસલને નવાગામની મુલાકાત દરમ્યાન ગામલોકો દ્વારા કરવામાં આવતા તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી છે. ધનશ્યામભાઈ મહાશંકરભાઈ જોષી, આચાર્ય, નવાગામ પ્રાથમિક શાળા, તા. ગારીયાધાર, જિ. ભાવનગર સામે તેઓની શાળામાં અનિયમિતતા બાબતે ફરિયાદો થઈ હતી. જે અંગે જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર બંસલની તા.૨૪/૧૧/૨૦૨૫ની રૂબરૂ મુલાકાત દરમિયાન ફરિયાદ મળી હતી. ત્યારબાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગારીયાધાર દ્વારા કરવામાં આવેલ તપાસ અહેવાલ મુજબ ધનશ્યામભાઈ મહાશંકરભાઈ જોષી શાળામાં નિયમિત હાજર રહેતા નથી તેવું ગ્રામજનોના નિવેદનો પરથી જાણવા મળ્યું હતું. ધનશ્યામભાઈ મહાશંકરભાઈ જોષીને શિક્ષણ વિભાગના તા.૦૭/૦૨/૨૦૧૪ના ઠરાવથી નિયત થયેલ આચારસંહિતાની સામાન્ય ફરજો ૨(ડ)નો સ્પષ્ટ ભંગ કરેલ હોવાનો અભિપ્રાય તપાસ અહેવાલમાં રજૂ થયેલ છે. આ ગંભીર બેદરકારી અને અનુશાસનહિનતા સબબ તેઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કારણોસર તેઓને સક્રિય સેવામાં ચાલુ રાખવા જાહેર વહીવટી હિતમાં ન હોઈ, તેઓને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૫(૧)(ક) તેમજ ગુજરાત પંચાયત સેવા(શિસ્ત અને અપીલ)ના નિયમ-૧૯૯૭ની કલમ-૫(૨-ક)ની જોગવાઈ હેઠળ તાત્કાલિક અસરથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભાવનગર દ્વારા ફરજ મોકૂફી હેઠળ મૂકવામાં આવ્યા છે.

# સુરતમાં સગીરાને દીકરી બનાવવાનું નાટક કરી દંપતીએ દેહવિક્રયના ધંધામાં ધકેલી દીધી

## પોલીસે ગણતરીના કલાકોમાં દંપતી સહિત ચારને ઝડપી પાડ્યા, નશાકારક પદાર્થ પીવડાવી સગીરાને શારીરિક સબંધ બાંધવા મજબૂર કરતા હતા

(સંવાતદાતા દ્વારા)
સુરત, તા.૧

સગીર વયની યુવતીને દીકરી બનાવવાનું નાટક કરી દંપતીએ દેહવિક્રયના ધંધામાં ધકેલી દીધી હતી અને અલગ-અલગ લોકો સાથે શારીરિક સંબંધો બંધાવી દંપત્તિએ પૈસા કમાવાનું ચાલુ કરી દીધું હતું. જો કે, આ મામલે કિશોરીએ લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દંપતી સહિત કુલ ચાર વ્યક્તિઓ તથા અજાણ્યા ઈસમો સામે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં રહેતી એક સગીરાને તેના માતા-પિતા લગ્ન માટે દબાણ કરતા હતા પરંતુ સગીરાએ તે યુવક સાથે લગ્ન કરવા ન હતા. જેથી તે પોતાનું ઘર છોડી તેની બહેનપણી મારફતે સુરતમાં રાણી તળાવ પાસે આવેલ. નાલબંધવાડમાં રહેતા સબીના મોહમ્મદ સાજીદ મિયા મોહમ્મદ નાલબંધ પાસે આવી હતી. સબિનાએ અને તેના પતિ મોહમ્મદ સાજીદ મિયાએ સગીરાને પોતાની દીકરી બનાવી ઘરમાં આશરો આપ્યો હતો. જો કે, ત્યારબાદ છેલ્લા ૧૨થી ૧૫ દિવસના સમયગાળાની અંદર સબીના અને તેનો પતિએ ભેગા મળી સગીરાને નશાકારક પદાર્થ પીવડાવી દીધો હતો અને ત્યારબાદ પૈસા કમાવાની લાલચમાં કાદિર સદિક ધોબીને સોંપી દીધી હતી અને તેમણે પોતાની શારીરિક હવસ પૂરી કરી મોહમ્મદ સાજીદ અને તેની પત્ની સબીનાને સગીરા પરત કરી હતી. જો કે, ત્યારબાદ પણ દંપતીએ સાહિલ સદ્દામ અન્સારીને પણ તેની પાસેથી પૈસા લઈ તેમને દીકરી સોંપી દીધી હતી. છેલ્લા ૧૨થી ૧૫ દિવસના સમયગાળામાં અવારનવાર મોહમ્મદ સાજીદ મિયા અને તેની પત્ની સબીનાએ સગીરાને અલગઅલગ લોકો પાસેથી પૈસા લઈ તેમની સાથે શારીરિક સંબંધો બાંધવા માટે મોકલી દેહવક્રિયના ધંધામાં ધકેલી દીધી હતી. જો કે, આ દરમિયાન ઘેનમાંથી બહાર આવ્યા બાદ દીકરીને કેટલીક હકીકતો માલુમ પડી હતી. જેથી તેમણે એક એનજીઓ મારફતે પોલીસનો સંપર્ક કર્યો હતો અને ગતરોજ લાલગેટ પોલીસ મથકમાં આમામલે તેમણે પોલીસ ફરિયાદનોંધાવી છે. મોહમ્મદ સાજીદ મિયા તથા તેની પત્ની સબીના તથા સગીરા સાથે શારીરિક સંબંધો બાંધનાર કાદીર ધોબી અને સાહિલ અન્સારી સામે પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કર્યો છે. એટલું જ નહી પરંતુ છેલ્લા ૧૨ દિવસના સમયગાળાની અંદર તેમની સાથે શારીરિક સંબંધો બાંધનાર અજાણ્યા ઈસમો સામે પણ પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કર્યો છે. હાલ તો પોલીસે સગીરાનું મેડિકલ ચેકઅપ કરાવી આ ચારેય આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન છેતરપિંડી કરતો ગઠિયો ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે એક મોટા ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડનો પર્દાફાશ કરીને ભાવનગર જિલ્લાના NSUI પ્રમુખ અને ગુજરાત યુવા મકરાણી બલોચ સમાજના પ્રમુખ ઝૈનબ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ ગુજરાત યુવક કોંગ્રેસ ચૂંટણીના ભાવનગર જિલ્લા ૨૦૨૫ના પ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવનાર અર્શમાનખાન શુક બલોચની ધરપકડ કરી છે. આ આરોપીએ યુવક કોંગ્રેસના સભાસદ બનાવાના બહાના હેઠળ અનેક લોકોના આધાર કાર્ડ ઉઘરાવ્યા હતા તેનો પણ ખાતા ખોલવા માટે ઉપયોગ થયો છે તેવુ લોક મુખે ચર્ચાનો વિષય બની ગયેલ છે ફરિયાદીએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરિયાદ નોંધાવી




હતી કે, તેમની સાથે IPO અને શેરબજારમાં રોકાણના નામે રૂા.૪૭.૫૦ લાખની છેતરપિંડી કરવામાં આવી છે. ACP હાર્દિક માકડિયાના જણાવ્યા અનુસાર,આરોપી અર્શમાનખાન શુક અવાર નવાર દુબઇ જઇ આંતરરાષ્ટ્રીય દુબઈ-ચાઈનીઝ ગેંગના લોકો સાથે મળીને આ કૌભાંડ ચલાવી રહ્યો હતો.

ફરિયાદીને શરૂઆતમાં 'ફ્રેક્લિન ટેમ્પલટન ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી' નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા અને નફોની લાલચ આપવામાં આવી હતી. અલગ-અલગ ભાગે જુદા-જુદા બેંક એકાઉન્ટમાંથી કુલ ૫૦ લાખ ભેગા કર્યા. જેમાંથી એક માત્ર ૩ લાખ હતા, આમ કુલ ૪૭.૫૦ લાખની છેતરપીડી થઈ હતી.

# હિંમતનગર ખાતે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજ સુતરીયા તેમજ જિલ્લા ક્ષય અધિકારી ડો. ફાલ્ગુનીના માર્ગદર્શન હેઠળ જિલ્લા નર્સિંગ સ્કૂલના સહકારથી વિશ્વ એઈડ્સ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરાઈ હતી. 'એઈડ્સ પ્રતિભાવમાં પરિવર્તન લાવવા વિક્ષેપને દૂર કરીએ' થીમ પર જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારી, NACP સ્ટાફ, નર્સિંગ સ્કૂલના પ્રિન્સીપાલ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ દ્વારા હિંમતનગરના મુખ્ય માર્ગ પર જન જાગૃતિ માટે રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા હિંમતનગરના મુખ્ય માર્ગો પર




(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

જાગૃતિલક્ષી સૂત્રોચ્ચાર કરીને નગરવાસીઓને એઈડ્સ અંગેની મહત્વપૂર્ણ માહિતી અને સાચી સમજ આપવામાં આવી હતી. રેલી બાદ નર્સિંગ સ્કૂલ હિંમતનગર ખાતે રંગોળી તેમજ પોસ્ટર પ્રદર્શન રાખવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની કલા દ્વારા જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ પ્રદર્શનમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો. ફાલ્ગુની, રાજેશ જાદવ અને જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી જયેશભાઈ દ્વારા ઉપસ્થિતોને એઈડ્સની રોકથામ અને સારવાર અંગેની પ્રસંગોચિત માહિતી આપી હતી.

# ડીસાની કૃષિ વિજ્ઞાન પોલિટેક્નિક કોલેજમાં વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી




સમગ્ર વિશ્વમા પહેલી ડીસેમ્બરે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે આજરોજ સિવિલ હોસ્પિટલ ડીસા, સહયોગ પ્રગતિ મંડળ ડીસા ટી.આઈ. અને લિંકવર્કર સ્કીમ બનાસકાંઠાના સંયુક્ત સહયોગથી કૃષિ વિજ્ઞાન પોલીટેકનિક કોલેજ ડીસામા વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે કાર્યકમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યકમ અંતર્ગત એચ.આઈ.વી. એઈડ્સ અંગે સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ડીસાના જલારામ મંદિર ચોક, બગીચા સર્કલ ચોક અને નવા બસ સ્ટેશન ખાતે લોકોમા એચ.આઈ.વી. અંગે લોક જાગૃતિ ફેલાય એ હેતુથી શેરી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

# નડિયાદના બે યુવાનોએ આર્મ રેસલિંગમાં જિલ્લા કક્ષાએ અવ્વલ રહી મેડલ મેળવ્યા




(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૧

નડિયાદ શહેરના બે યુવાનોએ હાથના પંજા લડાવવાની આર્મ રેસલિંગની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બની શહેરનું નામ ગુંજતું કર્યુંછે. આ યુવાનોએ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પણ સ્થાન નિશ્ચિત કર્યું છે.

નડિયાદ શહેરના વહોરા અમાન કાદીરભાઈ અને વોરા સેહબાજ સમીરભાઈએ તા.૩૦/૧૧/૨૦૨૫, રવિવારના રોજ વડોદરા જિલ્લાના પાદરા ખાતે યોજાયેલી આર્મ રેસલિંગ (હાથના પંજા લડાવવાની સ્પર્ધા)ની જિલ્લા લેવલની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બંને યુવાનોએ પોતાની શારીરિક ક્ષમતા અને મજબૂત પકડનો પરિચય આપીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે બંને યુવાનોએ પોતપોતાની કેટેગરીમાં વિજય મેળવીને નડિયાદ શહેરનું નામ રોશન કર્યું છે. જેને કારણે હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પણ સિલેક્ટ થયા છે. જિલ્લા કક્ષાએ વિજય મેળવીને રાજ્ય કક્ષાએ સિલેકશન થવાથી તેમના પરિવારજનો અને મિત્રવર્તુળમાં ખુશીનો માહોલ છવાયો છે. આ બંને ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગુજરાતનું નામ દેશભરમાં ગૌરવવંતુ બનાવે તેવી આશા સૌ કોઈ સેવી રહ્યું છે.

# હિંમતનગરના કપિલ ત્રિવેદી ગુજરાતના શ્રેષ્ઠ આચાર્યના એવોર્ડથી સન્માનિત



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ગ્લોબસ પ્રાયમરી (CBSE) સ્કૂલના આચાર્ય કપિલભાઈ ત્રિવેદીને ગુજરાતના શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ પ્રાપ્ત થયો. તા.૨૯/૧૧/૨૦૨૫ના રોજ ગાર્દી વિદ્યાપીઠ રાજકોટ મુકામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, ગુજરાત રાજ્ય તથા ઓલ ઇન્ડિયા પ્રાઇવેટ સ્કૂલ એસોશિયેશન (AISPA) દ્વારા ગુજરાત રાજ્યના કુલ ૧૪૩ શ્રેષ્ઠ આચાર્યોને એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમાં ગ્લોબસ સ્કૂલના આચાર્યને શ્રેષ્ઠ આચાર્ય તરીકે બિરદાવામાં આવ્યા હતા. આ એવૉર્ડ તેમને ગુજરાત રાજ્યના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે અપાયો હતો. ઍવોર્ડ પ્રાપ્ત થતા જ શાળાના ટ્રસ્ટી અશોકભાઈ એન. પટેલ, સ્ટાફ- ગણ, સાબરકાંઠા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ એ આચાર્ય કપિલ ત્રિવેદીને અંત : હ્રદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

# ભાજપ સરકાર વિરૂદ્ધ કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું સિદ્ધપુર ખાતે આગમન



ભાજપના રાજમાં દારૂ અને નશીલા પદાર્થોના વેપાર ઉપર કોઈ નિયંત્રણ નહીં હોવાથી યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યું છે તેના વિરૂદ્ધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા શરૂ કરેલ જન આક્રોશ યાત્રા આજે સિદ્ધપુર ખાતે આવી પહોંચતા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ તેમજ કાર્યકરોએ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને આગેવાનોનું સ્વાગત કર્યું હતું. જયાબેન શાહ, હુસેનભાઈ કવ્વાલ, રશિદભાઈ કુરેશી, ભુરાભાઈ પઠાણ, કનુભાઈ પટેલ સહિતના કોંગ્રેસના આગેવાનોએ સિદ્ધપુરમાં યાત્રાને સફળ સમર્થન મળે તે માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# ભરૂચ જિલ્લા પંચાયતની બેઠકો જાહેર થતાં રાજકીય સમીકરણો ગરમાયા

## બેઠક ફેરબદલીથી પ્રમુખ-કારોબારી ચેરમેન બીજીવાર તેમની હાલની બેઠકથી લડી નહીં શકે

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતોના સિમાંકનની જાહેરાત કરવામાં આવતાં રાજકીય માહોલ ગરમાયો છે. નવી જાહેર થયેલી બેઠકમાં ભરૂચ જિલ્લા પંચાયતમાં હાલના પ્રમુખ અને કારોબારી ચેરમેન તેમનું સભ્યપદ પણ ગુમાવે તેવું હાલના સમયે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવામાં આવી છે. જેમાં જિલ્લા પંચાયતના મતદાર મંડળોનું સિમાંકન કરી બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પૈકી ૧ અનુસુચિત જાતી, ૧૩ અનુસુચિત જનજાતી, ૩ સા. સે. પછાત વર્ગ તેમજ ૧૭ બીન અનામત બેઠકો રાખવામાં આવી છે. ત્યારે અત્યારથી જ જિલ્લા પંચાયતના પ્રમુખ અને કારોબારી ચેરમેનની મહત્વની સીટને લઈને તર્કવિતર્ક શરૂ થઈ ગયા છે. ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારના વતની થોડા સમયથી ભાળાવ ગામમાં આવેલા સોસાયટી વિસ્તારમાં રહેવા જતાં રહ્યા છે અને જિલ્લા પંચાયતની સા.રી. પછાત વર્ગની સીટ પરંતથી જીતી તેઓ જિલ્લા પંચાયતના સભ્ય બન્યા હતા. સાથે પહેલાં અડી વર્ષ બાંધકામ ચેરમેન અને બીજા અઢી વર્ષ કારોબારી અધ્યક્ષ તરીકે બેઠાં છે. જો કે, હવે ભોલાવની બેઠક બદલાઈને અનુસુચિત આદિજાતી રબી થઈ ગઈ છે. જેના કારણે તેઓ હવે ભોલાવમાંથી ઉભા રહી શકશે નથી.

તેજ પ્રમાણે પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદિયા જે બેઠક પરથી જીત્યા હતા તે વાથપુરાદ બેઠક બીન અનામત સામાન્ય બેઠકને સામાન્ય સ્ત્રી બેઠક જાહેર કરતાં તેઓ પણ રિપોર્ટ થાય તેવા કોઈ અણસાર હાલના તબક્કે નથી. ભરૂચ જિલ્લા પંચાયતની ઝાડેશ્વર બેઠક પર પણ લોકોની મીટ મંડાયેલી હોય છે. ત્યારે ત્યાં પણ બેઠક બદલાઈ છે. ઝાડેશ્વરમાં એકવાર સામાન્ય સ્ત્રી અને બીજીવાર બીન અનામત સામાન્ય બેઠક જાહેર કરાતાં ત્યાંથી શૈલાબેન પટેલ બે ટર્મથી વિજેતા રહ્યા હતા. જો કે, આ વખતે ઝાડેશ્વરની બેઠક પણ બદલાઈને અનુસુચિત આદિજાતીને ફળવાતાં હવે તેઓને પુનઃ જિલ્લા પંચાયતની ટીકિટ માટે ફરીથી રોસ્ટર બદલાય તેની રાહ જોવી પડશે.

### નવી બેઠક ફાળવણીમાં આદિવાસી બાહુલ વિસ્તારમાં સામાન્ય સીટો ફાળવાઈ

ભરૂચ ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયતની બેઠકોનું રોસ્ટર જાહેર કર્યું છે. ત્યારે જ્યાં ઉજડિયાત વિસ્તાર છે ત્યાં આદિવાસી બેઠકો અને જ્યાં આદિવાસી બાહુલ વિસ્તાર છે. ત્યાં સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં ભાજપ અને કોંગ્રેસ આ બેઠકો પર કેવા ઉમેદવારો ઉતારે છે તેના પર લોકોની મીટ મંડાઈ છે. જો કે, બેઠકો પર જીત મેળવવા માટે પહેલેથી જ માઈકો પ્લાનિંગમાં કામ કરનારી ભાજપને વધારે તકલીફ પડે તેમ નથી. ત્યારે કોંગ્રેસે પણ આ બેઠકો પર પોતાની પકડ પુનઃ લાવી શકે તે માટે આત્મમંથન કરવા સાથે વ્યક્તિ વિશેષને નહીં પક્ષને પહેલાં રાખી કામ કરવું જરૂરી બન્યું છે.

# અંકલેશ્વર કોંગ્રેસ સમિતિ દ્વારા SIRની મતદારયાદી સુધારણા અંગે મુખ્ય ચૂંટણી અધિકારીને આવેદન પાઠવ્યું

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧

ગુજરાત રાજ્યમાં SIRની મતદાર યાદી સુધારણા તેમજ તેને લાગતાં અન્ય કેટલીક કામગીરી પ્રશ્નો બાબતે ચૂંટણી અધિકારીને અંકલેશ્વર શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યુ હતું કે, ગુજરાત રાજયમાં તેમજ રાષ્ટ્રના કેટલાક રાજ્યમાં SIRની મતદાર યાદી સુધારણાના તેમજ તેને લાગત અન્ય કામગીરી સમગ્ર ગુજરાતમા હાથ ધરવામાં આવેલ છે જેમાં ૧૫૪, અંકલેશ્વર-હાંસોટ વિધાનસભામાં આવતા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વર્ષ ૨૦૦૨ તેમજ વર્ષ ૨૦૨૫ની મતદાર યાદીઓમાં શહેરી વિસ્તારમાં કેટલીક સોસાયટી વિસ્તારોમાં શહેરમાં સ્થાયી થયેલા મતદારોના નામ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં બંને જગ્યાએ નોંધાયેલ હોય, તેવું ધ્યાને આવેલ છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અંકલેશ્વર હાંસોટ તાલુકાના ભડકોદરા, અંદાડા, તેમજ ગડખોલ તથા અન્ય ગામોમાં ખેત મજૂરો તથા ઉદ્યોગ નગરીમાં કામ કરતાં ગુજરાતના તેમજ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ગુજરાત બહારના કર્મચારીઓ તથા મજુરવર્ગ હાલ જેતે વિસ્તારમાંથી ટ્રાન્સફર થયેલા હોય, તેમજ નોકરી છોડી અન્ય શહેરોમાં તથા તેઓના રાજયમાં સ્થાળાંતર કરી ગયેલા હોય, તેવા વ્યક્તિઓના નામ મતદાર યાદીમાંથી સુધારો કરી કમી કરવા તેમજ બે જગ્યાએ મતદાર યાદીમાં ચાલતા હોય તેવા મતદારો માટે કાયદેસરની પ્રક્રિયા કરી મતદારની મતદાન પ્રકિયાને હાની ન થાય તેવી કાળજી રાખી તેમજ કેટલાક મતદારોના અવસાન થયા હોય (તેવા નામો કમી કરવાં) તેવું વર્ષ ૨૦૦૨ તથા વર્ષ ૨૦૨૫ની મતદાર યાદીઓનો અભ્યાસ કરતાં માલુમ પડેલ છે. આ તમામ ઉપરોક્ત જણાવેલ મુદ્દાઓની જરૂરી ચકાસણી કરી મતદાર યાદી સુધારામાં તેમજ SIRની પ્રક્રિયામાં પારદર્શકતા દાખવવા ૧૫૪ અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા વિસ્તારના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ અનુરોધ કરવામાં આવે. આ પ્રસંગે અંકલેશ્વર તાલુકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ ભુપેન્દ્ર જાની, ઈકબાલભાઈ ગોરી, અંકલેશ્વર નગરપાલિકા તથા વિરોધ પક્ષના નેતા જહાંગીરખાન પઠાણ, અસલમ હાટીયા, નુરૂભાઈ કુરેશી, પાંડેજી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ મહોત્સવનું ભવ્ય આયોજન

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧

વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં નવા વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ મહોત્સવનું વિશેષ કાર્યક્રમ સોમવારના રોજ મેડિકલ કોલેજ હોલમાં યોજાયો હતો. જેમાં આ વર્ષે પ્રવેશ પામેલા ૬૦ જેટલાં વિદ્યાર્થીઓને પરંપરાગત રીતે આશિર્વાદ આપવામાં આવ્યા હતાં. આ મહોત્સવ દ્વારા કોલેજના નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ હતી. જેમાં હોમિયોપેથીક ઉપચાર પદ્ધતિના મહત્ત્વ પર ભાર મૂકાયો અને યુવા વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના યોગદાન તરીકે તૈયાર કરવાનું લક્ષ્ય રખાયું હતું. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ, ટ્રસ્ટીઓ તેમજ સ્થાનિક



આગેવાનો અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં, જેથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ ડૉ.અલ્પના કશ્યપએ સૌનું સ્વાગત કરીને જણાવ્યું કે, 'વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ ગ્રામીણ વિસ્તારોમાં એક મોટુ આગવું સ્થળ અને મોટુ નામ સાથે અસરકારક ઉપચાર પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ થશે આ પ્રવેશઉત્સવ દ્વારા આપણા નવા વિદ્યાર્થીઓને હોમિયોપેથીકના મૂળભૂત સિદ્ધાંતો—'સમાન દ્વારા ઉપચાર'—શીખવા અને ગ્રામીણ સ્વાસ્થ્ય વ્યવસ્થાને મજબૂત કરવા પ્રેરિત કરાશે. આ વર્ષે કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરંપરાગત લામઝડ, અને આધુનિક નવી નિર્માણ કોલેજ અને ૨૦૦૦ પુસ્તકોની આધુનિક લાઈબ્રેરી તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આયોજકો વિશેનું જ્ઞાન આપવામાં આવ્યું. કોલેજે આ વર્ષે ૬૦ સીટો સાથે વિદ્યાર્થીઓને વધુ તકો આપી છે, જેમાં ઈન્ટર્નશિપ અને ગ્રામીણ હોસ્પિટલ વ્યવહાર પર ખાસ ધ્યાન છે. આ કાર્યક્રમમાં આચાર્ય ડો. અલ્પનાબેન કશ્યપ, પ્રમુખ અબ્દુલ વલી મટક, ટ્રસ્ટી મંડળ બસીર ભાઈ દાણા, સિરાજ અફીણવાલા, ઈકબાલ ભાઈ ઈખરીયા, ડો.પ્રોફેસર ગુડગુડે સામાજિક કાર્યકર શકીલભાઈ પટેલ, માતર ગામના સરપંચ ઈરફાન ભાઈ તેમજ વલણ હોસ્પિટલનો અને મેડિકલ કોલેજનો સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો.

## જૂનાડીસામાં બંધ મકાનમાં ઘરફોડ ચોરી, લોકોમાં ભયનો માહોલ

ડીસા, તા.૧

જૂનાડીસા ગામના ખળવાડ વિસ્તારમાં રહેતા નરસિંહભાઈ વાસીભાઈ પ્રજાપતિ પરિવાર સાથે લગ્ન પ્રસંગ અર્થે મકાન બંધ કરી બહાર ગયા હતા.તે દરમિયાન રાતના સમયે અજાણ્યા તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનમાં પ્રવેશી રોકડા રૂા.૫૦,૦૦૦ અને સોનાના દાગીના મળી કુલ રૂા.૧,૦૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે ચોરીની જાણ થતાં મકાન માલિક દોડી આવ્યા હતા અને મકાનમાં તપાસ કરતા ચોરીની જાણ થઈ હતી. આ બાબતે તેમણે રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવના પગલે ગામલોકોમાં ભયનો માહોલ છવાયો છે અને ગામલોકોએ પોલીસ દ્વારા ચુસ્ત રાત્રિ પેટ્રોલિંગની માંગ કરી હતી.

**જગ્યા ભાડેથી આપવાની છે**

અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટની ભરૂચ શહેરમાં મુમતાજ પાર્કની બાજુમાં આવેલી જગ્યા સીટી સર્વે વોર્ડ નં.૦૫, સીટી સર્વે નંબર ૧૪૫ રેવન્યુ સર્વે નં.૪૦-અ બીન ખેતીની ખુલ્લી જમીન પ્લોટ નં.૧ થી ૬ જેનું ક્ષેત્રફળ ૨૨૮૨.૨૨ ચોરસ મીટર (આશરે ૨૫૦૦૦ ચોરસ ફુટ) વકફના નિયમોને આધીન ભાડેથી આપવાની છે. જે અંગે રસ ધરાવનાર પાસે બંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો બંધ કવરમાં અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટની ઓફીસમાં પહોંચાડવાના રહેશે. સાથે રૂા.૫૦,૦૦૦ નો ડિમાન્ડ ડ્રાફ્ટ અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટ નામનો મોકલવાનો રહેશે જે રીફન્ડેબલ રહેશે. ટેન્ડરો મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૧૨-૨૦૨૫ સુધી રહેશે. ટેન્ડરો મુસાફીર ખાનાની ટ્રસ્ટી મંડળની મીટીંગમાં ખોલવામાં આવશે અને જમીન ભાડે આપવાની સત્તા ટ્રસ્ટીમંડળની રહેશે.જમીન અંગેના તમામ હકકો તથા ભાડે આપવાની તમામ સત્તા ટ્રસ્ટી મંડળની મનમુકત ઉપર રહેશે.

પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી
અંજુમને ઈસ્લામ મુસાફીરખાના ટ્રસ્ટ
રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ.

# આણંદમાં ગરાસિયા સમાજની તેજસ્વી પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો

**● સેવાની રાહનું સૌથી પહેલું ઈનામ બદનામી છે અને બીજું ઈનામ ઈલ્ઝામ છે પરંતુ ખરેખર સમાજનો વિકાસ કરવો હશે તો બદનામીને છાતી સાથે લગાવીને આગળ વધવું પડશે : સૈયદ વાહીદઅલી ● પોતાનાં માલની ઝકાતની જેમ પોતાનાં જીવનની પણ ઝકાત કાઢી થોડું જીવન સમાજના વિકાસની રાહમાં વિતાવવું જોઈએ : રાજુભાઈ હાલાણી**

## જે લોકો સારા કામ કરી રહ્યા છે તે લોકોનાં હાથ પકડી તેઓને આગળ વધવામાં મદદ કરવી જોઈએ : ગગુભા રાજ

## એક નિર્દોષની હત્યા સમગ્ર માનવજાતની હત્યા સમાન છે, જે લોકોની જાન લઈ રહ્યા છે તે ક્યારેય મુસ્લિમ હોઈ શકે નહી : ઈદ્રીસ મુસા



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧

ગુજરાત પ્રદેશ ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટનાં ઉપક્રમે સમાજનાં તેજસ્વી તારલાઓ અને વિશિષ્ઠ સિદ્ધી પ્રાપ્ત કરનાર તેજસ્વી પ્રતિભાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તેમજ ગરાસિયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટની સાધારણ સભા આણંદ ટાઉનહોલ ખાતે યોજાઈ ગઈ, જેમાં ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે તેજસ્વી તારલા અને પ્રતિભાવંતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રારંભમાં તિલાવતે કુર્આનથી કાર્યક્રમનો પ્રારંભ કરાયા બાદ ટ્રસ્ટના પ્રમુખ રણજીતખાન રાણાએ સ્વાગત પ્રવચન કરી ટ્રસ્ટના હેતુઓ અને ભવિષ્યની યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી, ત્યારબાદ ટ્રસ્ટનાં મંત્રી અહેમદખાન રાઠોડએ પ્રાસંગિક પ્રવચન કરતા કહ્યું હતું કે, સમાજમાં શૈક્ષણિક વિકાસ માટે નાપાડ પાસે શૈક્ષણિક શંકુલ જેમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના કોચિંગ કલાસ શરૂ કરવાની યોજના છે, જે માટે ૧૧૭ ગુંઠા જમીન લેવામાં આવી છે અને તેનાં પર ઈમારતના બાંધકામ માટે દાતાઓને દાન કરવા અપીલ કરી હતી, તેઓએ કહ્યું હતું કે, સમગ્ર મુસ્લિમ સમાજના તમામ લોકો આગળ આવે અને માત્ર નાણાં નહીં પરંતુ સમય અને જ્ઞાનનું પણ દાન કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે પીરે તરીકત સૈયદી સરકાર વાહીદઅલી બાવાસાહેબ (કલ્લાશરીફ)એ પ્રાસંગિક પ્રવચન કરતા શિક્ષણ પર ભાર મુકયો હતો. તેઓએ સેવાના માર્ગમાં આવતી મુશ્કેલીઓ પર પ્રકાશ ફેંકતા ભારપૂર્વક જણાવ્યું કે, જો કોઈને સેવા કરવી હોય તો બદનામીને છાતીથી લગાવીને આગળ વધવું પડશે. જો સેવા કરવી છે તો બદનામીને સ્વીકારો અને બદનામીથી ડર લાગે છે તો પછી સેવા અંગે વાત ના કરશો. સમાજની સેવાનો કોઈ રસ્તો કે કોઈ તરીકો એવો નથી જેમાં બદનામી ન હોય, સેવાની રાહનું સૌથી પહેલું ઈનામ બદનામી છે અને બીજું ઈનામ ઈલ્ઝામ છે, પરંતુ ખરેખર સમાજનો વિકાસ કરવો હશે તો બદનામીને છાતી સાથે લગાવીને આગળ વધવું પડશે. જેથી બધી વાતો છોડીને સેવાનો જઝબો પેદા કરવા અને સમાજ માટે ખુલીને બહાર આવવા અપીલ કરી હતી.

સૈયદ વાહીદઅલી બાવા સાહેબએ વધુમાં કહ્યું હતું કે, આપણે સૌથી વધુ જે વર્ણન કરીએ છીએ તે પડદા પર કરીએ છીએ. સૌથી વધુ ભાર પડદા પર મૂકીએ છીએ. બેશક ઈસ્લામમાં પડદો ફરજિયાત છે, કોઈ શંકા નથી. પરંતુ જ્યારે આપણી માતાઓ, બહેનો, દીકરીઓ ગર્ભવતી હોય છે, ત્યારે ડિલિવરી સુધી તેમને ઓછામાં ઓછા ૧૦થી ૧૫ વખત મેડિકલ ચેકઅપની જરૂર પડે છે અને ત્યારે આ મેડિકલ ચેકઅપ કરનાર ગાયનેક ડૉક્ટર કોણ હોય છે ? મહત્તમ કોણ હોય છે ? એક તો પુરૂષ હોય છે, ગેર મઝહબ હોય છે. ઈસ્લામે આ પડદો ફરજિયાત કર્યો છે, ક્યારેય વિચાર્યું ?" ઈસ્લામે જે પડદો ફરજિયાત કર્યો છે, તેનો સાચો અર્થ દીકરીઓને શિક્ષણ આપીને સાબિત કરી શકાય છે. જ્યારે કોઈ એક દીકરી સ્ત્રીરોગ નિષ્ણાત બને છે, ત્યારે તે તેની આખી મેડિકલ લાઈફમાં ૭૦ હજારથી લઈને ૧ લાખ સ્ત્રીઓના પડદાની સુરક્ષા કરે છે. આ ઉપરાંત, તે ૩૬ હજારથી લઈને ૪૦ હજાર સ્ત્રીઓને સિઝેરિયન ઑપરેશનથી બચાવે છે. જેઓ ડૉક્ટર ન બનાવી શકે, તેઓ દીકરીને બીએસસી નર્સિંગ કરાવે તો તે પણ ૧૫થી ૨૫ હજાર સ્ત્રીઓના પડદાની સુરક્ષા કરે છે.તેઓએ વધુમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે યોગદાનના અભાવ પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, "આપણે દીન અને દુનિયાને અલગ કરી દીધા." જો ધાર્મિક સ્થળો માટે જે પુણ્ય સવાબ બતાવવામાં આવ્યું છે, તેવું જ સવાબ જો મુસ્લિમ સ્કૂલ, મુસ્લિમ હોસ્પિટલ, મુસ્લિમ કોલેજ, મુસ્લિમ યુનિવર્સિટી માટે પણ બતાવવામાં આવ્યું હોત, તો દરેક ગામ, દરેક શહેરમાં મસ્જિદ અને મદ્રેસા પછી મુસ્લિમ સ્કૂલ અને મુસ્લિમ હોસ્પિટલ પણ હોત. કે, "મારો ધર્મ તો તે છે કે રસ્તામાં તકલીફ આપતા કાંટા અને પથ્થરને હટાવવા પર પણ સવાબ છે, તો જે સ્કૂલ, કોલેજ અને યુનિવર્સિટીમાં ભણીને દીકરીઓ ગાયનેક ડૉક્ટર બનશે, શું તેને સવાબ નહીં મળે ? જેથી તેઓએ દિકરીઓને વધુમાં વધુ મેડિકલ લાઈનમાં અને ગાયનેક ડોક્ટર બનાવવા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે અતિથિ પદે ઉપસ્થિત એસોસિએશન ઓફ મુસ્લિમ પ્રોફેશનલના સ્ટેટહેડ ઈદ્રીસ મુસાએ પ્રાસંગિક પ્રવચન કરતા કહ્યું હતું કે, સુરએ ઈખ્લાસમાં અલ્લાહે જે કહ્યું તે વાત જીવનમાં સમાજમાં ઉતારવાની જરૂર છે, જ્યારે આપ અલ્લાહની પાસે જશો ત્યારે અલ્લાહ તમને પુછશે તમે શુ કર્યું ત્યારે તમારી ભલાઈ અને માનવતાનાં કાર્યો જ કામ આવશે, ઈસ્લામમાં કહ્યું છે કે, એક નિર્દોષની હત્યા સમગ્ર માનવજાતની હત્યા સમાન છે, જે લોકોની જાન લઈ રહ્યા છે, તે કયારેય મુસ્લિમ હોઈ શકે નહીં, તેમજ તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી આગળ વધવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રાજય સરકારના નિવૃત્ત ડેપ્યુટી સેક્રેટરી ગગુભા હિંમતસિંહ રાજએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજે એસએસસી અને એચએસસી બોર્ડમાં સારા ગુણ મેળવી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓએ આગળ વધીને મેડિકલ સહિતના વિવિધ ક્ષેત્રોમાં આગળ વધીને ઝળહળતી સફળતા મેળવવી પડશે, તેમજ જે લોકો સારા કામ કરી રહ્યા છે, તે લોકોનાં હાથ પકડી તેઓને આગળ વધવામાં મદદ પણ કરવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત સામાજિક કાર્યકર અને બિલ્ડર તાજદીન હસનઅલી હાલાણી (રાજુ હાલાણી)એ પ્રાસંગિક પ્રવચન કરતા સમાજમાં શૈક્ષણિક વિકાસ પર ભાર મુકતા કહ્યું હતું કે, ઈસ્લામએ ઝકાતને ફરજિયાત બનાવી છે, જેથી કોઈ લાચાર અને મજલુમ ના રહે ત્યારે ઝકાતનો શૈક્ષણિક ક્ષેત્રે પર સદઉપયોગ થાય અને જે રીતે લોકો પોતાનાં માલની ઝકાત કાઢે છે, તે રીતે દરેકએ પોતાનાં જીવનની પણ ઝકાત કાઢવી જોઈએ, જે અલ્લાહએ તમોને સરસ જીવન આપ્યું છે, ત્યારે આ જીવનમાંથી થોડો સમય કાઢીને જીવનની ઝકાત કાઢતા સમાજનાં વિકાસ માટે કોઈની મદદ માટે પોતાનો સમય આપવા અનુરોધ કર્યો હતો. તેઓએ શાળાની ઈમારતનાં બાંધકામ માટે ૪૦ ટકા રકમ સમાજનાં દાતાઓ આપે અને ૬૦ ટકા રકમ તેઓ તરફથી દાન આપવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે પચ્છમ શિક્ષણ પરિષદ કચ્છનાં અધ્યક્ષ સમા ઉમર શરેમામદ ગોપાલસિંહ ટાંટોડ, વણોદ સ્ટેટના ઠાકોર સાહેબ ઈનાયત ખાનજી મલેક, માઈનોરીટી એજ્યુકેશન ટ્રસ્ટ નાપાડના પ્રમુખ સહિદખાન રાઠોડ, મંત્રી બચુભાઈ દુધવાળા, ઉદ્યોગપતિ આસીફ ડેરૈયા, નિવૃત્ત જજ દોલતખાનજી મલિક, મુસ્લિમ ગરાસિયા પ્રગતિ મંડળના માજી પ્રમુખ ગોસુભા પરમાર, મંત્રી અબ્દુલભાઈ ચૌહાણ, ઈન્દુભા જશુભા રાણા, સહેજાદ સૈયદ, અમરસિંહ ફતેસિંહ રાણા, એમ.પી. ખુમાર (નિવૃત્ત ડેપ્યુટી સેક્રેટરી ગુજરાત સરકાર), ઉસ્માન પટેલ (નિવૃત્ત સંયુકત સચિવ), ઉદ્યોગપતિ કૌસરભાઈ કલ્યાણી, ડૉ. મોંહમદ હુસેન, સમીરભાઈ કછોટ (મામલતદાર), ટ્રસ્ટના પ્રમુખ અજીતસિંહ માનસિંહ વાઘેલા, મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના ખજાનચી કનુભા જીતસંગ ગોહિલ, વડોદરા જિલ્લા પ્રમુખ વાઘેલા મહમદભાઈ, બોટાદ જિલ્લા પ્રમુખબાપાલાલ પરમાર, રાણા સલીમ અહેમદ, અબ્દુલભાઈ રાજ, રાજેન્દ્રસિંહ રાજ, મહેમુદખાન રાણા, સિસોદિયા માનસિંગ, જાવેદ રાજ, સંજયકુમાર રાઠોડ સહિતનાઓ તેમજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધી સર્વોદય સહકારી બેન્ક-મોડાસાની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં પરિવર્તન પેનલનો ભવ્ય વિજય



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

(સંવાદદાતા દ્વારા) મોડાસા,તા.૧

ધી સર્વોધ્ય સહકારી બેન્ક મોડાસાની પાંચ વર્ષે યોજાયેલી આખી વ્યવસ્થાપક કમિટીના ૧૧ સામાન્ય, ૨ મહિલા અને એક શિડ્યુલ કાસ્ટ રિઝર્વ સીટ મળી કુલ-૧૪ સભ્યોની ચૂંટણી તા.૩૦ નવેમ્બરના રોજ મખદુમ હાઈસ્કૂલના પટાંગણમાં યોજાઈ હતી. વર્તમાન ચેરમેન ઈકબાલભાઈ ઈપ્રોલિયાની આવી ૧૪ સભ્યોની પેનલ સામે સાજીદભાઈ ખાનજી, નઈમભાઈ મેઘરેજીના યુવા ગ્રુપ દ્વારા આવી ૧૪ સભ્યોની પેનલ પરિવર્તન પેનલ નામ સાથે ઉતારી ચૂંટણી જંગને અત્યંત રસપ્રદ બનાવી દીધો હતો. છેલ્લા અઠવાડિયાથી બંને પેનલના આગેવાનો, કાર્યકરોએ ધૂમધામથી ડિજિટલ પ્રચાર કરી ચૂંટણી જંગને રસપ્રદ બનાવી દીધો હતો. વ્હોરા સમાજ, ઘાંચી સમાજ અને સિપાઈ સમાજના આગેવાનોએ ભેગા મળી સર્વોધ્ય મંડળીની સ્થાપના કરી હતી. જે બેન્કનું સ્વરૂપ લઈ આખા સમાજને ખૂબ જ ઉપયોગી થઈ રહી છે. તા.૩૦ નવેમ્બરના રોજ યોજાયેલ આ ચૂંટણીમાં સભાસદોએ ઉત્સાહભેર ભાગ લઈ ૬૫ ટકા જેવું ઊંચું મતદાન કર્યું હતું. જેમાં કુલ ૧૪ સભ્યોમાંથી ૧૧ સભ્યોએ વિજેતા બની પરિવર્તન પેનલના યુવાઓના હાથમાં સત્તાનું હસ્તાંતરણ કર્યું હતું. સામે પક્ષે વર્તમાન ચેરમેનની પેનલના ૩ સભ્યો વિજેતા બન્યા હતા જેમાં વર્તમાન ચેરમેન ઈકબાલભાઈ ઈપ્રોલિયા વિજયી થયા હતા. સર્વોધ્ય મંડળીની સ્થાપનાથી સર્વોધ્ય બેન્કની પ્રગતિની યશસ્વી ગાથામાં અમૂલ્ય ફાળો આપનાર સિપાઈ સમાજના એક પણ સભ્ય વિજેતા ન બનતા સિપાઈ સમાજમાં સોપો પડી ગયો હતો અને આ બાબત સમગ્ર મોડાસા શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની હતી.

### ચૂંટાયેલા ઉમેદવારોના નામ

૧. મો. નઈમ યુસુફભાઈ મેઘરેજી
૨. અ. કાદર હાફિઝ અબ્દુલ્લાભાઈ ખાલક
૩. હસનૈન મ. સલીમ સાબલીયા
૪. ઈકબાલહુસેન ગુલામહુસેન ઉપાદ
૫. મો. શોએબ મુસાભાઈ જેથરા
૬. ઈલ્યાસ ઈબ્રાહીમભાઈ સુથાર
૭. મો. આકીલ અબ્દુલ સત્તારભાઈ ઝાઝ
૮. ઈકબાલ હુસૈન હાજી ગુલામહુસેન ઈપ્રોલીયા
૯. સલીમભાઈ ઈબ્રાહીમભાઈ મનવા
૧૦. ઈકબાલહુસૈન મ. હબીબભાઈ ઈપ્રોલીયા
૧૧. વસીમ અ. રહેમાન સુથાર

### મહિલા અનામત સભ્યો

૧. ફરીદાબેન અ. અજીજ બાંડી
૨. ફાતમાબેન મ. સલીમ ભાયલા

**● અનુસૂચિત જાતિ-જનજાતિ સભ્ય●**

૧ બીપીનકુમાર ભેમાભાઈ મકવાણા

# સ્પોર્ટ્સ બાઈક ડિવાઈડર સાથે અથડાતા યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું

(સંવાતદાતા દ્વારા)

સુરત, તા.૧

શહેરના ખટોદરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બ્રેડલાઈનર સર્કલથી આગળ આવેલ ફલાયઓવર બ્રિજ નીચે આજે સવારે હચમચાવી દેનારા અકસ્માતના દ્રશ્યો જોઈને સ્થળ પર હાજર લોકોના કાળજા કંપી ઉઠ્યા હતા. ઓવર સ્પીડમાં હોવાને કારણે યુવકે પોતાનુંબેલેન્સ ગુમાવતા તેની બાઈક ધડાકભેર ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું હતું અને સ્થળ ઉપર જ તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બીજી બાજુ આ ભયંકર અકસ્માતમાં એકના એક પુત્રનામોતને પગલે પરિવારમાં ભારેશોક ફેલાઈ ગયો હતો અનેપરિવારના સભ્યો હૈયાફાટ રુદનકરતા જોવા મળ્યાં હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ ખાતે આવેલ સુમન મલ્હાર આવાસ-૧માં રહેતો ૧૮ વર્ષીય પ્રિન્સ ધર્મેશ પટેલ આજે સવારે સ્પોર્ટ્સ બાઈક લઈને બ્રેડલાઈનર સર્કલ આગળ ફલાયઓવર બ્રિજથી નીચે ઉતરી રહ્યો હતો. જો કે, તે ઓવર સ્પીડમાં બાઈક હંકારી રહ્યો હતો. ઓવરસ્પિડિંગને કારણે તેણે સંતુલન ગુમાવી દીધુ હતુ જેને કારણે તેની બાઈક ધડાકાભેર રોડ ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે તેની બાઈકના આગળના ભાગનો ફૂરચફૂર્ચા ઉડી ગયા હતા. જયારે યુવકનું માથું પણ ધડથી અલગ થઇ ગયું હતું અને ઘટના સ્થળે તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એટલું જ નહીં અકસ્માતના દશ્યો જોઈને સ્થળ પર કેટલાક ત્યાં ભેગા થઈ ગયા હતા. લોકેઓ જણાવ્યું હતું કે અકસ્માતના દશ્યો એટલી હદે હચમચાવી દેનારા હતા કે તેઓ પોતે પણ ચોકી ગયા હતા અને કાળજા કંપી ઉઠ્યા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા ખટોદરા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ત્યાર બાદ મૃતદહે પોસ્ટ માર્ટમ માટ ખસેડવામાં આવ્યો હતો. આ સિવાય વધુ માહિતી મળી હતી કે પ્રિન્સને એક બહેન છે, પોતે લાઈટિન્ગની ડિલિવરી અને સાથો સાથ સવાર દૂધ વિતરણનું કામ કરી પરિવારની આર્થિક રીતે મદદરૂપ થતો હતો. વધુમાં જાણવા મળ્યું હતું કે વહેલી સવારે તે બાહર ચા પીવા માટે ગયો હતો અને ત્યાર બાદ બાઈક લઈને બહાર નીકળ્યો હતો અને આ જીવલેણ અકસ્માતનો ભોગ બન્યો હતો. આ બનાવ અંગે પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત : સહકર્મીએ કિશોરી પર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા. ૧

શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ મિલમાં કામ કરતા યુવકે પોતાની સાથે કામ કરતી સગીરાને હવસનો શિકાર બનાવી હતી અને બળજબરીથી તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી દીધી હતી. ત્યારબાદ યુવકે તેમને જાનથી મારી નાખવાની તથા કામ પરથી કઢાવી મૂકવાની ધમકી આપી હેરાન પરેશાન કરતો હતો. જેથી આખરે ભોગ બનનાર કિશોરીએ આ મામલે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, પાંડેસરા વિસ્તારમાં રહેતી કિશોરી પાંડેસરા વિસ્તારમાં જ આવેલ એક મિલમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવવામાં આર્થિક મદદ કરતી હતી. આ દરમિયાન તેમની સાથે મિલમાં ઓપરેટર તરીકે કામ કરતો ગગન મોર્યા નામના યુવકે તેમના પર દાનત બગાડી હતી. મેં ૨૦૨૫ થી તારીખ ૧૮/૬/૨૦૨૫ના સમયગાળાની અંદર ગગન મોર્યાએ કિશોરીને ધમકાવી તેમની મરજી વિરૂદ્ધ અવારનવાર બળજબરીથી શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને કિશોરીને ગર્ભવતી બનાવી દીધી હતી. એટલું જ નહીં પરંતુ બાદમાં કિશોરીને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને જો આ વાતની જાણ કોઈને કરશો તો કામ પરથી કઢાવી મૂકવાની પણ ધમકી આપતો હતો. જેથી આખરે શરૂઆતમાં કિશોરીએ કોઈને આ વાતની જાણ કરી ન હતી. જો કે બાદમાં સમગ્ર મામલે કિશોરીએ ગતરોજ પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ટેક્સ એક્સપર્ટની આંતરરાષ્ટ્રીય પરીક્ષામાં નડિયાદના અવેશ મેમણે સફળતા મેળવી



અમેરિકાના ઈન્કમટેક્સ વિભાગ IRS દ્વારા લેવાતી આંતરરાષ્ટ્રીય કક્ષાની ટેક્સ એક્સપર્ટની પરીક્ષામાં નડિયાદના આશાસ્પદ યુવાન અવેશ સલીમભાઈ મેમણે સફળતા પ્રાપ્ત કરીને નડિયાદ શહેર તથા મુસ્લિમ સમાજનું નામ રોશન કરી ગૌરવ વધારવા માટે વેલફેર એજ્યુકેશન સોસાયટી ખેડા જિલ્લાના પ્રમુખ મુઝમ્મીલખાન પઠાણે પ્રશસ્તિ પત્ર તથા બુકેથી સન્માનિત કરી ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સેક્રેટરી ઈકબાલ મેમન, કન્વીનર હફીઝ મલેક, ખજાનચી ઈમ્તિયાઝ વૈધ ઉપસ્થિત રહી અવેશની સફળતાને બિરદાવી હતી.

# ધ્રોળના નથુવડલા ગામે યુવાને પત્નીના વિયોગમાં ગળેફાંસો ખાધો

## આઠ મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા બાદ પત્ની રિસાઈને પિયર ચાલી ગઈ હતી

જામનગર, તા.૧

મૂળ દાહોદ જિલ્લાના ધાનપુરના વતની અને હાલ ધ્રોલ તાલુકાના ઈટાળા ગામમાં વલ્લભભાઈ પટેલની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા ગુલાબભાઈ વરસંગભાઈ પરમાર નામના ૨૬ વર્ષના શ્રમિક યુવાને ગઈકાલે નથુવડલા ગામમાં લખમણભાઈ બાંભવાની વાડીના શેઢે એક ઝાડની ડાળીમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે.આ બનાવ અંગે મૃતકના પિતા વરસંગભાઈ માનસંગભાઈ પરમારે પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. કે. દલસાણિયા બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક યુવાને આજથી આઠ મહિના પહેલાં નથુવડલા ગામની સીમમાં મજૂરી કામ કરતા ઉદેસિંગ સુનકાભાઈ બામણિયાની પુત્રી કાજલબેન સાથે ભાગીને લગ્ન કરી લીધા હતા. પરંતુ છેલ્લા ચાર મહિનાથી તેની પત્ની કાજલ રિસાઈને પોતાના પિતાને ઘેર નથુવડલા ગામે ચાલી ગઈ હતી અને પરત આવતી ન હતી.

જેના વિયોગમાં ગુલાબભાઈ પરમાર તેની વાડી પાસે ગયો હતો, ત્યારબાદ મોડી રાત્રે ઝાડની ડાળીમાં લટકી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

# ભાવનગરના એક શખ્સના એકાઉન્ટમાં દોઢ કરોડ જમા થયા, ઓડિશા પોલીસ ઉપાડી ગઈ

ભાવનગર, તા.૧

હજુ બે દિવસ પહેલાજ ભાવનગર એનએસયુઆઈના જિલ્લા પ્રમુખની સાયબર ફ્રોડના ગુનામાં અટકાયત બાદ ભાવનાગરના જ એક શખ્સને ઓડિશાની પોલીસ સાયબર ફ્રોડના ગુનામાં ઉઠાવી જતા ચકચાર મચી જવા પામી છે. ઓડિસા ખાતે નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં તપાસ કરી રહેલા ત્યાંના અધિકારીને તે ગુનાના તાર ભાવનગરમાં મળ્યા અને તપાસ કરતા ભાવનગરના મહેન્દ્ર નંદલાલ મકવાણા નામના શખ્સના એકાઉન્ટમાં રૂપિયા દોઢ કરોડ જમા થયેલા હોય આ અંગેની તપાસ માટે ઓડિસાના ડીવાયએસપી સહિત પોલીસ અધિકારીઓ ભાવનગર આવ્યા હતા અને સ્થાનિક એલસીબી તેમજ નિલમબાગ પોલીસ અધિકારીઓને સાથે રાખી મહેન્દ્ર નંદલાલ મકવાણા નામના શખ્સને ઝડપી લીધો હતો. ઓડિસા પોલીસે ભાવનગરથી ઝડપાયેલા મહેન્દ્ર મકવાણા નામના શખ્સના ભાવનગર પોલીસને સાથે રાખી મેડિકલ ચેક અપ કરાવવા ઉપરાંત વહીવટી પ્રક્રિયાઓ કરીને ઓડિસા લઈ જવાયો હતો. આમ સાયબર ગુનામાં ભાવનગરના શખ્સને ઉઠાવી લેવાના બનાવથી ચકચાર મચી જવા પામી છે.

# ભાવનગર જિલ્લામાં દરરોજ સરેરાશ એચઆઈવીના ૨૫ નવા દર્દીઓ નોંધાયા

## જિલ્લામાં કુલ ૪૦૪૬ એચઆઈવી દર્દી

ભાવનગર, તા.૧

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે ૧લી ડિસેમ્બરના રોજ વર્લ્ડ એઈડ્ઝ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એઈડ્ઝના પ્રતિભાવમાં પરિવર્તન લાવવા, વિક્ષેપને દૂર કરીએની થીમ પર વર્ષ ૨૦૨૫માં વિશ્વ એઈડ્ઝ દિવસની ઉજવણી થઈ રહી છે. ભાવનગર જિલ્લામાં એચઆઈવી એઈડ્ઝના દર મહિને સરેરાશ ૨૫ નવા દર્દીઓ નોંધાય છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૪,૦૪૬ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ છે. જેઓની સારવાર ચાલી રહી છે. ચાલુ વર્ષે ઓક્ટોબર-૨૦૨૫ની સ્થિતિએ જિલ્લામાં ૭ સગર્ભા મહિલા સહિત કુલ ૧૭૭ એચઆઈવી એઈડ્ઝના નવા દર્દીઓ નોંધાયા છે. ૧૦ તાલુકાના સીએચસી સેન્ટરો, પાલિતાણા અને મહુવાની સરકારી હોસ્પિટલ તથા સર ટી. હોસ્પિટલમાં મળી જિલ્લામાં કુલ ૧૩ આઈસીટીસી સેન્ટરો કાર્યરત છે કે જયાં એચઆઈવી કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ થાય છે. બ્લડ ઈન્વેસ્ટીગેશન, કાઉન્સેલિંગ અને એઈડ્ઝના દર્દીઓને દવાઓ પૂરી પાડવા માટે સર ટી. હોસ્પિટલ અને મહુવા જનરલ હોસ્પિટલમાં એઆરટી સેન્ટર કાર્યરત છે. જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા એચઆઈવી એઈડ્ઝ અંગે યુવાનોમાં અવેરનેસ આવે તે માટે ૧૮ કોલેજોમાં રેડ રિબિન ક્લબ કાર્યરત છે. ઉપરાંત આવતીકાલે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગંગાજળિયા તળાવ ખાતે એચઆઈવી એઈડ્ઝ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એચઆઈવી એઈડ્ઝ ફેલાતા હાઈરિશ બિહેવિયરવાળા વિસ્તારો માટે શહેરમાં ૨, અલંગમાં ૨ અને પાલિતાણા-મહુવામાં ૧-૧ ટાર્ગેટેડઈન્ટરવેશન પ્રોજેક્ટ કાર્યરત છે. જે હાઈરિશન બિહેવિયર ધરાવતા લોકોનું સાથે કામ કરી તેમનું કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ કરવામાં આવે છે. ઉપરાંત જિલ્લાના ૭૫ હાઈરિશ બિહેવિયર ધરાવતા ગામોમાં લિંક વર્કર સ્કિમ અંતર્ગત અવેરનેસની કામગીરી કરવામાં આવે છે.

# બગસરા વડિયા રાજકોટ બસસેવા નિયમિત શરૂ કરવા માંગ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧

અમરેલી જિલ્લાના બગસરાથી શરુ થઈને છેવાડાના તાલુકા મથક એવા વડિયાને રાજકોટ સાથે જોડતા બસ રૂટ બગસરા વડિયા રાજકોટ રૂટની બસસેવા સવારે ૬:૩૦ કલાકે ભૂતકાળમાં શરૂ થતી હતી. તે હાલ અનિયમિત બની છે તો ક્યારેક બંધ કરી દેવામાં આવે છે. આ બસસેવા બગસરાથી વડિયા વચ્ચે આવતા ગામડાના વિદ્યાર્થીઓ, વડિયાથી ગોંડલ, શાપર અને રાજકોટ જતા વિદ્યાર્થીઓ, કારખાનામાં કામ કરતા લોકો, દર્દીઓ, ઓફિસ કામે જતા લોકો સહિત મુસાફરો માટે ખૂબ જ મહત્ત્વના સમયનો રૂટ હતો જે રૂટમાં પૂરતો ટ્રાફિક પણ મળતો હોવાથી આ બસસેવા ફરી ચાલુ કરવા વડિયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદ ડોડીયા દ્વારા વડિયા વિકાસ સમિતિના લેટર પેડ પર એસટી વિભાગના ડી.ટી.ઓ.ને પત્ર લખીને લેખિતમાં રજૂઆત સાથે માંગણી કરવામાં આવી છે. જેમાં સાથે આ બસસેવા નો લાભ લેતા લોકોની સહી સાથે તેના મોબાઈલ નંબર પણ જોડવામાં આવ્યા છે.આ માંગણી સાથે એવુ પણ જણાવવામાં આવ્યુ છે. આવનાર સમયમાં આ બસસેવા શરુ નહિ કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# માંગરોળમાં ટ્રેકટરની અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

જૂનાગઢ, તા.૧

માંગરોળમાં ટ્રેકટર ચાલકે બાઈકચાલકને હડફેટે લઈ મોત નિપજાવ્યાની ફરિયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે મોહમદહુશેન યુસુફભાઈ કાપાએ ટ્રેકટર નં.જીજે-૩૨-એએ-૦૧૩૮ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીનો દિકરો મુહમદતાહીર મોટર સાયકલ નં.જીજે-૧૧-બી-૭૬૭૧ લઈને માંગરોળ-વેરાવળ હાઈવે રોડ ઉપર વળાંક નજીકથી પસાર થતો હોય દરમ્યાન આરોપીએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર-ટ્રોલી મોટર સાયકલ સાથે ભટકાવી અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જગ્યા ભાડેથી આપવાની છે**

અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટની ભરૂચ શહેરમાં મુમતાજ પાર્કની બાજુમાં આવેલી જગ્યા સીટી સર્વે વોર્ડ નં.૦૫, સીટી સર્વે નંબર ૧૪૫ રેવન્યુ સર્વે નં.૪૦-અ બીન ખેતીની ખુલ્લી જમીન પ્લોટ નં.૧ થી ૬ જેનું ક્ષેત્રફળ ૨૨૮૨.૨૨ ચોરસ મીટર (આશરે ૨૫૦૦૦ ચોરસ ફુટ) વકફના નિયમોને આધીન ભાડેથી આપવાની છે. જે અંગે રસ ધરાવનાર પાસે બંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો બંધ કવરમાં અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટની ઓફીસમાં પહોંચાડવાના રહેશે. સાથે રૂા.૫૦,૦૦૦ નો ડિમાન્ડ ડ્રાફટ અંજુમને ઈસ્લામ મુસાફીર ખાના ટ્રસ્ટ નામનો મોકલવાનો રહેશે જે રીફન્ડેબલ રહેશે. ટેન્ડરો મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૧૨-૨૦૨૫ સુધી રહેશે. ટેન્ડરો મુસાફીર ખાનાની ટ્રસ્ટી મંડળની મીટીગમાં ખોલવામાં આવશે અને જમીન ભાડે આપવાની સત્તા ટ્રસ્ટીમંડળની રહેશે.જમીન અંગેના તમામ હકકો તથા ભાડે આપવાની તમામ સત્તા ટ્રસ્ટી મંડળની મનમુકત ઉપર રહેશે.

પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી
અંજુમને ઈસ્લામ મુસાફીરખાના ટ્રસ્ટ
રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ.

ફાયર વિભાગમાં સહાયક સ્ટેશન ઓફિસર માટે ઈન્ટરવ્યૂ લેવાના હતા

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર વિભાગની ભરતી પર લગાવાઈ રોક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર વિભાગમાં જાહેર કરવામાં આવેલી સહાયક સ્ટેશન ઓફિસરની ભરતીમાં લેખિત પરીક્ષા વગર ફક્ત ઈન્ટરવ્યૂ લેવાના હોવાથી કોંગ્રેસે ભરતીને લઈને વિરોધ નોંધાવ્યો હતો. સમગ્ર મામલે વિપક્ષ કોંગ્રેસે આક્ષેપને લઈ વિવાદ થતાં અંતે AMC દ્વારા ફાયર વિભાગ હેઠળની સહાયક સ્ટેશન ઓફિસરના ઈન્ટરવ્યૂ રદ કરાયા છે અને લેખિત પરીક્ષા લેવા સૂચના આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, AMCના ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાં સહાયક સ્ટેશન ઓફિસરની ભરતી બહાર પાડવામાં આવી હતી. ભરતીમાં આઠ જગ્યા માટે કુલ ૧૪૪ અરજી મળી હતી, જેમાંથી ૧૨૦ ઉમેદવારોને ફિઝિકલ ટેસ્ટ માટે બોલાવ્યા હતા. આ પછી ફિઝિકલ ટેસ્ટમાં પાસ થનારા ૬૨ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારોનું વેરિફિકેશન થતાં મૌખિક ઈન્ટરવ્યૂ માટે બોલાવાયા હતા. સમગ્ર ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષાને સ્થાન ન આપવામાં આવતા આ મામલે કોંગ્રેસ દ્વારા ભરતીમાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરીને વિરોધ નોંધાવ્યો હતો.

વિપક્ષ કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, રાજ્ય સરકારના ક્લાસ ૩-૪ સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂની જોગવાઈ રદ કરવામાં આવી છે. છતાં AMCએ સહાયક સ્ટેશન ઓફિસરની ભરતીમાં લેખિત પરીક્ષા લીધા સિવાય માત્ર ઈન્ટરવ્યૂ ૨ ડિસેમ્બરના રોજ લેવાના છે, ત્યારે ભરતીમાં ઈન્ટરવ્યૂ રદ કરવા કોંગ્રેસે માગ કરી હતી.

મહાનગર પાલિકા દ્વારા લેખિત પરીક્ષા વિના જ ઉમેદવારોને સીધા જ ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતાં. વિપક્ષના આક્ષેપ બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને કહ્યું હતું કે, સરકારના નિયમ પ્રમાણે જ ભરતી કરવામાં આવશે. જો સીધી ભરતી માટે બોલાવ્યા હશે તો પ્રક્રિયા રોકાશે.અમદાવાદ મહાનગર પાલિકામાં ફાયર વિભાગમાં થનારી સહાયક સ્ટેશન ઓફિસરની ભરતીને લઈ નિર્ણય લેવાયો છે. આ સમગ્ર ભરતી પર બ્રેક વાગી છે. મહાનગર પાલિકા દ્વારા લેખિત પરીક્ષા વિના ઉમેદવારોને સીધા જ ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા હતાં. આ મુદ્દે વિપક્ષ દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષે મળતીયાઓને ભરતી કરવા સરકારના પરિપત્રનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.વિપક્ષના આરોપ બાદ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું હતું કે, કોઈપણ ભરતી પ્રક્રિયા હોય સરકારના નિયમ મુજબ જ કરવામાં આવશે. તમામ ભરતીમાં અગાઉના નિયમોનું જ પાલન કરાશે. જો આ રીતે સીધી ભરતી માટે ઉમેદવારોને બોલાવાયા હશે તો આખી ભરતી પ્રક્રિયા પર રોક લાગશે. સરકારના નિયમ મુજબ જ ભરતી કરાશે.

# લેખિત પરીક્ષા વિનાની ભરતી પ્રક્રિયા સામે સવાલ ઉઠાવી કોંગ્રેસે આક્ષેપો કર્યા હતા

અમદાવાદ,તા.૧

AMC દ્વારા ફાયર વિભાગ હેઠળની સહાયક સ્ટેશન ઓફિસરના ઈન્ટરવ્યુ રદ કરાયા છે અને લેખિત પરીક્ષા લેવા સૂચના અપાઈ છે. આ અગાઉ જયારે ફકત ઈન્ટરવ્યુ લેવાનો નિર્ણય લેવાયો હતો ત્યારે કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. AMCના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષા લીધા વગર બારોબાર ઈન્ટરવ્યુ રાખીને પાછલા બારણે માનીતાઓને બારોબાર નિમણૂક આપવાનો કારસો, ગોઠવાયેલ છે અગાઉ રાજય સરકાર દ્વારા વર્ગ ૩ અને ૪ની સીધી ભરતી કરવા માટે રૂબરૂ મુલાકાતની જોગવાઈ રદ કરી લેખિત પરીક્ષા રાખી મેરીટના ધોરણે નિમણૂક આપવા માટે સરકયુલર દ્વારા આદેશ આપેલ છે તેમ છતાં તે આદેશનો સરેઆમ ભંગ કરી પોતાના માનીતા મામકાઓને નિમણૂક આપી મોટો ભ્રષ્ટાચાર થયો હોય તેવી ગંધ આવી રહી છે. અમદાવાદ મ્યુ. કોર્પો.ની ફાયરબ્રિગેડની સેવા અગાઉ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવતું હતું બીજા શહેર લોકો આ સેવાનો અભ્યાસ કરવા અમદાવાદ આવતા હતા તે સ્થાન પરત મેળવવા માટે ફાયરબ્રિગેડ ડિપાં.ના અધિકારીઓ નિષ્ણાત અને સક્ષમ હોવા જરૂરી છે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ફાયર ડિપાં.ના અધિકારીની નિમણૂક કરવા માટે કોઈ લેખિત પરીક્ષા કેમ લેવામાં આવેલ નથી માત્ર મૌખિક ઈન્ટરવ્યુ લઈ નિમણૂક આપવા માટે તંત્ર કેમ તૈયાર થયેલ છે ? અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ફાયર ડિપાં.ના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક સમયે લેખિત પરીક્ષા લેવામાં આવેલ નહોતી મ્યુ.કોર્પો.ની વિવિધ જગ્યાઓની ભરતી માટે પૈસા ફેંકો નોકરી મેળવો જેવી પરિસ્થિતિ આકાર લઈ રહી છે જેમાં સહેજ પણ અતિશયોકિત નથી. અમદાવાદ શહેરની પ્રજાની સુરક્ષા સલામતી બાબતે સંકળાયેલ ફાયર ડિપાં.માં ભરતી કરવા બાબતે વહાલા દવલાની નીતિ અપ્નયાર કરવામાં આવે મ્યુ. કોર્પો.ના નીતિ નિયમોનો છડેચોક ભંગ કરવામાં આવે ત્યારે બીજા ડિપાં.માં થતી ભરતી બાબતે તંત્ર તથા સત્તાધીશો શું કરતા હશે તે વિચારણા માગી લે તેવી બાબત છે. ડે.મ્યુ. કમિશનર તથા આસી. મ્યુ. કમિશનર તથા જુ.સહાયક કલાર્ક જેવી પોસ્ટની ભરતી બાબતે મ્યુ. તંત્ર લેખિત પરીક્ષા લઈને મેરીટ લીસ્ટ તૈયાર કર્યા બાદ ભરતી કરવામાં આવે છે તો પછી ફાયર ડિપાં. જે પ્રજાની સુરક્ષા અને સલામતી સાથે સંકળાયેલ છે તેવા મહત્વના ખાતા માટે લેખિત પરીક્ષા કેમ લેવામાં નથી આવેલ ? આ બાબતે કોનું હિત સચવાયેલ છે ? માત્ર સત્તાધારી ભાજપના માનીતા મામકાઓ માટે તમામ નીતિ નિયમો નવે મુકી યેનકેન પ્રકારે નિમણૂકો કરી પ્રજાની સુરક્ષા જોખમાય તેવી સાજીસ ભાજપના સત્તાધીશો સાથે મળી તંત્ર દ્વારા કરવામાં આવેલ છે જે કોઈપણ રીતે યોગ્ય નથી જેથી કોંગ્રેસ પક્ષનો સખ્ત વિરોધ છે માટે ફાયર ડિપાં.ની જગ્યાઓ માટે રાખેલ ઈન્ટરવ્યુ રદ કરી અને નિમણૂક બાબતે યોગ્ય અને ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નિમણૂકો કરવા કોંગ્રેસ પક્ષની માગણી છે. આ માંગ બાદ એએમસી દ્વારા ઈન્ટરવ્યુ રદ કરી લેખિત પરીક્ષા લેવા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યના પોલીસ વિભાગમાં ઉચ્ચ IPS અધિકારીઓને પ્રમોશન

# રાજુ ભાર્ગવ અને શશીધરને DGP તરીકે તથા ચાર અધિકારીને IG પદે અપાઈ બઢતી

## ફેઝ-૨ની તાલીમ પૂર્ણ થતા ૯ IPSની મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧

ગુજરાત કેડરના છ સિનિયર આઈ.પી.એસ. અધિકારીઓને બઢતીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં બે અધિકારીઓને ડીજીપી તરીકે અને ચાર અધિકારીઓને ડીઆઈજી તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ૨૦૨૨-૨૦૨૩ બેચના IPS ઓફિસરોની ફેઝ-૨ની તાલીમ પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ ફોર્સમાં હાજર થતા તેઓને રાજ્યના અલગ અલગ વિસ્તારમાં નિમણૂંક આપવામાં આવી છે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ બેડામાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા સત્તાવાર રીતે ગુજરાત કેડરના કુલ ૬ જેટલા IPS ઓફિસરોને ઉપલા રેન્કમાં પ્રમોશન આપવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.





આ બઢતીમાં ઉચ્ચ કક્ષાના હોદ્દાઓનો સમાવેશ થાય છે.બઢતી અંગે મળતી માહિતી મુજબ જે ૬ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે તેમાં અલગ અલગ રેન્કનો સમાવેશ થાય છે. આ યાદીમાં બે સિનિયર IPS અધિકારીઓને DGP તરીકે પ્રમોશન આપવામાં આવ્યુંછે. આ બંને અધિકારીઓ હવે પોલીસ દળમાં ખૂબ જ મહત્વની જવાબદારી સંભાળશે. આ ઉપરાંત અન્ય ૪ IPS ઓફિસરોને પણ તેમની સારી કામગીરીના ભાગરૂપે બઢતી આપીને DIG તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેમાં મનોજ શશીધર અને રાજુ ભાર્ગવને ડીજીપી તરીકે તેમજ પરિક્ષીતા રાઠોડ, દિવ્ય મિશ્રા, દીપન ભદ્રન, સૌરભ તોલંબિયાને આઈજી (ઈન્સ્પેકટર જનરલ) તરીકે પ્રમોશન અપાયું છે. જેમાં સમાન બેંચ હોવા છતાં મકરંદ ચૌહાણને પ્રમોશન મળ્યું નથી.

એક તરફ અનુભવી અધિકારીઓને બઢતી મળી છે તો બીજી તરફ યુવા અધિકારીઓને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ બેચના પ્રોબેશનરી IPS ઓફિસરોની તાલીમ પ્રક્રિયા ચાલી રહી હતી. આ અધિકારીઓએ ફેઝ ૨ની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધી છે. તાલીમ પૂરી થયા બાદ તેમને રાજ્ય પોલીસ ફોર્સમાં વિધિવત રીતે સામેલ કરવામાં આવ્યા છે. આ નવા અધિકારીઓને રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવી છે જેથી તેઓ ગ્રાઉન્ડ લેવલ પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો સીધો અનુભવ મેળવી શકે. આ નવ જેટલા આઈપીએસ નવા અધિકારીઓને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે વિવિધ સ્થળે નિમણૂક આપવાના હુકમો જારી કરાયા જેમાં અંકિતા મિશ્રાને અમદાવાદના અસલાલી વિભાગમાં મુકવામાં આવ્યા છે. જ્યારે અન્યોને રાજકોટ, વલસાડ, મહીસાગર, સુરેન્દ્રનગર, કચ્છ,મુંદ્રા, સુરત તથા ભાવનગરમાં ખાલી જગ્યાએ નિમણૂક અપાઈ છે.

# સસરાના ઘર બહાર ફાયરિંગ કરનાર જમાઈની ધરપકડ

## અગાઉ પણ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુના નોંધાયેલા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

શહેરમાં વિજય ચાર રસ્તા નજીકની સુભાષ સોસાયટીમાં એક શખ્સે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનાની તપાસમાં સામે આવ્યું છે કે, સેટેલાઇટમાં રહેતા અને ઓટોમોબાઈલ શોપ ચલાવતા રાહુલ સોનીએ ગુસ્સામાં આવીને તેમના સસરા મનહર સોનીના ઘર બહાર હવામાં ફાયરિંગ કર્યું હતું, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે ફાયરિંગ કરનારા શખસની ધરપકડ કરી છે.

આ ઘટના અંગે પોલીસે વિગતવાર જણાવ્યું કે, આરોપી



રાહુલ સોની અને તેની પત્ની વચ્ચે લાંબા સમયથી ઘર કંકાસ ચાલતો હતો. આ મામલે સસરા મનહરભાઈએ સમજાવટ માટે ફોન કરતાં રાહુલ વધુ ગુસ્સે ભરાયો હતો. ગુસ્સામાં રાહુલ સોની લાયસન્સવાળા હથિયારો સાથે સુભાષ સોસાયટીમાં સસરાના ઘરે પહોંચ્યો હતો. તેણે પોતાની પાસે રહેલી ૧૨ બોર રાઈફલમાંથી બે રાઉન્ડ અને રિવોલ્વરમાંથી ચાર રાઉન્ડ મળીને કુલ છ રાઉન્ડ હવામાં ફાયર કર્યા હતા.

પોલીસ તપાસમાં રાહુલ સોનીના બેકગ્રાઉન્ડને લઈને ચોંકાવનારી વિગતો સામે આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, તેની સામે વર્ષ ૨૦૧૮માં આનંદનગર, સેટેલાઈટ અને સરખેજ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત, આનંદનગર પોલીસ સ્ટેશનમાં અગાઉ તેના પર 'આર્મ્સ એક્ટ' હેઠળ બે ગુના દાખલ થયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે.

રાજ્ય સરકારના મુખ્ય નીતિગત વિચારમંચ (GRIT) દ્વારા

# રાજ્યમાંથી સંશોધન પ્રોજેક્ટ્સ માટે દરખાસ્તો મંગાવવામાં આવી

## ટકાઉપણા, આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ, કૃષિ સહિતના વિષયો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારના મુખ્ય નીતિગત વિચારમંચ, ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) દ્વારા રિસર્ચ સપોર્ટ પ્રોગ્રામ હેઠળ સંશોધન પ્રોજેક્ટ્સ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના ટકાઉ અને સર્વસમાવેશક વિકાસ માટેના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્યો સાથે સુસંગત અને નિર્ણાયક સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે. રિસર્ચ સપોર્ટ પ્રોગ્રામ હેઠળ સંશોધન પ્રોજેક્ટ્સ માટે બિન-શૈક્ષણિક વ્યક્તિઓ તેમજ બિન-શૈક્ષણિક સંસ્થાઓ આગામી તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરી શકશે. તમામ પાત્રતા ધરાવતા અરજદારોને નિયત સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પ્રસ્તાવો રજૂ કરવા માટે GRIT દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. કોઈપણ ઈચ્છુક વ્યક્તિ કે સંસ્થાએ અરજી ફરજિયાતપણે GRITની અધિકૃત વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન રજૂ કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર માર્ગદર્શિકા GRITની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પ્રાપ્ત થયેલી તમામ દરખાસ્તોનું મૂલ્યાંકન પ્રાસંગિકતા, પદ્ધતિસરની સચોટતા, નીતિગત અસરની સંભાવના જેવા મુખ્ય માપદંડોના આધારે કરવામાં આવશે. જેમાં સંશોધન પ્રસ્તાવની રાજ્ય સરકારની નીતિગત અગ્રતાઓ અને વિકાસ લક્ષ્યો સાથેની સુસંગતતા, સંશોધનની પદ્ધતિ, ડિઝાઈન અને વિશ્લેષણની ગુણવત્તા અને વૈજ્ઞાનિકતા તથા સંશોધનના તારણોના રાજ્ય સ્તરે નીતિ નિર્ધારણ અને અમલીકરણ પરની સંભવિત સકારાત્મક અસર જેવા માપદંડોને ધ્યાને લેવામાં આવશે. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે સંશોધન દરખાસ્તો સસ્ટેનેબિલિટી, આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ, કૃષિ મૂલ્ય-શૃંખલામાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તેમજ ગુજરાતમાં સેવા ક્ષેત્રના વિકાસ સહિતના મુખ્ય ચાર ક્ષેત્રો હેઠળ આમંત્રિત કરવામાં આવી છે.

(૧.) સસ્ટેનેબિલિટીઃ નેટ ઝીરો તરફનું પ્રયાણ : ભારતની વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, રાજ્યના ઓછા કાર્બન ઉત્સર્જનયુક્ત, આબોહવા-સ્થિતિસ્થાપક અર્થતંત્ર તરફના સંક્રમણને ટેકો આપતા સંશોધન.

(૨.) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ : આદિવાસી પ્રદેશોમાં આજીવિકાને મજબૂત કરવા, માનવ વિકાસ સૂચકાંકોમાં સુધારણા લાવવા અને ટકાઉ સામાજિક-આર્થિક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટેના વ્યૂહાત્મક અભ્યાસો.

(૩.) કૃષિ મૂલ્ય-શૃંખલામાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતા : ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા અને કૃષિ-મૂલ્ય શૃંખલાને સુદઢ કરવાના હેતુસર, પ્રણાલીગત ખામીઓને નિવારતી અને ઉદ્યોગસાહસિક મોડેલોનું નિર્માણ કરતી નવીન દરખાસ્તો.

(૪.) ગુજરાતમાં સેવા ક્ષેત્રનો વિકાસ : રાજ્યના મુખ્ય સેવા ઉદ્યોગોમાં સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવા અને વિકાસની નવી તકોને ઉજાગર કરવા માટે વ્યૂહાત્મક વિકાસના ક્ષેત્રો પર કેન્દ્રિત સંશોધન.

# ગોમતીપુરમાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત



આજરોજ શહેરના ગોમતીપુર પાસે આવેલ જોગણી માતા મંદિર ખાતે નવા અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત પૂજારીબેન જબા બેન ઠાકોર, સ્થાનિક વડીલ અજજુભાઈ, તેમજ ગોમતીપુરના કોર્પોરેટરો ઈકબાલ શેખ, ઝુલ્ફી ખાન, રૂકસાનાબેન ઘાંચી, કમલાબેન ચૌહાણ, વોર્ડ પ્રમુખ કાસમ જલાલુદ્દીનભાઈ, અમિતભાઈ બારોટ, યુસુફ સિદ્દીકી, શરીફભાઈ સલીમભાઈ, ખુરશીદ સિદ્દીકી, એહેતેસમ અન્સારી, રાજુભાઈ સાબીરભાઈ, મહેમુદભાઈ, કેતન મહેતા, રાજુ દરબાર વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્થળ પર કોર્પોરેશનના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો જોડાયા હતા. અંદાજિત ૪ કરોડ ૬૫ લાખના ખર્ચે આ આધુનિક અર્બન હેલ્થ સેન્ટર નિર્માણ પામશે. જેનો સીધો લાભ ગોમતીપુરની પ્રજા સુધી જશે.

### એચએસબીસી ઈન્ડિયાએ વડોદરામાં નવી શાખાનો પ્રારંભ કર્યો

અમદાવાદ,તા.૧

એચએસબીસી ઈન્ડિયાએ ગુજરાતના વડોદરામાં તેની નવી શાખાનું ઉદઘાટન કરીને સમગ્ર દેશમાં તેના વ્યૂહાત્મક વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ પગલું લીધું છે. દેશના પ્રમુખ શહેરોમાં બેન્કની ૨૦ નવી શાખાઓ ખોલવા માટે વર્ષની શરૂઆતમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મંજૂરી મળ્યા બાદ આ શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેના પગલે ભારતમાં બેન્કની ૨૭મી શાખા અને ગુજરાતમાં બીજી શાખા ખુલી ગઈ છે.

# રાજસ્થાનના દંપતિ રૂા. ૩૫.૭૭ લાખના ડ્રગ્સ સાથે વાડજમાંથી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વાડજ વિસ્તારમાંથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે પતિ પત્નીની ધરપકડ કરી છે.આરોપી પતિ પત્ની મૂળ રાજસ્થાની છે જેથી ત્યાંથી ડ્રગ્સ લઈને અમદાવાદમાં વેચતા હતા. મહિલાનો ભાઈ પણ રાજસ્થાનથી ડ્રગ્સ મોકલતો હતો જે દંપતિ ચાર મહિનાથી અમદાવાદમાં વેચતા હતા. પોલીસે રૂા.૩૫.૭૭ લાખના ડ્રગ્સ સાથે બંને આરોપીઓની ધરપકડ કરી છે.

ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે વાડજ અખબારનગર સર્કલ પાસે આવેલી ખત કોલોનીમાં રહેતા કમલ બિશ્નોઈ અને તેની પત્ની રાજેશ્વરીની અટકાયત કરી હતી.પોલીસે ઘરમાં તપાસ કરી ત્યારે ઘરમાંથી અને આરોપીના ખિસ્સામાંથી એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું.પોલીસે સ્થળ પર FSLની ટીમ બોલાવી પરીક્ષણ કરતા ઝડપાયેલુ એમડી ડ્રગ્સ હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે આરોપી પાસેથી કુલ ૩૫૭.૭૫૦ ગ્રામ ડ્રગ્સ કબજે કર્યું હતું જેની કિંમત ૩૫.૭૭ લાખ રૂપિયા છે.આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું હતું કે બંને મૂળ રાજસ્થાની છે.રાજેશ્વરી સાંચોર ખાતે ૫ મહિના અગાઉ પિયરમાં ગઈ હતી ત્યારે તેના ભાઈ સુભાષે ડ્રગ્સનો ધંધો કરવાનું કહ્યું હતું.સુભાષે ત્યારથી ડ્રગ્સ અને અમદાવાદમાં ડ્રગ્સ ખરીદનાર લોકોના કોન્ટેક્ટ અને સરનામાં આપ્યા હતાં.

પતિ પત્ની ઘરેથી જ ચાર મહિનાથી ડ્રગ્સનો ધંધો કરતા હતાં. આરોપીઓ અત્યાર સુધી ચારથી પાંચ વાર સાંચોરથી ડ્રગ્સ લાવીને વેચી ચૂક્યા છે.આરોપીને સુભાષ ડ્રગ્સ આપતો હતો. સુભાષ ઉત્તરપ્રદેશના લખનઉથી ડ્રગ્સ લાવતો હતો. પોલીસે ડ્રગ્સ વેચનાર પતિ પત્નીની ધરપકડ કરી છે જયારે સુભાષ ફરાર છે જેની તપાસ ચાલી રહી છે.

# અમદાવાદમાં વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો

## એલર્જી ધરાવતા લોકોને સતર્ક રહેવાની સલાહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

તાપમાનમાં ધીમી ધીમે ઘટાડો થવાથી ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે અને આવતા અઠવાડિયા બાદ ઠંડી વધુ વધવાની શક્યતા છે. શિયાળો શરૂ થતા ટ્રાન્ઝિશન ફેઝમાં ચાલી રહ્યો છે. જેથી હાલમાં સૌથી વધુ કેસ વાયરલ ઈન્ફેક્શનના જોવા મળી રહ્યા છે. ગયા એક મહિનામાં સિવિલ હોસ્પિટલમાં ૩૫૦ જેટલા દર્દીઓએ વાયરલ ઈન્ફેક્શન માટે સારવાર લીધી હતી. પાણીજન્ય રોગોમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, એલર્જી ધરાવતા લોકો, જેમ કે બ્રોંક્રાઈટિસ, અસ્થમા, રાઈનાઈટિસ અથવા આંખના એલર્જિક ઈન્ફેક્શનવાળા લોકો માટે આ સમય થોડો પડકારજનક છે. અત્યારે AQI ઈન્ડેક્સ ઘણા વિસ્તારોમાં વધતા, ધૂળ-ધુમાડાથી બચવા માટે સંવેદનશીલ લોકો માટે માસ્ક પહેરવું અત્યંત જરૂરી હોવાનું તબીબોનું માનવું છે. યોગ્ય સાવચેતી લેવાથી અસ્થમા અથવા બ્રોંક્રાઈટિસના એટેક્સ ટાળી શકાય છે. ડૉક્ટર સલાહ આપે છે કે જો કોઈને હાઈ ગ્રેડ તાવ, વધુ વીકનેસ કે અન્ય ગંભીર લક્ષણો દેખાય તો જાતે દવા કરવાને બદલે તરત જ ડૉક્ટરને મળવું જોઈએ. જરૂરી જણાય તો તપાસ પણ ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જ કરવી જોઈએ. એટલે કે, આ સીઝન હેલ્ધી ગણાય છે, અને નિયમિત કસરત તથા સારા ખોરાકથી બીમાર થવાની શક્યતાઓ ઘટી શકે છે. પરંતુ એલર્જિક લોકો માટે સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે.

### HCP સર્વિસીસ સેન્ટર સ્થાપવા બે કંપનીઓની મજબૂત ભાગીદારી

અમદાવાદ, તા.૧

ડેનાહર કંપની અને લાઈફ સાયન્સ ઉદ્યોગમાં અગ્રણી, સાયટીવાએ બેંગ્લુરૂ, ભારતમાં એક સમર્પિત હોસ્ટ સેલ પ્રોટીન (HCP) સર્વિસીસ સેન્ટર સ્થાપિત કરવા માટે વૈશ્વિક કરાર સંશોધન સંસ્થા, વીડા લાઈફસાયન્સ (વીડા ક્લિનિકલ રિસર્ચ લિમિટેડ) સાથે સહયોગ કરી રહી છે. અશુદ્ધતા વિશ્લેષણ અને HCP પરીક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ નવું કેન્દ્ર બાયોફાર્માસ્યુટિકલ કંપનીઓને વિકાસ જોખમો ઘટાડવામાં અને નોવેલ બાયોલોજિક્સ અને બાયોસિમિલર્સ માટે નિયમનકારી ધોરણોને પૂર્ણ કરવામાં મદદ કરશે. વીડા લાઈફસાયન્સ (વીડા ક્લિનિકલ રિસર્ચ લિમિટેડ)ના ગ્રુપ સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. મહેશ ભલગતે કહ્યું કે, "બાયોલોજિક્સ ઉત્પાદકોને ઊંડી વૈજ્ઞાનિક આંતરદૃષ્ટિ લાવવા અને બાયોફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના વધુ મજબૂત પાત્રાલેખનને સક્ષમ બનાવવા માટે અમને સાયટીવા સાથે ભાગીદારી કરવાનો આનંદ છે.

## ક્રાઈમ ડાયરી

### લોન અપાવવાના નામે રૂા.૨.૧૭ લાખની છેતરપિંડી

પ્રજ્ઞેશભાઈ જયંતિભાઈ પટેલ (ઉ.વ.૨૪, રહે. રાધેશ્યામ રેસીડેન્સી કલ્યાણચોક પાસે નિકોલ)એ તા.૩૦/૧૧/૨૦૨૫ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે પ્રજ્ઞેશભાઈ પટેલ નરોડા સ્વામિનારાયણ પાર્ક એમ.એસ. સ્કૂલ પાસે પટેલ ખમણ હાઉસ એન્ડ નમકિન નામની દુકાન ધરાવી ધંધો કરે છે. તા.૧૩/૧૦/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે તેઓની દુકાન ખાતે અજાણ્યો પુરૂષ આવ્યો હતો અને ફોન પે કંપનીમાંથી આવતો હોવાની ઓળખ આપી જણાવેલ કે ફોન પે બેન્કનો કયુ.આર. કોડ રાખતા હોય તેમને લોન મળવા પાત્ર છે તેમ કહેતા પ્રજ્ઞેશભાઈને નાણાની જરૂરિયાત હોવાથી લોન મેળવવા માટે હા પાડતા તેઓએ તા.૧૩/૧૦/૨૦૨૫થી તા.૧૦/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન લોન એપ્રુવ કરવા પ્રોસેસ કરવાનું કહી પ્રજ્ઞેશભાઈ પટેલનો ફોન તેમજ એટીએમ કાર્ડ લઈ એટીએમ સેન્ટરમાં ગયો હતો. તેમજ પ્રજ્ઞેશભાઈ પટેલના સંબંધીને પણ લોનની જરૂરિયાત હોય તેને પણ લોન મેળવવા પ્રોસેસ માટે અજાણ્યા પુરૂષને મોબાઈલ ફોન આપ્યો હતો. દરમ્યાન અજાણ્યા પુરૂષે એનકેન પ્રકારે પ્રજ્ઞેશભાઈ પટેલ તથા પ્રજ્ઞેશભાઈ પટેલના સંબંધીના બેન્ક ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૨,૧૭,૭૧૮/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરી મેળવી લઈ છેતરપિંડી કરી હતી.

### મણિનગરમાં ફોન હેક કરી ગઠિયાએ રૂા.૧.૮૩ લાખ પડાવ્યા

મુકેશકુમાર ગોરધનલાલ ફલોદિયા (ઉ.વ.૪૦, રહે. શ્રી વિનાયક એપાર્ટમેન્ટ પુષ્પકુંજ સોસાયટી મણિનગર)એ તા.૩૦/૧૧/૨૦૨૫ના રોજ મણિનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ અજાણી વ્યકિતએ મુકેશભાઈ ફલોદિયાનો મોબાઈલ ફોન હેક કરી બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૮૩,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ છેતરપિંડી કરી છે.

### એચડીએફસી બેન્ક દ્વારા ૧૭મું વાર્ષિક રક્તદાન અભિયાન યોજાશે

અમદાવાદ,તા.૧

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેન્ક, એચડીએફસી બેન્ક દ્વારા તેની મુખ્ય સીએસઆર પહેલ પરિવર્તન હેઠળ તેના રાષ્ટ્રવ્યાપી રકતદાન અભિયાનની ૧૭મી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે. આ પહેલ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦થી સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ભારતના ૧,૧૦૦થી વધુ શહેરોમાં યોજવામાં આવશે. એચડીએફસી બેન્કના કર્મચારીઓ, ગ્રાહકો, કોર્પોરેટસ, સંરક્ષણ દળોના સભ્યો, વિદ્યાર્થીઓ અને સમુદાયના સભ્યો આ અભિયાનમાં ભાગ લેશે. આ વાર્ષિક રકતદાન અભિયાન બેન્ક દ્વારા શરૂ કરવામાં આવેલી સૌપ્રથમ સીએસઆર પહેલોમાંથી એક છે અને તે આરોગ્ય અને સ્વચ્છતાના મુખ્ય ફોકસ એરિયા હેઠળ આવે છે.

**નામ બદલેલ છે**

મારું નામ શેખ ફીરોઝ મહેબૂબભાઈથી બદલીને ફિરોઝ શેખ કરેલ છે.

૪/૯૬ વૃદાવન ફલેટ બાપુનગર-૩૮૦૦૨૪

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ રંગવાલા મરીયાથી બદલીને નવું નામ મરીયા જુજેર વહાણવટી કરેલ છે.

૬/૧ ગોલ્ડન પાર્ક, તસ્લીમ સોસાયટી સામે, બીબીતળાવ વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦

# આસામ : નાગાંવ ડિમોલિશન ઝુંબેશમાં ૧,૫૦૦થી વધુ બંગાળી ભાષી મુસ્લિમ પરિવારોને કાઢી મૂકવામાં આવ્યા



(એજન્સી) તા.૧

આસામના નાગાંવ જિલ્લાના અધિકારીઓએ શનિવારે ૭૯૫ હેક્ટર અનામત વન જમીનમાંથી અતિક્રમણ દૂર કરવા માટે જમીન ખાલી કરાવવાની ઝુંબેશ શરૂ કરી હતી. અહેવાલ મુજબ, લગભગ ૧,૫૦૦ બંગાળી ભાષી મુસ્લિમ પરિવારો વર્ષોથી ત્યાં રહેતા હતા. અહેવાલ મુજબ, નાગાંવ જિલ્લાના લુટીમારી વિસ્તારમાં ભારે સુરક્ષા વચ્ચે ખાલી કરાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સંદર્ભમાં, સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો છે કે વહીવટીતંત્રે ત્રણ મહિના પહેલા રહેવાસીઓને નોટિસ ફટકારી હતી, જેમાં તેમને વિસ્તાર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું. શરૂઆતમાં, બે મહિનાની સમયમર્યાદા આપવામાં આવી હતી, પરંતુ બાદમાં, રહેવાસીઓની વિનંતી પર, વહીવટીતંત્રે તેમાં એક મહિનાનો વધારો કર્યો હતો. એજન્સીએ એક અજ્ઞાત અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે પરિવારોએ વિસ્તાર ખાલી કરવા માટે વધારાના મહિનાની વિનંતી કરી હતી, જેના પર વહીવટીતંત્ર સંમત થયું હતું. ઉલ્લેખનીય છે કે શનિવારે ડિમોલિશન ઝુંબેશ શરૂ થઈ ત્યાં સુધીમાં, ૧,૧૦૦થી વધુ પરિવારો પહેલાથી જ તેમના ઘરો તોડી ચૂક્યા હતા અને તેમના સામાન સાથે સ્થળાંતર કરી ચૂક્યા હતા. તેમાં પાકા અને કાચાં બંને પ્રકારના ઘરોનો સમાવેશ થાય છે. અધિકારીએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે બાકીના ઘરો પણ ઝુંબેશ દરમિયાન તોડી પાડવામાં આવ્યા હતા. ઘણા હાંકી કાઢવામાં આવેલા પરિવારોએ દાવો કર્યો હતો કે તેઓ ૪૦ વર્ષથી આ વિસ્તારમાં રહેતા હતા અને તેઓ જાણતા ન હતા કે જમીન અનામત વન વિસ્તારમાં આવે છે. આસામ ટ્રિબ્યુને કાઢી મૂકવામાં આવેલા રહેવાસીઓમાંથી એકને ટાંકીને કહ્યું હતું કે ઝુંબેશ પછી તેમની પાસે રહેવા માટે કોઈ જગ્યા નથી. તે માણસે કહ્યું કે, 'સરકારે અમને જગ્યા આપી હોત તો સારું થાત. અમે આદેશ મુજબ સ્વેચ્છાએ અહીંથી નીકળી ગયા હતા અને અમે પુનર્વસન ઇચ્છીએ છીએ. આસામ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, વન વિભાગના ખાસ મુખ્ય સચિવ એમ.કે. યાદવે જણાવ્યું હતું કે આ વિસ્તારમાંથી અતિક્રમણ દૂર કરવાથી જંગલની જમીન પર માનવ અને હાથી વચ્ચે સંઘર્ષ અટકાવવામાં મદદ મળશે. ૨૦૧૬માં ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી ત્યારથી આસામના ઘણા જિલ્લાઓમાં ડિમોલિશન અભિયાન ચલાવવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે બંગાળી ભાષી મુસ્લિમ વસ્તીવાળા વિસ્તારોને લક્ષ્ય બનાવવામાં આવ્યા છે. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્માએ દાવો કર્યો છે કે મે ૨૦૨૧ માં તેમણે પદ સંભાળ્યું ત્યારથી ૧૬૦ ચોરસ કિલોમીટરથી વધુ જમીન અતિક્રમણથી મુક્ત કરવામાં આવી છે. આમાંથી ઘણા વિસ્થાપિત લોકો દાવો કરે છે કે તેમના પરિવારો દાયકાઓથી આ વિસ્તારોમાં રહે છે અને બ્રહ્મપુત્ર નદીના ધોવાણથી નદીના તટપ્રદેશમાં તેમની જમીન ધોવાઈ ગયા પછી તેમના પૂર્વજો ત્યાં સ્થાયી થયા હતા. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ વારંવાર જંગલ અને સરકારી જમીન પર અતિક્રમણ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો પુનરોચ્ચાર કર્યો છે અને સંરક્ષણ અને કાયદાના અમલીકરણ માટે આવી ઝુંબેશને આવશ્યક ગણાવી છે.

# 'માનવતા હજુ પણ જીવંત છે' : કુલદીપ શર્માએ પત્રકારને આપેલી જમીનની ભેટથી સમગ્ર કાશ્મીરમાં સદ્‌ભાવનાનો સંદેશ

**પત્રકાર અરફાઝ અહમદ દાઈંગના ઘર તોડી પાડવાના હૃદયદ્રાવક દૃશ્યોથી પ્રેરિત થઈને શર્માએ દાઈંગને તેનું ઘર ફરીથી બનાવવામાં મદદ કરવા માટે જમીન દાનમાં આપવાની જાહેરાત કરી હતી**



(એજન્સી) શ્રીનગર, તા.૧

જમ્મુમાં પત્રકાર અરફાઝ દાઈંગનું ઘર તોડી પાડ્યા પછી, જમ્મુ અને કાશ્મીરમાં અણધારી સદ્ભાવના અને સાંપ્રદાયિક સૌહાર્દની લહેર ફેલાઈ ગઈ છે. આ ક્ષણના કેન્દ્રમાં કુલદીપ શર્મા છે, જેમણે તેમના મુસ્લિમ પાડોશીને તેમનું ઘર ફરીથી બનાવવામાં મદદ કરવા માટે પાંચ મરલા જમીન ભેટ આપી હતી. શર્માના આ કરુણા અને સાંપ્રદાયિક સૌહાર્દના કાર્યને કારણે ખીણમાં લોકોનું સમર્થન વધી રહ્યું છે અને લોકોએ તેમના નિઃસ્વાર્થ કાર્યને માન આપવા માટે જમીન અને હાઉસબોટ પણ આપી છે. ૧૯૯૫થી ૧૯૯૯ સુધી શ્રીનગરમાં ફરજ બજાવતા નિવૃત્ત કર્મચારી શર્માએ કહ્યું કે તેમને હંમેશા કાશ્મીર અને તેના લોકો સાથે સંબંધ રહ્યો છે. તેમાંથી કોઈએ મને ક્યારેય નુકસાન પહોંચાડ્યું નથી. અરફાઝના ઘર તોડી પાડવાના હૃદયદ્રાવક દૃશ્યોથી પ્રભાવિત થઈને, અરફાઝના પાડોશી શર્મા બેઘર બનેલા પરિવારને મદદ કરવા આગળ આવ્યા હતા. શુક્રવારે, શર્માએ તેમના ઘરનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે દાઈંગને પાંચ મરલા જમીન દાનમાં આપવાની જાહેરાત કરી. તેમણે દાઈંગને જમીનના મહેસૂલ દસ્તાવેજો સોંપ્યા હતા. કરૂણા અને સાંપ્રદાયિક એકતાના તેમના આ કાર્યથી, શર્માએ લોકોના દિલ જીતી લીધા છે અને ખીણના લોકો તરફથી શર્માના દુર્લભ સહાનુભૂતિ માટે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. શર્માના જણાવ્યા મુજબ, દૈંગને જમીન દાનમાં આપવાની જાહેરાત કર્યા પછી તરત જ પંપોરના એક ઉદ્યોગપતિએ તેમનો સંપર્ક કર્યો અને તેમણે મારી સાથે વાત કરી અને મને ૨૦ મરલા જમીન ઓફર કરી. તેમણે મને પોતાનું નામ જાહેર ન કરવા કહ્યું. તેમણે કહ્યું કે તેઓ પોતે મારા ઘરે આવશે અને મને ૨૦ મરલા જમીન ભેટમાં આપશે, તેઓ પોતાની ગોપનીયતા જાળવવાનો આગ્રહ રાખતા હતા. શોપિયાના મોહમ્મદ ઈકબાલે શર્માનો સંપર્ક કર્યો અને તેમની માનવતાને માન્યતા આપતા તેમને ૧૦ મરલા જમીન આપવાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રીનગરના બીજા એક વ્યક્તિએ મારી પાસે પહોંચીને શ્રીનગરના વ્યસ્ત બજારમાં પાંચ મરલા જમીન ઓફર કરી છે. સૌથી આશ્ચર્યજનક વાત શ્રીનગરના એક ઉદ્યોગપતિ તરફથી આવી જેણે તેમને "શિકારા" દાલ તળાવ પર લગભગ ૪.૫ કરોડ રૂપિયાની કિંમતની હાઉસબોટ ઓફર કરી હતી. તેમના પિતાએ પણ મારી સાથે વાત કરી હતી. આ તેમની પ્રેમ અને સ્નેહ છે, જેની મેં ક્યારેય કલ્પના પણ કરી ન હતી. મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના અન્ય એક વ્યક્તિ, ગુલામ મોહમ્મદએ કુલદીપ શર્મા અને પત્રકાર દાયિંગને પાંચ-પાંચ મરલા જમીન ઓફર કરી છે. શર્માની પુત્રી તાનિયાએ કહ્યું કે તેના પિતાએ હંમેશા જે મૂલ્યો પર જીવ્યા છે તેના આધારે કામ કર્યું છે. મારા પિતાનું હૃદય મોટું છે, મેં તેમની પાસેથી માનવતાના મૂલ્યો શીખ્યા છે. મને ખુશી છે કે મને જમ્મુના લોકો તરફથી પ્રેમ મળી રહ્યો છે અને કાશ્મીર તરફથી પણ ખૂબ પ્રેમ અને આદર મળી રહ્યો છે. હવે મારા કાશ્મીરમાં પણ હજારો ભાઈઓ છે. આ ખૂબ જ ભાવનાત્મક સમય છે. તાનિયાએ કહ્યું કે તેની માતાએ પણ તેના પિતાના નિર્ણયને સંપૂર્ણ ટેકો આપ્યો હતો. મારી માતાને તેનો અફસોસ ન હતો, તેણીએ મારા પિતાને ટેકો આપ્યો અને કહ્યું કે અમારે તેઓને મદદ કરવાની જરૂર છે. શર્મા માટે ખીણના લોકો તરફથી જમીનની ઓફર સહિતની ઓફરો એ દર્શાવે છે કે દેશમાં 'માનવતા આજે પણ જીવંત છે.'

# 'હું જીવવા માગુ છું પરંતુ હું ગૂંગળામણ અનુભવી રહ્યો છું' : યુપીના BLOની સુસાઈડ નોટમાં SIR કામગીરીના દબાણ અંગેનો ખૂબ જ ઘેરો અને ઊંડો સંતાપ બહાર આવ્યો



**'બચ્ચોં કા ખ્યાલ રખના...' : ઉત્તરપ્રદેશમાં SIRના કામના દબાણને કારણે આત્મહત્યા કરતાં પહેલા છેલ્લા વીડિયોમાં BLOનો અશ્રુભર્યો સંદેશ**

(એજન્સી) તા.૧

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં ૪૬ વર્ષીય શિક્ષક અને બૂથ લેવલ ઓફિસર (BLO) સર્વેશ સિંહે કથિત રીતે આત્મહત્યા કરી છે. અહેવાલો મુજબ, મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR)ના ભારે કામના દબાણને કારણે તેમનું મૃત્યુ થયું છે. સિંહના મૃત્યુ પહેલા રેકોર્ડ કરાયેલા એક વીડિયોમાં તેઓ રડતા જોવા મળે છે અને કહે છે કે તેઓ સોંપેલું BLO કાર્ય પૂર્ણ કરી શક્યા નથી. આ ઘટના અન્ય BLO દ્વારા થયેલી સમાન કથિત આત્મહત્યાઓને અનુસરે છે. મુરાદાબાદમાં જોઈએ અને તેમના પરિવારને પૂછપરછ ન કરવા વિનંતી કરી. અહેવાલ મુજબ, સિંહની પત્નીએ તેમને તેમના ઘરના સ્ટોરેજ રૂમમાં લટકતા જોયા અને તરત જ સ્થાનિક પોલીસને

**હાથે લખેલી ત્રણ પેજની નોંધમાં ૪૨ વર્ષના સહાયક શિક્ષક સર્વેશ સિંઘે લખ્યું હતું કે રાત-દિવસ કામ કરી રહ્યો હોવા છતાં મને સોંપવામાં આવેલું કામ પૂરૂં થઈ શકયું નથી અને હું માનસિક રીતે અત્યંત વ્યથિત સ્થિતિમાં મૂકાઈ ગયો છું**

તેમના ઘરેથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ આત્યંતિક પગલું ભરતા પહેલા રેકોર્ડ કરાયેલા તેમના છેલ્લા વીડિયોમાં, સિંહ રડતા જોવા મળે છે. તેઓ કહે છે કે તેઓ મતદાર યાદી પર SIRનું કામ પૂર્ણ કરી શક્યા નથી અને 'તેમની દુનિયાથી દૂર જવા' બદલ તેમના પરિવારની માફી માંગે છે. તેઓ તેમની માતા અને બહેનને તેમની ચાર પુત્રીઓની સંભાળ રાખવા વિનંતી પણ કરે છે. વીડિયોમાં તેઓ રડતા રડતા કહે છે કે, "હું ઊંડા દુઃખમાં છું. હું છેલ્લા ૨૦ દિવસથી સૂઈ શક્યો નથી. મારી ચાર નાની પુત્રીઓ છે. અન્ય લોકો કામ પૂરું કરી શકે છે, પણ હું નહીં." તેમણે એમ પણ કહ્યું કે તેમના નિર્ણય માટે કોઈને દોષ ન આપવો બોલાવી. એક શાળામાં સહાયક શિક્ષક તરીકે નિયુક્ત સિંહને ૭ ઓક્ટોબરે BLO ફરજ સોંપવામાં આવી હતી, જે તેમની પ્રથમ ચૂંટણી-સંબંધિત ફરજ હતી. BLO નાગરિકો માટે સંપર્કનું મુખ્ય બિંદુ છે, જે તેમને ચૂંટણી-સંબંધિત ફોર્મ ભરવામાં અને તેમની વિગતો નિયુક્ત ડેટાબેસેસ પર અપલોડ કરવામાં મદદ કરે છે.

# 'લાખો ગરીબોના મતદાનનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે': સચિન પાયલોટે SIR અંગે ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) તા.૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલોટે ચૂંટણી પંચ પર ખાસ સઘન સુધારા (SIR) દરમિયાન અભૂતપૂર્વ રીતે ઉતાવળથી કામ કરવાનો અને વ્યાપક ભય પેદા કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે ખાસ કરીને ગરીબો, દલિતો, આદિવાસીઓ અને અશિક્ષિત લોકોના મતદારોના નામ કાઢી નાખવામાં આવી રહ્યા છે. જયપુર પાયલોટે કહ્યું કે ECના આ આચરણથી તેની નિષ્પક્ષતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે અને તેમણે ચેતવણી આપી હતી કે જો બંધારણીય જવાબદારીઓ "વિચારધારા અથવા સરકારના દબાણ હેઠળ" પૂર્ણ કરવામાં આવશે તો લોકોનો વિશ્વાસ તૂટી જશે. જયપુરમાં મીડિયા સાથે વાત કરતા, સચિન પાયલોટે કહ્યું કે દેશમાં પહેલા પણ ઘણી વખત ખાસ સઘન સુધારા (SIR) કવાયત થઈ છે, પરંતુ ક્યારેય આવો ભય કે વિવાદ થયો નથી. પ્રથમ વખત, ચૂંટણી પંચના વલણથી લોકોમાં ચિંતા પેદા થઈ છે. પાયલોટે આરોપ લગાવ્યો કે બિહારમાં મતદારોના નામ કાપી નાખવામાં આવ્યા છે અને હાલના પ્રચારથી સામાન્ય નાગરિકોને પ્રતિક્રિયા આપવા માટે ખૂબ જ ઓછો સમય મળ્યો છે. ઘણા રાજ્યોમાં લોકો તણાવમાં છે; કેટલાક દબાણને કારણે આત્યંતિક પગલાં પણ લઈ રહ્યા છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ગેરરીતિઓ થઈ રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ચૂંટણી પંચે નિષ્પક્ષ બંધારણીય સંસ્થા તરીકે કામ કરવું જોઈએ, કારણ કે મતદાર યાદી શુદ્ધ કરવાની જવાબદારી કોઈ રાજકીય પક્ષની નહીં, પણ આયોગની છે. પાયલોટે કહ્યું કે કોંગ્રેસ ખાતરી કરવા માંગે છે કે ગરીબો, દલિતો, આદિવાસીઓ, વૃદ્ધ નાગરિકો અને શિક્ષણ કે માહિતીનો અભાવ ધરાવતા લોકો મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવામાં ન આવે. અમે આવું થવા દઈશું નહીં. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પાર્ટી દેશભરમાં ઝુંબેશ ચલાવી રહી છે જેથી કોઈ પણ નાગરિક મતદાન કરવાના



બંધારણીય અધિકારથી વંચિત ન રહે. સાથે સાથે તેમણે ચૂંટણી પંચને તટસ્થતા જાળવવા વિનંતી કરી છે. જો તમે કોઈપણ વિચારધારા, સરકાર અથવા રાજકીય નેતાના દબાણ હેઠળ કામ કરો છો, તો તે જનતા કે કોંગ્રેસ પાર્ટીને સ્વીકાર્ય નહીં હોય. સચિન પાયલોટે કહ્યું કે SIR પ્રક્રિયા અંગે, ચૂંટણી પંચ રાજસ્થાનમાં એ જ ઉતાવળનું પુનરાવર્તન કરી રહ્યું હોય તેવું લાગે છે જે તેણે બિહારમાં કર્યું હતું. તેમણે વડાપ્રધાન અને ગૃહમંત્રીના નિવેદનોનો ઉલ્લેખ કર્યો જેમાં તેમણે દાવો કર્યો હતો કે ઘુસણખોરોને રક્ષણ આપવામાં આવી રહ્યું છે અને તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. તેનો જવાબ આપતા પાયલોટે કહ્યું કે, જો કોઈ આ દેશમાં ગેરકાયદેસર રીતે રહે છે, તો તેમને દૂર કરો. પરંતુ અમને કહો - ભારત સરકારે છેલ્લા ૧૧ વર્ષમાં કેટલા ઘુસણખોરોને હાંકી કાઢ્યા છે ? તેમણે આરોપ લગાવ્યો કે જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ ભાજપ ઘુસણખોરોને નિશાન બનાવવાના બહાને ગરીબ, દલિતો, પછાત વર્ગો, આદિવાસી, નિરાધાર અને અશિક્ષિત લોકોના મત કાપવાનો પ્રયાસ કરી રહી છે. બંધારણ દરેક નાગરિકને મતદાનનો અધિકાર આપે છે. જો કોઈનું નામ દૂર કરવામાં આવે છે, તો લોકશાહીમાં આનાથી મોટું પાપ કોઈ નથી. પાયલોટે કહ્યું કે ચૂંટણી પંચની નિષ્પક્ષતા, અને તેની મુખ્ય ફરજ મત ચોરી અટકાવવાની છે, તે હવે પ્રશ્નાર્થમાં છે. વિધાનસભાથી લઈને પાયાના સ્તર સુધી, કોંગ્રેસના નેતાઓ ૧૮ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ નાગરિકને મતદાનના અધિકારથી વંચિત ન રાખવા માટે કામ કરી રહ્યા છે. લાખો નામો કાઢી નાખવામાં આવી રહ્યા છે તે જોઈને અમને દુઃખ થાય છે અને તેમાંથી મોટાભાગના ગરીબોના છે. કોંગ્રેસ પાર્ટી તેમની સાથે છે. તેમણે એવી પણ ચેતવણી આપી હતી કે જો બંધારણનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે તેવા લોકો નિષ્પક્ષ નહીં રહે, તો લોકોનો બંધારણમાં વિશ્વાસ ઓછો થઈ જશે.

# બંગાળના BLO દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની બહાર જોરદાર ઉગ્ર દેખાવો યોજાયા

**SIRની મૂળભૂત પાયાની કામગીરી કરી રહેલા આ તમામ BLO નવા મતદારોને સામેલ કરવા માટે તથા વિગતોમાં સુધારા કરવા માટે અને ડુપ્લીકેટ હોય અથવા તો પાત્ર ન હોય એવા નામો દૂર કરવા માટે ઘરે ઘરની મુલાકાત લઈ રહેલા ચૂંટણી પંચના કાર્યકરો છે અને અમને ઘણી વખત દિવસની નોકરી કે કામગીરી હોવા છતાં એમને લાંબા અંતર સુધી મુસાફરી પણ કરવી પડે છે**



(એજન્સી) કોલકાતા, તા.૧

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચની મતદાર યાદી ખાસ સઘન રિવિઝન એટલે કે એસ.આઈ.આર.ની કવાયત માટે પાયાની ભૂમિ પરની કામગીરી કરી રહેલા બીએલઓ દ્વારા એમની માનસિક સ્થિતિ તથા સ્વાસ્થ્ય અને કામકાજના દબાણના મુદ્દા ઉપર આજે સોમવારે કોલકાતામાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની બહાર જોરદાર અને ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. કોલકાતામાં થયેલા આંદોલનના વીડિયોમાં દેખાઈ આવે છે કે મોટી સંખ્યામાં બીએલઓ અને અન્ય દેખાવકારો મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી સુધી પહોંચવાના અને અંદર જવાના પ્રયાસમાં પોલીસ સાથે અથડામણ કરતા દેખાઈ રહ્યા છે. જંગી સંખ્યામાં પોલીસ દીવાલ બનીને ઊભી છે એ વીડિયોમાં દેખાઈ આવે છે.

બીએલઓ અધિકાર રક્ષા સમિતિની આગેવાની નીચે દેખાવો યોજાયા હતા. પરંતુ વિધાનસભા વિરોધ પક્ષના નેતા ભાજપના સુવેંદુ અધિકારી ચૂંટણી અધિકારી સાથેની બેઠક માટે અન્ય ધારાસભ્યોને લઈને કચેરી પર આવ્યા એ પહેલા દેખાવકારો વિખેરાઈ ગયા હતા કેમ કે પોલીસે આખો વિસ્તાર બંધ કરી દીધો હતો છતાં દેખાવ કરી રહેલા બી.એલ.ઓ. અને અન્ય આંદોલનકારોએ પોલીસની દીવાલની વચ્ચેથી કચેરીમાં જવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક લોકોએ તો બેરીકેટ પણ પાર કરી લીધી હતી. કેટલાક લોકોએ ભાજપના ધારાસભ્ય તરફ જવાનો પ્રયાસ કર્યો હતો.

બરાબર આ સમયે ભાજપના કેટલાક કાર્યકરો પણ મોટી સંખ્યામાં આવી જતા બંને તરફના લોકોએ ભારે જોરદાર સૂત્રોચાર અને પ્રતિ સૂત્રોચાર શરૂ કરી દીધા હતા. આથી થોડો સમય તણાવ ઊભો થઈ ગયો હતો. પોલીસ બંને તરફના જૂથને શાંત રાખવાનો પ્રયાસ કરી રહી હતી. જોરદાર દેખાવો થયા હોવા છતાં સુવેંદુ અધિકારી અને ભાજપના નેતાઓ કચેરીમાં પ્રવેશી ગયા હતા. બાદમાં ભાજપના નેતાએ જણાવ્યું હતું કે જો ટીએમસીની સરકાર એસ.આઈ.આર.નો વિરોધ કરી રહ્યો હોય અને તેની વિરૂદ્ધ બોલી રહી હોય તો બીએલઓને માનદવેતન શું કામ આપે છે ? વિરોધ પક્ષોનો એવો આક્ષેપ છે કે પૂરતા સાધનો અને સામગ્રી અને સહાયતા સરકારે કરી નથી એ કારણે બીએલઓના મોત થયા છે. સુવેંદુ અધિકારી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સમીક ભટ્ટાચાર્યએ બીએલઓ કઈ સ્થિતિમાં અને પરિસ્થિતિમાં કામ કરી રહ્યા છે એ જાતે અહીં આવીને જોઈ લેવા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પણ અનુરોધ કર્યો છે.

ભટ્ટાચાર્યના વિધાનો પછી જ ચૂંટણી પંચે બીએલઓને વધુ સુરક્ષા પ્રદાન કરવા માટે રાજ્યના ચૂંટણી પંચને અને પોલીસને તાકીદ કરી હતી અને સૂચના આપી હતી. જો કે, આજે થયેલા આંદોલન અને દેખાવો અંગે ટીએમસીએ પક્ષ તરીકે અથવા તો બંગાળ વહીવટી તંત્ર દ્વારા કોઇ પ્રતિક્રિયા સત્તાવાર રીતે આપવામાં આવી નથી. પરંતુ રાજ્યમાં કામ કરી રહેલા ઘણા બધા બીએલઓ કામના અતિશય અને અમાનવીય દબાણ અંગે ફરિયાદો કરી રહ્યા છે અને કામકાજની ખૂબ નબળી સ્થિતિ અંગે પણ ફરિયાદ કરી રહ્યા છે અને અત્યંત ઓછું વેતન એટલે કે દર મહિને માત્ર રૂપિયા ૧૦૦૦ મળતા આવવા વિશે પણ ફરિયાદ કરે છે અને એમનું કહેવું છે કે કામના દબાણથી તેમના આરોગ્યને અસર થઈ રહી છે અને રોજિંદા જીવન પર અસર પડી છે.

એસ.આઈ.આર. કામગીરી માટે બી.એલ.ઓ. અત્યંત ચાવીરૂપ અને પાયાની કામગીરીમાં લાગેલા ચૂંટણી પંચના કાર્યકરો છે જે નવા મતો ઉમેરવા તથા વિગતો અને સુધારવા માટે તેમજ ડુપ્લીકેટ અથવા તો અપાત્ર નામોને દૂર કરવા માટે ઘરે ઘરે જઈ રહ્યા છે અને વિગતો એકઠી કરી રહ્યા છે. ના તો દિવસના બીજા કામ કે નોકરી હોવા છતાં એમને લાંબા અંતરની મુસાફરી પણ કરવી પડે છે.

# 'કાટને વાલે અંદર બૈઠે હૈ' : કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરી પોતાના પાલતુ શ્વાનને સંસદમાં લાવ્યા, ભાજપના જગદંબિકા પાલે કડક કાર્યવાહીની માંગ કરી






(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે, સોમવારે કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરી તેમના પાલતુ શ્વાનને સંસદની વિઝિટર્સ ગેલેરીમાં લાવતા વિવાદ સર્જાયો હતો. આ ઘટનાએ ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ જગદંબિકા પાલને કડક કાર્યવાહીની માંગ કરવા પ્રેર્યા હતા. ઓનલાઈન સામે આવેલા એક વીડિયોમાં કોંગ્રેસના સાંસદના સુરક્ષા કર્મચારીઓ તેમની કારમાં શ્વાન સાથે જોવા મળે છે, જ્યારે તેઓ મીડિયા સાથે વાતચીત કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રખડતા શ્વાનોને જાહેર સ્થળોએથી આશ્રયસ્થાનોમાં ખસેડવાના નિર્દેશો આપ્યાના થોડા દિવસો બાદ આ ઘટના બની હતી.

મીડિયા સાથેની વાતચીત દરમિયાન ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારને પ્રાણીઓ પસંદ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ એક નિર્દોષ પ્રાણી છે અને કોઈને કરડશે નહીં. જો કે, વિવાદ સર્જતા કોંગ્રેસના સાંસદે કહ્યું કે, "કાટને વાલે તો અંદર (સંસદ) બૈઠે હૈ (કરડનારા તો અંદર બેઠા છે)." ચૌધરીની આ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, ભાજપના સાંસદ જગદંબિકા પાલે તેમની સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. પાલે કહ્યું કે, કોંગ્રેસના સાંસદ સંસદીય વિશેષાધિકારોનો "દુરૂપયોગ" કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને સુપ્રીમ કોર્ટે તેના નવીનતમ નિર્દેશમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs)ને શ્વાનના કરડવાની વધતી ઘટનાઓને નિયંત્રિત કરવા માટે શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશનો અને અન્ય જાહેર સ્થળોની નજીકથી રખડતા શ્વાનોને દૂર કરવા જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે સત્તાવાળાઓને એનિમલ બર્થ કંટ્રોલ નિયમો અનુસાર રસીકરણ અને નસબંધી પછી રખડતા શ્વાનોને આશ્રયસ્થાનોમાં ખસેડવાનો આદેશ પણ આપ્યો હતો. દરમિયાન, ચૌધરીએ તેમના મીડિયા સંવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર કરેલી 'ડ્રામા'ની ટિપ્પણીનો વળતો જવાબ આપ્યો હતો.

# ઈમરાન ખાનના પુત્રો કહે છે કે ત્રણ સપ્તાહ વીતી ગયા છે પરંતુ તેઓ હયાત હોવા અંગેનો કોઈ પુરાવો મળ્યો નથી

**તેમણે કહ્યું કે પિતા સુરક્ષિત છે કે કેમ, ઈજાગ્રસ્ત છે કે તેઓ હયાત પણ છે કે કેમ એ વિશે કશું જ જાણવામાં ન આવે એ ખરેખર અમારા પરનો માનસિક અત્યાચાર છે**

(એજન્સી)

ઈસ્લામાબાદ, તા.૧

પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની તબિયત અંગે અફવાઓ અને અટકળોની આંધીઓ વચ્ચે ઈમરાન ખાનના બંને પુત્રોએ તેઓ સાજા નરવા અને હયાત છે કે કેમ તેના પુરાવા માંગ્યા છે. ઈમરાનના પુત્ર કાસિમ ખાને જણાવ્યું હતું કે મારા પિતા સાથે કંઈક અજુગતું બની ગયું હોવાની અમારા પરિવારને દહેશત છે. એમની તબિયત અંગે અનેક અફવાઓ ઊડી રહી છે છતાં એમનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી અને એણની હાલતની કોઈ જાણકારી મળી નથી. અદાલતે એમને મળવા માટે સાપ્તાહિક બેઠકની મંજૂરી



આપી છે છતાં સંપર્ક થઈ શક્યો નથી. કાસિમ ખાન લખે છે કે તમારા પિતા સુરક્ષિત છે કે કેમ, એમને કોઈ ઈજા થઈ છે કે તેઓ હયાત પણ છે કે કેમ એવી ચિંતા અને સંતાપ અમારા માટે માનસિક અત્યાચાર જેવા છે. તેમણે લખ્યું હતું કે અમને કોઈ સાચી માહિતી એમના વિશે મળતી નથી અને સૌથી મોટી બીક એવી છે કે એમની સાથે અજુકતી એવી ઘટના બની ગઈ છે જેને અમે પાછી વાળી શકીએ તેમ નથી. અમારાથી બધુ છુપાવવામાં આવી રહ્યો છે.

કાસિમ અને એમના ભાઈ સુલેમાન ઈશા ખાન એમની માતા જેમિમા સાથે લંડનમાં જ રહે છે. બંને ભાઈઓ પિતાની સ્થિતિ અંગે અત્યંત ચિંતાતુર બન્યા છે. તેમણે કહ્યું હતું કે અણે છેલ્લે નવેમ્બર ૨૦૨૨માં પિતાને જોયા હતા. આ તો માનવઅધિકાર કટોકટી કહેવાય. દરેક દિશામાંથી સરકાર પર દબાણ થવું જોઈએ. પરંતુ અમારે પહેલા એ જાણવાનું જરૂરી છે કે તેઓ સુરક્ષિત છે. ૭૨ વર્ષના ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે.

# ભરૂચ જિલ્લાની સિલીકા સેન્ડની ૪ ખદાનની પરવાનગી રદ કરવાની દરખાસ્ત

**૭૩ એએની તેમજ ગૌચરની જમીન પર ગેરકાયદે લીઝો ચાલી રહી હતી**

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧

ભરૂચ જિલ્લામાં આદિવાસી બાહુલ વિસ્તારમાં ચાલતી સિલીકા સેન્ડની લીઝો પૈકીની ઝઘડિયા પંથકની ૪ લીઝને રદ કરવાની દરખાસ્ત કલેક્ટરે કરી છે. આ લીઝો ૭૩ એએની તેમજ ગૌચર જમીનો પર આવેલી હોવા સાથે તેના માટે ગ્રામ સભા ઠરાવ, પર્યાવરણ મંજૂરી મેળવ્યા વિના જ ચાલતી હોવાનું પ્રાથમિક તબક્કે ધ્યાનમાં આવતાં તેના પર કાર્યવાહી કરવામાં આવી છે.ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકા વિસ્તારમાં કેટલીક સિલીકા સેન્ડની લીઝો આવેલી છે. ત્યારે તે પૈકીની કેટલીક લીઝ ગેરકાયદે હોવાની રાવ સાથે સ્થાનિક જાગૃત સામાજિક કાર્યકર્તા ડો. ભાવીન વસાવા તેમજ અન્ય લોકો દ્વારા લાંબા સમયથી આ લીઝોને લઈને સરકારમાં પત્રો લખી યોગ્ય કાર્યવાહીની માંગ કરી રહ્યા હતા. ચાલતી લીઝો પૈકીની પડાલ ગામની એક ૪૮ હેક્ટરની અને બીજી ૨૫ હેક્ટરની એમ બે લીઝ તેમજ ભીમપોર ગામની ૧૮૧ હેક્ટરની એક અને બીજી ૭ હેક્ટરની એમ બે લીઝોને લઈને તેમણે દસ્તાવેજી પુરાવા સાથે સરકારના વિવિધ વિભાગોમાં, તત્કાલિન કલેક્ટરોને તેમજ સંબંધિત અધિકારીઓને અનેક રજૂઆતો કરી છે. તેમજ ઓનલાઈન ફરિયાદ પણ કરી છે. ત્યારે તાજેતરમાં યોજાયેલાં જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણાએ પડાલ ગામની બે અને ભીમપોર ગામની બે લીઝ એમ કુલ ૪ લીઝોને રદ કરવાની દરખાસ્ત કરી હોવાની જાહેરાત કરી છે.

ઝઘડિયા તાલુકો આદિવાસી બાહુલ વસ્તી ધરાવતો તાલુકો છે ત્યારે આ લીઝોમાં એક તરફ આદિવાસી સમાજના લોકોની જમીનો ગઈ છે. ઉપરાંત મોટા ભાગની લીઝો ૭૩-એએની જમીન તેમજ ગૌચરની જમીનો પર બનાવવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું છે. બીજી તરફ મોટાભાગની લીઝોમાં ગ્રામ સભાનો મંજૂરીનો ઠરાવ થયો નથી તેમજ પર્યાવરણ મંજૂરી પણ મેળવાઈ નથી. જેના કારણે આ લીઝોને રદ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

# ઈતિહાસ બદલવા નીકળેલા ભાજપના લોકોએ ઐતિહાસિક માધુપાવડિયા ઘાટનું નામ બદલીને હિન્દુ સંસ્કૃતિનું અપમાન કર્યું : અમિત ચાવડા

**ગુજરાતમાં જનતા નહીં પરંતુ અધિકાર રાજ ચાલે છે : ડૉ. તુષાર ચૌધરી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામેથી કરવામાં આવી જે બાદ યાત્રા લાલપુર, સિદ્ધપુર, ગોગલાસણ, ઉમરૂં, કાકોશી, મેત્રાણા, કુંવારા, લવારા, કલ્યાણા, દશાવાડા, નિદ્રોડા, વડુ, ચારૂપ, નાયતા, કાંસા માર્ગે પાટણ તરફ આગળ વધી યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે સરસ્વતી નદીના કિનારે આવેલો ઐતિહાસિક માધુપાવડિયા ઘાટ સદીઓની આસ્થા અને ઈતિહાસનું પ્રતિક છે. પરંતુ સત્તામાં બેઠેલ લોકોએ આ ઘાટનું નામ બદલી હીરાબા સરોવર રાખીને નવી તકતી લગાવીને સમગ્ર ઈતિહાસને ભૂંસવાનો પ્રયત્ન કર્યો તે હિન્દુ સંસ્કૃતિનું અપમાન છે. જો સરકાર આ રીતે જ લોકોની આસ્થાનું અપમાન કરતી રહેશે તો આગામી સમયમાં નાગરિકોને આ રાજકીય તકતીઓ ઉખાડતાં સમય નહીં લાગે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના રાજમાં ગૌચરની જમીનો તેમના મળતીયાઓ દ્વારા પડાવી લેવામાં આવી છે



ભાજપના નેતાઓ જિલ્લામાં શિક્ષણનું વેપારિકરણ કરી રહ્યા છે પ્રાઈવેટ કોલેજો અને સ્કૂલો ચલાવી રહ્યા છે જ્યાં મસમોટી ફી વસુલવામાં આવી રહી છે રોડ રસ્તાઓની ખરાબ હાલત છે જિલ્લામાં રોજગારી ન મળતા યુવાઓને પોતાના ઘર છોડીને મોટા શહેરોમાં જવા મજબુર થવું પડી રહ્યું છે ૩ દશકથી સત્તામાં હોવા છતાં હજુ સુધી જિલ્લામાં લોકોને પીવાના પાણીની સમસ્યા છે સિંચાઈ માટે પાણીની સમસ્યા છે કુદરતી આફતોમાં ખેડૂતોને સરકાર દ્વારા યોગ્ય વળતર નથી આપવામાં આવતું. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, જ્યારે દેશમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોંગ્રેસે ખેડૂતોને ક્યારેય દેવાદાર નથી થવા દીધા કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા કોંગ્રેસમાં રાજમાં ખેડૂતો, ખેતમજૂરો, મધ્યમવર્ગના લોકો સુખી હતા જ્યારે હાલની સરકારના નાનાથી લઈને મોટા એક પણ વર્ગના લોકો સુખી નથી કારણ કે હાલમાં જનતાનું નહિ પણ અધિકારીઓનું રાજ છે એટલા માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી સુભાષિની યાદવ, AICC મીડિયા&પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેરા, પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. તેમ અખબારી યાદીમાં કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે.

# શું સરકાર 'સંચાર સાથી' એપ દ્વારા તમારા મોબાઈલમાં પ્રવેશ કરવા માંગે છે ?

(એજન્સી) તા.૧

ભારત સરકારે તાજેતરમાં સ્માર્ટફોન નિર્માતાઓને એક મહત્ત્વપૂર્ણ આદેશ આપ્યો છે. આ આદેશ મુજબ કંપનીઓએ આગામી ૯૦ દિવસની અંદર તમામ નવા ડિવાઈસમાં રાજ્ય-માલિકીની સાયબર સુરક્ષા એપ 'સંચાર સાથી'ને પ્રીલોડ (પહેલેથી ઈન્સ્ટોલ) કરવાની રહેશે. આ જ નહીં, જે ગ્રાહકો પાસે હાલમાં મોબાઈલ છે, તેમના ફોનમાં પણ સોફ્ટવેર અપડેટ દ્વારા આ એપ ઈન્સ્ટોલ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ આદેશને કારણે સૌથી મોટી ચિંતા એ છે કે, આ એપ એવી હશે જેને વપરાશકર્તાઓ અક્ષમ (Disable) કે દૂર કરી શકશે નહીં. સરકાર આ પગલાને સાયબર સુરક્ષા વધારવા અને ડુપ્લિકેટ IMEI નંબરોથી થતી છેતરપિંડીને રોકવા માટે જરૂરી ગણાવે છે. જો કે, સરકારી દાવાઓ છતાં સ્માર્ટફોન કંપનીઓ અને ગોપનીયતા નિષ્ણાતોમાં ગહન ચિંતા પ્રવર્તી રહી છે. રોઈટર્સના અહેવાલ મુજબ કંપનીઓ યુઝર ડેટાની ગોપનીયતા (Privacy) અને સુરક્ષા અંગે ચિંતિત છે. તેમનો મુખ્ય ભય એ છે કે, સરકાર દ્વારા ઈન્સ્ટોલ કરાયેલી થર્ડ પાર્ટી એપ ગોપનીયતા માટે જોખમ ઊભું કરી શકે છે અને આદેશ જારી કરતા પહેલા તેમની સાથે કોઈ પરામર્શ કરવામાં આવ્યો ન હતો. આ આદેશથી Apple જેવી વૈશ્વિક કંપનીઓ સાથે વિવાદ થવાની શક્યતા છે, જેઓ સામાન્ય રીતે વેચાણ પહેલાં તેમના ઉપકરણો પર કોઈપણ સરકારી કે તૃતીય-પક્ષની એપ ઈન્સ્ટોલ કરવાનો ઈન્કાર કરે છે. આ કંપનીઓએ હાલમાં આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. સરકારના દાવા અનુસાર 'સંચાર સાથી' એપ સાયબર સુરક્ષા સુધારવામાં ખૂબ અસરકારક રહી છે. જાન્યુઆરી ૨૦૨૫માં લોન્ચ થયા બાદ આ એપ દ્વારા અત્યાર સુધીમાં ૭,૦૦,૦૦૦થી વધુ ખોવાયેલા ફોન શોધવામાં અને ૩૭ લાખથી વધુ ચોરાયેલા ફોન બ્લોક કરવામાં મદદ મળી છે. વધુમાં ૩ કરોડથી વધુ છેતરપિંડીવાળા કનેક્શનો પણ આ એપના કારણે ખતમ કરવામાં આવ્યા છે. આ એપ યુઝર્સને શંકાસ્પદ કોલ્સની જાણ કરવા અને ચોરાયેલા મોબાઈલને બ્લોક કરવાની સુવિધા પણ આપે છે. સરકારનો આદેશ ભારતમાં મોબાઈલ ફોનની સાયબર સુરક્ષા માટે એક મોટો પડકાર છે, પરંતુ તેની સામે યુઝરની વ્યક્તિગત ગોપનીયતા જાળવવાનો પ્રશ્ન ઊભો થયો છે.

# અંકલેશ્વર GIDC પોલીસે જાહેર માર્ગ ઉપર જોખમી સ્ટંટ કરનાર બાઈકચાલકની ધરપકડ કરી

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવસર્જન બેંક સર્કલથી માનવ મંદિર તરફ જતા જાહેર રસ્તા પર સ્ટંટ કરી રાહદારી તેમજ બીજા અન્ય વાહન ચાલક ઈસમોની જીંદગી જોખમમાં મૂકી બેદરકારી પુર્વક ડ્રાઈવિંગ એક ઈસમે કરેલ હોવાનું સોસીયલ મીડિયા મારફતે અંકલેશ્વર GIDC પોલીસના ધ્યાને આવતા અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તાત્કાલિક તપાસ કરી આવા જોખમી સ્ટંટ કરનાર ઈસમ સુરજ S/o સાગરભાઈ સુનાર, રહે.પ્લોટ નં.૨૬૧, જી.આઈ.ડી.સી. ઓફિસ રોડ, અંકલેશ્વર, જી.ભરૂચ નાઓને શોધી કાઢી તેની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે અને જે બાઈક ઉપર જોખમી સ્ટંટ કરવામા આવેલ તે બાઈક કબજે કરવામાં આવેલ છે.

# રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજ્યમાં સોમવારે ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ સાથે કંડલા સૌથી વધુ ઠંડુ રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં નલિયાના લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો છે. અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે, તો કેટલાંક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયમાં ગરમી અનુભવાઈ રહી છે. સતત ઠંડુ રહેતું શહેર નલિયામાં ગઈકાલે ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં છેલ્લા બે દિવસથી સતત એકથી બે ડિગ્રીનો વધારો નોંધાયો છે, જેથી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

# સંસદનો પહેલો દિવસ : સરકાર SIR પર ચર્ચા કરવા તૈયાર નથી પરતું વંદે માતરમ અંગે ચર્ચા માટે ૧૦ કલાક ફાળવ્યા

(એજન્સી) તા.૧

સંસદના શિયાળુ સત્રનો પહેલો દિવસ વિવાદ સાથે શરૂ થયો. બંને ગૃહોમાં કોઈ નોંધપાત્ર કામ થયું નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે કેટલાક બિલ રજૂ કર્યા. વિપક્ષે પહેલાથી જ ચેતવણી આપી હતી કે, જો SIR પર ચર્ચા નહીં થાય તો તેઓ ગૃહની કામગીરી ખોરવી નાખશે. સોમવારે પહેલા દિવસે લોકસભા અને રાજ્યસભામાં પણ આવા જ દૃશ્યો જોવા મળ્યા હતા. સત્ર શરૂ થાય તે પહેલાં વડાપ્રધાન મોદીએ સંસદની બહાર કહ્યું કે, સંસદમાં નાટકની કોઈ જરૂર નથી. કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓએ મોદીના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપી, તેમના પર નાટક કરવાનો આરોપ લગાવ્યો. મોદીએ રાજ્યસભાના નવા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનની પ્રશંસા કરી અને પછી ચાલ્યા ગયા. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિને બહાનું બનાવીને સરકાર પર પ્રહારો કર્યા, જેના કારણે વ્યાપક હોબાળો થયો.

**વંદે માતરમ માટે ૧૦ કલાક :** વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સંસદ આ અઠવાડિયે એક ખાસ ચર્ચા યોજવાનું છે. આ ચર્ચા ગુરૂવાર અથવા શુક્રવારે લોકસભામાં થવાની ધારણા છે. આ ચર્ચા માટે કુલ દસ કલાક ફાળવવામાં આવ્યા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બોલશે. આ સત્ર એક સમર્પિત, સ્વતંત્ર ચર્ચા તરીકે હાથ ધરવામાં આવશે. સોમવારે બપોરે વિપક્ષી પક્ષોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને સરકાર પર SIR મુદ્દા પર ચર્ચા ન થવા દેવાનો આરોપ લગાવ્યો. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને જણાવ્યું હતું કે, ટીએમસી, કોંગ્રેસ અને ડીએમકે બધાએ સંસદીય બાબતોના મંત્રીને ચર્ચા કરવા વિનંતી કરી હતી. અમે SIR પર ચર્ચા ઈચ્છીએ છીએ. સરકારે કોઈ જવાબ આપ્યો નથી.

● લોકસભા અધ્યક્ષે વિપક્ષને SIR પર ચર્ચા કરવાની મંજૂરી આપી નહીં. આના કારણે ભારે હોબાળો થયો. શાસક પક્ષ અને વિપક્ષના સૂત્રોચ્ચાર વચ્ચે, લોકસભા બપોર સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે ૧૨ વાગ્યે પાછી ફરી, ત્યારે SIR પર ચર્ચાની માગણી સાથે ફરી એક હોબાળો થયો. અધ્યક્ષે ગૃહ બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કર્યું. થોડા સમય પછી રાજ્યસભા પણ હોબાળાને કારણે બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે બે વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે વિપક્ષે ફરીથી SIR પર ચર્ચાની માંગ કરી, પરંતુ સ્પીકરે પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો. ફરીથી હોબાળો અને સૂત્રોચ્ચાર થયા. ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું. વિપક્ષે રાજ્યસભાનો બહિષ્કાર કર્યો. ત્યારબાદ રાજ્યસભા પણ સ્થગિત કરવામાં આવી.

● નાણામંત્રી સીતારમણે કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી, આરોગ્ય સુરક્ષા અને GST પર ત્રણ બિલ રજૂ કર્યા. કેન્દ્રીય એક્સાઈઝ સુધારો બિલ ૨૦૨૫ અને આરોગ્ય સુરક્ષા બિલ ૨૦૨૫ પર રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર, ખાતરી કરશે કે GST વળતર સેસ નાબૂદ થયા પછી પણ તમાકુ અને પાન મસાલા જેવી હાનિકારક વસ્તુઓ પર કર દર સમાન રહે. સીતારમણે મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (બીજો સુધારો) બિલ ૨૦૨૫ પણ રજૂ કર્યું, જે એક વટહુકમનું સ્થાન લેશે. ઘણા વિપક્ષી સાંસદોએ SIR પર ચર્ચા માટે નોટિસ આપી છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે લોકસભામાં સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ નોટિસ ચૂંટણી પંચ દ્વારા મનસ્વી અને નબળી રીતે અમલમાં મૂકાયેલા ખાસ સઘન સુધારાને કારણે સર્જાયેલી ગંભીર કટોકટી પર છે. આ નોટિસમાં જણાવાયું છે કે, આ પ્રક્રિયાએ BLO પર અસહ્ય દબાણ કર્યું છે, અનેક મૃત્યુ થયા છે અને નાગરિકોમાં ગભરાટ અને મૂંઝવણ પેદા કરી છે. આવા અસંકલિત અને અસંવેદનશીલ અમલીકરણથી જાહેર વિશ્વાસ અને આપણી લોકશાહી પ્રક્રિયાઓની અખંડિતતા બંનેને નુકસાન થાય છે.

## વિરોધ પક્ષની અવારનવાર માંગણી છતાં સંસદમાં SIR અંગે ચર્ચા આપવા બાબતે કેન્દ્ર મગનું નામ મરી પાડતું નથી

**કામકાજ સલાહકાર સમિતિની બેઠક સોમવારે મળીએ ત્યારે વિરોધ પક્ષના નેતાઓએ વારંવાર આ માગણી કરી હતી અને મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ સરકાર તરફથી કોઈ નક્કર સ્પષ્ટ ખાતરી મળી જ નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભાજપ પ્રેરિત કેન્દ્ર સરકાર સંસદમાં SIR અંગે ચર્ચા આપવાની વિરોધ પક્ષની અવારનવાર થઈ રહેલી માંગણીઓ છતાં એ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરતી નથી કે સ્પષ્ટ ખાતરી પણ આપતી નથી અને સંસદમાં ચર્ચા અંગે મગનું નામ મરી પાડતી નથી. વિરોધ પક્ષોએ રાજ્યસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી ત્યારે પણ વારંવાર SIRની ચર્ચા સંસદમાં આપવા અંગે માગણીઓ કરી હતી પરંતુ સરકારે કોઈ ખાતરી આપી નથી કે વ્યાપક ચૂંટણી સુધારાઓ સહિતના મુદ્દાઓ ઉપર અને SIR અંગે ચર્ચા પાસે કે નહીં તે અંગે પણ સરકારે કોઈ ચોખવટ કરી નથી. સંસદીય બાબતોના મંત્રી કિરણ રીજીજુએ રવિવારે બેઠક પહેલા એવું કહ્યું હતું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા અંગે નિર્ણય લેવાશે કે પછી રાજ્યસભાના ચેરમેન અને ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણનના અધ્યક્ષસ્થાને બેઠક મળી ત્યારે વિરોધ પક્ષના સભ્યોએ SIR પર સંસદમાં ચર્ચાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સોમવારે શિયાળુ સત્રના પ્રથમ દિવસે જ બપોરે ૨:૦૦ વાગ્યે ટૂંકી ચર્ચા આપવાની માગણી કરી હતી. વિપક્ષ દ્વારા એવી પણ ખાતરી આપી હતી કે અમે ચર્ચાના શીર્ષકના શબ્દો અંગે પણ બાંધછોડ માટે તૈયાર છીએ. ડિબેટ દરમિયાન મુદ્દાસર ચર્ચા કરવા અને આક્રમકતા નહીં રાખવાની પણ વિપક્ષે ખાતરી આપી હતી પરંતુ સરકારે ચર્ચા આપવા માટે કોઈ સ્પષ્ટ ખાતરી જ આપી નહોતી. વિરોધ પક્ષ હોય તો એવી ચેતવણી પણ આપી દીધી હતી કે જો ચર્ચા નહીં આપવામાં આવે અને સંસદની કાર્યવાહી ખોરવાઈ જશે તો સરકાર એ માટે જવાબદાર ગણાશે.

# વિપક્ષ નાટક કરી રહ્યાના પીએમ મોદીના વિધાનો બદલ વડાપ્રધાનની ઝાટકણી કાઢતા અભિષેક બેનરજી, બંગાળ SIRના કારણે થઈ રહેલા મોતની જવાબદારી નક્કી કરવા માગણી

(એજન્સી) કોલકાતા, તા.૧

ટીએમસીના મહામંત્રી અભિષેક બેનરજીએ સંસદમાં ચર્ચાની માગણી કરનાર વિરોધ પક્ષોને કતારોના દૃશ્યોને નાટકબાજ ગણાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સખત ટીકા કરી હતી અને ખૂબ જ આકરી રીતે અને ભાવુક થઈને વડાપ્રધાનની ઝાટકણી કાઢી હતી અને એવી દલીલ કરી હતી કે નાટક નહીં કામ કરો એવું વડાપ્રધાને વિરોધ પક્ષો સામે નિવેદન કર્યું છે પરંતુ હકીકત એ છે કે એસઆઈઆરની કામગીરીને કારણે પશ્ચિમ બંગાળમાં ૪૦ લોકોનાં મોત થયા



**TMC નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિરોધ પક્ષોને SIR સામે વિરોધ નથી પણ ખૂબ જ ઉતાવળે અને અરાજકતાભરી પદ્ધતિથી કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો અને એ રીતે કામગીરી આગળ વધી રહી છે તેની સામે વિરોધ છે**

છે તેની જવાબદારીથી સરકાર હાથ ઊંચા લેવા માંગે છે. દક્ષિણ ૨૪ પરગણાના મહેશતાલા ખાતે એક કાર્યક્રમમાં ભાગ લેતા અભિષેક બેનરજીએ સ્પષ્ટ ભાષામાં જણાવ્યું હતું કે, એસઆઈઆર જેવી ગંભીર કામગીરી અને ખૂબ જ ગંભીર મુદ્દા ઉપર ચર્ચા માંગવી તેને નાટક કહેવાય નહીં. પક્ષો જે માગણી કરી રહ્યા છે એ માત્ર એસઆઈઆર પર ચર્ચા માટેની માગણી છે શું એ નાટક છે? જો લોકોનો અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવે તેને જો નાટકબાજી ગણવામાં આવતી હોય તો હવે લોકો જ આવનારી ચૂંટણીઓમાં આ અંગે સરકારને જવાબ આપશે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, પશ્ચિમ બંગાળમાં પૂરતી તૈયારી કર્યા વિના અને યોગ્ય રીતે મસલતો વગર જે રીતે એસઆઈઆર કામગીરી શરૂ કરવામાં આવી તેના કારણે બી.એલ.ઓ. સહિત ૪૦ લોકોનાં મોત થયા છે અને એ માટે બી.એલ.ઓ. સીધેસીધું ચૂંટણી પંચને જ જવાબદાર ગણાવી રહ્યા છે અને સવાલ કરી રહ્યા છે કે સરકારની જવાબદારી ક્યાં છે ? કેન્દ્ર સરકારની કામગીરીની જબરદસ્ત ટીકા કરતા બેનરજીએ એક દાયકા પહેલા નોટબંધીએ દેશભરમાં સર્જેલી જબરદસ્ત અંધાધૂંધી અને અરાજકતા અને લોકોની લાંબી લાંબી કતારોના દૃશ્યો યાદ કરાવ્યા હતા અને કહ્યું હતું કે, નોટબંધી કરવામાં આવી છતાં કાળા નાણાં ઉપર કોઈ અંકુશ આવ્યો નથી. દેશની રાજધાનીમાં વિસ્ફોટ થાય છે ત્યારે અને આતંકવાદીઓ ભારતની સરહદોમાં ઘૂસી જાય છે ત્યારે કેમ કોઈ જવાબદારી નક્કી થતી નથી એવો પણ તેમણે સવાલ કર્યો હતો. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, આ સરકાર લોકોને કોઈ જવાબ આપવાને બદલે તે જવાબદારી નક્કી કરવાના બદલે કે જવાબદારી સ્વીકારવાને બદલે જવાબદારી વગર જ સત્તા ભોગવવા માંગે છે. વિરોધ પક્ષો સંસદને સામાન્ય રીતે રાબેતા મુજબ ચાલવા દેવા માંગે છે પણ મને નવાઈ એ વાતની લાગે છે કે બિહારમાં ચૂંટણીઓમાં આટલો મોટો વિજય થયા પછી પણ શું કામ સરકાર આટલી બધી બચાવની સ્થિતિમાં આવી ગઈ છે?! શિયાળું સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિધાનો અને વિરોધ પક્ષો ઉપરના તેમના આક્ષેપો સરકારની બંધારણીય જવાબદારી ઉપર કોઈ અસર છોડતા નથી. કેટલાક રાજ્યો જીતી લેવાથી સરકાર તેની જવાબદારીથી મુક્ત થઈ જતી નથી અને એ જ મતદારો છે જે તેને સત્તા પરથી દૂર પણ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, વિરોધ પક્ષોને એસઆઈઆર સામે કોઈ વાંધો નથી પરંતુ યોગ્ય રીતે ચર્ચા વિચારણા કર્યા વિના અને આયોજન કર્યા વિના ઉતાવળે જે રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે તેની સામે વાંધો છે અને બીએલઓને પૂરતી તાલીમ પણ આપવામાં આવી નથી અને ટેકનિકલ જે ખામીઓ છે એ પણ દૂર થઈ નથી. સરળ કાર્યવાહી માટે તો મતદાન યાદીઓને ડિજિટલ પણ હજુ બનાવવામાં આવી નથી અને અમે આ બધી નિષ્ફળતાઓને કારણે જ્યારે ચર્ચાની માગણી કરીએ છીએ ત્યારે વડાપ્રધાન તેને નાટક કહે છે અને આવી રીતે હાથ ઊંચા લઈ લેવાની

# બિહારના ચૂંટણી ધબડકા અંગે સમીક્ષા કરવા ખડગે સાથે બેઠક કરતા રાહુલ ગાંધી, રાજ્યમાં પક્ષમાં આંતરિક વિખવાદ તથા મતભેદો તેમજ NDA યોજનાઓ પરાજય માટે જવાબદાર હોવાનું કહેતા કોંગ્રેસના નેતાઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા અને બિહારમાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષના પરાજય અંગે તથા ધબડકા વિશે તેમજ બિહારની રાજકીય પરિસ્થિતિ વિશે ખડગે સાથે ચર્ચા વિચારણા કરી હતી તેમ જાણવા મળ્યું છે. સૂત્રો જણાવે છે કે રાહુલ ગાંધી બિહારના કોંગ્રેસના નેતાઓને મળ્યા પછી સીધા ખડગેના નિવાસસ્થાને જ હંકારી ગયા



**કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા અને બિહારની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે, બિહારમાં તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને જબરદસ્ત પછડાટ સહન કરવી પડી છે, બિહારના કોંગ્રેસના નેતાઓને મળ્યા પછી રાહુલ ગાંધી સીધા ખડગેના નિવાસસ્થાન પહોંચ્યા હતા**

હતા. કોંગ્રેસ પ્રમુખ સાથેની બેઠક દરમિયાન બિહારમાં પક્ષના ઈન્ચાર્જ કૃષ્ણ અલાવારૂ અને બિહાર કોંગ્રેસના પ્રમુખ રાજેશ રામ પણ ઉપસ્થિત હતા. આ પહેલા પણ રાહુલ અને ખડગે ઈન્દિરા ભવન ખાતે બિહારના નેતાઓ તથા ચૂંટણી લડેલા તમામ ઉમેદવારો સાથે બેઠક કરી હતી અને પક્ષના સજ્જડ પરાજય અને ધબડકા અંગેના કારણો વિશે વિચાર વિમર્શ કર્યો હતો. જાણવા મળ્યા મુજબ ઉમેદવારોએ મહિલાઓ માટે એનડીએની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માસિક રૂપિયા ૧૦,૦૦૦ની સહાય યોજના તેમજ બિહાર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ તથા સંઘર્ષ અને પક્ષની ટિકિટોના મોડા વિતરણ જેવા કારણો પરાજય માટે આગળ કર્યા હતા.

# ઝોહરાન સ્પેશિયલ : ન્યૂયોર્કના મધ્યમ અને નાના ધંધાર્થીઓને ઊંચા ભાડાથી અને ધંધા બંધ થઈ જવાથી બચાવી લેવા માટે મામદાનીએ પગલાં લેવાનું શરૂ કર્યું

**ચૂંટણી પહેલાથી અનેક મહિલાઓથી ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાની એવી દલીલ કરતા આવ્યા છે કે આ મહાનગરના નાના અને અન્ય દેશમાંથી આવેલા વસાહતીઓના ધંધા વેપાર ન્યૂયોર્કનું અવિભાજ્ય અંગ છે**

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૧

ન્યૂયોર્ક શહેરના નાના ધંધાર્થીઓ આકાશની ઊંચાઈને આંબતા ભાડા અને અન્ય સમસ્યાઓથી ભારે પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે મહાનગરના નવા ચૂંટાયેલા મેયર ઝોહરાન મામદાનીએ એમના ચૂંટણી પહેલાના વચન મુજબ નાના અને વસાહતીઓના ધંધાઓનું રક્ષણ કરવા માટેના એમના વચનનું પાલન કરવાની દિશામાં આગળ વધવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશામાં તેમણે નાના ધંધાર્થીઓને ઊંચા ભાડા અને ધંધા બંધ થઈ જવાથી રક્ષણ આપવા માટેની પોતાની યોજનાનો મુસદ્દો જાહેર કર્યો હતો. તેમણે એક ખાસ વીડિયો સંદેશામાં જણાવ્યું હતું કે નાના ધંધાર્થીઓએ હવે એમના ધંધા અંગે મેયરનું ધ્યાન દોરવા માટે શનિવાર સુધીની રાહ જોવાની જરૂર નહીં રહે. જે થોડા ઘણા ફેરફારો થઈ રહ્યા છે એ લોકો જોઈ શકે છે કે પછી તેમણે તેમના ચૂંટણી અભિયાનમાં વચન આપ્યું હતું એ મુજબના સુધારાઓની વિગતો આપી હતી. તેમણે કહ્યું હતું કે ન્યૂયોર્ક શહેરને ખાસ બનાવવા માટે ઘણી બધી ચીજો કરી શકાય તેમ છે. એ પછી તેમણે ત્યાં ઊભા ઊભા જ એક રેસ્ટોરન્ટ કાઉન્ટરના વેઈટને અવાજ કરીને કહ્યું હતું કે હબીબી શું મને ઈંડા અને ચીઝ મળશે ખરા? ત્યારે વેઈટરે સરસ જવાબ આપ્યો હતો કે હાજી જોહરાન સ્પેશિયલ હમણાં જ આવે છે. મેયર મામદાની હંમેશા કહેતા આવ્યા છે કે નાના ધંધાર્થીઓ અને વસાહતીઓ સંચાલિત ધંધા અને વેપાર ન્યૂયોર્ક શહેરનું અવિભાજ્ય અંગ છે. ન્યૂયોર્ક અને તેનાથી અલગ કરી શકાય નહીં. નાના ધંધાર્થીઓ અને વેપારીઓ ખાનગી ક્ષેત્રમાં ન્યુયોર્કની કુલ વસ્તીના અડધાથી વધુ લોકોને રોજગારી આપે છે અને આ શહેરને જીવંત રાખવામાં અને આગળ વધવામાં મદદ કરે છે પરંતુ છેલ્લા ચાર વર્ષ એમના માટે ખૂબ જ મુશ્કેલીભર્યા રહ્યા છે. પછી એક સ્ટોર બંધ થયા છે અને એ સમયના મેયર એરિક આદમસ દ્વારા સંઘર્ષ કરી રહેલા નાના ધંધાર્થીઓ અને બિઝનેસમેનની અવગણના કરવામાં આવી હતી. એટલે જ એક મેયર તરીકે હું નાના ધંધાર્થીઓને અને નાના મોટા વેપારને વધુ ઝડપી તથા વધુ સસ્તો અને વધુ સરળ બનાવવા માંગું છું જેથી કરીને એ લોકોનું કામકાજ ચાલે અને ખુલ્લા રહે અને બંધ ન થાય. તેમણે આ માટે મહત્વના પગલા જાહેર કર્યા હતા અને તેના પ્રથમ ચરણરૂપે તેમણે દંડ અને ફીમાં પણ ૫૦% જેવો જોરદાર ઘટાડો જાહેર કર્યો હતો. વધુ ઝડપથી પરમીટ આપવામાં આવશે અને અરજીઓનો પણ ઝડપથી નિકાલ કરવાની ખાતરી આપી છે. નાના ધંધાર્થીઓ અને બિઝનેસ માટે જે કોઈ યોજનાઓ હોય તેમાં ૫૦૦ ટકા વધુ ફંડ આપવામાં આવશે. બિઝનેસ એક્સપ્રેસ સર્વિસ ટીમ માટે બે કરોડ ડોલરનું રોકાણ કરવામાં આવશે અને વસાહતીઓ દ્વારા ચલાવવામાં આવતા નવા સ્ટોર ઉપર વધુ ધ્યાન આપવામાં આવશે અને ભાર મૂકવામાં આવશે. તેમણે વિજયના ભાષણમાં પણ મેક્સિકોના એબ્યુલાસ તથા યમનના બોડેગ સ્ટોર માલિકોનો ઉલ્લેખ કર્યો હતો અને ટેક્સી ચલાવતા સેનેગલ દેશના ડ્રાઈવરો અને ઉઝબેક દેશની નર્સિંગ વ્યવસાયની યુવતીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# લાંબા સમયથી પેન્ડિંગ વાઇસ ચાન્સેલરની નિમણૂકો અંગે જસ્ટિસ ધુલિયાના અહેવાલની હજુ ચકાસણી પણ ન કરી શકેલા કેરાલાના રાજ્યપાલથી સુપ્રીમ કોર્ટ સખત નારાજ

**જસ્ટિસ જે. બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેંચ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું કે સુપ્રીમના નિવૃત્ત જજ દ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજને સામાન્ય કાગળ ગણીને ફગાવી દઈ શકાય નહીં અને ખાસ કરીને જ્યારે રાજ્યપાલ ખુદ એપીજે અબ્દુલ કલામ ટેક્નોલોજિકલ યુનિવર્સિટી એન્ડ યુનિવર્સિટી ઓફ ડિજિટલ સાયન્સ, ઈનોવેશન એન્ડ ટેક્નોલોજીના કુલપતિ હોય ત્યારે તો ખાસ એમણે આવા અહેવાલને બાજુએ મૂકી દેવો જોઈએ નહીં**

(એજન્સી) મુંબઈ, તા.૧

કેરાલામાં બે સરકારી યુનિવર્સિટીમાં લાંબા સમયથી પેન્ડિંગ પડેલી વાઇસ ચાન્સેલરની જગ્યા પર નિમણૂક અંગેના સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ સુધાંશુ ધુલિયાના અહેવાલની હજુ સુધી ચકાસણી પણ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટ કેરાલાના રાજ્યપાલ રાજેન્દ્ર આરલેકરથી સખત નારાજ થઈ છે. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને કેવી વિશ્વનાથનની બેન્ચનું નિરીક્ષણ હતું કે સુપ્રીમના પૂર્વ જજ દ્વારા એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોય તેને સામાન્ય કાગળ ગણવામાં આવે અને જયારે ખાસ કરીને રાજ્યની જે બે યુનિવર્સિટીના કુલપતિ ખુદ રાજ્યપાલ હોય ત્યારે તો આવા રિપોર્ટને સામાન્ય પેપર વર્ક ગણાવીને તેને ફગાવી દઈ શકાય નહીં. ગવર્નર ખુદ એપીજે અબ્દુલ કલામ ટેક્નોલોજિકલ યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી ઓફ ડિજિટલ સાયન્સિસ, ઈનોવેશન એન્ડ ટેક્નોલોજીના કુલપતિ છે તેમણે હજુ વાંચ્યું પણ નથી. આ અંગે ગવર્નરથી સખત અને ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને ગવર્નરની ટીકા કરી હતી. સુપ્રીમે સવાલ કર્યો હતો કે મુખ્યમંત્રી પી. વિજયન દ્વારા રિપોર્ટ આપી દેવામાં આવ્યો છે ત્યારે ગવર્નર દ્વારા કેમ હજુ સુધી તેની ચકાસણી કરવામાં આવી નથી? રાજ્ય સરકાર વતી હાજર થયેલા ધારાશાસ્ત્રીએ અદાલતમાં જણાવ્યું હતું કે રિપોર્ટ અપાયા છતાં અને ભલામણ કમિટીએ કર્યા છતાં રાજ્યપાલ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

# ઝોહરાન સ્પેશિયલ : ન્યૂયોર્કના મધ્યમ અને નાના ધંધાર્થીઓને ઊંચા ભાડાથી અને ધંધા બંધ થઈ જવાથી બચાવી લેવા માટે મામદાનીએ પગલાં લેવાનું શરૂ કર્યું

**ચૂંટણી પહેલાથી અનેક મહિલાઓથી ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાની એવી દલીલ કરતા આવ્યા છે કે આ મહાનગરના નાના અને અન્ય દેશમાંથી આવેલા વસાહતીઓના ધંધા વેપાર ન્યૂયોર્કનું અવિભાજ્ય અંગ છે**

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૧

ન્યૂયોર્ક શહેરના નાના ધંધાર્થીઓ આકાશની ઊંચાઈએ આંબતા ભાડા અને અન્ય સમસ્યાઓથી ભારે પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે મહાનગરના નવા ચૂંટાયેલા મેયર ઝોહરાન મામદાનીએ એમના ચૂંટણી પહેલાના વચન મુજબ નાના અને વસાહતીઓના ધંધાઓનું રક્ષણ કરવા માટેના એમના વચનનું પાલન કરવાની દિશામાં આગળ વધવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશામાં તેમણે નાના ધંધાર્થીઓને ઊંચા ભાડા અને ધંધા બંધ થઈ જવાથી રક્ષણ આપવા માટેની પોતાની યોજનાનો મુસદ્દો જાહેર કર્યો હતો. તેમણે એક ખાસ વીડિયો સંદેશામાં જણાવ્યું હતું કે નાના ધંધાર્થીઓએ હવે એમના ધંધા અંગે મેયરનું ધ્યાન દોરવા માટે શનિવાર સુધીની રાહ જોવાની જરૂર નહીં રહે. જે થોડા ઘણા ફેરફારો થઈ રહ્યા છે એ લોકો જોઈ શકે છે કે પછી તેમણે તેમના ચૂંટણી અભિયાનમાં વચન આપ્યું હતું એ મુજબના સુધારાઓની વિગતો આપી હતી. તેમણે કહ્યું હતું કે ન્યૂયોર્ક શહેરને ખાસ બનાવવા માટે બધી ચીજો કરી શકાય તેમ છે. એ પછી તેમણે ત્યાં ઊભા ઊભા જ એક રેસ્ટોરન્ટ કાઉન્ટરના વેઈટરને અવાજ કરીને કહ્યું હતું કે શું મને ઈંડા અને ચીઝ મળશે ખરા? ત્યારે વેઈટરે સરસ જવાબ આપ્યો હતો કે હલાલ ચીઝ સ્પેશિયલ હમણાં જ આવે છે. મેયર મામદાની હંમેશા કહેતા આવ્યા છે કે નાના ધંધાર્થીઓ અને વસાહતીઓના સંચાલિત ધંધા અને વેપાર ન્યૂયોર્ક શહેરનું અવિભાજ્ય અંગ છે. ન્યૂયોર્ક અને તેનાથી અલગ કરી શકાય નહીં. નાના ધંધાર્થીઓ અને વેપારીઓ ખાનગી ક્ષેત્રમાં ન્યૂયોર્કની કુલ વસ્તીના અડધાથી વધુ લોકોને રોજગારી આપે છે અને આ શહેરને જીવંત રાખવામાં મદદ કરે છે પરંતુ છેલ્લા ચાર વર્ષ એમના માટે ખૂબ જ મુશ્કેલીભર્યા રહ્યા છે. પછી એક સ્ટોર બંધ થયા છે અને એ સમયના મેયર એરિક આદમસ દ્વારા સંઘર્ષ કરી રહેલા નાના ધંધાર્થીઓ અને બિઝનેસમેનની અવગણના કરવામાં આવી હતી. એટલે જ એક મેયર તરીકે હું નાના ધંધાર્થીઓને અને નાના મોટા વેપારને વધુ ઝડપી તથા વધુ સસ્તો અને વધુ સરળ બનાવવા માંગું છું જેથી કરીને એ લોકોનું કામકાજ ચાલે અને ખુલ્લા રહે અને બંધ ન થાય. તેમણે આ માટે મહત્વના પગલા જાહેર કર્યા હતા અને તેના પ્રથમ ચરણરૂપે તેમણે દંડ અને ફીમાં પણ ૫૦% જેવો જોરદાર ઘટાડો જાહેર કર્યો હતો. વધુ ઝડપથી પરમીટ આપવામાં આવશે અને અરજીઓનો વધુ ઝડપથી નિકાલ કરવાની ખાતરી આપી છે. નાના ધંધાર્થીઓ અને બિઝનેસ માટે જે કોઈ યોજનાઓ હોય તેમાં ૫૦૦ ટકા વધુ ફંડ આપવામાં આવશે. બિઝનેસ એક્સપ્રેસ સર્વિસ ટીમ બનાવીને કરોડ ડોલરનું રોકાણ કરવામાં આવશે અને વસાહતીઓ દ્વારા ચલાવવામાં આવતા નવા સ્ટોર ઉપર વધુ ધ્યાન આપવામાં આવશે અને ભાર મૂકવામાં આવશે. તેમણે વિજયના ભાષણમાં પણ મેક્સિકોના એબ્યુલાસ તથા યમનના બોડેગ સ્ટોર માલિકોનો ઉલ્લેખ કર્યો હતો અને ટેક્સી ચલાવતા સેનેગલ દેશના ડ્રાઈવરો અને ઉઝબેક દેશની નર્સિંગ વ્યવસાયની યુવતીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે છેલ્લી ઘડીએ મ્યુનિસિપલ ચૂંટણી મુલતવી રાખવા બદલ ચૂંટણી પંચની ટીકા કરતા કહ્યું કે, આ અયોગ્ય અને અન્યાયી છે

**પૈઠણમાં તેમની ચૂંટણી પ્રચાર રેલીમાં જતા પહેલા પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ દલીલ કરી કે, અરજીઓ અથવા સબ જ્યુડિસ બાબતોને કારણે છેલ્લી ઘડીએ ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણ નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરનારાઓ સામે અન્યાયી કાર્યવાહી છે**

**ન્યુઝ GT પોઈન્ટ: ખોટું નાટક ! ચૂંટણી કમિશનરની મજાલ છે મોટા સાહેબને પૂછ્યા વિના મુંબઈ મ્યુ. ચૂંટણી લંબાવી દે ?**

(એજન્સી)

છત્રપતિ સંભાજીનગર, તા.૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે રાજ્ય ચૂંટણી પંચ (SEC) દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની કેટલીક ચૂંટણીઓ મુલતવી રાખવાના નિર્ણયની આકરી ટીકા કરી અને આ પગલાને 'ખોટો' અને ઉમેદવારો માટે 'અન્યાયી' ગણાવ્યો છે. પૈઠણમાં પોતાની ચૂંટણી પ્રચાર રેલીમાં જતા પહેલા પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ દલીલ કરી હતી કે, અરજીઓ અથવા સબ જ્યુડિસ બાબતોને કારણે છેલ્લી ક્ષણે ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણ નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરનારાઓ સામે અન્યાયી કાર્યવાહી છે.

મુખ્યમંત્રીએ મુલતવી રાખવા માટે SECના કાનૂની આધાર પર પ્રશ્ન ઊઠાવતા કહ્યું કે, મને ખબર નથી કે ચૂંટણી પંચ કોની સલાહ લઈ રહ્યું છે. પરંતુ જ્યાં સુધી હું કાયદા વિશે જાણું છું, ત્યાં સુધી ચૂંટણીઓ મુલતવી રાખી શકાતી નથી કારણ કે, કોઈએ કોર્ટમાં અરજી કરી છે. SEC દ્વારા મંગળવારની કેટલીક બેઠકો પર ચૂંટણીઓ મુલતવી રાખવાની જાહેરાત કર્યા પછી મુખ્યમંત્રીનું આ નિવેદન આવ્યું છે. રાજ્ય ચૂંટણી સંસ્થા દ્વારા હજુ સુધી મતદાન મુલતવી રાખવામાં આવ્યું હોવાનો સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો નથી.

મુખ્યમંત્રીએ લાતુર જિલ્લાના નિલંગાના કેસને ઉદાહરણ તરીકે ટાંક્યો જ્યાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. જેની ઉમેદવારી નામંજૂર થઈ હતી તે કોર્ટમાં ગયો હતો. જે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી તેમને ચૂંટણી પ્રક્રિયા માટે સંપૂર્ણ સમય મળ્યો હતો. આવા સમયે કોઈ કોર્ટમાં ગયું હોવાથી ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણપણે ખોટું છે. ચૂંટણી પંચ એક સ્વતંત્ર સંસ્થા છે અને તેને નિર્ણય લેવાનો અધિકાર છે. પરંતુ ચૂંટણી મુલતવી રાખવી એ સંપૂર્ણપણે ખોટું છે.

તેમણે કહ્યું કે, આ નિર્ણય એવા ઉમેદવારો માટે અન્યાયી હતો જેમણે ચૂંટણી ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી. તેમનું આખું કામ વ્યર્થ ગયું છે અને તેમને વધુ ૧૫ દિવસ પ્રચાર કરવો પડશે. અમે આ અંગે ચૂંટણી પંચને રજૂઆત કરીશું. ચૂંટણી પંચને ગઈકાલે મુલતવી રાખવા સામે ઘણી રજૂઆતો મળી હતી. તેમણે જિલ્લા કલેક્ટરો સાથે બેઠક કરી હતી, પરંતુ કેટલીક ચૂંટણી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આપણે આ નિર્ણય સ્વીકારવો પડશે, પરંતુ નિર્ણય ખોટો છે.

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ ચૂંટણી મુલતવી રાખવાના SECના નિર્ણયને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, ઉમેદવારી પત્રો દાખલ થયા અને પાછા ખેંચાયા પછી ચૂંટણી પ્રક્રિયા ક્યારેય બંધ કરવામાં આવી નથી અને પ્રચાર અંતિમ તબક્કામાં છે. ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા પછી તે પૂર્ણ થાય ત્યાં સુધી ક્યારેય બંધ થતી નથી. પરંતુ આ વખતે કમનસીબે તે બંધ કરવામાં આવી છે. બધી માહિતી એકત્રિત કર્યા પછી હું તેના વિશે વાત કરીશ.

આ દરમિયાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા સિંધુદુર્ગમાં સાથી પક્ષ ભાજપ અને શિવસેના વચ્ચેના તણાવ અંગે ફડણવીસે કહ્યું કે, તેઓ 'સારૂં વર્તન' કરનારા દરેકને સમર્થન આપે છે. હું ખોટા વ્યક્તિ સાથે નથી, ભલે તે વ્યક્તિ મારા પક્ષનો હોય. પરંતુ ચૂંટણી પછી આપણે આ અંગે આત્મનિરીક્ષણ કરવું પડશે, તેમણે ઉમેર્યું.

સિંધુદુર્ગ પોલીસે શનિવારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના ધારાસભ્ય નિલેશ રાણે વિરુદ્ધ ભાજપ સમર્થકના ઘરમાં 'અતિક્રમણ' કરવા બદલ FIR નોંધી હતી. રાણેએ ભાજપના સમર્થકના ઘરે 'રેડ' પાડી હતી અને દાવો કર્યો હતો કે, તેમને નાગરિક ચૂંટણી પહેલા મતદારોને વિતરણ કરવા માટે રોકડની થેલીઓ મળી આવી હતી. તેમના ભાઈ અને રાજ્ય મંત્રી નિતેશ રાણે જે ભાજપના નેતા છે, તેમણે પાછળથી આરોપોને નકારી કાઢ્યા હતા અને દલીલ કરી હતી કે, ઘણા રાજકીય કાર્યકરો પાસે કાયદેસરની વ્યવસાયિક આવક હતી અને ઘરમાં રોકડ રાખવાનો અર્થ અન્યથા ન લેવો જોઈએ.

# ઈતિહાસ બદલવા નીકળેલા ભાજપના લોકોએ ઐતિહાસિક માધુપાવડિયા ઘાટનું નામ બદલીને હિન્દુ સંસ્કૃતિનું અપમાન કર્યું : અમિત ચાવડા

**ગુજરાતમાં જનતા નહીં પરંતુ અધિકાર રાજ ચાલે છે : ડૉ. તુષાર ચૌધરી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામેથી કરવામાં આવી જે બાદ યાત્રા લાલપુર, સિદ્ધપુર, ગોગલાસણ, ઉમરૂં, કાકોશી, મેત્રાણા, કુંવારા, લવારા, કલ્યાણા, દશાવાડા, નિદ્રોડા, વડુ, ચારૂપ, નાયતા, કાંસા માર્ગે પાટણ તરફ આગળ વધી યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે સરસ્વતી નદીના કિનારે આવેલો ઐતિહાસિક માધુપાવડિયા ઘાટ સદીઓની આસ્થા અને ઈતિહાસનું પ્રતિક છે. પરંતુ સત્તામાં બેઠેલ લોકોએ આ ઘાટનું નામ બદલી હીરાબા સરોવર રાખીને નવી તકતી લગાવીને સમગ્ર ઈતિહાસને ભૂંસવાનો પ્રયત્ન કર્યો તે હિન્દુ સંસ્કૃતિનું અપમાન છે. જો સરકાર આ રીતે જ લોકોની આસ્થાનું અપમાન કરતી રહેશે તો આગામી સમયમાં નાગરિકોને આ રાજકીય તકતીઓ ઉખાડતાં સમય નહીં લાગે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના રાજમાં ગૌચરની જમીનો તેમના મળતીયાઓ દ્વારા પડાવી લેવામાં આવી છે



ભાજપના નેતાઓ જિલ્લામાં શિક્ષણનું વેપારિકરણ કરી રહ્યા છે પ્રાઈવેટ કોલેજો અને સ્કૂલો ચલાવી રહ્યા છે જ્યાં મસમોટી ફી વસુલવામાં આવી રહી છે રોડ રસ્તાઓની ખરાબ હાલત છે જિલ્લામાં રોજગારી ન મળતા યુવાઓને પોતાના ઘર છોડીને મોટા શહેરોમાં જવા મજબુર થવું પડી રહ્યું છે ૩ દશકથી સત્તામાં હોવા છતાં હજુ સુધી જિલ્લામાં લોકોને પીવાના પાણીની સમસ્યા છે સિંચાઈ માટે પાણીની સમસ્યા છે કુદરતી આફતોમાં ખેડૂતોને સરકાર દ્વારા યોગ્ય વળતર નથી આપવામાં આવતું. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, જ્યારે દેશમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોંગ્રેસે ખેડૂતોને ક્યારેય દેવાદાર નથી થવા દીધા કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા કોંગ્રેસમાં રાજમાં ખેડૂતો, ખેતમજૂરો, મધ્યમવર્ગના લોકો સુખી હતા જયારે હાલની સરકારના નાનાથી લઈને મોટા એક પણ વર્ગના લોકો સુખી નથી કારણ કે હાલમાં જનતાનું નહિ પણ અધિકારીઓનું રાજ છે એટલા માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી સુભાષિની યાદવ, AICC મીડિયા&પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેરા, પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. તેમ અખબારી યાદીમાં કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે.

# રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજ્યમાં સોમવારે ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ સાથે કંડલા સૌથી વધુ ઠંડુ રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં નલિયાના લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો છે. અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે, તો કેટલાંક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, જયારે બપોરના સમયમાં ગરમી અનુભવાઈ રહી છે. સતત ઠંડુ રહેતું શહેર નલિયામાં ગઈકાલે ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં છેલ્લા બે દિવસથી સતત એકથી બે ડિગ્રીનો વધારો નોંધાયો છે, જેથી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

# સંસદનો પહેલો દિવસ : સરકાર SIR પર ચર્ચા કરવા તૈયાર નથી પરતું વંદે માતરમ અંગે ચર્ચા માટે ૧૦ કલાક ફાળવ્યા

(એજન્સી) તા.૧

સંસદના શિયાળુ સત્રનો પહેલો દિવસ વિવાદ સાથે શરૂ થયો. બંને ગૃહોમાં કોઈ નોંધપાત્ર કામ થયું નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે કેટલાક બિલ રજૂ કર્યા. વિપક્ષે પહેલાથી જ ચેતવણી આપી હતી કે, જો SIR પર ચર્ચા નહીં થાય તો તેઓ ગૃહની કામગીરી ખોરવી નાખશે. સોમવારે પહેલા દિવસે લોકસભા અને રાજ્યસભામાં પણ આવા જ દૃશ્યો જોવા મળ્યા હતા. સત્ર શરૂ થાય તે પહેલાં વડાપ્રધાન મોદીએ સંસદની બહાર કહ્યું કે, સંસદમાં નાટકની કોઈ જરૂર નથી. કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓએ મોદીના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપી, તેમના પર નાટક કરવાનો આરોપ લગાવ્યો. મોદીએ રાજ્યસભાના નવા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનની પ્રશંસા કરી અને પછી ચાલ્યા ગયા. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિને બહાનું બનાવીને સરકાર પર પ્રહારો કર્યા, જેના કારણે વ્યાપક હોબાળો થયો.

**વંદે માતરમ માટે ૧૦ કલાક :** વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સંસદ આ અઠવાડિયે એક ખાસ ચર્ચા યોજવાનું છે. આ ચર્ચા ગુરૂવાર અથવા શુક્રવારે લોકસભામાં થવાની ધારણા છે. આ ચર્ચા માટે કુલ દસ કલાક ફાળવવામાં આવ્યા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બોલશે. આ સત્ર એક સમર્પિત, સ્વતંત્ર ચર્ચા તરીકે હાથ ધરવામાં આવશે. સોમવારે બપોરે વિપક્ષી પક્ષોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને સરકાર પર SIR મુદ્દા પર ચર્ચા ન થવા દેવાનો આરોપ લગાવ્યો. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને જણાવ્યું હતું કે, ટીએમસી, કોંગ્રેસ અને ડીએમકે બધાએ સંસદીય બાબતોના મંત્રીને ચર્ચા કરવા વિનંતી કરી હતી. અમે SIR પર ચર્ચા ઇચ્છીએ છીએ. સરકારે કોઈ જવાબ આપ્યો નથી.

● લોકસભા અધ્યક્ષે વિપક્ષને SIR પર ચર્ચા કરવાની મંજૂરી આપી નહીં. આના કારણે ભારે હોબાળો થયો. શાસક પક્ષ અને વિપક્ષના સૂત્રોચ્ચાર વચ્ચે, લોકસભા બપોર સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે ૧૨ વાગ્યે પાછી ફરી, ત્યારે SIR પર ચર્ચાની માગણી સાથે ફરી એક હોબાળો થયો. અધ્યક્ષે ગૃહ બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કર્યું. થોડા સમય પછી રાજ્યસભા પણ હોબાળાને કારણે બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે બે વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે વિપક્ષે ફરીથી SIR પર ચર્ચાની માંગ કરી, પરંતુ સ્પીકરે પરવાનગી આપવાનો ઇન્કાર કર્યો. ફરીથી હોબાળો અને સૂત્રોચ્ચાર થયા. ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું. વિપક્ષે રાજ્યસભાનો બહિષ્કાર કર્યો. ત્યારબાદ રાજ્યસભા પણ સ્થગિત કરવામાં આવી.

● નાણામંત્રી સીતારમણે કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી, આરોગ્ય સુરક્ષા અને GST પર ત્રણ બિલ રજૂ કર્યા. કેન્દ્રીય એક્સાઈઝ સુધારો બિલ ૨૦૨૫ અને આરોગ્ય સુરક્ષા બિલ ૨૦૨૫ પર રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર, ખાતરી કરશે કે GST વળતર સેસ નાબૂદ થયા પછી પણ તમાકુ અને પાન મસાલા જેવી હાનિકારક વસ્તુઓ પર કર દર સમાન રહે. સીતારમણે મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (બીજો સુધારો) બિલ ૨૦૨૫ પણ રજૂ કર્યું, જે એક વટહુકમનું સ્થાન લેશે. ઘણા વિપક્ષી સાંસદોએ SIR પર ચર્ચા માટે નોટિસ આપી છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે લોકસભામાં સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ નોટિસ ચૂંટણી પંચ દ્વારા મનસ્વી અને નબળી રીતે અમલમાં મૂકાયેલા ખાસ સઘન સુધારાને કારણે સર્જાયેલી ગંભીર કટોકટી પર છે. આ નોટિસમાં જણાવાયું છે કે, આ પ્રક્રિયાએ BLO પર અસહ્ય દબાણ કર્યું છે, અનેક મૃત્યુ થયા છે અને નાગરિકોમાં ગભરાટ અને મૂંઝવણ પેદા કરી છે. આવા અસંકલિત અને અસંવેદનશીલ અમલીકરણથી જાહેર વિશ્વાસ અને આપણી લોકશાહી પ્રક્રિયાઓની અખંડિતતા બંનેને નુકસાન થાય છે.

## વિરોધ પક્ષની અવારનવાર માંગણી છતાં સંસદમાં SIR અંગે ચર્ચા આપવા બાબતે કેન્દ્ર મગનું નામ મરી પાડતું નથી

**કામકાજ સલાહકાર સમિતિની બેઠક સોમવારે મળીએ ત્યારે વિરોધ પક્ષના નેતાઓએ વારંવાર આ માગણી કરી હતી અને મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ સરકાર તરફથી કોઈ નક્કર સ્પષ્ટ ખાતરી મળી જ નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભાજપ પ્રેરિત કેન્દ્ર સરકાર સંસદમાં SIR અંગે ચર્ચા આપવાની વિરોધ પક્ષની અવારનવાર થઈ રહેલી માંગણીઓ છતાં એ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરતી નથી કે સ્પષ્ટ ખાતરી પણ આપતી નથી અને સંસદમાં ચર્ચા અંગે મગનું નામ મરી પાડતી નથી. વિરોધ પક્ષોએ રાજ્યસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી ત્યારે પણ વારંવાર SIRની ચર્ચા સંસદમાં આપવા અંગે માગણીઓ કરી હતી પરંતુ સરકારે કોઈ ખાતરી આપી નથી કે વ્યાપક ચૂંટણી સુધારાઓ સહિતના મુદ્દાઓ ઉપર અને SIR અંગે ચર્ચા પાસે કે નહીં તે અંગે પણ સરકારે કોઈ ચોખવટ કરી નથી. સંસદીય બાબતોના મંત્રી કિરણ રીજીજુએ રવિવારે બેઠક પહેલા એવું કહ્યું હતું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા અંગે નિર્ણય લેવાશે કે પછી રાજ્યસભાના ચેરમેન અને ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણનના અધ્યક્ષસ્થાને બેઠક મળી ત્યારે વિરોધ પક્ષના સભ્યોએ SIR પર સંસદમાં ચર્ચાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સોમવારે શિયાળુ સત્રના પ્રથમ દિવસે જ બપોરે ૨:૦૦ વાગ્યે ટૂંકી ચર્ચા આપવાની માગણી કરી હતી. વિપક્ષ દ્વારા એવી પણ ખાતરી આપી હતી કે અમે ચર્ચાના શીર્ષકના શબ્દો અંગે પણ બાંધછોડ માટે તૈયાર છીએ. ડિબેટ દરમિયાન મુદ્દાસર ચર્ચા કરવા અને આક્રમકતા નહીં રાખવાની પણ વિપક્ષે ખાતરી આપી હતી પરંતુ સરકારે ચર્ચા આપવા માટે કોઈ સ્પષ્ટ ખાતરી જ આપી નહોતી. વિરોધ પક્ષ હોય તો એવી ચેતવણી પણ આપી દીધી હતી કે જો ચર્ચા નહીં આપવામાં આવે અને સંસદની કાર્યવાહી ખોરવાઈ જશે તો સરકાર એ માટે જવાબદાર ગણાશે.

# વિપક્ષ નાટક કરી રહ્યાના પીએમ મોદીના વિધાનો બદલ વડાપ્રધાનની ઝાટકણી કાઢતા અભિષેક બેનરજી, બંગાળ SIRના કારણે થઈ રહેલા મોતની જવાબદારી નક્કી કરવા માગણી

(એજન્સી) કોલકાતા, તા.૧



ટીએમસીના મહામંત્રી અભિષેક બેનરજીએ સંસદમાં ચર્ચાની માગણી કરનાર વિરોધ પક્ષોને કતારોના દૃશ્યોને નાટકબાજ ગણાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સખત ટીકા કરી હતી અને ખૂબ જ આકરી રીતે અને ભાવુક થઈને વડાપ્રધાનની ઝાટકણી કાઢી હતી અને એવી દલીલ કરી હતી કે નાટક નહીં કામ કરો એવું વડાપ્રધાને વિરોધ પક્ષો સામે નિવેદન કર્યું છે પરંતુ હકીકત એ છે કે એસઆઈઆરની કામગીરીને કારણે પશ્ચિમ બંગાળમાં ૪૦ લોકોનાં મોત થયા

**TMC નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિરોધ પક્ષોને SIR સામે વિરોધ નથી પણ ખૂબ જ ઉતાવળે અને અરાજકતાભરી પદ્ધતિથી કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો અને એ રીતે કામગીરી આગળ વધી રહી છે તેની સામે વિરોધ છે**

છે તેની જવાબદારીથી સરકાર હાથ ઊંચા લેવા માંગે છે. દક્ષિણ ૨૪ પરગણાના મહેશતાલા ખાતે એક કાર્યક્રમમાં ભાગ લેતા અભિષેક બેનરજીએ સ્પષ્ટ ભાષામાં જણાવ્યું હતું કે, એસઆઈઆર જેવી ગંભીર કામગીરી અને ખૂબ જ ગંભીર મુદ્દા ઉપર ચર્ચા માંગવી તેને નાટક કહેવાય નહીં. પક્ષો જે માગણી કરી રહ્યા છે એ માત્ર એસઆઈઆર પર ચર્ચા માટેની માગણી છે શું એ નાટક છે? જો લોકોનો અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવે તેને જો નાટકબાજી ગણવામાં આવતી હોય તો હવે લોકો જ આવનારી ચૂંટણીઓમાં આ અંગે સરકારને જવાબ આપશે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, પશ્ચિમ બંગાળમાં પૂરતી તૈયારી કર્યા વિના અને યોગ્ય રીતે મસલતો વગર જે રીતે એસઆઈઆર કામગીરી શરૂ કરવામાં આવી તેના કારણે બી.એલ.ઓ. સહિત ૪૦ લોકોનાં મોત થયા છે અને એ માટે બી.એલ.ઓ. સીધેસીધું ચૂંટણી પંચને જ જવાબદાર ગણાવી રહ્યા છે અને સવાલ કરી રહ્યા છે કે સરકારની જવાબદારી ક્યાં છે ? કેન્દ્ર સરકારની કામગીરીની જબરદસ્ત ટીકા કરતા બેનરજીએ એક દાયકા પહેલા નોટબંધીએ દેશભરમાં સર્જેલી જબરદસ્ત અંધાધૂંધી અને અરાજકતા અને લોકોની લાંબી લાંબી કતારોના દૃશ્યો યાદ કરાવ્યા હતા અને કહ્યું હતું કે, નોટબંધી કરવામાં આવી છતાં કાળા નાણાં ઉપર કોઈ અંકુશ આવ્યો નથી. દેશની રાજધાનીમાં વિસ્ફોટ થાય છે ત્યારે અને આતંકવાદીઓ ભારતની સરહદોમાં ઘૂસી જાય છે ત્યારે કેમ કોઈ જવાબદારી નક્કી થતી નથી એવો પણ તેમણે સવાલ કર્યો હતો. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, આ સરકાર લોકોને કોઈ જવાબ આપવાને બદલે તે જવાબદારી નક્કી કરવાના બદલે કે જવાબદારી સ્વીકારવાને બદલે જવાબદારી વગર જ સત્તા ભોગવવા માંગે છે. વિરોધ પક્ષો સંસદને સામાન્ય રીતે રાબેતા મુજબ ચાલવા દેવા માંગે છે પણ મને નવાઈ એ વાતની લાગે છે કે બિહારમાં ચૂંટણીઓમાં આટલો મોટો વિજય થયા પછી પણ શું કામ સરકાર આટલી બધી બચાવની સ્થિતિમાં આવી ગઈ છે ?! શિયાળું સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિધાનો અને વિરોધ પક્ષો ઉપરના તેમના આક્ષેપો સરકારની બંધારણીય જવાબદારી ઉપર કોઈ અસર છોડતા નથી. કેટલાક રાજ્યો જીતી લેવાથી સરકાર તેની જવાબદારીથી મુક્ત થઈ જતી નથી અને એ જ મતદારો છે જે તેને સત્તા પરથી દૂર પણ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, વિરોધ પક્ષોને એસઆઈઆર સામે કોઈ વાંધો નથી પરંતુ યોગ્ય રીતે ચર્ચા વિચારણા કર્યા વિના અને આયોજન કર્યા વિના ઉતાવળે જે રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે તેની સામે વાંધો છે અને બીએલઓને પૂરતી તાલીમ પણ આપવામાં આવી નથી અને ટેકનિકલ જે ખામીઓ છે એ પણ દૂર થઈ નથી. સરળ કાર્યવાહી માટે તો મતદાન યાદીઓને ડિજિટલ પણ હજુ બનાવવામાં આવી નથી અને અમે આ બધી નિષ્ફળતાઓને કારણે જયારે ચર્ચાની માગણી કરીએ છીએ ત્યારે વડાપ્રધાન તેને નાટક કહે છે અને આવી રીતે હાથ ઊંચા લઈ લેવાની

# ઉમ્મીદ પોર્ટલ સુપ્રીમ કોર્ટે (પહેલા પાનાનું ચાલુ)

ટ્રિબ્યુનલમાં જઈ શકે છે અને કેસના આધારે લંબાવવાની માંગ કરી શકે છે. સિબ્બલે જવાબ આપ્યો હતો કે, આનો અર્થ એ થશે કે ૧૦ લાખ મુતવલ્લીઓએ ટ્રિબ્યુનલ સમક્ષ લંબાવવા માટે અલગ અરજીઓ દાખલ કરવી પડશે. એસજીએ જણાવ્યું હતું કે, ૬ ડિસેમ્બર એ અંતિમ તારીખ હશે કારણ કે, પોર્ટલ ૬ જૂને કાર્યરત થયું હતું. જો તે ૧૦૦ વર્ષ જૂનું વકફ છે, તો કોઈને વકફના દસ્તાવેજને અપલોડ કરવાની કેવી રીતે ખબર પડશે ? બેન્ચે કહ્યું કે, આવા કિસ્સાઓમાં ટ્રિબ્યુનલનો સંપર્ક કરી શકાય છે. જો પોર્ટલ કાર્યરત છે, જેમ કે સોલિસિટર કહે છે, જેનો તમારા દ્વારા વિવાદ છે, તો તમારે કેટલીક સામગ્રી બતાવવી પડશે. સિબ્બલે કહ્યું કે, તેઓ પોર્ટલમાં ખામીઓ દર્શાવતી નોંધ સોંપશે. આનો જવાબ આપતા એસજીએ કહ્યું કે, ઘણા વકફ પહેલાથી જ નોંધાયેલા છે.

આ સંદર્ભમાં વરિષ્ઠ વકીલ એમઆર શમશાદે રજૂઆત કરી હતી કે મુદ્દો નોંધણીનો નથી, પરંતુ નોંધાયેલ મિલકતોના ડિજિટાઇઝેશનનો છે. કલમ 3B મુજબ ફક્ત નોંધાયેલ વકફ જ વિગતો અપલોડ કરી શકે છે, તેમણે દલીલ કરી હતી કે, કલમ 3B દ્વારા ફરજિયાત ડિજિટાઇઝેશનનો મુદ્દો વચગાળાના આદેશ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. અન્ય વકીલે દલીલ કરી હતી કે, રાજ્યોએ કલમ ૪ના સંદર્ભમાં વકફ મિલકતોના સર્વેક્ષણ પૂર્ણ કરવાના આદેશનું પાલન કર્યું નથી, તેથી નોંધણી માટેનો આદેશ લાગુ કરી શકાતો નથી.

એડવોકેટ નિઝામ પાશાએ રજૂઆત કરી હતી કે, કાયદા મુજબ, નોંધણી માટે છ મહિનાનો સમય સુધારાની તારીખથી શરૂ થાય છે અને તે ૧૦ ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ ગયો છે. સોલિસિટરે રજૂઆત કરી હતી કે, તેમને સૂચનાઓ મળી છે કે, અંતિમ તારીખ ૬ ડિસેમ્બર છે. પાશાએ વિનંતી કરી હતી કે, સરકારે એક વખત સમયમર્યાદા લંબાવી હોવાથી, વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેને ફરીથી લંબાવવાનો નિર્દેશ આપી શકાય છે. અરજદારોએ રજૂઆત કરી હતી કે, વચગાળાનો આદેશ ફક્ત 'નોંધણી'ના મુદ્દા સાથે સંબંધિત છે અને હાલનો મુદ્દો 'ડિજિટાઇઝેશન'નો છે. સિનિયર એડવોકેટ પી.વી. સુરેન્દ્રનાથે રજૂઆત કરી હતી કે, કેરળ રાજ્ય વકફ બોર્ડે પોતે જ અરજી દાખલ કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, પોર્ટલમાં ઔપચારિકતાઓ પૂર્ણ કરવી મુશ્કેલ છે.

સમયમર્યાદા વધારવા માટે નિર્દેશો આપવાનો ઇન્કાર કરતા બેન્ચે અરજીઓનો નિકાલ કરતાં કહ્યું કે, અમારૂં ધ્યાન કલમ 3Bની જોગવાઈ તરફ દોરવામાં આવ્યું છે. અરજદારો સમક્ષ ટ્રિબ્યુનલ સમક્ષ ઉપાય ઉપલબ્ધ હોવાથી, અમે કલમ 3B(1) હેઠળ નિર્ધારિત ૬ મહિનાના સમયગાળાની છેલ્લી તારીખ સુધીમાં ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની સ્વતંત્રતા આપીને બધી અરજીઓનો નિકાલ કરીએ છીએ.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB) અને સાંસદ અસદુદ્દીન ઓવૈસી સહિત અનેક પક્ષોએ નવા કાયદા હેઠળ ફરજિયાત નોંધણી પૂર્ણ કરવા માટે સમય વધારવા માટે કોર્ટમાં અરજી કરી છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજના પોતાના વચગાળાના આદેશમાં કોર્ટે સુધારેલા કાયદાની ફક્ત ચોક્કસ જોગવાઈઓ પર જ રોક લગાવી હતી, જેમ કે વકફ બનાવવા માટે ઈસ્લામની પાંચ વર્ષની પ્રથાની આવશ્યકતા અને મિલકતના વિવાદો પર ચોક્કસ સત્તાઓ, પરંતુ નોંધણી ફરજિયાત બનાવવાની જોગવાઈ પર રોક લગાવવાનો ઇન્કાર કર્યો હતો.

સુધારેલા કાયદાની કલમ ૩બી મુજબ સુધારા પહેલા નોંધાયેલા દરેક વકફને ૮ એપ્રિલ, ૨૦૨૫ના અમલીકરણની તારીખથી છ મહિનાની અંદર વકફ અને તેની મિલકતોની વિગતો અપલોડ કરવાની જરૂર છે. કલમ ૩૬(૧) અને કલમ ૩૬(૧૦) હેઠળ સમાન છ મહિનાનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. કલમ ૩૬(૧૦) બિન-નોંધાયેલ વકફ વતી કોઈપણ દાવો અથવા કાનૂની કાર્યવાહી શરૂ કરવા અથવા ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે. ઓવૈસીએ પોતાની અરજીમાં રજૂઆત કરી છે કે, સુધારાને પડકારતી કોર્ટ સમક્ષ અરજીઓની પેન્ડિંગ દરમિયાન છ મહિનામાંથી લગભગ પાંચ મહિના પહેલાથી જ પસાર થઈ ગયા છે. અરજીમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, પાલન માટે છ મહિનાનો સમયગાળો ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થાય છે. અરજદારે દલીલ કરી છે કે, જો વિસ્તરણ ન કરવામાં આવે તો જૂના વકફને કલમ 3B અને ૩૬(૧૦) ની સંયુક્ત અસરને કારણે નુકસાન થઈ શકે છે, જે નોંધાયેલ ન હોય તેવા વકફ પર તૃતીય-પક્ષ દાવાઓ થઈ શકે છે.

# 'માનવતાવાદી દુર્ઘટના' : TMC સાંસદ સાગરિકા ઘોષે ખાસ સઘન સુધારા દરમિયાન કથિત કામના દબાણથી બૂથ લેવલ ઓફિસર્સ (BLO)નાં મૃત્યુ પર ચર્ચાની માંગ કરી

**TMC સાંસદ સાગરિકા ઘોષે સોમવારે રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને તેઓએ ચર્ચાની માંગ કરી હતી, કારણ કે, BLO ભારે દબાણ હેઠળ છે, જેમાં કેટલાકે આત્મહત્યા કરી હોવાના અહેવાલ છે, બંગાળમાં ૪૦ લોકોનાં મોત થયા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાંસદ સાગરિકા ઘોષે સોમવારે ખાસ સઘન સુધારાના કથિત કામના દબાણ સાથે જોડાયેલા બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ)ના મૃત્યુને 'માનવતાવાદી દુર્ઘટના' ગણાવી છે. શિયાળુ સત્રના પહેલા દિવસે સોમવારે વિપક્ષે એસઆઈઆર મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની માંગને લઈને રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું. તેમણે સંસદની બહાર મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, હાલમાં જે થઈ રહ્યું છે તે માનવતાવાદી દુર્ઘટના છે. બંગાળમાં ચાલીસ લોકોએ જીવ ગુમાવ્યા છે. બીએલઓ આત્મહત્યા કરી રહ્યા છે. ચૂંટણી પંચના હાથ લોહીથી રંગાયેલા છે. બીએલઓ ભારે દબાણ હેઠળ છે અને પોતાનો જીવ આપી રહ્યા છે. આ સ્થિતિમાં સંસદ ચૂપ ન રહે અને દબાણ હેઠળ ચૂંટણી સુધારા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ચર્ચા કરે તે જરૂરી છે. લોકો પીડાઈ રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, સરકાર એસઆઈઆર અથવા ચૂંટણી સુધારા પર ચર્ચા કરવા વિરુદ્ધ નથી, કારણ કે, તેમણે વિપક્ષને સમયરેખા નક્કી કરવાનો આગ્રહ ન રાખવા કહ્યું હતું. મંત્રીના પ્રતિભાવથી સંતુષ્ટ ન થતાં ઘણા વિપક્ષી પક્ષોના સભ્યોએ ઉપલા ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. તાજેતરના અઠવાડિયામાં ઘણા BLOએ અતિશય કાર્યભાર અને વરિષ્ઠ અધિકારીઓના દબાણને ટાંકીને કથિત રીતે પોતાના જીવ લીધા છે. પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, કેરળ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તમિલનાડુ સહિત ૧૨ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા ચાલુ છે.

# સંસદનો પહેલો દિવસ : સરકાર SIR પર ચર્ચા કરવા તૈયાર નથી પરંતુ વંદે માતરમ અંગે ચર્ચા માટે ૧૦ કલાક ફાળવ્યા

(એજન્સી) તા.૧

સંસદના શિયાળુ સત્રનો પહેલો દિવસ વિવાદ સાથે શરૂ થયો. બંને ગૃહોમાં કોઈ નોંધપાત્ર કામ થયું નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે કેટલાક બિલ રજૂ કર્યા. વિપક્ષે પહેલાથી જ ચેતવણી આપી હતી કે, જો SIR પર ચર્ચા નહીં થાય તો તેઓ ગૃહની કામગીરી ખોરવી નાખશે. સોમવારે પહેલા દિવસે લોકસભા અને રાજ્યસભામાં પણ આવા જ દૃશ્યો જોવા મળ્યા હતા. સત્ર શરૂ થાય તે પહેલાં વડાપ્રધાન મોદીએ સંસદની બહાર કહ્યું કે, સંસદમાં નાટકની કોઈ જરૂર નથી. કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓએ મોદીના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપી, તેમના પર નાટક કરવાનો આરોપ લગાવ્યો. મોદીએ રાજ્યસભાના નવા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનની પ્રશંસા કરી અને પછી ચાલ્યા ગયા. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિને બહાનું બનાવીને સરકાર પર પ્રહારો કર્યા, જેના કારણે વ્યાપક હોબાળો થયો.

**વંદે માતરમ માટે ૧૦ કલાક :** વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સંસદ આ અઠવાડિયે એક ખાસ ચર્ચા યોજવાનું છે. આ ચર્ચા ગુરૂવાર અથવા શુક્રવારે લોકસભામાં થવાની ધારણા છે. આ ચર્ચા માટે કુલ દસ કલાક ફાળવવામાં આવ્યા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બોલશે. આ સત્ર એક સમર્પિત, સ્વતંત્ર ચર્ચા તરીકે હાથ ધરવામાં આવશે. સોમવારે બપોરે વિપક્ષી પક્ષોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને સરકાર પર SIR મુદ્દા પર ચર્ચા ન થવા દેવાનો આરોપ લગાવ્યો. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને જણાવ્યું હતું કે, ટીએમસી, કોંગ્રેસ અને ડીએમકે બધાએ સંસદીય બાબતોના મંત્રીને ચર્ચા કરવા વિનંતી કરી હતી. અમે SIR પર ચર્ચા ઇચ્છીએ છીએ. સરકારે કોઈ જવાબ આપ્યો નથી.

● લોકસભા અધ્યક્ષે વિપક્ષને SIR પર ચર્ચા કરવાની મંજૂરી આપી નહીં. આના કારણે ભારે હોબાળો થયો. શાસક પક્ષ અને વિપક્ષના સૂત્રોચ્ચાર વચ્ચે, લોકસભા બપોર સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે ૧૨ વાગ્યે પાછી ફરી, ત્યારે SIR પર ચર્ચાની માગણી સાથે ફરી એક હોબાળો થયો. અધ્યક્ષે ગૃહ બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કર્યું. થોડા સમય પછી રાજ્યસભા પણ હોબાળાના કારણે બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે લોકસભા બપોરે બે વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે વિપક્ષે ફરીથી SIR પર ચર્ચાની માંગ કરી, પરંતુ સ્પીકરે પરવાનગી આપવાનો ઇન્કાર કર્યો. ફરીથી હોબાળો થવા લાગ્યો અને સૂત્રોચ્ચાર થયા. ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું. વિપક્ષે રાજ્યસભાનો બહિષ્કાર કર્યો. ત્યારબાદ રાજ્યસભા પણ સ્થગિત કરવામાં આવી.

● નાણામંત્રી સીતારમણે કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટી, આરોગ્ય સુરક્ષા અને GST પર ત્રણ બિલ રજૂ કર્યા. કેન્દ્રીય એક્સાઇઝ સુધારો બિલ ૨૦૨૫ અને આરોગ્ય સુરક્ષા બિલ ૨૦૨૫ પર રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર, ખાતરી કરશે કે GST વળતર સેસ નાબૂદ થયા પછી પણ તમાકુ અને પાન મસાલા જેવી હાનિકારક વસ્તુઓ પર કર દર સમાન રહે. સીતારમણે મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (બીજો સુધારો) બિલ ૨૦૨૫ પણ રજૂ કર્યું, જે એક વટહુકમનું સ્થાન લેશે. બાદ વિપક્ષી સાંસદોએ SIR પર ચર્ચા માટે નોટિસ આપી છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે લોકસભામાં સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ નોટિસ ચૂંટણી પંચ દ્વારા મનસ્વી અને નબળી રીતે અમલમાં મૂકાયેલા ખાસ સઘન સુધારાને કારણે સર્જાયેલી ગંભીર કટોકટી પર છે. આ નોટિસમાં જણાવ્યું છે કે, આ પ્રક્રિયાએ BLO પર અસહ્ય દબાણ ઊભું કર્યું છે, અનેક મૃત્યુ થયા છે અને નાગરિકોમાં ગભરાટ અને મૂંઝવણ પેદા કરી છે. આવા અસંકલિત અને અસંવેદનશીલ અમલીકરણથી જાહેર વિશ્વાસ અને આપણી લોકશાહી પ્રક્રિયાઓની અખંડિતતા બંનેને નુકસાન થાય છે.

## વિરોધ પક્ષની અવારનવાર માંગણી છતાં સંસદમાં SIR અંગે ચર્ચા આપવા બાબતે કેન્દ્ર મગનું નામ મરી પાડતું નથી

**કામકાજ સલાહકાર સમિતિની બેઠક સોમવારે મળી ત્યારે વિરોધ પક્ષના નેતાઓએ વારંવાર આ માગણી કરી હતી અને મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ સરકાર તરફથી કોઈ નક્કર સ્પષ્ટ ખાતરી મળી જ નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભાજપ પ્રેરિત કેન્દ્ર સરકાર સંસદમાં SIR અંગે ચર્ચા આપવાની વિરોધ પક્ષની અવારનવાર થઈ રહેલી માંગણી છતાં તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરતી નથી કે સ્પષ્ટ ખાતરી પણ આપતી નથી અને સંસદમાં ચર્ચા અંગે મગનું નામ મરી પાડતી નથી. વિરોધ પક્ષોએ રાજ્યસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી ત્યારે પણ વારંવાર SIRની ચર્ચા સંસદમાં આપવા અંગે માંગણી કરી હતી પરંતુ સરકાર તરફથી કોઈ ખાતરી આપી નથી કે વ્યાપક ચૂંટણી સુધારા અંગે સહિતના મુદ્દા ઉપર અને SIR અંગે ચર્ચા પાસે કે નહીં તે અંગે પણ સરકારે કોઈ ચોખવટ કરી નથી. સંસદીય બાબતોના મંત્રી કિરણ રીજીજુએ રવિવારે બેઠક પહેલા એવું કહ્યું હતું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા અંગે નિર્ણય લેવાશે કે પછી રાજ્યસભાના ચેરમેન અને ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણનના અધ્યક્ષસ્થાને બેઠક મળી ત્યારે વિરોધ પક્ષના સભ્યોએ SIR પર સંસદમાં ચર્ચાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સોમવારે શિયાળુ સત્રના પ્રથમ દિવસે જ બપોરે ૨:૦૦ વાગ્યે ટૂંકી ચર્ચા આપવાની માગણી કરી હતી. વિપક્ષ દ્વારા એવી પણ ખાતરી આપી હતી કે અમે ચર્ચાના શીર્ષકના શબ્દો અંગે પણ બાંધછોડ માટે તૈયાર છીએ. ડિબેટ દરમિયાન મુદ્દાસર ચર્ચા કરવા અને આક્રમકતા નહીં રાખવાની પણ વિપક્ષે ખાતરી આપી હતી પરંતુ સરકારે ચર્ચા આપવા માટે કોઈ સ્પષ્ટ ખાતરી જ આપી નહોતી. વિરોધ પક્ષ હોય તો એવી ચેતવણી પણ આપી દીધી હતી કે જો ચર્ચા નહીં આપવામાં આવે અને સંસદની કાર્યવાહી ખોરવાઈ જશે તો સરકાર એ માટે જવાબદાર ગણાશે.

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે છેલ્લી ઘડીએ મ્યુનિસિપલ ચૂંટણી મુલતવી રાખવા બદલ ચૂંટણી પંચની ટીકા કરતા કહ્યું કે, આ અયોગ્ય અને અન્યાયી છે

**પૈઠણમાં તેમની ચૂંટણી પ્રચાર રેલીમાં જતા પહેલા પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ દલીલ કરી કે, અરજીઓ અથવા સબ જ્યુડિસ બાબતોને કારણે છેલ્લી ઘડીએ ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણ નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરનારાઓ સામે અન્યાયી કાર્યવાહી છે**

**ન્યૂઝ GT પોઇન્ટ** ખોટું નાટક ! ચૂંટણી કમિશનરની મજાલ છે મોટા સાહેબને પૂછ્યા વિના મુંબઈ મ્યુ. ચૂંટણી લંબાવી દે ?

(એજન્સી) છત્રપતિ સંભાજીનગર, તા.૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે રાજ્ય ચૂંટણી પંચ (SEC) દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની કેટલીક ચૂંટણીઓ મુલતવી રાખવાના નિર્ણયની આકરી ટીકા કરી અને આ પગલાને 'ખોટો' અને ઉમેદવારો માટે 'અન્યાયી' ગણાવ્યો છે. પૈઠણમાં પોતાની ચૂંટણી પ્રચાર રેલીમાં જતા પહેલા પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ દલીલ કરી હતી કે, અરજીઓ અથવા સબ જ્યુડિસ બાબતોને કારણે છેલ્લી ક્ષણે ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણ નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરનારાઓ સામે અન્યાયી કાર્યવાહી છે. મુખ્યમંત્રીએ મુલતવી રાખવા માટે SECના કાનૂની આધાર પર પ્રશ્ન ઊઠાવતા કહ્યું કે, મને ખબર નથી કે ચૂંટણી પંચ કોની સલાહ લઈ રહ્યું છે. પરંતુ જ્યાં સુધી હું કાયદા વિશે જાણું છું, ત્યાં સુધી ચૂંટણીઓ મુલતવી રાખી શકાતી નથી કારણ કે, કોઈએ કોર્ટમાં અરજી કરી છે. SEC દ્વારા મંગળવારની કેટલીક બેઠકો પર ચૂંટણીઓ મુલતવી રાખવાની જાહેરાત કર્યા પછી મુખ્યમંત્રીનું આ નિવેદન આવ્યું છે. રાજ્ય ચૂંટણી સંસ્થા દ્વારા હજુ સુધી મતદાન મુલતવી રાખવામાં આવ્યું હોવાનો સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. મુખ્યમંત્રીએ લાતુર જિલ્લાના નિલંગાના કેસને ઉદાહરણ તરીકે ટાંક્યો જ્યાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. જેની ઉમેદવારી નામંજૂર થઈ હતી તે કોર્ટમાં ગયો હતો. જે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી તેમને ચૂંટણી પ્રક્રિયા માટે સંપૂર્ણ સમય મળ્યો હતો. આવા સમયે કોઈ કોર્ટમાં ગયું હોવાથી ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણપણે ખોટું છે. ચૂંટણી પંચ એક સ્વતંત્ર સંસ્થા છે અને તેને નિર્ણય લેવાનો અધિકાર છે. પરંતુ ચૂંટણી મુલતવી રાખવી એ સંપૂર્ણપણે ખોટું છે. તેમણે કહ્યું કે, આ નિર્ણય એવા ઉમેદવારો માટે અન્યાયી હતો જેમણે ચૂંટણી ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી. તેમનું આખું કામ વ્યર્થ ગયું છે અને તેમને વધુ ૧૫ દિવસ પ્રચાર કરવો પડશે. અમે આ અંગે ચૂંટણી પંચને રજૂઆત કરીશું. ચૂંટણી પંચને ગઈકાલે મુલતવી રાખવા સામે ઘણી રજૂઆતો મળી હતી. તેમણે જિલ્લા કલેક્ટરો સાથે બેઠક કરી હતી, પરંતુ કેટલીક ચૂંટણી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આપણે આ નિર્ણય સ્વીકારવો પડશે, પરંતુ નિર્ણય ખોટો છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ ચૂંટણી મુલતવી રાખવાના SECના નિર્ણયને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, ઉમેદવારી પત્રો દાખલ થયા અને પાછા ખેંચાયા પછી ચૂંટણી પ્રક્રિયા ક્યારેય બંધ કરવામાં આવી નથી અને પ્રચાર અંતિમ તબક્કામાં છે. ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા પછી તે પૂર્ણ થાય ત્યાં સુધી ક્યારેય બંધ થતી નથી. પરંતુ આ વખતે કમનસીબે તે બંધ કરવામાં આવી છે. બધી માહિતી એકત્રિત કર્યા પછી હું તેના વિશે વાત કરીશ. આ દરમિયાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા સિંધુદુર્ગમાં સાથી પક્ષ ભાજપ અને શિવસેના વચ્ચેના તણાવ અંગે ફડણવીસે કહ્યું કે, તેઓ 'સારું વર્તન' કરનારા દરેકને સમર્થન આપે છે. હું ખોટા વ્યક્તિ સાથે નથી, ભલે તે વ્યક્તિ મારા પક્ષનો હોય. પરંતુ ચૂંટણી પછી આપણે આ અંગે આત્મનિરીક્ષણ કરવું પડશે, તેમણે ઉમેર્યું. સિંધુદુર્ગ પોલીસે શનિવારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના ધારાસભ્ય નિલેશ રાણે વિરુદ્ધ ભાજપ સમર્થકના ઘરમાં 'અતિક્રમણ' કરવા બદલ FIR નોંધી છે. રાણેએ ભાજપના સમર્થકોના ઘરે 'રેડ' પાડી હતી અને દાવો કર્યો હતો કે, તેમને નાગરિક ચૂંટણી પહેલા મતદારોને વિતરણ કરવા માટે રોકડની થેલીઓ મળી આવી હતી. તેમના ભાઈ અને રાજ્ય મંત્રી નિતેશ રાણે જે ભાજપના નેતા છે, તેમણે પાછળથી આરોપોને નકારી કાઢ્યા હતા અને દલીલ કરી હતી કે, ઘણા રાજકીય કાર્યકરો પાસે કાયદેસરની વ્યવસાયિક આવક હતી અને ઘરમાં રોકડ રાખવાનો અર્થ અન્યથા ન લેવો જોઈએ.

## સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે SIR અમલીકરણની ટીકા કરી, તેમણે કહ્યું કે, આ કવાયત લોકશાહીને મજબૂત કરવા માટે નથી

**ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના સાંસદ ઈ.ટી. મોહમ્મદ બશીરે સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન SIR પ્રક્રિયા પર કડક વલણ અપનાવવાની હાકલ કરી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે, ચાલુ SIR પ્રક્રિયા લોકશાહીને મજબૂત કરવા માટે નહીં પરંતુ ચોક્કસ વ્યક્તિઓ અને પક્ષોના મત કાપવા માટે હાથ ધરવામાં આવી રહી છે. સમાજવાદી સાંસદે આરોપ લગાવ્યો કે, ઉત્તરપ્રદેશમાં BLO ભારે તણાવમાં છે અને ફોર્મ પણ ભરી શકતા નથી. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે, ઉત્તરપ્રદેશમાં આગામી ચૂંટણીઓ ન હોય ત્યારે SIR પ્રક્રિયા પૂર્ણ કરવાની ઉતાવળ કેમ છે. લોકશાહી ત્યારે જ મજબૂત બનશે જ્યારે આપણો મત આપવાનો અધિકાર આપણી પાસેથી છીનવાઈ નહીં જાય. SIR અંગે ચિંતા આજે વાસ્તવિક બની રહી છે. જો મત કાપવામાં આવે છે, તો વ્યક્તિ પોતાનું સ્વપ્ન કેવી રીતે પૂરૂં કરશે. મને માહિતી મળી છે કે, ભાજપે નોઈડામાં સ્થિત મોટી IT કંપનીઓને ભાડે રાખી હતી અને તેમના દ્વારા તેમની પાસે મતદાર યાદીની વિગતો છે. આ ચાલુ SIR લોકશાહીને મજબૂત કરવા માટે નથી પરંતુ મત કાપવા માટે છે, BLO ફોર્મ પણ ભરી શકતા નથી; તેમાંથી ઘણા તણાવમાં છે. જ્યારે યુપીમાં તાત્કાલિક કોઈ ચૂંટણી નથી ત્યારે આટલી ઉતાવળ કેમ ? ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના સાંસદ ઈ.ટી. મોહમ્મદ બશીરે સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન SIR પ્રક્રિયા પર કડક વલણ અપનાવવાની હાકલ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે, કેન્દ્ર સરકારે સંસદમાં SIR પ્રક્રિયા પર ચર્ચા કરવાનું પણ વિચાર્યું નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આપણે SIR પર ખૂબ જ મજબૂત વલણ અપનાવવું પડશે. અમે ખૂબ પ્રયાસ કર્યા છે, છતાં કેન્દ્ર સરકારે તેના પર યોગ્ય રીતે વિચાર કર્યો નથી. આર્થિક સુધારા સાથે સંબંધિત ઘણા અન્ય મુદ્દાઓ છે. દરમિયાન સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈન્ડિયા બ્લોક પક્ષોએ આજે સંસદના બંને ગૃહોમાં SIR મુદ્દો ઊઠાવવાનો નિર્ણય લીધો છે, પક્ષો સર્વાનુમતે સંમત થયા છે કે, SIRને પ્રાથમિક એજન્ડા તરીકે ગણવામાં આવશે અને ચાલુ શિયાળુ સત્ર દરમિયાન પહેલા તેના પર ચર્ચા કરવામાં આવશે.

**તેમણે આરોપ લગાવ્યો કે, કેન્દ્ર સરકારે સંસદમાં SIR પ્રક્રિયા પર ચર્ચા કરવાનું પણ વિચાર્યું નથી, સૌથી મહત્ત્વની વાત એ છે કે, આપણે SIR પર ખૂબ જ મજબૂત વલણ અપનાવવું પડશે, અમે ખૂબ પ્રયાસ કર્યા છે છતાં કેન્દ્ર સરકારે તેના પર યોગ્ય રીતે વિચાર કર્યો નથી, આર્થિક સુધારા સાથે સંબંધિત ઘણા અન્ય મુદ્દાઓ છે**

ભારતીય ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાનો બીજો તબક્કો હાથ ધરી રહ્યું છે, જેની અંતિમ મતદાર યાદી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત થવાની છે. વિધાનસભા ચૂંટણી પહેલા સપ્ટેમ્બરમાં બિહારમાં SIRનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો હતો. આ કવાયતમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.

## શું સરકાર 'સંચાર સાથી' એપ દ્વારા તમારા મોબાઈલમાં પ્રવેશ કરવા માંગે છે ?

(એજન્સી) તા.૧

ભારત સરકારે તાજેતરમાં સ્માર્ટફોન નિર્માતાઓને એક મહત્ત્વપૂર્ણ આદેશ આપ્યો છે. આ આદેશ મુજબ કંપનીઓએ આગામી ૯૦ દિવસની અંદર તમામ નવા ડિવાઈસમાં રાજ્ય-માલિકીની સાયબર સુરક્ષા એપ 'સંચાર સાથી'ને પ્રીલોડ (પહેલેથી ઈન્સ્ટોલ) કરવાની રહેશે. આ જ નહીં, જે ગ્રાહકો પાસે હાલમાં મોબાઈલ છે, તેમના ફોનમાં પણ સોફ્ટવેર અપડેટ દ્વારા આ એપ ઈન્સ્ટોલ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ આદેશને કારણે સૌથી મોટી ચિંતા એ છે કે, આ એપ એવી હશે જેને વપરાશકર્તાઓ અક્ષમ (Disable) કે દૂર કરી શકશે નહીં. સરકાર આ પગલાને સાયબર સુરક્ષા વધારવા અને ડુપ્લિકેટ IMEI નંબરોથી થતી છેતરપિંડીને રોકવા માટે જરૂરી ગણાવે છે. જો કે, સરકારી દાવાઓ છતાં સ્માર્ટફોન કંપનીઓ અને ગોપનીયતા નિષ્ણાતોમાં ગહન ચિંતા પ્રવર્તી રહી છે. રોઈટર્સના અહેવાલ મુજબ કંપનીઓ યુઝર ડેટાની ગોપનીયતા (Privacy) અને સુરક્ષા અંગે ચિંતિત છે. તેમનો મુખ્ય ભય એ છે કે, સરકાર દ્વારા ઈન્સ્ટોલ કરાયેલી થર્ડ પાર્ટી એપ ગોપનીયતા માટે જોખમ ઊભું કરી શકે છે અને આદેશ જારી કરતા પહેલા તેમની સાથે કોઈ પરામર્શ કરવામાં આવ્યો ન હતો. આ આદેશથી Apple જેવી વૈશ્વિક કંપનીઓ સાથે વિવાદ થવાની શક્યતા છે, જેઓ સામાન્ય રીતે વેચાણ પહેલાં તેમના ઉપકરણો પર કોઈપણ સરકારી કે તૃતીય-પક્ષની એપ ઈન્સ્ટોલ કરવાનો ઈન્કાર કરે છે. આ કંપનીઓએ હાલમાં આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. સરકારના દાવા અનુસાર 'સંચાર સાથી' એપ સાયબર સુરક્ષા સુધારવામાં ખૂબ અસરકારક રહી છે. જાન્યુઆરી ૨૦૨૫માં લોન્ચ થયા બાદ આ એપ દ્વારા અત્યાર સુધીમાં ૭,૦૦,૦૦૦થી વધુ ખોવાયેલા ફોન શોધવામાં અને ૩૭ લાખથી વધુ ચોરાયેલા ફોન બ્લોક કરવામાં મદદ મળી છે. વધુમાં ૩ કરોડથી વધુ છેતરપિંડીવાળા કનેક્શનો પણ આ એપના કારણે ખતમ કરવામાં આવ્યા છે. આ એપ યુઝર્સને શંકાસ્પદ કોલ્સની જાણ કરવા અને ચોરાયેલા મોબાઈલને બ્લોક કરવાની સુવિધા પણ આપે છે. સરકારનો આદેશ ભારતમાં મોબાઈલ ફોનની સાયબર સુરક્ષા માટે એક મોટો પડકાર છે, પરંતુ તેની સામે યુઝરની વ્યક્તિગત ગોપનીયતા જાળવવાનો પ્રશ્ન ઊભો થયો છે.

## ઉમ્મીદ પોર્ટલ સુપ્રીમ કોર્ટે (પહેલા પાનાનું ચાલુ)

ટ્રિબ્યુનલમાં જઈ શકે છે અને કેસના આધારે લંબાવવાની માંગ કરી શકે છે. સિબ્બલે જવાબ આપ્યો હતો કે, આનો અર્થ એ થશે કે ૧૦ લાખ મુતવલ્લીઓએ ટ્રિબ્યુનલ સમક્ષ લંબાવવા માટે અલગ અરજીઓ દાખલ કરવી પડશે. એસજીએ જણાવ્યું હતું કે, ૬ ડિસેમ્બર એ અંતિમ તારીખ હશે કારણ કે, પોર્ટલ ૬ જૂને કાર્યરત થયું હતું. જો તે ૧૦૦ વર્ષ જૂનું વકફ છે, તો કોઈને વકફના દસ્તાવેજને અપલોડ કરવાની કેવી રીતે ખબર પડશે ? બેન્ચે કહ્યું કે, આવા કિસ્સાઓમાં ટ્રિબ્યુનલનો સંપર્ક કરી શકાય છે. જો પોર્ટલ કાર્યરત છે, જેમ કે સોલિસિટર કહે છે, જેનો તમારા દ્વારા વિવાદ છે, તો તમારે કેટલીક સામગ્રી બતાવવી પડશે. સિબ્બલે કહ્યું કે, તેઓ પોર્ટલમાં ખામીઓ દર્શાવતી નોંધ સોંપશે. આનો જવાબ આપતા એસજીએ કહ્યું કે, ઘણા વકફ પહેલાથી જ નોંધાયેલા છે.

આ સંદર્ભમાં વરિષ્ઠ વકીલ એમઆર શમશાદે રજૂઆત કરી હતી કે મુદ્દો નોંધણીનો નથી, પરંતુ નોંધાયેલ મિલકતોના ડિજિટાઈઝેશનનો છે. કલમ 3B મુજબ ફક્ત નોંધાયેલ વકફ જ વિગતો અપલોડ કરી શકે છે, તેમણે દલીલ કરી હતી કે, કલમ 3B દ્વારા ફરજિયાત ડિજિટાઈઝેશનનો મુદ્દો વચગાળાના આદેશ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. અન્ય વકીલે દલીલ કરી હતી કે, રાજ્યોએ કલમ ૪ના સંદર્ભમાં વકફ મિલકતોના સર્વેક્ષણ પૂર્ણ કરવાના આદેશનું પાલન કર્યું નથી, તેથી નોંધણી માટેનો આદેશ લાગુ કરી શકાતો નથી.

એડવોકેટ નિઝામ પાશાએ રજૂઆત કરી હતી કે, કાયદા મુજબ, નોંધણી માટે છ મહિનાનો સમય સુધારાની તારીખથી શરૂ થાય છે અને તે ૧૦ ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ ગયો છે. સોલિસિટરે રજૂઆત કરી હતી કે, તેમને સૂચનાઓ મળી છે કે, અંતિમ તારીખ ૬ ડિસેમ્બર છે. પાશાએ વિનંતી કરી હતી કે, સરકારે એક વખત સમયમર્યાદા લંબાવી હોવાથી, વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેને ફરીથી લંબાવવાનો નિર્દેશ આપી શકાય છે. અરજદારોએ રજૂઆત કરી હતી કે, વચગાળાનો આદેશ ફક્ત 'નોંધણી'ના મુદ્દા સાથે સંબંધિત છે અને હાલનો મુદ્દો 'ડિજિટાઈઝેશન'નો છે. સિનિયર એડવોકેટ પી.વી. સુરેન્દ્રનાથે રજૂઆત કરી હતી કે, કેરળ રાજ્ય વકફ બોર્ડે પોતે જ અરજી દાખલ કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, પોર્ટલમાં ઔપચારિકતાઓ પૂર્ણ કરવી મુશ્કેલ છે.

સમયમર્યાદા વધારવા માટે નિર્દેશો આપવાનો ઈન્કાર કરતા બેન્ચે અરજીઓનો નિકાલ કરતાં કહ્યું કે, અમારૂં ધ્યાન કલમ 3Bની જોગવાઈ તરફ દોરવામાં આવ્યું છે. અરજદારો સમક્ષ ટ્રિબ્યુનલ સમક્ષ ઉપાય ઉપલબ્ધ હોવાથી, અમે કલમ 3B(1) હેઠળ નિર્ધારિત ૬ મહિનાના સમયગાળાની છેલ્લી તારીખ સુધીમાં ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની સ્વતંત્રતા આપીને બધી અરજીઓનો નિકાલ કરીએ છીએ.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB) અને સાંસદ અસદુદ્દીન ઓવૈસી સહિત અનેક પક્ષોએ નવા કાયદા હેઠળ ફરજિયાત નોંધણી પૂર્ણ કરવા માટે સમય વધારવા માટે કોર્ટમાં અરજી કરી છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજના પોતાના વચગાળાના આદેશમાં કોર્ટે સુધારેલા કાયદાની ફક્ત ચોક્કસ જોગવાઈઓ પર જ રોક લગાવી હતી, જેમ કે વકફ બનાવવા માટે ઈસ્લામની પાંચ વર્ષની પ્રથાની આવશ્યકતા અને મિલકતના વિવાદો પર ચોક્કસ સત્તાઓ, પરંતુ નોંધણી ફરજિયાત બનાવવાની જોગવાઈ પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો.

સુધારેલા કાયદાની કલમ ૩બી મુજબ સુધારા પહેલા નોંધાયેલા દરેક વકફને ૮ એપ્રિલ, ૨૦૨૫ના અમલીકરણની તારીખથી છ મહિનાની અંદર વકફ અને તેની મિલકતોની વિગતો અપલોડ કરવાની જરૂર છે. કલમ ૩૬(૧) અને કલમ ૩૬(૧૦) હેઠળ સમાન છ મહિનાનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. કલમ ૩૬(૧૦) બિન-નોંધાયેલ વકફ વતી કોઈપણ દાવો અથવા કાનૂની કાર્યવાહી શરૂ કરવા અથવા ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે. ઓવૈસીએ પોતાની અરજીમાં રજૂઆત કરી છે કે, સુધારાને પડકારતી કોર્ટ સમક્ષ અરજીઓની પેન્ડિંગ દરમિયાન છ મહિનામાંથી લગભગ પાંચ મહિના પહેલાથી જ પસાર થઈ ગયા છે. અરજીમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, પાલન માટે છ મહિનાનો સમયગાળો ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થાય છે. અરજદારે દલીલ કરી છે કે, જો વિસ્તરણ ન કરવામાં આવે તો જૂના વકફને કલમ 3B અને ૩૬(૧૦) ની સંયુક્ત અસરને કારણે નુકસાન થઈ શકે છે, જે નોંધાયેલ ન હોય તેવા વકફ પર તૃતીય-પક્ષ દાવાઓ થઈ શકે છે.

## SIR : ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં ત્રણ દિવસમાં ત્રણ BLOનાં મોત; ચૂંટણી પંચે પ્રેરણાદાયી વીડિયો જાહેર કર્યા

**છેલ્લા ત્રણ દિવસમાં ઉત્તરપ્રદેશના બે અને રાજસ્થાનના એક બૂથ-લેવલ ઓફિસર (BLO)નાં મોત થયા છે, તેમના પરિવારોએ આ મૃત્યુ માટે SIR સંબંધિત કામના દબાણને જવાબદાર ગણાવ્યું છે, જ્યારે ચૂંટણી પંચે મૃત્યુ અંગે કોઈ ટિપ્પણી કરી નથી અને તેણે બે વીડિયો જાહેર કર્યા છે જેમાં BLO કેવી રીતે દબાણનો સામનો કરી રહ્યા છે, ડાન્સ બ્રેક લઈ રહ્યા છે અને તેમનું કાર્ય ચાલુ રાખવા માટે હિંમત મેળવી રહ્યા છે તેની વિગતો આપવામાં આવી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

છેલ્લા ત્રણ દિવસમાં ઉત્તરપ્રદેશના બે અને રાજસ્થાનના એક બૂથ-લેવલ ઓફિસર (BLO)નાં મોત થયા છે - તેમના પરિવારોએ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વચ્ચે વધેલા કામના ભારણને જવાબદાર ગણાવ્યું છે. તાજેતરના મહિનાઓમાં BLOનાં મૃત્યુના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જેના કારણે વિપક્ષી પક્ષો સરકાર અને ચૂંટણી પંચની પાયાના કાર્યકરોની દુર્દશા પ્રત્યે ઉદાસીનતા પર સવાલ ઊઠાવી રહ્યા છે.

**ઉત્તરપ્રદેશ :** અહેવાલો અનુસાર ૪૬ વર્ષીય સર્વેશ સિંહે રવિવારે સવારે (૩૦ નવેમ્બર) ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં આત્મહત્યા કરી હતી. સિંહે એક સુસાઈડ નોટ છોડી જેમાં તેમણે SIR કવાયતના ભારે દબાણનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, સોંપાયેલ કાર્યો પૂર્ણ કરવા માટે સમયના અભાવે તેમને 'ગૂંગળામણ' થઈ રહી હતી. ૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ તેમને BLO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સમાચાર એજન્સી PTI અનુસાર સર્કલ ઓફિસર આશિષ પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે, BLO સર્વેશ સિંહે આત્મહત્યા કરી છે અને એક સુસાઈડ નોટ છોડી છે જેમાં લખ્યું છે કે, તેઓ BLO ફરજોનો ભાર સહન કરવા અસમર્થ છે. તેમના શરીરને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યું છે. તેમજ ધામપુરના એક બૂથ પર તૈનાત બિજનૌરની ૫૬ વર્ષીય શોભારાણીએ પણ SIRના દબાણને કારણે આત્મહત્યા કરી હતી. શુક્રવારે રાત્રે (૨૮ નવેમ્બર) હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું. તેના પતિએ જણાવ્યું હતું કે, તે કેટલાક સમયથી બીમાર હતી અને શુક્રવાર મોડી રાત સુધી SIR ફોર્મ ઓનલાઈન અપલોડ કરતી રહી હતી. તે રાત્રે પછી તેણીએ છાતીમાં તીવ્ર દુખાવાની ફરિયાદ કરી હતી અને તેને મુરાદાબાદની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેણીનું મૃત્યુ થયું હતું. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર વિમલકુમાર ચૌબેએ જણાવ્યું હતું કે, શોભારાણી, જે આંગણવાડી કાર્યકર પણ હતી, તેના પર કોઈ કામ સંબંધિત દબાણ નહોતું.

**રાજસ્થાન :** અનુજ ગર્ગ નામના રાજસ્થાનના ધૌલપુરમાં ૪૦ વર્ષીય બીએલઓનું રવિવારે સવારે હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેમના પરિવારના જણાવ્યા મુજબ તેઓ મોડી રાત સુધી કામ કરી રહ્યા હતા. તેમની બહેન વંદનાએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું, તેઓ રાત્રે ૧ વાગ્યે SIRનું કામ કરી રહ્યા હતા. ભારે કામના ભારણને કારણે તેઓ તણાવમાં હતા અને અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા. તેમણે મારી પાસે ચા માંગી, પરંતુ હું ચા લાવી શકું તે પહેલાં જ તેઓ પડી ગયા. તેમના સુપરવાઈઝર લોકેન્દ્રકુમાર ક્ષત્રિયએ અખબારને જણાવ્યું કે, ગર્ગ સારૂં કામ કરી રહ્યા છે અને તેમના અધિકારક્ષેત્રના ૧૧૦૦ મતદારોમાંથી લગભગ ૮૦% મતદારોને આવરી લીધા છે. ગર્ગ સાથે કામ કરતા અન્ય એક બીએલઓએ કહ્યું કે, તેઓ બધા ખૂબ જ તણાવમાં હતા. સુપરવાઈઝરે કહ્યું, 'તેમણે ક્યારેય કામ વિશે ફરિયાદ કરી નથી અને તેઓ સારૂં કામ કરી રહ્યા છે. અમને આશા હતી કે, તેઓ જલ્દીથી કામ પૂર્ણ કરશે.' અમે નિયમિત સંપર્કમાં છીએ અને એસડીએમએ પણ બે દિવસ પહેલા એક બેઠક યોજી હતી, જ્યાં તેમણે (ગર્ગ) કહ્યું હતું કે, તેઓ જલ્દીથી કામ પૂર્ણ કરશે.

**અન્ય BLOનાં મૃત્યુ :** છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાલી રહેલી આ પ્રક્રિયા દરમિયાન ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિત દેશભરના અનેક રાજ્યોમાંથી BLO દ્વારા કથિત આત્મહત્યા અને વિરોધ પ્રદર્શનના અહેવાલો સામે આવ્યા છે. ઘણા BLOના અચાનક મૃત્યુને SIR કવાયત સાથે સંકળાયેલા તણાવ અને દબાણ સાથે પણ જોડવામાં આવ્યા છે. ગયા મહિને ઉત્તરપ્રદેશના ગોંડાના પ્રાથમિક શાળાના શિક્ષક વિપિન યાદવ અને ફતેહપુરના કારકુન સુધીરકુમારે આત્મહત્યા કરી હતી. યાદવનું મૃત્યુ નિવેદન કેમેરામાં કેદ થયું હતું, જેમાં તેમણે SDM, BDO અને કારકુન પર તેમને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમના ભાઈએ દાવો કર્યો હતો કે, અધિકારીઓ તેમના પર અન્ય પછાત જાતિના લોકોના નામ દૂર કરવા દબાણ કરી રહ્યા હતા. કુમારે તેમના લગ્નના એક દિવસ પહેલા ૨૫ નવેમ્બરના રોજ આત્મહત્યા કરી હતી. ઘરે લગ્નની તૈયારીઓને કારણે તેઓ SIR મીટિંગમાં ચૂકી ગયા હોવાનું કહેવાય છે. પરિણામે કુમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને એક વરિષ્ઠ અધિકારી દ્વારા ઠપકો આપવામાં આવ્યો હતો. કુમારની બહેને દાવો કર્યો હતો કે, કુમારના ઘરે એક અધિકારીની મુલાકાત અપમાનજનક હતી. પશ્ચિમ બંગાળમાં ૫૨ વર્ષીય એડહોક શિક્ષક અને BLO રિંકુ તરફદારે ૨૨ નવેમ્બરના રોજ આત્મહત્યા કરી હતી. તેમણે SIR કવાયતથી તેમના પર પડેલા 'અમાનવીય દબાણ'ને કારણે તેમના મૃત્યુનું કારણ આપ્યું હતું. તરફદારના મૃત્યુના થોડા દિવસો પહેલા ઉત્તર બંગાળમાં અન્ય એક BLOએ પણ તે અઠવાડિયાની શરૂઆતમાં આવી જ પરિસ્થિતિઓમાં આત્મહત્યા કરી હોવાના અહેવાલ છે, જેનાથી એવો ભય પેદા થયો છે કે, SIR પ્રક્રિયા પાયાના કાર્યકરોને પતનની અણી પર ધકેલી રહી છે.

**ચૂંટણી પંચનું મૌન :** BLO પર દબાણની વધતી જતી ટીકા અને SIRમાં રોકાયેલા સરકારી કર્મચારીઓમાં આત્મહત્યાના બનાવો વચ્ચે, ચૂંટણી પંચે હજુ સુધી BLO પર પ્રક્રિયાની અસર સ્વીકારી નથી. મૃત્યુ પર ટિપ્પણી ન કરતી વખતે ચૂંટણી પંચે BLO કેવી રીતે દબાણનો સામનો કરી રહ્યા છે, ડાન્સ બ્રેક લઈ રહ્યા છે અને તેમનું કાર્ય ચાલુ રાખવા માટે હિંમત કેવી રીતે મેળવી રહ્યા છે તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રવિવારે ચૂંટણી પંચે બે વીડિયો બહાર પાડ્યા જેમાં કેરળમાં BLO SIR કાર્ય દરમિયાન બ્રેક લેતા અને નાચતા દર્શાવતા હતા. આયોગે તમિલનાડુ અને ઉત્તરપ્રદેશના BLOની 'પ્રેરણાદાયી' વાર્તાઓ દર્શાવતી વીડિયોઝની શ્રેણી પણ બહાર પાડી છે, જેઓ તેમની મુશ્કેલીઓ છતાં SIR સમયમર્યાદા પૂરી કરવા માટે કામ કરી રહ્યા છે. નોંધનીય છે કે, ગયા અઠવાડિયે તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ ચૂંટણી પંચ પર 'તેના હાથ લોહીથી રંગાયેલા' હોવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, ચૂંટણી પંચે પાછળથી ઓગસ્ટથી એક પ્રેસ રિલીઝ જારી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, આ કાર્ય દરમિયાન BLOના પગારમાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ TMCએ ચૂંટણી પંચ પર ખોટો ઉત્સાહ પેદા કરવા અને ચૂંટણી પંચનું ગૌરવ વધારવા માટે ચાર મહિના જૂની રિલીઝ જારી કરવાનો આરોપ લગાવ્યો છે. દરમિયાન રવિવારે ચૂંટણી પંચે જાહેરાત કરી કે SIR કવાયતની અંતિમ તારીખ ૪ ડિસેમ્બરથી વધારીને ૧૨ ડિસેમ્બર કરવામાં આવી છે.

## વિપક્ષ નાટક કરી રહ્યાના પીએમ મોદીના વિધાનો બદલ વડાપ્રધાનની ઝાટકણી કાઢતા અભિષેક બેનરજી, બંગાળ SIRના કારણે થઈ રહેલા મોતની જવાબદારી નક્કી કરવા માંગણી

(એજન્સી) કોલકાતા, તા.૧

ટીએમસીના મહામંત્રી અભિષેક બેનરજીએ સંસદમાં ચર્ચાની માગણી કરનાર વિરોધ પક્ષોને કતારોના દૃશ્યોને નાટકબાજ ગણાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સખત ટીકા કરી હતી અને ખૂબ જ આકરી રીતે અને ભાવુક થઈને વડાપ્રધાનની ઝાટકણી કાઢી હતી અને એવી દલીલ કરી હતી કે નાટક નહીં કામ કરો એવું વડાપ્રધાને વિરોધ પક્ષો સામે નિવેદન કર્યું છે પરંતુ હકીકત એ છે કે એસઆઈઆરની કામગીરીને કારણે પશ્ચિમ બંગાળમાં ૪૦ લોકોનાં મોત થયા છે તેની જવાબદારીથી સરકાર હાથ ઊંચા લેવા માંગે છે.



**TMC નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિરોધ પક્ષોને SIR સામે વિરોધ નથી પણ ખૂબ જ ઉતાવળે અને અરાજકતાભરી પદ્ધતિથી કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો અને એ રીતે કામગીરી આગળ વધી રહી છે તેની સામે વિરોધ છે**

દક્ષિણ ૨૪ પરગણાના મહેશતાલા ખાતે એક કાર્યક્રમમાં ભાગ લેતા અભિષેક બેનરજીએ સ્પષ્ટ ભાષામાં જણાવ્યું હતું કે, એસઆઈઆર જેવી ગંભીર કામગીરી અને ખૂબ જ ગંભીર મુદ્દા ઉપર ચર્ચા માંગવી તેને નાટક કહેવાય નહીં. પક્ષો જે માગણી કરી રહ્યા છે એ માત્ર એસઆઈઆર પર ચર્ચા માટેની માગણી છે શું એ નાટક છે ? જો લોકોનો અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવે તેને જો નાટકબાજી ગણવામાં આવતી હોય તો હવે લોકો જ આવનારી ચૂંટણીઓમાં આ અંગે સરકારને જવાબ આપશે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, પશ્ચિમ બંગાળમાં પૂરતી તૈયારી કર્યા વિના અને યોગ્ય રીતે મસલતો વગર જે રીતે એસઆઈઆર કામગીરી શરૂ કરવામાં આવી તેના કારણે બી.એલ.ઓ. સહિત ૪૦ લોકોનાં મોત થયા છે અને એ માટે બી.એલ.ઓ. સીધેસીધું ચૂંટણી પંચને જ જવાબદાર ગણાવી રહ્યા છે અને સવાલ કરી રહ્યા છે કે સરકારની જવાબદારી ક્યાં છે ? કેન્દ્ર સરકારની કામગીરીની જબરદસ્ત ટીકા કરતા બેનરજીએ એક દાયકા પહેલા નોટબંધીએ દેશભરમાં સર્જેલી જબરદસ્ત અંધાધૂંધી અને અરાજકતા અને લોકોની લાંબી લાંબી કતારોના દૃશ્યો યાદ કરાવ્યા હતા અને કહ્યું હતું કે, નોટબંધી કરવામાં આવી છતાં કાળા નાણાં ઉપર કોઈ અંકુશ આવ્યો નથી. દેશની રાજધાનીમાં વિસ્ફોટ થાય છે ત્યારે અને આતંકવાદીઓ ભારતની સરહદોમાં ઘૂસી જાય છે ત્યારે કેમ કોઈ જવાબદારી નક્કી થતી નથી એવો પણ તેમણે સવાલ કર્યો હતો. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, આ સરકાર લોકોને કોઈ જવાબ આપવાને બદલે તે જવાબદારી નક્કી કરવાના બદલે કે જવાબદારી સ્વીકારવાને બદલે જવાબદારી વગર જ સત્તા ભોગવવા માંગે છે. વિરોધ પક્ષો સંસદને સામાન્ય રીતે રાબેતા મુજબ ચાલવા દેવા માંગે છે પણ મને નવાઈ એ વાતની લાગે છે કે બિહારમાં ચૂંટણીઓમાં આટલો મોટો વિજય થયા પછી પણ શું કામ સરકાર આટલી બધી બચાવની સ્થિતિમાં આવી ગઈ છે ?! શિયાળું સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિધાનો અને વિરોધ પક્ષો ઉપરના તેમના આક્ષેપો સરકારની બંધારણીય જવાબદારી ઉપર કોઈ અસર છોડતા નથી. કેટલાક રાજ્યો જીતી લેવાથી સરકાર તેની જવાબદારીથી મુક્ત થઈ જતી નથી અને એ જ મતદારો છે જે તેને સત્તા પરથી દૂર પણ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, વિરોધ પક્ષોને એસઆઈઆર સામે કોઈ વાંધો નથી પરંતુ યોગ્ય રીતે ચર્ચા વિચારણા કર્યા વિના અને આયોજન કર્યા વિના ઉતાવળે જે રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે તેની સામે વાંધો છે અને બીએલઓને પૂરતી તાલીમ પણ આપવામાં આવી નથી અને ટેકનિકલ જે ખામીઓ છે એ પણ દૂર થઈ નથી. સરળ કાર્યવાહી માટે તો મતદાન યાદીઓને ડિજિટલ પણ હજુ બનાવવામાં આવી નથી અને અમે આ બધી નિષ્ફળતાઓને કારણે જ્યારે ચર્ચાની માગણી કરીએ છીએ ત્યારે વડાપ્રધાન તેને નાટક કહે છે અને આવી રીતે હાથ ઊંચા લઈ લેવાની

## 'માનવતાવાદી દુર્ઘટના' : TMC સાંસદ સાગરિકા ઘોષે ખાસ સઘન સુધારા દરમિયાન કથિત કામના દબાણથી બૂથ લેવલ ઓફિસર્સ (BLO)નાં મૃત્યુ પર ચર્ચાની માંગ કરી

**TMC સાંસદ સાગરિકા ઘોષે સોમવારે રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને તેઓએ ચર્ચાની માંગ કરી હતી, કારણ કે, BLO ભારે દબાણ હેઠળ છે, જેમાં કેટલાકે આત્મહત્યા કરી હોવાના અહેવાલ છે, બંગાળમાં ૪૦ લોકોનાં મોત થયા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાંસદ સાગરિકા ઘોષે સોમવારે ખાસ સઘન સુધારાના કથિત કામના દબાણ સાથે જોડાયેલા બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ)ના મૃત્યુને 'માનવતાવાદી દુર્ઘટના' ગણાવી છે. શિયાળુ સત્રના પહેલા દિવસે સોમવારે વિપક્ષે એસઆઈઆર મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની માંગને લઈને રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું. તેમણે સંસદની બહાર મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, હાલમાં જે થઈ રહ્યું છે તે માનવતાવાદી દુર્ઘટના છે. બંગાળમાં ચાલીસ લોકોએ જીવ ગુમાવ્યા છે. બીએલઓ આત્મહત્યા કરી રહ્યા છે. ચૂંટણી પંચના હાથ લોહીથી રંગાયેલા છે. બીએલઓ ભારે દબાણ હેઠળ છે અને પોતાનો જીવ આપી રહ્યા છે. આ સ્થિતિમાં સંસદ ચૂપ ન રહે અને દબાણ હેઠળ ચૂંટણી સુધારા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ચર્ચા કરે તે જરૂરી છે. લોકો પીડાઈ રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, સરકાર એસઆઈઆર અથવા ચૂંટણી સુધારા પર ચર્ચા કરવા વિરુદ્ધ નથી, કારણ કે, તેમણે વિપક્ષને સમયરેખા નક્કી કરવાનો આગ્રહ ન રાખવા કહ્યું હતું. મંત્રીના પ્રતિભાવથી સંતુષ્ટ ન થતાં ઘણા વિપક્ષી પક્ષોના સભ્યોએ ઉપલા ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. તાજેતરના અઠવાડિયામાં ઘણા BLOએ અતિશય કાર્યભાર અને વરિષ્ઠ અધિકારીઓના દબાણને ટાંકીને કથિત રીતે પોતાના જીવ લીધા છે. પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, કેરળ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તમિલનાડુ સહિત ૧૨ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા ચાલુ છે.

SIR ઝુંબેશને મહિનો પૂરો થવામાં છે ત્યારે હજુ તમામ મતદારો સુધી પહોંચી શકાયું નથી !

# રાજ્યભરમાં ૫ કરોડ જેટલા જ ગણતરી ફોર્મ વહેંચી શકાયા : ૪૪ લાખથી વધુ નામ કમી થશે

## ધાનેરા-લીમખેડામાં ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન; ૨૨ લાખ મતદારો સ્થળાંતરિત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧

રાજ્યભરમાં ચૂંટણીપંચ દ્વારા એસઆઈઆર અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. જો કે મહિનો પૂર્ણ થવાને આરે છે તેમ છતાં પણ હજુ સુધી રાજ્યના તમામ મતદારો સુધી ગણતરી ફોર્મનું ૧૦૦ ટકા વિતરણ પૂર્ણ કરી શકાયું નથી. હમણા સુધીમાં પાંચ કરોડથી વધુને ફોર્મ વિતરણ કરાઈ શકાયું છે. જ્યારે આ બધા ફોર્મ ભરી પરત લેવાની કામગીરી તો હજુ ઘણી બાકી છે જો કે આ બધા વચ્ચે દાહોદના લીમખેડા અને બનાસકાંઠાના ધાનેરા વિધાનસભા વિસ્તારમાં ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન સંપન્ન થઈ જવા પામેલ છે. અત્યાર સુધીની કામગીરી થઈ તે મુજબ રાજ્યના ૪૪ લાખથી વધુ મતદારોના નામ યાદીમાંથી કમી થઈ જશે. સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી અને તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારી સ્ટાફ દ્વારા સંકલિત રીતે કામગીરી ચાલી રહી છે. ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં ૧૦૦% ફોર્મ વિતરણ સંપન્ન થયાના સંકેતો છે. જ્યારે અમુક જિલ્લાઓમાં અંતિમ તબક્કે વિતરણ પૂર્ણ થવાનું બાકી છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજિટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે પૈકી બે વિધાનસભા મતવિસ્તારમાં ડિજિટાઈઝેશનની કામગીરી ૧૦૦ % પૂરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા બેઠક અને દાહોદની લીમખેડા બેઠકનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં ૯૩.૧૪ % ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. ડિજિટાઈઝેશનમાં ટોપ-૫ જિલ્લાઓમાં ડાંગ પછી બીજા ક્રમે ગીરસોમનાથ ૮.૯૧, ૩ બનાસકાંઠા ૮૮.૪૨, ૪ સાબરકાંઠા ૮૮.૩૨ અને પાંચમાં ક્રમે મોરબી ૮૮.૦૦ નો સમાવેશ થાય છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૫.૫૮ લાખથી વધુ મતદારો અવસાન પામેલ જણાઈ આવ્યા હતા. જ્યારે ૪ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૨૧.૮૬ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૨.૬૮ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આમ કુલ મળીને ૪૪.૧૨ લાખ જેટલા મતદારોના નામ આ કારણોસર મતદારયાદીમાંથી કમી કરવામાં આવી શકે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા પણ જણાવવામાં આવ્યું છે.

# આસારામની સસ્પેન્ડેડ સજા દરમિયાન પોલીસ એસ્કોર્ટની શરતમાં ફેરફાર કરવા હાઈકોર્ટની મૌખિક ટિપ્પણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટે સોમવારે (૧ ડિસેમ્બર) બળાત્કારના કેસમાં આસારામની આજીવન કેદની સજા સસ્પેન્ડ કર્યા બાદ લાદવામાં આવેલી શરત, જેમાં તેના નજીકના વિસ્તારમાં ત્રણ પોલીસ અધિકારીઓની હાજરી ફરજિયાત હતી, તેમાં ફેરફાર કરવાની મૌખિક ટિપ્પણી કરી હતી. ગાંધીનગરની સેશન્સ કોર્ટ દ્વારા ૨૦૧૩ના બળાત્કાર કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા આસારામને ૬ નવેમ્બરના રોજ હાઈકોર્ટે છ મહિના માટે સજા સસ્પેન્ડ કરીને વચગાળાના જામીન પર મુક્ત કર્યો હતો. તે સમયે, કોર્ટે અન્ય શરતોની સાથે, તેના નજીકના વિસ્તારમાં 'ત્રણ સુરક્ષા કર્મચારીઓ પોલીસ અધિકારીઓના સ્વરૂપમાં' હાજર રહેવાની શરત પણ લાદી હતી.

આ શરત બાદમાં આસારામે આ શરતમાં ફેરફાર/રદ કરવા માટે અરજી કરી હતી. આજે, જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર.ટી. વાચ્છાણીની ડિવિઝન બેન્ચે સુનાવણી દરમિયાન રાજ્યના વકીલને મૌખિક રીતે જણાવ્યું હતું કે, 'અનુયાયીઓના સંમેલન ન કરવા, સંબોધન ન કરવા... તે શરત ચાલુ રહે તે બરાબર છે. માત્ર પોલીસ કર્મચારીઓની હાજરીની શરત પર જ પ્રશ્ન છે.' રાજ્યના વકીલે પોલીસ એસ્કોર્ટની શરત ચાલુ રાખવા માટે સૂચનાઓ હોવાનું રજૂ કર્યું હતું. જો કે, કોર્ટે મૌખિક રીતે કહ્યું કે, 'અમે સુપ્રીમ કોર્ટના નિર્દેશનું પાલન કર્યું છે. પરંતુ જોધપુરના કેસમાં (રાજસ્થાન હાઈકોર્ટ) એવી કોઈ શરત નથી. તેથી, ચોવીસ કલાક પીએસઓ (પર્સનલ સિક્યુરિટી ઓફિસર)ની હાજરીની શરત રદ કરવામાં આવશે.'

રાજ્યના વકીલે આ શરત ચાલુ રાખવા માટે તૈયારી બતાવી, અને કહ્યું કે જો કોર્ટને યોગ્ય લાગે તો રાજ્યના ખર્ચે પણ એસ્કોર્ટ આપવા તૈયાર છે, પરંતુ કોર્ટે કહ્યું કે તેઓ ચુકાદાની સમીક્ષા કરવા માંગતા નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેઓ માત્ર પોલીસ એસ્કોર્ટની હાજરીની શરતમાં ફેરફાર કરશે, જ્યારે અરજદાર પર લાદવામાં આવેલી અન્ય તમામ શરતો સસ્પેન્શન અવધિ દરમિયાન ચાલુ રહેશે.

અગાઉ, રાજસ્થાન હાઈકોર્ટે આસારામની તબીબી સ્થિતિને ધ્યાનમાં રાખીને તેની સજા સસ્પેન્ડ કરી હોવાનું નોંધતાં, ગુજરાત હાઈકોર્ટે પણ આ મહિને તેમની સજા સસ્પેન્ડ કરીને તેમને તબીબી કારણોસર વચગાળાના જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સરદાર @૧૫૦ પદયાત્રામાં યોજાયેલ સભામાં જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ તથા ડે. સીએમનું સંબોધન

# સરદાર સાહેબના યોગદાનોને કોંગ્રેસ દ્વારા ષડયંત્રના ભાગરૂપે દબાવી દેવામાં આવ્યા હતા

## સરદાર સાહેબે સ્પષ્ટ કહ્યું હતું કે, અમે કાશ્મીરની એક ઈંચ ભૂમિ પણ નહીં આપીએ : મનોજ સિંહા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

વડોદરા જિલ્લાના મેનપૂરા ખાતે પહોંચેલી સરદાર @૧૫૦ એકતા પદયાત્રા દરમિયાન યોજાયેલી સરદાર ગાથામાં 'કાશ્મીર, હૈદરાબાદ અને સરદાર' વિષય ઉપર પ્રકાશ પાડતા જમ્મ-કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિંહાએ જણાવ્યું કે, જો તે સમયે જમ્મુ-કાશ્મીરની જવાબદારી સરદાર પટેલ પાસે હોત, તો કદાચ છ દાયકાથી પણ વધુ સમય સુધી આ સમસ્યા બની ન રહેતી જે ત્યાંના લોકોએ વેઠી છે. સરદાર પટેલ મૂળભૂત રીતે કર્મઠ વ્યક્તિ હતા અને તેમના જીવન દર્શનને ટાંકતા તેમણે કહ્યું કે, 'ઈતિહાસ લખવામાં સમય બરબાદ કરવાને બદલે, તેનું નિર્માણ કેમ ન કરવું'. સરદાર સાહેબે શરૂઆતથી જ સ્પષ્ટ કહી દીધું હતું કે, 'અમે કાશ્મીરની એક ઈંચ ભૂમિ પણ કોઈને નહીં આપીએ'.

તેમણે સરદાર પટેલને ભારતનો આત્મવિશ્વાસ, સ્વાભિમાન, પરાક્રમ અને પુરૂષાર્થ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે આઝાદી પછી રાષ્ટ્રની સેવામાં તેમણે પોતાનું ક્ષણે-ક્ષણ સમર્પિત કર્યું હતું. રાજ્યપાલે કહ્યું હતું કે, આ પદયાત્રા સરદાર સાહેબના આદર્શો, મૂલ્યો, સિદ્ધાંતો અને તેમની શિક્ષા પર ચાલવાનો સંકલ્પ છે. આ પદયાત્રા ભારત નિર્માણના સામૂહિક સંકલ્પનું પ્રતીક છે, તેમજ યુવા ઊર્જા સાથે વિકસિત ભારતના નિર્માણને ગતિ આપવાની પ્રતિબદ્ધતાનું પણ પ્રતીક છે. મનોજ સિંહાએ જણાવ્યું કે, છેલ્લા પાંચ વર્ષોમાં જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, સ્થિરતા અને આશાના નવા યુગની શરૂઆત થઈ છે, જ્યાં હવે પથ્થરબાજી થતી નથી કે બંધ-હડતાળ પણ થતી નથી. સરદાર સાહેબે કહ્યું હતું કે, 'એકતા વિના કોઈ પણ રાષ્ટ્ર મહાન બની શકતું નથી'. એકતા જ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ હોય છે, જેના ત્રણ મહત્વપૂર્ણ આધારસ્તંભો છે : સામુહિક મૂલ્ય, સામુહિક ઓળખ અને એક સમાન ઉદ્દેશ્ય. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રાષ્ટ્રના વિકાસ માટેના પાંચ આધારસ્તંભો - કાયદાનું શાસન (રૂલ ઓફ લો), રાષ્ટ્રીય ઓળખ અને સામાજિક સૌહાર્દ, મેરિટોક્રેસી અને શિક્ષિત માનવ મૂડી, સામાજિક આર્થિક સમતા અને સુશાસન - આ બધાનો મુખ્ય આધાર આપણી એકતા છે. એકતા એ રાષ્ટ્રનું અદ્રશ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જે પ્રગતિને નિરંતર સુનિશ્ચિત કરે છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડભોઈના 'સરદાર સભા'માં જણાવ્યું હતું કે, આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના દૂરંદેશી વિચારો, દેશની એકતા માટેના તેમના મહત્વના નિર્ણયો અને દેશને એક રાખવામાં તેમના મહત્વના ફાળાને દેશ અને દુનિયા સુધી પહોંચાડવાનો છે. આ ઐતિહાસિક યાત્રાઓનું આયોજન કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી દેશના દરેક જિલ્લાઓ, વિધાનસભા અને લોકસભાના ક્ષેત્રોમાં કરવામાં આવ્યું છે. સરદાર સાહેબ દ્વારા દેશ માટે કરવામાં આવેલા કામો અને આપેલા યોગદાનોને કોંગ્રેસ દ્વારા ષડયંત્રના ભાગરૂપે રૂપે દબાવી દેવામાં આવ્યા હતા. દેશના નાગરિકોને ક્યારેય એવો અંદાજ ન આવી શકે કે દેશને એકત્ર રાખવા માટે સરદાર સાહેબની દૂરંદેશીના અને તેમના એક પછી એક કડક નિર્ણયોના પરિણામે આજે આપણે સૌ એક છીએ. સરદાર સાહેબના વિચારો, ઉપલબ્ધિઓ અને નિર્ણયો દેશના યુવાનો સુધી ન પહોંચાડવા માટેનું ષડયંત્ર વર્ષો વર્ષ સુધી ચલાવવામાં આવ્યું છે.

# ગુજરાત હાઈકોર્ટે UCC કમિટીને પડકારતી અપીલ ફગાવી, સરકારના એક્ઝિક્યુટીવ કાર્યમાં દખલ દેવાનો ઈન્કાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટે યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ની આવશ્યકતા પર વિચારણા કરવા રાજ્ય દ્વારા રચાયેલી સમિતિને પડકારતા સિંગલ બેન્ચના આદેશ સામેની અપીલને સોમવારે ફગાવી દીધી છે. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રાયની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે ન્યાયિક સમીક્ષાનો વ્યાપ કોર્ટને કારોબારી કાર્યોના પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપતો નથી. એટલે કે સરકારના એક્ઝીક્યુટીવ કાર્યમાં કોર્ટ દ્વારા દખલ કરવામાં આવશે નહી.

અગાઉ જુલાઈમાં સિંગલ જજે આ સમિતિને પડકારતી અરજીને ફગાવી દીધી હતી.

અપીલકર્તાએ સમિતિના સભ્યોની નિમણૂકને પડકારી હતી. વકીલે દલીલ કરી હતી કે, સમિતિની રચના માટે સત્તાનો સ્ત્રોત બંધારણની કલમ ૧૬૨ છે. કોર્ટે મૌખિક રીતે અવલોકન કર્યું હતું કે સત્તાના વિભાજનનો સિદ્ધાંત લાગુ થવો જોઈએ અને કોર્ટ પાસે રાજ્યના કાર્યોની ન્યાયિક સમીક્ષા કરવાની શક્તિ નથી, જે ચોક્કસપણે રાજ્યના અધિકારક્ષેત્રમાં છે.

કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે, કલમ ૧૬૨ હેઠળ સત્તાના સ્ત્રોત અંગે કોઈ વિવાદ નથી. વધુમાં કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય બંધારણની કલમ ૨૨૬ હેઠળ ન્યાયિક સમીક્ષાનો વ્યાપ કોર્ટને કલમ ૧૬૨ હેઠળના કારોબારી કાર્યોના



ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપતો નથી, કારણ કે તે બંધારણના મૂળભૂત માળખાના સિદ્ધાંતની વિરૂદ્ધ જાય છે.

અરજદારની મુખ્ય માંગ સમિતિને ફેરફાર કરીને નવા સભ્યોની નિમણૂક કરવાની અને યુસીસી લાગુ કરવા માટે વધુ પગલાં લેવાથી રોકવાની હતી. આ દલીલો અને અરજીઓમાં કરેલી માંગણીઓને ધ્યાનમાં રાખીને, ડિવિઝન બેન્ચે તારણ કાઢ્યું હતું કે સમિતિની રચના રાજ્ય સરકારનું શુદ્ધ કારોબારી કાર્ય છે અને તેથી તે ન્યાયિક સમીક્ષાના કાર્યક્ષેત્રની બહાર છે. પરિણામે, અપીલને ફગાવી દેવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટમાં સુરતથી અરજદાર અબ્દુલ વહાબ સોપારી વાલાએ રાજયમાં બનેલી UCC કમિટીને પડકારતી અરજી કરી હતી. જે કોર્ટ દ્વારા ફગાવી દેવાતા અરજદાર દ્વારા ડિવિઝન બેન્ચ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી.

અગાઉ અરજદાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે, UCC લાગૂ કરવા શક્યતાઓ તપાસનાર કમિટીમાં અલગ-અલગ ધર્મના લોકો નથી. આ કમિટીમાં અલગ-અલગ ધર્મના લોકો નથી. ફક્ત એટલું જ નહીં પરંતુ, લઘુમતી જેવા કે મુસ્લિમ, પારસી, ક્રિશ્ચન, શીખ જૈન કે બુદ્ધ ધર્મના લોકો પણ નથી. આ અંગે ૧૬ માર્ચ, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીને રજૂઆત પણ કરવામાં આવી હતી. વર્તમાન કમિટીને ભંગ કરીને નવી કમિટીની રચના કરવા અરજદારની માગણી હતી.

વધુમાં રજૂઆત કરાઈ હતી કે, UCC દેશના ધાર્મિક વૈવિધ્યતાને ખતમ કરશે અને લઘુમતીઓને અસર કરશે. અરજદાર દ્વારા સ્વામિનાથન કમિટીનું ઉદાહરણ અપાયું હતું, જેમાં ખેત નિષ્ણાંતો હતા. બીજુ ઉદાહરણ ક્રિષ્ના કુમાર કમિટીનું હતું, જે શાળાના શિક્ષણ સાથે સંકળાયેલી હતી. તેમાં શાળાના શિક્ષણ સાથે સંકળાયેલા નિષ્ણાંતો હતા. ત્રીજુ ઉદાહરણ શેખરન કમિટીનું અપાયું હતું. જે ડિફેન્સને લગતી હોવાથી તેમાં ડિફેન્સ નિષ્ણાતો હતા. અરજદારે કહ્યું હતું કે, આ કમિટીઓની રચના જે ઉદ્દેશ માટે થઈ હતી, તે કમિટીના સભ્યો તે ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાંત લોકો હતા પરંતુ, UCCમાં એવું નથી. જેથી, વર્તમાન કમિટીને ભંગ કરીને નવી કમિટીની રચના કરવામાં આવે. અરજદારે સ્વીકાર્યું હતું કે, રાજ્ય સરકારની કમિટી રચવાના પાવરને તે ચેલેન્જ કરતો નથી પરંતુ, સમાન પ્રતિનિધિત્વની માંગ કરે છે. આ કમિટીમાં ના તો કોઈ ધાર્મિક લઘુમતી સમુદાયના સભ્ય છે કે ના જે-તે કાયદાના નિષ્ણાંત સભ્ય છે. અરજદારની રજૂઆત વિરૂદ્ધ એડવોકેટ જનરલે રજૂઆત કરી હતી કે, અરજદારે હાઈકોર્ટ પાસેથી મેન્ડેમસ રીટ કરીને નિર્દેશ માગ્યા છે કે, જૂની કમિટીના સભ્યોની જગ્યાએ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવે પરંતુ, મેન્ડેમસ અરજીના કાર્યક્ષેત્રમાં આવો કોઈ નિર્દેશ આવી શકે નહીં કારણ કે, સરકાર પોતાની લીગલ ડ્યુટી નિભાવવામાં નિષ્ફળ નીવડી હોય તો જ આ અરજી અંતર્ગત દાદ માંગી શકાય. અહીં આવું કશું બન્યું નથી. કમિટીની રચના કરવાનો અબાધિત અધિકાર સરકારનો છે. કોને પસંદ કરવા અને કોને ન કરવા તે વિશે અરજદાર સરકારને બાધ્ય કરી શકે નહીં. જેથી, કાયદાકીય રીતે સરકારે કમિટી રચીને કશું જ ખોટું કર્યું નથી. કોણ નિષ્ણાંત છે કે નહીં તે નક્કી કરવાનું કાર્ય અરજદારનું નથી. આ અરજીમાં રાજયના કમિટી નીમવાના પાવરનો અરજદારે પણ સ્વીકાર કર્યો છે અને તેને ચેલેન્જ કરાયેલ નથી. જેથી, આ અરજીને નકારી દેવામાં આવે. અરજદારે છેલ્લે કહ્યું હતું કે, આ મુદ્દો રાજયની ૭ કરોડ જનતાને સ્પર્શતો છે ત્યારે તેમાં જ્યુડિશિયલ રીવ્યુની જરૂર છે.

સાબરમતી વિસ્તારના રહેવાસીઓની અપીલને હાઈકોર્ટે ફગાવી દીધી

# કોઈપણ જાતના કાગળ વગરની મિલકતને કોર્ટ કેવી રીતે પ્રોટેક્ટ કરે : હાઈકોર્ટનો સવાલ

## TP રદ કરવાની માંગ નકારાઈ; પુનઃવસન અંગે રજૂઆત કરી શકાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આજે સાબરમતીના બળદેવનગર (અચેર)ના ૨૯ રહેવાસીઓની અપીલ ફગાવી દીધી છે અને સિંગલ જજના ૧૪ નવેમ્બરના ચુકાદાને યથાવત રાખ્યો છે. આ ચુકાદામાં ૧૯૮૪ની ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ ૨૪ મીટર પહોળા રોડ માટે આવેલા મકાનો ખાલી કરવાની અમદાવાદ મહાનગરપાલિકાની નોટિસને કાયદેસર ગણાવવામાં આવી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, અરજદારો પાસે જમીન કે બાંધકામનું કોઈ કાયદેસર પ્રૂફ નથી, તે પુનઃવસન માટે સંબંધિત ઓથોરિટી સમક્ષ રજૂઆત કરી શકશે, પરંતુ ટીપી સ્કીમનો અમલ રોકી શકાશે નહીં ગુજરાત હાઈકોર્ટમાં સિંગલ જજ દ્વારા અમદાવાદના સાબરમતીમાં આવેલા અચેર ગામના બળદેવનગર વિસ્તારમાં રહેતા ૨૯ રહેવાસીઓ દ્વારા દાખલ કરેલી અરજીને નકારી દેવાઈ હતી. આ સાથે જ સિંગલ જજે પોતાના ચુકાદા પર બે સપ્તાહનો સ્ટે મૂક્યો હતો, જે પૂર્ણતાના આરે હતો ત્યારે રહેવાસીઓએ સિંગલ જજના ચુકાદાને ડબલ જજની બેન્ચ સમક્ષ પડકાર્યો હતો. આજે આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. અરજદાર વતી વકીલે જણાવ્યું હતું કે, શુક્રવારે હાઈકોર્ટે અપીલ સોમવારે ચલાવવા મંજૂરી આપી અમે AMC એ શનિવારે બધા ઘર તોડી નાખ્યા હતા. AMCએ કહ્યું હતું કે, વર્ષ ૧૯૮૪મા TP સ્કીમ ફાઈનલ થઈ હતી. જે મુજબ રોડ પહોળો કરવાનો છે અને જરૂર પડી ત્યારે રોડ પહોળા કરવામાં આવ્યા જ છે. આ મુખ્ય રસ્તો સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં જાય છે. અરજદારે જણાવ્યું હતું કે, જમીનના મૂળ ખાનગી માલિક સોમાજી હતા. અરજદારો ભાડૂઆત છે. સોમાજીએ ૫૦ વર્ષ પહેલા પ્લોટ પાડીને બધાને વેચ્યા હતા પરંતુ, તેની કોઈ રજિસ્ટર્ડ સેલ ડીડ કરાઈ નહોતી. કોર્ટે પૂછ્યું હતું કે, તમે જમીનના કે બાંધકામના ભાડૂઆત હતા? તમારી પાસે રાઈટ, ટ્રાન્સફર કે ટાઈટલ નથી. તમે અસલ માલિક સામે સિવિલ સૂટ ફાઈલ કરી શકો છો. મૂળ માલિકે કે તમે કદી સ્કીમનો વિરોધ કર્યો નથી. અરજદારે કહ્યું હતું કે TP સ્કીમ બહાર પડી તે પહેલાથી તેઓ ત્યાં રહેતા હતા. અમને નોટિસ જ વર્ષ ૨૦૨૫માં મળી છે. TP રોડ કન્સ્ટ્રક્શન વિસ્તારમાંથી પસાર કરાયો છે. જેથી કોર્ટે કહ્યું હતું કે બની શકે કે TP પડ્યા પછી પણ બાંધકામ થયું હોય? ની અમલવારી અઘરી હોય છે, તેનો અમલ થતા સમય તો લાગે છે. કોઈ આવીને ગમે ત્યાં મકાન બનાવે તો તેમને કેવી રીતે પ્રોટેક્ટ કરવા? જો મિલકત ખરીદીના કાગળિયા નહીં તો શું કરવું? અરજદારોએ જણાવ્યું હતું કે વર્ષ ૧૯૭૩ થી AMC માં જુદા જુદા કાગળોમાં તેમના નામ બોલે છે. અમને ૨૦૨૫માં મકાન ખાલી કરવાની નોટિસ આવતા ખબર પડી કે અહીંથી TP રોડ પસાર થાય છે. ઓથોરિટી પણ ૧૯૮૪થી વર્ષ ૨૦૨૫માં જાગી ! જો કે કોર્ટે કાનૂની કારણો આપીને અરજદારની અરજી નકારી નાખતા ૧૪ નવેમ્બરના સિંગલ જજના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે. સાથે જ અરજદારોની AMCની નોટિસ અને TP રદ કરવાની માંગ નકારી છે. જો કે તેઓ પુનઃવસન અંગે હાઈકોર્ટમાં રજૂઆત કરી શકશે. આ કેસમાં સાબરમતી તાલુકામાં બળદેવ નગરના ૨૯ રહેવાસીઓએ AMCની મકાન ખાલી કરવાની નોટિસ સામે એડવોકેટ મારફતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં કહેવાયું હતું કે, ૨૧ મેના રોજ AMC દ્વારા તેમને ૭ દિવસમાં મકાનો ખાલી કરી દેવા નોટિસ પાઠવવામાં આવી હતી. અહીં ૧૯૮૪માં રોડ બનાવવાની TP સ્કીમમાં જોગવાઈ કરાઈ હતી. પરંતુ જમીનના મૂળ માલિકે તેના પ્લોટ પાડી લોકોને ભાડે આપ્યા હતા. તેઓ ૬૦ વર્ષથી અહીં વસવાટ કરી રહ્યા છે.


ગુજરાત ટુડે

'ઉમ્મીદ' પોર્ટલ પર વકફ મિલકતની નોંધણી ફરજિયાત છે અને હવે આ માટે રજિસ્ટ્રેશનની મુદ્દત ૫ ડિસેમ્બરના રોજ પૂરી થઈ રહી છે અને એમાં વધારો થવાની કોઇ શક્યતા દેખાતી નથી ત્યારે

વકફ મિલકતના સંચાલકો રજિસ્ટ્રેશનમાં બેદરકારી ન દાખવે અને જો રજિસ્ટ્રેશનમાં કોઈ અડચણ આવતી હોય તો જાણકાર લોકોની સલાહથી માર્ગદર્શન મેળવી આગળ વધે... નોંધણીમાં ટેકનિકલ ખામી અંગે સત્તાવાળાઓ સમક્ષ અસરકારક રજૂઆત કરે. કાયદાકીય રીતે પણ સક્ષમ બને.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

ગુજરાત ટુડે મતદારયાદી સઘન સુધારણા 'સર'ના ફોર્મ ભરવાની તારીખ લંબાવીને ૧૧ ડિસેમ્બર થઇ ગઇ છે

ત્યારે.. તક ઝડપી લો...

જો હજુ પણ તમે 'સર'નું ફોર્મ ન ભર્યું હોય તો આજે ભરો અને નિશ્ચિંત બનો... સાથોસાથ જે જાગૃત નાગરિકોએ પોતાના આ ફોર્મ ભરી દીધા છે તે BLO પોર્ટલ પર અપલોડ થયા છે કે નહીં તેની ખાતરી કરે અને જો અપલોડ ન થયા હોય તો તાત્કાલિક BLO સમક્ષ રજૂઆત કરી માર્ગદર્શન મેળવે

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)